તટ છે ને ભારકચ્છ આ તટ છે. લગભગ હુસંગાબાદથી ૨૪ માઈલ દૂર છે. હુસંગાબાદથી કદાચ નાવડી પણ જતી હોય. નહિ તો હોડીમાં આ કિનારે ઉતરી પડી એટલું ચાલી નાંખવું પડે. હુસંગાબાદથી જ ઊંચાણ તરફ ચાલી નાખી ભારકચ્છ સામે નર્મદા ઉતરવાથી ઓછું ચાલવું પડે. હુસંગાબાદ તપાસ કરવાથી માલમ પડશે.

મ.શુ. ૭-૮ બ્રહ્માણમાં મુકામ રહેશે.જી.આઈ.પી. રેલ્વેના કરેલી સ્ટેશનથી આ ૯ માઈલ દૂર છે. મુકામ દુર્ગાબાઈના ઘાટ પર અથવા પાસેની ધર્મશાળામાં - શુ. ૧૪ ગ્વારીઘાટ, મુકામ કોઈ ધર્મશાળામાં. બી.એન. રેલ્વેનું સ્ટેશન છે. હાલ એ જ.

**અવધૂત**

## ૧૧૨

શ્રી

ધાવડી કુંડ પોષ શુ. ૩
મંગળ

અક્કલસે ખુદાકો પહેચાનો રે.
વહ નહીં અક્કલકા બંદા,
અક્કલમંદ છોડો કૂંદા !
શ્રદ્ધાસે ખુદાકો પહેચાનો રે !
મુરશીદકે સુખન બિચારો રે !! -ધ્રુ૦
ઘટ ઘટ જો બોલે હંસા, સોહં શ્વાસા ખોજો દાસા,
આતમકાસી મુખ મોડો રે !
રામ રહીમ દોનું નેડે રે !! -અક્કલ૦ ૧
ચંદા સૂરજ દોનું હંડા, મંથા બના મેસ દંડા,
મુકતાનંદન મખ્ખન ઘોળો રે !
પકડ દસ્ત મસ્ત ડોલો રે !! -અક્કલ૦ ૨
તસબીહ માલા ઔર છાલા, છોડ જાલા દોરે કાલા.
બન જા ભોલા બાલા કાલા રે !
સબસે ન્યારા સબકો પ્યારે રે !! -અક્કલ૦ ૩
બાર બાર ગોતા માર, નૈન ઠાર પીછું ભાળ,
લાલ 'રંગ' રતન દેખો રે !
ઔર કાંચ બિષય છોડો રે !! -અક્કલ૦ ૪

પ્યારે તપસીજી,

હું જુગજુગનો બિમાર છું. મારું દર્દ કોણ મટાડે ? મારી દવા કોણ કરે ? ગરુડેશ્વરમાં

## ૧૦૨

પગ મચકોડાયો. આગળ જતાં તાવ આવવા મંડ્યો, કેમ જાણે બધા રોગોએ સાથે મળી આ કાયારૂપી કિલ્લો તોડી પાડવાનો વિચાર ન કર્યો હોય ! પણ ભામટાઓ ક્યાં જાણે છે કે નવ દરવાજા ને ચૌદ માળની હવેલીમાં બેસી આ ત્રણે લોકનો નાથ પોતાની નાનકડી ઝોળીમાં ચૌદે બ્રહ્માંડને નચાવી રહ્યો છે ! એનો ખેલ ન્યારો છે. नायं हन्ति न हन्यते એ નથી કોઈને હણતો કે નથી કોઈના પ્રહારથી લેશ પણ હણાતો ! આવ પઠ્ઠે, ચલાવ ગોળીબાર ચારે પાસથી. આ નિર્ભયતાનો પહાડ જરા પણ ચલાયમાન થવાનો નથી ! અથવા अलं महीपाल, વ્યર્થ શ્રમ કાં લે છે ? લોકમાં હાંસી માત્ર થશે.

ગરુડેશ્વરમાં પગ એવો મચકોડાયો કે એક ડગલું પણ ચાલી શકાય એવી સ્થિતિ ન હતી. પણ દાસ ★ વળાવવા ત્યાં સુધી સાથે આવેલા. હું સાજો ન થાઉં ત્યાં સુધી એ પાછા કેમ ફરી શકે ? એટલે એમને પાછા મોકલી એવે પગે હું આગળ ચાલ્યો. દોઢેક માઈલ દૂર કેવડીયામાં બે રાત્રી મુકામ કર્યો. એક તડવી ભગતે પાટાપાટી કરી સારી સેવા કરી. પગનું દર્દ જરા નરમ પડ્યું ને હું આગળ દોડ્યો. શૂલપાણીશ્વરની ઝાડી લંગડે પગે તદ્દન એકલાએ વટાવી. હાપેશ્વરમાં માવઠાએ ડરાવવાની શરૂઆત કરી. ચિખલદામાં ભોંય પલળે એટલો વરસાદ થયો. આગળ કાળી બાવડી-જ્યાંથી માંડવગઢની ચઢાઈ શરૂ થાય છે- આવી પહોંચતાં તો મુશળધાર વરસાદ પડ્યો ને મહેશ્વરની રાત્રીએ તો વરસાદે હદ કરી. માંડવગઢ ઉતરતાં વાગેલા પગ પર ફરીથી ઠોકર વાગી. રાત્રે ધૂણીના તાપથી પિત્ત પણ ભડકી ઉઠેલુ. બધો ત્રિવેણી સંગમ આવી મળ્યો ને મહેશ્વર આવી પહોંચતામાં તો ભયંકર શીતજ્વર લાગુ થયો. પરિણામે ત્યાંથી પાંચેક માઈલ દૂર મંડળેશ્વરમાં પાંચ રાત્રી મુકામ કરવો પડ્યો. ત્યાંના જેલરે ખૂબ સેવા કરી. થોડો આરામ થયો એટલે ત્યાંથી ૨૪-૨૫ માઈલ દૂર બડવાહી-જ્યાંથી પરિક્રમા ઉઠાવી હતી તેની બરાબર સ્હામે-વ્યાસદેવની રાહ જોતો ત્રણ રાત્રી થોભ્યો કેમ કે તાવને લીધે ધાર્યા પ્રમાણે પૂર્ણિમા સુધીમાં સિદ્ધનાથ પહોંચી શકાયું નહિ, એટલે મેં એમને સિદ્ધનાથ ન આવતાં બડવાહી આવવા લખી નાખેલું. પણ વ્યાસદેવ આવી શક્યા નહિ ને હું ગુરુમહારાજનું નામ લેતો આગળ ચાલ્યો.

## ૧૧૩

સિદ્ધનાથથી લખેલો લાંબો પત્ર મળ્યો હશે. ત્યાંથી તાવે પાછો હલ્લો શરૂ કર્યો છે. લગભગ રોજ તાવ આવે છે- કોકવાર બપોરે ને કોકવાર રાત્રે. સવારે કંઈક ઠીક હોય છે એટલામાં હું ૧૦-૧૨ માઈલની મજલ કાપી લઉં છું. શરીર સારું નથી હોતું ત્યારે મગજમાંથી-તમને કદાચ વિચિત્રતા લાગશે-સદ્‌વિચારોનો ધોધ છૂટે છે. એવે વખતે કોઈ લેખક પાસે હોય તો કેટલુંએ અવધૂતી સાહિત્ય ઝીલીને સંઘરી શકાય. હું ઘણી વાર તમને કહેતો આવ્યો છું કે બિમારીની હાલત નિહાળવા તમે પાસે હો એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરો. સાચું સ્વરૂપ તો ત્યારે જ પ્રગટે છે. સાચા રણશૂરાની મરદાનગી ખાલી કવાયત કે શોખના ગોળીબારમાં નથી પ્રગટી

નીકળતી. એની મોજ તો રણસંગ્રામમાં જ. જ્ઞાનીનું પણ તેમ જ છે. એના મગજની શક્તિનું માપ તો જીવલેણ માંદગીમાં જ કાઢી શકાય.

એ ફાવે તેમ હો પણ પોતાની શક્તિનું પોતે માપ કાઢવા માટે આવી બીમારી જેવો બીજો ભાગ્યે જ કોઈ ઉપાય મળી શકે. અને તદ્દન પરદેશમાં આવી બીમારી આવી પડે એને હું તો આત્મોન્નતિની પ્રગતિનું ઊંડાણ માપવા માટે ઉત્તમ તક માનું છું. ને એવી તક આપવા માટે પરમાત્માનો અંત:કરણપૂર્વક આભાર માનું છું.

પરમાત્મા કેટલો દયાળુ છે ! એની દયાનો તમે કોઈ દિવસ સ્થિર ચિત્તથી વિચાર કર્યો છે ? લંગડે પગે ને તાવવાળે શરીરે લગભગ ૬૦-૬૫ માઈલની મજલ કાપી આજ સ્હવારે ચીચલી આવી પહોંચ્યો. પાંચ છ દહાડામાં સ્નાન નહિ, વેષ અવધૂતી-છોકરાં પાછળ દોડે ને કાંકરા મારે એવો- વસ્ત્ર પણ ગંધાઈ ઊઠે એટલાં સ્વચ્છ ! છતાં અહીંના મારવાડી બ્રાહ્મણ વેપારીએ મને રોકી લીધો ને હું આગળ જવાની ઘણીએ ઉતાવળ કરી રહ્યો છું છતાં પાંચસાત દહાડા જવા દે એમ લાગતું નથી. લૂંટાયા પછી ભો શાનો ? ખૂબ જ્ઞાન ચર્ચા કરું છું. સાથેના પરિક્રમાવાસીને - એક જ સાથે રાખ્યો છે-આગળ વદાય કરી મને થોડા દિવસ રાખી લેવાની એની વૃત્તિ છે. પણ મારાથી સાથ કેમ છોડાય ? ગાદી પર બેસવા મલ્યું એટલે સાથેના-ગમાર ભલે હોય પણ-માણસને કેમ કાઢી મૂકાય ! બને તે ખરું. ભાગી જવાની યુક્તિ ખોળી રહ્યો છું. આમ રોકાણ થશે તો હું મૂવો પડ્યો છું. પરમાત્માની કોઈ ગૂઢ ઈચ્છા હોય તો ભલે-બાકી મારે તો આ કેદખાના જેવું છે.

તમારા લંગોટ આવ્યા. પણ ઉપરની છાટીઓનું કેમ ? તદ્દન ફાટી ગએલી. ભલા શેઠે વગર સૂચવ્યે કે માગ્યે તદ્દન સ્વદેશી ખાદીની બે ચાદરો મંગાવી દીધી ! મને બીક લાગતી હતી કે ખાદી છોડી મારે બીજાં વસ્ત્ર ધારણ કરવાં પડશે કે કેમ ? પણ પ્રભુએ લાજ રાખી. આ માણસ દાદા ધૂનીવાલાનો પરમ ભકત છે. એના ઉપર એમની પૂરી કૃપા પણ છે. એણે કેવળ દાદાજીની સ્તુતિનાં ૫૦-૭૫ ભજનો બનાવ્યાં છે તે ત્રણચાર નાનકડાં પુસ્તકોના રૂપમાં છપાવી વિના મૂલ્યે એની લ્હાણી કરે છે. દાદાજીની વાતોને ચમત્કારોનાં ગીત ગાતાં એનું મ્હોં જરાએ થાકતું નથી. આવા માણસે મને રોકી પોતાના બંગલામાં ઉતારો આપ્યો એ પણ એક અવધૂતી ખેલ જ છે. અસ્તુ.

તમે મારી પ્રશ્નોતરમાલા પર વિવેચન કરવાના હતા તે કર્યું ? કર્યું હોય ને બની શકે તો તમારી શાળાના હિંદી શિક્ષકની મદદથી એનું હિંદી પણ કરાવી નાખો. નામ રંગપ્રશ્નોત્તરમાલા રાખવું. છોટી પ્રસ્તાવના. આ શેઠ એને છપાવવા માગે છે. અક્ષરગીતાનું શું થયું ? એનું વિવરણ પણ તૈયાર રાખશો. વિઠ્ઠલે મને એકવાર કહેલું કે ૫૦-૬૦ રૂા. સુધીનું કોઈ છપાવવાનું કામ હોય તો મારી વૃત્તિ તે ઉપાડી લેવાની છે. રતનલાલ મને કુટીએથી નીકળતા પહેલાં

---

★ નારેશ્વરના આદ્ય વ્યવસ્થાપક અને પ્રમુખ ટ્રસ્ટી શ્રી હરગોવિંદદાસ સોની (રણાપુર)

મળેલા. નામાવલી તો છપાઈ જશે.

માંગરોલ મ.શુ.૫

ખૂબ આનંદમાં છું. તાવે પાછી રજા લીધી છે. પણ હજી પોતાની અશક્તિ વગેરે છાવણી ઉઠાવી નથી ત્યાં સુધી એનો વિશ્વાસ કરી શકાય નહિ.

તદ્દન બાહુક જેવો વેષ ધારણ કરી ગમારની માફક ફરું છું. છતાં કોક કોક ઠેકાણે રોકાણ થાય છે જ. ચીચલીના શેઠને ત્યાં ત્રણ રાત્રી રહી મહામુશીબતે નાસી છૂટ્યો એટલામાં તો ત્યાંથી ૨૦ માઈલ દૂર આવેલા સનખેડાના પટેલે મને પકડ્યો. ત્યાંથી નાઠો તો આજે અહીં રોકાઈ જવું પડ્યું છે. હવે હું ગભરાઈ ગયો છું. શિવરાત્રી અમરકંટક કરવાની ઈચ્છા છે ને આમ અણધાર્યું રોકાણ થાય છે. અહીંથી અમરકંટક લગભગ ૩૫૦ માઈલ છે ને માર્ગમાં મોટું મહારણ–મુડીયા મહારણ–ઓળંગવાનું છે. ગુરુમહારાજની ઈચ્છા હોય તે ખરી. પગનું દર્દ હજી ચાર આની કાયમ જ છે.

– બીલધારી, મ.શુ. ૯

કાલ રાતથી તાપીદાસની પાછી પધરામણી થઈ છે. એને આ મહેલ બહુ ગમી ગયો હોય એમ લાગે છે. પરમાત્માની ઈચ્છા. રાત્રે વરસાદ પણ ખૂબ પડ્યો.

પિઠોરા મ.શુ. ૧૨

વરસાદે શું ધાર્યું છે કોણ જાણે ! પરમ દહાડે તાવ ચઢેલો. કાલે તેરેક માઈલ ચાલી પિઠોરા આવ્યો. રાત્રે બેહદ વરસાદ પડ્યો. આખી રાત ધૂળમાં એક ઝાડ તળે ★ દત્ત૦નું બંડલ ખોળામાં લઈ કામળો ઓઢી બેસી રહ્યો. બધાં વસ્ત્ર કાદવથી તરબોળ થઈ ગયાં. આજે બધાં જેમ તેમ ધોઈને સુકવી દીધાં છે. ને દેવતા ચેતાવી તાપતો બેઠો છું. તાપવાથી પિત્ત ચઢે છે. પણ તેમ કર્યા વગર છૂટકો નથી કેમકે, બધાં વસ્ત્ર કામળો સુદ્ધાં, ધોઈ નાંખવા પડ્યાં છે. એક સાથી છે એટલે દેવતાની પણ જોગવાઈ થઈ શકી છે– રાતભર તો દેવતા પણ ન હતો. સવારે લાકડાં છાણાં માગી આણી બિચારાએ ધૂણી ચેતવી–આકાશ હજુ ઘનઘોર જ છે. લગભગ બે વાગ્યા હશે. વસ્ત્ર સુકાઈ જાય તો બે પાંચ માઈલ આગળ ચાલવા વિચાર છે. જ્વર "May I come in, Sir'? [1] એમ પૂછી જ રહ્યો છે. જવાબમાં મેં પ્રથમથી જ "without any reserve or hesitation' [2] એવું પાટીયું બધે દરવાજે ચોઢી દીધું છે. ચોરને ના કહ્યે એ થોડો જ શાન્ત રહેવાનો હતો ! દરવાજે પાકો બંદોબસ્ત દેખાશે તો ક્યાંક ભીંતમાં ખાતર પાડી પોતાનું કામ કરી જ લેશે અને એ બાકું પૂરી નાખવાની નાહક ઉપાધિ માત્ર આપણે વહોરી લેવી પડશે એટલે આપણે તો પ્રથમથી જ સર્વ બાબતમાં ખુલ્લા દરવાજાનો અવધૂતી નિયમ રાખ્યો છે. કોઈને એ ગમે કે ના ગમે પણ વસ્તુસ્થિતિ એવી છે ખરી.

મ.શુ. ૧૫ બરપટી

ત્રણ ચાર દિવસથી ઈંદ્રરાજા [1] ... તાવની મદદમાં ઉતરી પડ્યા છે. બેહદ વરસાદ પડે

છે. બે ત્રણ દિવસમાં મળીને ૧૦-૧૨ માઈલ પણ ચાલી શકાયું નથી. શિવરાત્રી અમરકંટકમાં ભાગ્યે જ થાય.

નાદીયા ઘાટ મ.વ. ૪

પરમ દહાડે ને ગઈકાલે ખૂબ જ તાવ ચઢેલો. ગુરુમહારાજની દયાથી આજે ચાલી રહ્યો છું. ૩-૪ મંડલા કરવાનો વિચાર હતો. પણ વચમાં વરસાદે અને તાવે રોકાણ કર્યું. ત્રણ ચાર દહાડામાં પહોંચી જઈશ. આ લખી રહ્યો છું એટલામાં જ તાવની તોપો સંભળાવા લાગી છે. મારે તો કંઈ જ તૈયારી કરવાની નથી. હું સ્વસ્થ છું.

હું વધારે ગોળ ન ખાઉં એવી પરમાત્માની જ ઈચ્છા હોય તેમ સિદ્ધનાથની આગળ નહિ જેવો જ ગોળ મળવા લાગ્યો. આ મુલક ઘઉં-ચણાનો છે. છતાં ચણાની દાળ મળતી નથી. આગળ તો ગોળ પણ બિલકુલ નહિ મળે એમ લાગે છે. કેમકે અહીંથી મહારણ શરૂ થાય છે. ભીખ માગતાં આવડતી નથી ને હું માગતો પણ નથી. નિયમિત સદાવ્રત હોય ને ત્યાંથી મને ખપતી ચીજ મળે તો લઉં છું. નહિ તો કંઈજ લેતો નથી. છેલ્લા આઠેક દિવસથી ઘઉંનો લૂખો ટિક્કડ કોકવાર ખાવાની શરૂઆત કરી છે. ઘી તો છાંટોય ન મળે એટલે કોકવાર અસહ્ય ઝાડા થઈ જાય છે. તાવને આ એક નવો ally (એલાય-મિત્ર) આવી મળ્યો છે.

ગઈ કાલે અત્યંત તાવ આવેલો. સવારમાં ચારેક માઈલ ચાલી એક ઘાટના ઝાડ તળે - પદ્મઘાટ-આરામ લેવા બેઠો એટલામાં ભાઈસાહેબે મારો શરૂ કર્યો. આખો દિવસ ત્યાં જ કાઢ્યો. રાત્રે કંઈક તાવ મંદ પડ્યો. એટલે આજે લગભગ ૨૩-૨૪ માઈલ ચાલીને મંડલા આવી પહોંચ્યો છું. આ ૨૩-૨૪ માઈલમાં બીલકુલ સદાવ્રત નથી. પંદરેક માઈલ ચાલી પાસે થોડા કોદરા પડેલા તે બાફીને ખાવા બેઠો એટલામાં તાવે પાછો મારો શરૂ કર્યો. પણ તે ન ગણકારતાં બાકીના ૮-૯ માઈલ ચાલી અત્રે એક ધર્મશાળામાં આવી બેઠો છું. તાવનો મારો ચાલુ જ છે. આવતીકાલ અહીં મુકામ કરી પરમ દિવસે આગળ ૧૮ માઈલની આગેકુચ કરવા વિચાર છે.

તમારો પત્ર મળ્યો. તમારી અસ્વસ્થતા ક્યારે મટવાની ? પ્રભુની અચિંત્ય દયાની અનેક વાતો તમે વાંચી હશે. મારા જીવનમાંથી અપેક્ષા શા માટે રાખો છો ? મારા અનુભવો લખું તો એક મોટું પુરાણ ભરાય. આજની જ વાત. પદ્મઘાટથી ૨૩-૨૪ માઈલ ચાલીને તદ્દન દિન ડૂબતે અત્રે આવી પહોંચ્યો. પાસે કણ પણ ખાવાનું નહોતું. શરીરમાં તાવ ખૂબ ચઢેલો. મંડલા મોટું ગામ છે. આટલા મોટા ગામમાં સદાવ્રતનો પત્તો થોડીવારમાં કેમ કરી લાગે ? ને રાત્રે સદાવ્રત આપે પણ કોણ ? પગમાં તો ડગલુંએ ચાલવાની તાકાત નહોતી. વળી આખા દિવસનો ભૂખ્યો પણ હતો. તાવને લીધે કંઠ સુકાઈ જવાથી તરસ પણ ખૂબ લાગી હતી. એટલે બીજેત્રીજે વિચાર કર્યા વગર રસ્તામાં ટપાલ ખાતામાંથી ટપાલ લઈ સીધો ધર્મશાળાનો માર્ગ પૂછતો હું ચાલી રહ્યો હતો. એટલામાં એક પોલીસનો સિપાઈ સામો મળ્યો. તેણે નામ-ગામ પૂછ્યું. મેં તો નિર્ભયપણે શાંતિથી સર્વ લખાવી દીધું. પદ્મઘાટથી મંડલા ૨૩-૨૪ માઈલ એક દિવસમાં ને

તે પણ આવી સ્થિતિમાં ચાલી આવું છું એવું સાંભળી એને કંઈક અચંબો લાગ્યો, કેમકે સાજો માણસ પણ એવી હિંમત ન કરે. એના દિલમાં કંઇક શંકા પણ આવી. એ નિહાળી નિહાળીને મારી તરફ જોવા લાગ્યો- એટલામાં એને કોણ જાણે શું થયું- એણે શું જોયું તે એ જાણે- તે નરમ બની 'મહારાજ શું ખાશો' એવું પૂછવા લાગ્યો. મેં તો ખાંડની ચીજ વગરનું બીજું જે મળે તે એમ ટૂંકો જવાબ આપ્યો. એણે ખૂબ પૂછયું પણ મેં તો અન્ય શબ્દ ઉચ્ચાર્યો જ નહિ. જાતે આવી એણે એક સારી એકાંત જગ્યામાં ત્યાંના માલિકને કહી મને આસન લગાવવાનું કહ્યું ને સાથેના પરિક્રમાવાસીને બજારમાં લઈ જઈ છાણાં વગેરે સાથે – કેમકે રાત્રે છાણાં પણ કોણ આપે – બે માણસનું સીધું પણ આપી દીધું. આવતીકાલે મને મળવા આવવાનું કહી ગયો છે. પરમાત્માએ આવી અણધારી સહાય ન કરી હોત તો આજે તદ્દન ભૂખ્યું પડી રહેવું પડત ને તે પણ કોઈ ઝાડ તળે કેમકે રાત્રે અજાણ્યા માણસને–ને તે પણ મારા જેવા અવધૂતી વેષવાળા– કોઈ પણ ધર્મશાળામાં ઉતરવાની જગ્યા ભાગ્યે જ મળત.

ભાઈ વ્યાસ મને આવી મળવાની ઘણા દિવસથી ગર્જના કરી રહ્યા છે. સિદ્ધનાથ એમનો પત્ર હતો. તેમાં તેમણે અમુક અમુક તિથિએ મારો મુકામ કયાં હશે ને ત્યાં પાસે રેલ્વેનું કયું સ્ટેશન પડશે તે પૂછાવેલું. મેં તેમને તે પ્રમાણે બધું લખી જણાવેલું ને આવે તો સાથે થોડું સુદર્શન ચૂર્ણ, એક નાની વેસેલીનની ડબી ને દંતમંજન લઈ આવવા લખેલું. પણ તેમના દર્શન નથી એટલું જ નહિ પણ મંડલા આવી તપાસ કરતાં પત્ર સરખો પણ નથી. કયાં વિચરે છે ને કયા મહાકાર્યમાં પડ્યા છે કોણ જાણે ! તમને પત્તો લાગે તો કુશળ સમાચાર પહોંચાડશો. નારાયણનો પત્ર છે. એની તબિયત સારી છે.

હું એકાદ બે ચાતુર્માસ આ મુલકમાં કરુ તો આપણા ગ્રંથોનું હિંદી બધું છપાઈ જાય. એ છપાવવાની અનેક જણે ઈચ્છા પ્રદર્શિત કરી છે. પણ હજી ગુજરાતી જ થયું નથી ત્યાં હિંદીની કા કથા !

ભાઈ રતનલાલને સાથેના શ્લોકો ને પત્રની સંક્ષિપ્ત હકીકત લખી જણાવશો. બાળકૃષ્ણ અને પ્રાણશંકર મહેતા વગેરે જે કોઈ સંભારે તે સર્વને હર નર્મદે હર. હાલ એજ.

પચીસેક રોજમાં મહારાજપુરમાં જઈ પહોંચીશ. બીજો પત્ર ત્યાંથી લખાશે.

સરનામું
C/o. પોસ્ટમાસ્તર
મહારાજપુર, ગઢા–મંડલા સ્ટેશન બી.એન. રેલ્વે.
તા.ક. અહીંયા પ્લેગ ચાલે છે.

---

૧. મે આઇ કમ ઇન સર ? – હું અંદર આવું કે સાહેબ ? ૨

૨. વીધાઉટ એની રીઝર્વ ઓર હેઝીટેશન – નિઃસંકોચ કે હિચકિચાટ વિના.

## ૧૧૪

શ્રી મ. વ. ૭ મંડલા

(૧-૨-૨૮)

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે,

ખૂબ આનંદમાં છું. કોણેથી આવેલો પત્ર મળ્યો. પગનું દર્દ હજી બે-ત્રણ આની કાયમ જ છે. સિદ્ધનાથથી તાવ પણ લગભગ રોજ આવે છે. ગઈ કાલે અત્યંત તાવ આવેલો છતાં ગુરુમહારાજની દયાથી આજે ૨૩-૨૪ માઈલ ચાલી મંડલા આવી પહોંચ્યો છું. તાવનું કામ તાવ કરે છે ને મારું કામ હું કરું છું.

દાકતરને બતાવ્યે શું થશે ? દર્દ મટાડવું હોય તો મારામાં શું તાકાત નથી ? પરંતુ પ્રારબ્ધનો ભોગથી ક્ષય થાય એજ ઈષ્ટ છે. રસ્તામાં માવઠાં વારંવાર થાય છે ને વરસાદ ખૂબ પડે છે. એટલે ધાર્યા પ્રમાણે ચાલી શકાતું નથી. છતાં અમરકંટક ફરી પેલે તટે પચીસેક દિવસમાં મહારાજપુર પહોંચી જવાની ઉમેદ છે. તબિયત તો એમજ રહેવાની. થોડા દિવસ પર મોદીજીએ તબિયતના સંબંધમાં પુછાવેલું તેના જવાબમાં ૧૫ સંસ્કૃત શ્લોક લખી મોકલેલા તેનું ગુજરાતી નીચે આપું છું. સાચી સ્થિતિ એજ છે. જેની સ્થિતિ શરીરરક્ષણથી આગળ નથી જતી તે દુનિયામાં કંઈ જ કરી શકતો નથી. શરીરનો મોહ નકામો છે. મારે દુનિયામાં શું કરવાનું બાકી રહ્યું છે જે હું શરીરની કાળજી રાખું ? હું તો આજે પણ શરીર છૂટે તો તૈયાર છું. મરવા માટે હર પળે તૈયાર રહેવું એજ જિંદગીનું કર્તવ્ય છે. પરમાત્માને મારે હાથે કંઈક કામ કરાવવાનું હશે તો એ ભલે એની રક્ષા કરે. બાકી હું તો અંદર બહાર સૂકો પાંદડા જેવો બની બેઠો છું. શરીરને જ્યારે ખરી પડવું હોય ત્યારે ભલે પડે.

## ૧૧૫

(૧-૨-૨૮)

ભાઈ મોદી,

હું શાંત છું. શાંતિપુત્ર છું. અસ્વસ્થતા મારી પાસે કદાપિ આવી શકે તેમ નથી. જો હું અસ્વસ્થ થાઉં તો મારી શાંતિરૂપતા શી ?

કારણ કે વ્યાધિગ્રસ્ત તો દેહ થયો છે, ને હું તો કદી પણ દેહ નથી. હું તો સ્થૂલ, સૂક્ષ્મ ને કારણ ત્રણે દેહથી મુકત, સદા આનંદી, નિર્ભય ને વ્યાધિરહિત છું. ૨

---

૧. મે આઇ કમ ઇન સર ? - હું અંદર આવું કે સાહેબ ?

૨. વીધાઉટ એની રીઝર્વ ઓર હેઝીટેશન - નિઃસંકોચ કે હિચકિચાટ વિના.

મોત એ તો શરીરનો ધર્મ છે. હું અશરીર છું. તો મને મોત ક્યાંથી હોય ! આ તત્ત્વને જાણનાર ને શરીરને જ આત્મા માની બેસનાર મૂઢ લોકો ફાવે તેમ બકયા કરે છે. ૩

હું જન્મ્યો જ નથી તો મારે મોત ક્યાંથી હોય ? જો કોઈ કહે કે શરીર એ મારું - આત્માનું ઘર છે. તો હું કહું છું, કે હું અનંત છું. ને તેથી મારાં ઘર પણ અનંત, પાર વગરનાં છે. એમાંથી એકાદનો નાશ થાય તો મારું શું નુકસાન થવાનું હતું ? ૪

ઘટ મઠાદિ ઉપાધિનો નાશ થતાં જેમ આકાશને કોઈપણ જાતનું લાભ-નુકસાન નથી તેવી જ રીતે શરીરાદિ ઉપાધિ રહે કે જાય તેથી આત્મજ્ઞાનીને કોઈપણ જાતનો લાભ કે નુકસાન નથી. ૫

શરીર એ પંચમહાભૂતનું પૂતળું છે. એનો નાશ થતાં એ પાછું પંચમહાભૂતમાં મળી જાય છે. જેની ચીજ તેને આવી મળે તેથી તો ઊલટો આનંદ થવો જોઈએ. ૬

હે સુમાર્ગે જનાર ! જેવી રીતે ફાવે તેટલો જોરથી વંટોળિયો છૂટે તોપણ પર્વત જરાએ કંપાયમાન થતો નથી, તેવી જ રીતે નિજાનંદમાં ડૂબેલો યોગી હજારો રોગો આવી પડે તો પણ જરાએ ડગમગતો નથી. ૭

જેવી રીતે શુદ્ધ જળમાં બીજું શુદ્ધ જળ નાંખીએ અથવા એને જુદું રાખીએ તો પણ બંને એકરૂપ જ છે તેવી રીતે જ્ઞાની પુરુષનો આત્મા ફાવે તે સ્થિતિમાં હોય તો પણ એને મેલનો સ્પર્શ થતો નથી. ૮

ફલાણો મરી ગયો, ફલાણાએ ફલાણાને મારી નાખ્યો, હું અમુકને મારી નાખીશ- એમ મૂરખ લોકો નકામા બકે છે. કોઈ હણાતું પણ નથી, કેમકે કંઈ હણવાનું છે જ નહિ, ને આ આત્માને હણનાર દુનિયામાં કોઈ છે પણ નહિ (કેમકે સર્વત્ર એક પરમાત્મા જ વસેલો છે, બીજું કંઈ છે જ નહિ.) ૯

તદ્દન નિરાકાર, ઉપાધિરહિત, વ્યાધિમુકત, ચૈતન્ય-સ્વરૂપ, પરમઆનંદ, અદ્વિતીય ને કેવલસ્વરૂપ, એવો જે હું તેને કોણ મારી શકે ? ૧૦

પોતપોતાનાં શસ્ત્રાસ્ત્રથી સજજ થઈ સર્વ રોગો ભલે આવે-જરાએ ડરવાની જરૂર નથી-ને પોતાની સર્વ શક્તિથી મારા પર પ્રહાર કરે, પણ હું તો મહાન પહાડ જેવો અચલ છું. ૧૧

મારે દેહની સાથે શું કર્તવ્ય છે ? સિંહનું કોઈ જગ્યાએ ઘર દેખ્યું છે ? આકાશ ચાલે એવો રસ્તો ક્યાં છે ? (કેમકે તે બધે છે) તેમ હે પ્રભો ! હું ક્યાં નથી તે કહે. ૧૨

હે બ્રહ્મ ! હું જન્મમરણથી રહિત છું. મોત તો મારું ઉત્તમ પકવાન્ન છે. હું કાળનો પણ કાળ, સર્વસાક્ષી, આનંદરૂપ મહાનાટકી છું. ૧૩

હે મૃત્યુથી ડરનાર જીવો ! હાથ ઊંચા કરી કરીને હું આ કહી રહ્યો છું કે મૃત્યુ જેવી કોઈ ચીજ જ નથી અને વેદોએ પણ વારંવાર ડંકો વગાડીને એજ કહ્યું છે તે સાંભળો. ૧૪

અને મોતના ડરથી બેબાકળા થએલા લોકોને આ મારી ગર્જના સંભળાવો અને જો તેઓ મોહને લીધે, અભિમાનને લીધે, કે મદને લીધે એ ન સાંભળે તો તેમનો વિનાશ આવી પહોંચ્યો છે જેમાંથી છૂટવું મુશ્કેલ છે તેમાં હું શું કરું ! ૧૫

ખુશાલ પટેલ, વિઠ્ઠલ, રામસંગ, ચીમન, લલ્લુ મહારાજ, કમલદાસ, બાદરસંગ, કાભાઈ, નાથુરામ મહારાજ વગેરે વગેરે જે કોઈ સંભારે તે સર્વને હર નર્મદે કહેશો. ૧૦-૧૨ દિવસમાં વચમાં વરસાદ ન પડે તો અમરકંટક પહોંચી જવાશે. ને પચીસેક દિવસમાં પેલે તટે મહારાજપુર મંડલાની બરાબર સ્હામે – પહોંચી જવાશે.

નીચેને સરનામે પત્ર લખવો :
કમલીવાલા બ્રહ્મચારી
પોસ્ટ માસ્તર મારફત
પોસ્ટ મહારાજપુર
સ્ટેશન – ગઢા મંડલા
બી.એન. રેલ્વે

## ૧૧૯

શ્રી મુડીયા મહારણ, સોમવાર બપોર
(૫-૩-૨૮)

ભાઈ મોદી,

મંડલાથી લખેલો પત્ર મળ્યો હશે. તબિયતમાં ઝાઝો ફરક નથી. ખૂબ આનંદથી મહારણ વટાવી રહ્યો છું. મુડીયા મહારણ એટલે એક રેતીનો દુસ્તર સાગર એવી કલ્પના તમે કરી હશે. પણ તેમ નથી. અહીંયા ઊંચા ઊંચા પહાડો અને શૂલપાણીશ્વર કે ઓંકારની ઝાડીને પણ ભૂલાવી દે એવી અત્યંત વિકટ ઝાડી ઓળંગવાની છે. રસ્તામાં મોટામોટા પત્થરો અને પગ ચીરી નાખે એવી ઝીણી કાંકરી છે અને તેથી જ આને રણ કહે છે. ખાવામાં કોદરી વગર બીજું કંઈ જ મળતું નથી અને તે પણ પાંચ સાત ઘેર 'હર નર્મદે' કરીએ ત્યારે પેટપૂર મળી રહે છે. કોદરીનો ભાત ને પ્રવાહીમાં પાણી !

શુક્રવાર

બે ત્રણ દિવસથી ખૂબ તાવ ચઢ્યો છે. રણ પણ તદ્દન નિર્બીજ નથી. એમાં પણ [1]Oasisની માફક ખૂણેખાંચરે કોક કોક દેવાંશી જીવ રહે છે. બે દિવસથી એક માણસે રોકયો

છે. જાતે બ્રાહ્મણ છે. આ માણસનો ઈતિહાસ જાણવા જેવો છે. કોકવાર રૂબરૂમાં કહીશ.

**સોમ-ઘાડું જંગલ.**

ગુરુમહારાજની દયાથી કાલ સ્હાંજ સુધીમાં અમરકંટક પહોંચી જવાશે.

સોમવાર કૂકડામઠ

અમરકંટક ફરી વળી સ્હામે કિનારે કૂકડામઠ આવી પહોંચ્યો છું. દોઢ મહિને મહામુસીબતે અમરકંટક નર્મદાકુંડમાં ન્હાયો. તાવ કંઈક નરમ છે. છતાં એ ઘોરી શાહનો વિશ્વાસ કરવા જેવો નથી. ચાર પાંચ દિવસમાં મહારાજપુર પહોંચીશ. ગુરુમહારાજની દયા હશે તો એકાદ મહિનામાં પરિક્રમા પૂરી થશે. શરીરમાં અશક્તિ ખૂબ આવી ગઈ છે. પત્ર નીચેના સરનામે

C/o. Paramhansaji's gufa,

Near Rly-bridge,

Moretakka Jilla Nimad.

M. R. Ry.

## ૧૧૭

શ્રી

ડિંડોરી

ફા.વ. ૩ શુક્રવાર (૯-૩-૧૯૨૮)

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે,

આનંદમાં છું. તાવ કંઈક નરમ છે. અમરકંટક ફરી વળી ક્યારનોએ સામે તટે આવી પહોંચ્યો છું. રસ્તામાં અણધાર્યું રોકાણ થાય છે. એટલે ધાર્યું ચાલી શકાતું નથી. નહિ તો અત્યારે મહારાજપુર સુધી પહોંચી જાત. એક રાત માટે ડિંડોરી આવ્યો, એકની બે થઈ ને આજે પાંચ રાત્રી થશે. કાલે સવારે આગળ ચાલવા વિચાર છે. ચાર-પાંચ દિવસમાં મહારાજપુર જઈ પહોંચીશ. વચમાં વધુ રોકાણ નહિ થાય તો પરમાત્માની ઈચ્છાથી પચીસેક દિવસમાં પરિક્રમા પૂરી થશે. ત્યાર પછી આરામ માટે થોડા દિવસ અમદાવાદ વગેરે ઠેકાણે થઈ થોડા દિવસમાં જ એક તરફ આવું છું. પત્ર લખવો હોય તો નીચેને સરનામે લખવો. સ્મરણ કરે તે સર્વને કુશળ સમાચાર કહેશો.

હાલ એજ.

લિ. **મહારાજ**ની શુભાશિષ.

સરનામું :-
પરમહંસજીકી ગુફા
પૂલકે પાસ, મોરટક્કા
જિ. નિમાડ એમ.આર. રેલવે.

## ૧૧૮

સાંડીયા, ૨૯ માર્ચ (હોશંગાબાદ) ૧૯૨૮

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વ.

ડિંડોરીથી લખેલો મારો પત્ર મળ્યો હશે. મહારાજપુર તમારો એક કાગળ મળેલો. ખૂબ આનંદમાં છું. શરીર સારું છે. ડિંડોરી છોડ્યા પછી તાવ આવ્યો નથી. વ્યાસ મારી મુલાકાત માટે મંડલા આવેલા ને ત્યાંથી મારી શોધમાં અમરકંટક વગેરે ઠેકાણે ગએલા પણ હું એમને મળી શક્યો નથી.

પરિક્રમા ૮-૧૦ દિવસમાં પૂરી થશે. ત્યાર પછી ઝાલોદ, સણસોલી, અમદાવાદ, સરખેજ, વડોદરા વગેરે ઠેકાણે થઈ એ તરફ આવવાનું થશે. તાવને લીધે શરીરમાં અશક્તિ આવી ગઈ છે તે દૂર થાય ત્યાં સુધી એ લોકો મને એ તરફ આવવા દે તેમ નથી. એટલે વૈ.શુ. ૧૫ સુધીમાં ત્યાં આવવાનું થશે એમ લાગે છે. પછી તો પ્રભુઈચ્છા. હાલ એ જ. સંભારે તે સર્વને કુશળ સમાચાર કહેશો.

લિ. **મહારાજ**ના નર્મદે હર

પત્ર નીચેના સરનામે લખવો.
પરમહંસજીકી ગુફા મુ. મોરટકકા,
જિ. નિમાડ એમ.આર. રેલવે.

## ૧૧૯

શ્રી

સરખેજ
સોમવાર સવાર (૮-૫-૧૯૨૮)

ભાઈ મોદી,

ગોધરાથી લખેલો પત્ર પહોંચ્યો હશે. પંદરેક દિવસથી હું અહીંયા આવ્યો છું. મુકામ ગામથી દોઢેક માઈલ દૂર રતનલાલના ખેતરમાં છે. શરીર સારું છે. અહીંથી એકાદશીએ-મંગળવાર સવારની ગાડીએ વડોદરે થઈ અમાસ સુધીમાં નારેશ્વર જવા વિચાર છે. મારા નામનો કોઈ કાગળ વગેરે હોય તો રતનલાલને સરનામે અહીં મોકલાવી દેશો. વ્યાસ સિંધમાં છે. એમનું સરનામું 'ગાંધી કોઠી, ટાંડો મહમદખાન, હૈદરાબાદ-સિંધ' એ પ્રમાણે છે. મળાય તો એકાદશીએ ગાડી પર મળશો. હાલ એ જ.

લી. સ્નેહાધીન **પાંડુરંગ**ના પ્રણામ

તા.ક. :- તાપ અસહ્ય પડે છે. આ મુલકમાં કોક કોક ઠેકાણે પ્લેગ ફાટી નીકળ્યો છે.

---

૧. ઓએસીસ = રણદ્વીપ, રણોદ્યાન

## ૧૨૦

શ્રી દત્તકુટીર-નારેશ્વર

વૈ. વદ ૦, ૧૯-૫-૨૬

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર મળ્યો. બે દિવસથી હું અત્રે આવ્યો છું. શરીર સારું છે. તમે અમરકંટકના મહંતને આપેલી ચીજોમાંથી કોઈ પણ ચીજ મને મળી નથી; તેમજ તમે આવ્યાની ખબર પણ મને અમરકંટક છોડી છેક મહારાજપુર આવતાં આવતાં જ થઈ. મંડલાના ડે. ઈન્સ્પેક્ટર ઑફ સ્કૂલ્સ મળેલા. તેમણે એ વાત કરી. અમરકંટક હું ચારે દિવસ રહેલો. એક દૃષ્ટિએ તમે મને ન મળી શક્યા એ સારું જ થયું, કેમકે તે વખતે હું અત્યંત બીમાર હતો. કે તમે મને એ સ્થિતિમાં મૂકી જલદીથી પાછા જઈ શકત નહિ. હા, બીમારીની બાદશાહી જોવાનો અમૂલ્ય અવસર તમને જરૂર મળત. મંડલેશ્વરનો મંદ પડેલો તાવ સિદ્ધનાથમાં પાછો ઉપડ્યો તે છેક ડિંડોરી સુધી પહોંચ્યો. દોઢેક મહિનો તો બિલકુલ સ્નાન પણ થઈ શકેલું નહિ ને બેપાંચ વાર ઝાડાથી વસ્ત્ર પણ બગડેલાં. છતાં ચાલવાનું કામ ચાલુ જ હતું. આવી સ્થિતિમાંએ પરમાત્માએ શરીરને કેમ ટકાવી રાખ્યું હશે તે તો એજ જાણે.

ગઈકાલે અત્રે આવ્યો. બધું ઉજ્જડ વેરાન થએલું. લોકોને મહારાજની કહેવાતી દિવ્ય શક્તિઓની જરૂર છે, સ્થાનની કોઈને જ પડી નથી. મારી ગેરહાજરીમાં ભાગ્યે જ કોઈ અહીંયા ફરકતું હશે. સવારમાં જ કુટીરની અંદર સર્પરાજે દેખો દીધો. મહારાજને સાપ કરડે જ નહિ ને કરડે તો પણ એમની પાછળ થોડાં જ કોઈ રોનાર કુટનાર છે ! એમનું શરીર જ 'પરમારથ' માટે ! મહારાજે એ અનંત ભગવાનને સાંડશીની પાલખીમાં બેસાડી એમના કંટક ભુવનમાં પધરાવી દીધા !

શરીરમાં હજી કંઈક અશક્તિ છે. સરખેજમાં પણ બેત્રણ દિવસ તાવ આવી ગયો. એટલે એકાદ મહિનો અહીંજ આરામ લેવા વિચાર છે. ચાતુર્માસ્ય ભરૂચમાં કરવાનું નક્કી થયું છે. સ્વામી શ્રી વાસુદેવાનંદ સરસ્વતીનું ચરિત્ર છપાવવાનું કામ મારે શિર નાખવામાં આવ્યું છે એટલે છએક મહિના ભરૂચ જ રહેવાનું થશે એમ લાગે છે. મને ધીરે ધીરે એવો નિશ્ચય થતો જાય છે કે મારે અનિકેત રહેવું એ જ સારું છે.

દુનિયાથી હારીને જંગલમાં આવી ગમાર થઈ બેઠો છું છતાં લોકો મને છોડતા નથી. ભાઈ ચંદ્રશંકર ગોધરે મળેલા. મારે અત્યારે બધુ છોડી વિદ્યાપીઠમાં જોડાવું જોઈએ. જો હું તેમ ન કરું તો એ એક જાતનો દેશદ્રોહ છે. અમારી-હિંદુસ્તાનના સાધુઓની Philosophy rotten છે. જો અમારે હાથે કંઈ સારું થયું હોય કે થતું હોય તો તે inspite of your philosophy's. અત્યારે હિંદમાં એકેય સાક્ષાત્કારી પુરુષ નથી, કેમકે બાપુને કોઈ મળ્યું નથી.... વગેરે વગેરે સંભાષણથી એમણે મારા પાષાણ હૃદયને ઉકળાવવાનો પ્રયત્ન કર્યો. પણ મેં એમને કહી દીધું કે મારું હૃદય મરી ગયું છે. એ આવાં ભાષણોથી પાછું ઉકળી ઊઠે એમ નથી. નારાજ થઈને

તેઓ પાછા ગયા. સાંભળું છું કે પંચમહાલની સેવા ન કરવા માટે ને મારા કહેવાતા જ્ઞાનનો પંચમહાલની જ્ઞાનપિપાસુ પ્રજાને લાભ ન આપવા માટે પંચમહાલનાં વર્તમાનપત્રોમાં ત્યાંના દેશભક્તો મારી ખબર લઈ નાખવાના છે. પણ મારી તો

લોકલાજ સબ છોડ પરાઈ,
તારમંજીરા ખૂબ બજાઈ,
નંગી હોકર જગફિર આઈ !

એવી સ્થિતિ છે. હું તો નિર્લજ્જ નફ્ફટ થઈ બેઠો છું. જીવતો છતાં મરેલો છું. મેં તો ક્યારનુંએ ગાઈ નાખ્યું છે– ને જાહેર પ્રજા કોક દિવસ તે વાંચશે પણ– કે હું તો બચકુ રોટલા માટે ભગવાનને બારણે કૂતરો થઈ બેઠો છું ને એમ ભગવાનનું નામ ભસવામાં જ આ શરીરનો અંત થાય એથી બીજું કંઈ જ માગતો નથી.

ધનદોલત સબ મિટ્ટી મનાઈ,
હાડચામ યહ કછુ ન ભાઈ,
નામ નિકમ્મા મોહ ત્યજાઈ.

તમે પણ પંચમહાલના દેશભક્તોમાંના એક છો ને મારા જેવા જંગલી કૂતરા જોડે સંબંધ રાખતાં શરમાતા નથી; તેથી જ તમને આ બધું લખી મોકલું છું. તમને પણ આ કૂતરાને એક બે લાકડી મારવાની ઊર્મિ થઈ આવે તો તેમ કરવાની પૂર્ણ છૂટ છે. આ શરીર સાથેના સંબંધ કે મમત્વને લીધે તેમ કરતાં તમારે જરાએ સંકોચ પામવાની જરૂર નથી.

અમાસ પહેલાં પત્ર લખો તો આ સરનામે જ લખશો.

ઘણુંખરું અમાસે ભરૂચ જઈશ. ત્યાંનું સરનામું :

C/o. કલ્યાણજી નિચ્છાભાઈ દેસાઈ,
ઓફિસ ખડકી, ભરૂચ
**પાંડુરંગ**ના પ્રણામ

## ૧૨૧

શ્રી — શનિવાર

ભાઈ મોદી,

ના.સં. વગેરેવાળું પરબીડિયું મળ્યું હશે. કાલનો અહીં આવ્યો છું. મુકામ ભાગાકોટને ઓવારે સામી ધર્મશાળાને મેડે છે. ભિક્ષા માટે કલ્યાણજીને ત્યાં એક વાર ગામમાં જાઉં છું. બાકી સ્નાનના કારણ વગર ભાગ્યે જ નીચે ઉતરતો હોઈશ.

શરીર સારું છે. છાપવાનું કામ શરૂ થયું છે. પ્રેસવાળો ભાવિક છે. એણે તદ્દન નવા

Types મંગાવ્યા છે. ને બે ખાસ Compositors વડોદરાથી બોલાવી રોક્યા છે.

મારાં બધાં સં. સ્તોત્રોની નકલ કરી અથવા મારા હાથની નકલો સંઘરી રાખી હોય તો તે મોકલી આપશો ? દત્તની પણ સો એક પ્રત રજિસ્ટર બુકપોસ્ટથી મોકલશો. હાલ એજ.

તા.ક. ના.સં. માં પેલો ખાલી શ્લોક લખીને પ્રત મોકલાવજો કેમકે મને શ્લો. મોઢે યાદ નથી.

પાંડુરંગ

## ૧૨૨

ૐ

C/o. કલ્યાણજીભાઈ
નિચ્છાભાઈ દેસાઈ
ઓફિસ ખડકી, ભરૂચ
જ્યે. વ. ૧૪, (૧૬-૬-૨૮)

પ્યારે વ્યાસ,

લોકો મને વિદ્વાન ધારે છે; તમે પણ ધારતા હશો. મારામાં એવી શી વિદ્વત્તા છે ? હું સાચું કહું છું કે પાટીના ભણતર પાછળ આટલાં બધાં વરસ ન બગાડ્યાં હોત તો હું અત્યારે ક્યાંયે ઊડતો હોત. તમે લખો છો કે કાકાસાહેબ મારો લાભ લેવા ઈચ્છે છે. અનેક ભલા લોકો એવી જ સદિચ્છા રાખે છે. પણ 'હાથમાં ન મળે કોડી ને ઊભે બજારે દોડી' એવી હાસ્યાપદ સ્થિતિ હું મારી નથી કરી લેવા માગતો. કોઈ માણસ જરા ટાપટીપથી રહેવા લાગે કે લોકો એને ધનવાન માને છે. મારી સ્થિતિ પણ એવી જ છે. જ્યારે વિદ્વાન લોકો મારી પાસેથી વિદ્વત્તાની આશા રાખે છે, ત્યારે અભણ લોકો મને દિવ્ય શક્તિ ધરાવનાર માને છે. જ્યારે મારામાં બંનેમાંથી એકેય નથી. આમાં જરાયે વિનય નથી. આ તદ્દન સત્ય છે.

श्रान्तोऽत्यन्तं तत्र तत्राटनेन
भ्रान्तोऽटव्यामागमानां सुखार्थी ।
भग्नः खिन्नो मर्तुकामो यदाऽऽसम्
प्राप्तं दिष्ट्या धाम ते देवजुष्टम् ॥

બધે રખડી રખડી થાક્યો ત્યારે માંડ ઠરવાનું ઠામ મળ્યું છે. હવે અહીંથી જરાયે ખસવાની ઈચ્છા નથી. નથી વિદ્વત્તાની (!) ભૂખ, નથી ધનની ઈચ્છા, કે નથી કીર્તિની લાલચ. એ બધાં માટીના રમકડાં જોડે રમીરમીને એટલો બધો કંટાળો આવ્યો છે, કે એવાં સોનાનાં મળે તો પણ હવે રમવાની ઈચ્છા નથી. જગતના લોકોને માત્ર હવે એક જ પ્રાર્થના કે,

'હમનસે મત મિલો લોગો, હમન ખફ્તી દિવાને હૈ;
ખુશીકા રાહ ત્યાગા હૈ, કઠીનમેં જા સમાને હૈં.

અને મળો જ તો ખુદાની ખાતર આ 'ખફ્તી દિવાના'ને પાછો ડહાપણની દુનિયામાં ખેંચવાનો પ્રયત્ન ના કરતા ! તમારી દુનિયા, તમારાં દુન્યવી સુખ, તમારી પરદુઃખભંજનતા–તમને મુબારક હો, આ અક્કલના ઓથમીરને એની લેશ પણ સ્પૃહા નથી. પરમાત્મા ચરણે હવે માત્ર એક જ પ્રાર્થના છે કે હે ભગવન્,

दत्त दत्त स्मरन् मेऽयं देहः पततु निर्जने ।
चरन्तु पक्षिणः सर्वे मिष्टान्नं देहजं मम ॥

ભગવાન એ પ્રાર્થના નહિ સાંભળે ?

ગઈ કાલનો અહીં આવ્યો છું. મુકામ નર્મદા કિનારે ભાગાકોટને આવારે સ્હામી ધર્મશાળાના મેડા ઉપર છે. ભિક્ષા માટે હંમેશાં કલ્યાણજીભાઈને ત્યાં જવાનું ઠેરવ્યું છે. ગુરુ મૂર્તિ ચરિત્ર છપાવવાનું કામ શરૂ થઈ ગયું છે. ગાંડા મહારાજે પ્રૂફ વાંચવા માટે મોકલેલા એક બ્રહ્મચારી તરીકે હું અહીંયાં ઓળખાઉં છું ને એવી રીતે જ રહેવા માગું છું. મારી એ કિંમતમાં તમારા આવવાથી વધારો કે ઘટાડો થાય, એવું હું નથી ઈચ્છતો. માટે તમે અહીં આવવાનો વિચાર માંડી વાળશો એવી પ્રાર્થના છે. બીજું હું હાથે રાંધતો હોત અથવા વારાફરતી જુદે જુદે ઘેર ભિક્ષા કરતો હોત તો તમને અહીં કોઈ પણ જાતની તકલીફ પડત નહિ. હું કલ્યાણજીભાઈને ત્યાં જ ભિક્ષા કરું છું. એટલે તમે આવો તો તમને પણ મારે ત્યાં જ લઈ જવા પડે. કલ્યાણજીભાઈને ને મારે આ પહેલો જ પ્રસંગ છે. તેઓ ભાવિક છે, ઉદાર છે, સાધુસંતોની જીગરથી સેવા કરવાવાળા છે. સ્વામી મહારાજના પરમ શિષ્ય છે પણ મારા સ્વભાવ પ્રમાણે એમની પર જેમ બને તેમ ઓછો બોજો પડે એવું હું ઈચ્છું છું. તમારી વ્યવસ્થા હું અન્યત્ર કરાવી શકું–અથવા તો તમે જાતે પણ એ કરી શકો તેમ છો એ હું સારી રીતે જાણું છું; છતાં તેમ કરવાથી કલ્યાણજીભાઈનું મન દુભાય, તેઓ તમને પણ પોતાને ત્યાં જ ભોજન કરવાનો આગ્રહ કરે ને પૈસા વગેરે કંઈ લે નહિ ને આપવા ઠીક પણ જણાય નહિ. એટલે મને આશા છે કે તમે મારી આ લાચારીની પ્રાર્થના મંજૂર રાખી અહીં આવવાનું માંડી વાળશો. એકાદ દિવસ મળવા પૂરતા આવવું હોય તો ભલે આવો, પણ એમ નકામા પૈસા નાખી દેવા ઠીક નથી. પરમાત્માની ઈચ્છા હશે ત્યારે મળી શકાશે. ત્યાર સુધી ભગવાનનું ભજન કરો.

મને વિશ્વાસ છે કે મારા પત્રનો તમે બીજો અર્થ નહિ કરો. એમાં રહેલી નિખાલસતા તમે પિછાનશો. જ્યારથી નિષ્કિંચનતાને સ્વયંવરમાં વર્યો છું ત્યારથી પોતાની જાત ઉપર અને પારકા ઉપર પણ કઠોર થવાના અનેક પ્રસંગોમારી પર આવી પડ્યા છે તેમાંનોજ આ એક છે. પણ હવે હું ઘડાઈ ગયો છું. એટલે મને એનું કંઈજ નથી લાગતું. આજે તો તમને ઉતરવાને ધર્મશાળાએ છે, પણ કાલે એવોએ પ્રસંગ આવે ને એવાં સ્વપ્નાં હું જોઈ રહ્યો છું કે તમારે સુધરેલા સમાજનો તિરસ્કાર સહન કરી મારી જોડે કોઈ ગંદી locality માં ઝાડતળે ધૂળમાં

આસન લગાવવું પડે ને મારી ઝોળીમાંના બે પાંચ દિવસના એંઠા ટાઢા ટૂકડા ખાવા પડે. તમારે એ બધા માટે તૈયાર થવું પડશે. હાલ એજ.

હરિપ્રસાદભાઈને પત્ર લખશો કે મને એમણે મંગાવેલું આસનોનું હિંદી પુસ્તક રજિસ્ટર બુ. પો.થી મોકલી આપે. જ્યાં જાઉં છું ત્યાં વિદ્યાર્થીઓ મને છોડતા જ નથી. એ બાલકૃષ્ણોની કંઈક સેવા કર્યા વગર તેઓ અન્ન હજમ થવા દેનાર નથી. પરિક્રમાના શ્રમમાંથી હજી તદ્દન મુકત થયો નથી. પણ સાધારણ શરીર ઠીક છે.

લિ. સ્નેહાધીન

**પાંડુરંગ**ના પ્રણામ

## ૧૨૩

શ્રી ભૃગુક્ષેત્ર, મંગળવાર, ૨૭-૬-૨૮

આસનનું પુસ્તક હવે મોકલશો નહિ, કેમકે મને વાંચવા વખત નથી. તમે ભીલ સેવા મંડળમાં જોડાઓ તો કેમ ? કંઈક ઉદ્યમ તો કરવો જ પડશે અને મને લાગે છે કે સેવા મંડળ જેવો શાંત અને નિર્દોષ ઉદ્યમ તમને બીજે ભાગ્યે જ મળશે.

પરિક્રમાના શ્રમમાંથી હજી પૂરેપૂરો મુકત થયો નથી, છતાં અહીંનું કામ પૂરું થયા વગર આરામ મળી શકે તેમ નથી. દિવાળી સુધી અહીંજ રહેવું પડશે એમ લાગે છે. ત્યાર પછી પ્રભુ જવા દે તો ક્યાંક હવાફેર માટે જવા વિચાર છે. પરિક્રમામાં કયાંક ઝેરી પાણી લાગી ગયું હોય એમ લાગે છે. બાકી બધું ઠીક છે. હાલ એજ. સર્વને મારા ઘટિત કહેશો.

લિ. **પાંડુરંગ**ના જય ગુરુદેવદત્ત

## ૧૨૪

ૐ ભૃગુક્ષેત્ર આ.શુ. ૧૨, ૩૦-૬-૨૮

ભાઈ મોદી,

આજે રજા પાળી છે. જીવનનો વિચાર કરતો બેઠો છું. આજે સ્હવારે સ્નાન કરીને આવતાં, પગથિયા પર એક સાપ [illegible] ના પર પગ પડ્યો. હાથમાં ફાનસ તો હતું, પણ છતે અજવાળે ને છતી આંખે આંધળા બનેલા મેં એને ન જોયો. જ્યારે પગ તળે કંઈક સુંવાળું લાગ્યું અને એણે ફૂત્કાર કર્યો ત્યારે જ હું મારી જાગૃતનિંદમાંથી જાગી ઊઠ્યો. પાછા વળી ફાનસ ધરી મેં એનાં નખશિખાંત દર્શન કર્યાં અને હાથ જોડી પ્રાર્થના કરી કે હે બ્રહ્મન્ ! नागराज नमस्तुभ्यं गच्छागच्छ यथासुखम् । रोचते चेद्गृहाणैतज्जीर्णं मे पार्थिवं वपुः ॥ પણ સામે ધસી મને કરડવાને બદલે 'હર નર્મદે' કહી સુસવાટ કરતો એ નર્મદા તરફ ચાલ્યો ગયો; ને અવધૂતચિંતન કરી હું કુટીરમાં પેઠો. છેવટે એજ સત્ય છે કે अरक्षितं तिष्ठति दैवरक्षितं सुरक्षितं दैवहतं विनश्यति ।

થોડા દિવસ પર મોકલેલાં ભજનોનું પરબીડિયું મળ્યું હશે. સ્તોત્રો તમે કયારે મોકલવાના ? આપણા ગરબાઓની પ્રત પણ એક જણેમાગી છે; ને મારી પાસે તો કંઈજ

નથી. અહીંનું કામ દિવાળી સુધી ચાલશે એમ લાગે છે.

संकीर्तन જુદું છપાય એવી મારી ઈચ્છા નથી. બધું સાથે વખત આવ્યે થઈ રહેશે. કાગળ પર છપાય ને હજારો લોકો વાંચે તેના કરતાં એકાદ માણસના પણ અંત:કરણમાં છપાય તો મને વધારે આનંદ થશે. ગી.ભા. વગેરેના સંબંધમાં તો ભાઈ જાણે ને તમે જાણો. મને તો 'उत्पत्स्यतेस्ति'...માં પૂર્ણ શ્રદ્ધા છે. હાલ એ જ. પૂર્ણ આનંદ છે.

હું કાયમનું સાકરનું પાણી પીઉં તો કેમ ? તમારા વૈદને પૂછી જોશો. મને અન્નનો કંટાળો આવ્યો છે.

## ૧૨૫

ભરૂચ, ગુરુવાર સ્હાંજ

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે.

તમારા કાગળ મળ્યો. અહીંયાં કેવળ પરમાનંદ છે. કોઈ જાતની ચિંતા કરવા જેવું નથી. કલ્યાણજીભાઈ ઘરના માણસ કરતાં શરીરની વધારે કાળજી રાખે છે. એટલે જરાયે તકલીફ જેવું નથી. ગ્રંથનું કામ શરૂ થઈ ગયું છે. સંભારે તે સર્વેને કુશળ સમાચાર કહેશો. હાલ એજ.

લિ. **મહારાજ**ના જય ગુરુદેવદત્ત

## ૧૨૬

ભરૂચ, ૧૫-૮-૨૮

ગામ રણાપુર મધ્યે સોના હરગોવન કાનજી સોની વગેરે.

અબ મૈં કહાં જાઉં શરણ, છોડ ચરણ તોરે ! -ટેક.
ઘરદુવાર કોઉ નાહીં, ભ્રાતબિરાદર નાહીં,
નાતગોત સર્વ તૂંહિ, માઈબાપ મોરે. -અબ૦ ૧

નામ સૂન દોડ આયો, પતિતપાવન મન ભાયો;
સાંવરી સુરત દેખ ધાયો, દોઉ કર જોરે. -અબ૦ ૨

તૂં પિયા મૈં તેરી દુલહન, અશરણશરણ મોહન;
લજ્જા તોકું ભવભંજન, માર તાર ઓરે ! -અબ૦ ૩

દિવસ રૈન ચૈન નહિ, સ્વપ્ન છબી તૂંહિં સહી;
છટક છટક જાય કહીં, કબલૌં દિલ ચોરે ! -અબ૦ ૪

છોડ છાંડ લોકલાજ, મત્ત ભઈ મિલનકાજ;
ધૂલ પડી જગત તાજ, દરસ પાય તોરે ! - અબ૦ ૫

કોઉ કહે નફ્ટ ભઈ, લાજમાઝ અટક ગઇ;
મૈં પિયા તેરી ભઇ, ભેદભાવ છોરે ! ! અબ૦ ૬

ઘુંઘટ દૂર ફેંક દીયો, હાથમેં હાથ લીયો;
'રંગ' રૂપ એક ભયો, કોઉ કાંહી બોલે !! – અબ૦ ૭

તદ્દન આનંદમાં છું. શરીર ઘણું જ સારું છે. (શ્રી ગુરુ. મૂ. ચ.) ગ્રંથના લગભગ ૫૦૦૦ શ્લોક છપાઈ ગયા. હજી બેએક મહિના કામ ચાલશે. જાણે કાલે જ આવ્યો હોઉં તેમ વખત કેમ જાય છે તેની ખબરએ નથી પડતી. દિવાળી પછી એ તરફ આવવાનું થશે; કેમકે અહીંથી હું વ્યાસ મહારાજને ત્યાં ઝાલોદ જવાનો છું. એમણે ત્યાં તદ્દન એકાંતમાં નદીને કિનારે એક દત્ત-કુટીર બંધાવી છે ને થોડા દિવસ હું ત્યાં મુકામ કરું એવી તેમની ઈચ્છા છે. અહીં આવવાની મેં તેમને મના કરી છે. એટલે મારે ત્યાં જઈ એમના ભાવને પોષણ આપવું જ પડશે. અહીં સ્વતંત્ર ભાડાની ઓરડી મળી છે એટલે તદ્દન ઉપાધિ વગર રહી શકયો છું. સંભારે તે સર્વેને હરનર્મદે કહેશો.

લિ. **મહારાજ**ના આશિષ.

## ૧૨૭

શ્રી

ભૃગુક્ષેત્ર
૩૦-૮-૨૮

બન જા દીવાના દીવાના; અસલ ફકીરી બાના. ટેક
ઝંઝટ દુનિયા છોડ ઠગારી, કર બિયાંબાં ઠાના;
કંથા કૌપીન ઝોળી ઝંડા, સૂટ દિગંબર ધ્યાના. ૧
ઔર કેફ કછુ કામ ન આવે, જ્ઞાન ધતુરા ખાના;
શોક શરાબે પીકર સાધો, સાંસ સાંસ હર ગાના. બન૦ ૨
સબસે હાં હાં કરના સાધો, કર અપને મન ભાના;
ચંદા સૂરજ તાલ બજા કર, જોગન નાચ નચાના. બન૦ ૩
કર્મ-કિતાબાં કીચડ સાધા, કાંચન રામ સુહાના,
હારગલેમેં ખોજત બનમેં, કયા મૂરખ કયા સ્યાના. બન૦ ૪
કયોં રોના કહાં જાના ફક્કડ , કયા લેના કયા દેના;

---

૧. હે નાગરાજ આપને નમસ્કાર, આપ યથેચ્છ આવો-જાઓ. ગમે તો આ જીર્ણ થએલા પાર્થિવ શરીરને ગ્રહણ કરો ! ૨. અરક્ષિત છતાં દૈવરક્ષિત બચે છે, સુરક્ષિત છતાં દૈવથી મરીએલ નાશ પામે છે.

મુડ અસલ ઘર અલખ જગાના, આવાગમન મિટાના. બન૦ ૫

'રંગ' બરંગી લોગ જહાં કે, કાહે કોઉ કો કહેના;

શૂન્ય સમજ કર મસ્ત નશેમેં, સાક્ષી હોકર રહેના. બન૦ ૬

ઘણા દિવસથી તમારો પત્ર નથી. મહિના એક પર મોકલેલા ભજનોનું પેકેટ મળ્યું હશે. અહીં આવ્યા પછી ઘણું લખાયું છે. નામાવલીનું ગાડું કેટલે આવ્યું છે ? (શ્રી ગુ.મૂ.) ચરિત્રની લગભગ ૫૦૦૦ ઓવી છપાઈ ગઈ છે. કામ વધતું જાય છે. કદાચ દત્તજયંતી સુધી પહોંચે. બાકી આનંદ છે. સર્વને જય ગુરુદેવ.

લિ. - **અવધૂતેર રંગ**

(શ્રી રતનલાલ કરુણાશંકર ત્રિપાઠીને તા. ૩૦-૮-૨૮ના રોજ લખેલો પત્ર.)

## ૧૨૮

ૐ दत्त ભૃગુક્ષેત્ર, શુક્રવાર સ્હાંજ

(૧-૯-૨૮)

ભાઈ મોદી,

તમારો પત્ર પરબીડિયાં બધું મળ્યું. આનંદમાં છું. જન્માષ્ટમી આનંદમાં ઉજવવી. પરમાત્માના દિવ્ય જન્મકર્મનાં ગાન કરવાં. પોતાના જન્મકર્મનો વિચાર ને નિશ્ચય કરવો. આખો દિવસ નિરાહાર રહેવું. શુચિર્ભૂત રહી ગીતાનું ન્યાસાદિ સાથે પારાપણ કરવું. દરેક શ્લોકે આપણા કૃષ્ણલીલાના (માસાદિક્રમે કરેલી સ્તુતિમાંના) શ્લોકનો અથવા સદ્ગુરુએ આપેલા કોઈ અન્ય ઈષ્ટમંત્રનો પાઠ કરવો. પૂજન અર્ચનાદિ કરી રાત્રે જાગરણ કરવું. હરિકીર્તન કરવું. ગીતનૃત્ય કરવું. અંત:કરણમાં નિત્ય ચાલી રહેલા રાસનું અવલોકન કરવું. સર્વથા આખો દિવસ શ્રીકૃષ્ણલીલાના શ્રવણ, મનન ને નિદિધ્યાસમાં નિર્ગમન કરવો. બીજે દિવસે સ્નાન પૂજનાદિ નિત્યક્રમથી પરવારી પ્રભુપ્રસાદ લઈ પારણાં કરવાં.

સાચું કહું તો મને પોતાને જયંતી ઉત્સવાદિનું ઝાઝું ભાન નથી; કેમકે મેં કદી પણ એવા ઉત્સવાદિમાં જાતે ભાગ લીધો નથી કે નથી કોઈ જયંતી ઉજવવાનું સુકૃત પ્રાપ્ત કર્યું. છતાં તમે પૂછાવો છો એટલે જેમ પ્રભુ પ્રેરણા કરે તેમ બે લીટી લખી નાખું છું. ખરી રીતે તો તમારે એ બધું જાતે અથવા તો બીજા કોઈ અનુભવીને પૂછીને નક્કી કરવું જોઈએ.

નામાવલી છપાઈ ગઈ છે. તમે બારોબાર મંગાવી લેશો. મને આઠમ પહેલાં નહિ મળે. પાંચમ સુધીમાં કદાચ રા. કેશવલાલ શેઠ સરખેજથી આવવાના છે તે લેતા આવે એટલે હું મોકલું તો પણ આઠમ પછી.

વ્યાસનો મારા પર પણ દોઢેક મહિનો થયાં કાગળ નથી. પડ્યા હશે કોઈ મહાભારત કામમાં કે સાંસારિક ઉપાધિમાં. મેં પણ તેમાંથી તેમને ઢંઢોળવાનું ઉચિત ધાર્યું નથી. નારાયણને

મોકલેલાં સ્તોત્ર તમને વહેલાં મોડાં મળશે ખરાં. મારી પાસે નકલ નથી.

હાલ એજ. અહીંનું કામ કદાચ દત્તજયંતી સુધી પણ પહોંચે.

લિ. **પાંડુરંગ**ના પ્રણામ

## ૧૨૯

ભૃગુક્ષેત્ર ભા.વ. ૯ વિ.સ. ૧૯૮૪
(૭-૧૦-૨૮)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. આનંદમાં છું. તમારી છાતીમાં દુખાવો થાય છે એ ઠીક નથી. આસન વગેરે કંઈ કરતા હો તો તે તદ્દન મૂકી દેવું અને શરીરને શ્રમ થાય એવું કંઈ ભારે કામ પણ ન કરવું. બોલવાના પણ ઝાઝા શ્રમ ન કરવા. બને તો રોજ સ્હવારસ્હાંજ (સ્હવારે સૂર્યોદય પહેલાં) બેપાંચ માઈલ ખુલ્લી હવામાં ફરવા જવું. રોજ સૂતી વખતે કાળા તલ ને અજમો સમપ્રમાણ લઈ તેની એકાદ તોલો ફાકી મારી જવી ને ઉપર પાણી વગેરે કંઈ પીવું નહિ. સ્હવારે અડધો શેર દૂધ લઈ તેમાં પાશેરેક પાણી નાખી પાણી બળી જાય ત્યાં સુધી ઉકાળી ઠંડું થયે પીવું. ઊકળતી વખતે અંદર પાએક તોલો સાકર અને નીચેની ચીજોનું વસ્ત્રગાળ ચૂર્ણ પાએક તો. તથા અડધો તો. ઘી નાખવું. ગરમ પડે એમ લાગે તો ઘીનું પ્રમાણ વધારતા જવું. આહાર તદ્દન સાત્ત્વિક રાખવો. નારાયણ પાસેથી સ્તોત્રો આવે એટલે તેમાંના મૃત્યુંજયસ્તોત્રનો રોજ સાત વાર પાઠ કરી શ્રદ્ધાપૂર્વક 'અકાલમૃત્યુહરણં સર્વવ્યાધિવિનાશનમ્ । દત્તપાદોદકં તીર્થં જઠરે ધારયામ્યહમ્ ॥' એ મંત્રથી ગુરુમહારાજનું ચરણામૃત પ્રાશન કરવું. આ પ્રમાણે ૨૧ દિવસ ક્રમ રાખશો તો ગુરુમહારાજની કૃપાથી સર્વ રોગ દૂર થશે. અઠવાડિયામાં એકાદ વાર રાત્રે સૂતી વખત્રે આકડાના પાનને તેલ લગાડી દેવતા પર ગરમ કરી પેટ પર બધે સહી શકાય તેટલાં ઉન્હાં બાંધવાં ને ઉપર પડી ન જાય તે માટે પાટો બાંધી એકાદ લોટામાં ઉન્હું પાણી લઈ તે લોટો ઉપર મૂકી શેક કરવો. વિચાર કરતાં એમ લાગે છે કે તમારા શરીરમાં ધાતુનું પ્રમાણ બહુજ ઓછું થઈ ગયું છે. પરંતુ પ્રભુની કૃપાથી શ્રદ્ધા રાખી ઉપર પ્રમાણે કરશો તો બધું ઠીક થઈ જશે. બીજી કોઈ જાતની દવા વગેરે લેશો નહિ. દવાથી ઊલટું શરીર વધારે ખરાબ થાય છે. તે તત્ત્વ તમારે અનુભવથી શીખવું પડશે.

ચૂર્ણ : અક્કલગરો, લીંડીપીપર, ગંઠોડા, તજ, જેઠીમધ, સૂંઠ, ઈલાયચી, બધું સમપ્રમાણે + બધાના જેટલી સાકર.

જન્માષ્ટમીએ છપાએલી નામાવલી મને પરમ દિવસે જ મળી ! પ્રૂફ મારા હાથમાં એકેવાર આવેલાં નહિ એટલે ભૂલોને ભેટવા તમારે તૈયાર રહેવું જ જોઈએ. પ્રત સુધારીને મોકલી છે તે પ્રમાણે બીજી સુધારી લેવી. લગભગ ૬૦ ભૂલ છે. છતાં 'આઉટપુટ' વગેરે એ કંઈ સારું

## ૧૨૧

છે. ભજનો સંબંધમાં મારે કંઈ જ કહેવાનું નથી. એ છપાવ્યા વગર આજે જ કંઈ અચકાઈ ગયું હોય એમ મને નથી લાગતું. છતાં મારી કંઈ ગુરુપ્રસાદીની કેટલાક લોકો આશા રાખે છે તેમને એ છપાયાથી કદાચ ક્ષણિક તોષ આપી શકાય. ભજનો વગેરેની નકલ કરવામાં ભૂલો ખૂબ થાય છે માટે નકલ કરો તો પણ એક કાનામાત્રાની કે વિરામચિહ્નની પણ ભૂલ ન થવી જોઈએ એની ખૂબ કાળજી રાખશો. ટૂંકમાં ભાષાવિશારદની ઉપાધિ બાજુએ મૂકીને એ કામ કરશો તો જ કંઈક સફળતા પ્રાપ્ત થશે. ભાષાવિશારદોને ઈશ્વરના દરબારમાં જરાએ સ્થાન નથી. ઈશ્વરને વૈયાકરણોની ભાષા કરતાં ભક્તોની–હૃદયની ભાષા જ અત્યંત પ્રિય છે એ હું તમને આ પ્રથમ વાર જ નથી લખતો. સાધુની દૃષ્ટિએ મને લાગે છે કે મારાં ભજનો કરતાં સ્તોત્રો લોકોને વધારે ઉપયોગી નીવડશે. મને પોતાને તો સ્તોત્રો જ વધારે પ્રિય છે. હું હવે ભણતરની ઉપાધિથી સાવ કંટાળી ગયો છું. તેથી તમને સાફ જણાવી દઉં છું કે એ છપાવશો–કરશો તોપણ એનાં પ્રૂફ વગેરે તપાસવાની ભાંજગડમાં હું જરાએ પડવાનો નથી. અહીંનું કામ ધાર્યા કરતાં ખૂબ જ વધી ગયું છે. ને અન્ય ઉપાધિ પણ દિવસે દિવસે વધતી જાય છે. હજી બે અઢી મહિના અહીં રહેવું પડશે. ત્યાર પછી કદાચ ગિરનાર આવું. મેં સાંભળ્યું છે કે માર્ગશીર્ષમાં ગિરનારની લોકો અમુક તિથિથી અમુક તિથિ સુધી પરિક્રમા કરે છે. જો મળી શકે તો એ તિથિઓની ખબર મેળવશો. હાલ એ જ. સર્વેને ઘટિત કહેશો.

–પાંડુરંગ

## ૧૩૦

ભૃગુક્ષેત્ર, આ.શુ. ૨
વિ.સં. ૧૯૮૪,
(૧૫-૧૦-૨૮)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. આનંદમાં છું. ચૂર્ણમાં સાકર મેળવો તો ઊકાળતી વખતે જુદી બીજી નાખવાની જરૂર નથી. દૂધનું પ્રમાણ પચી શકે ને વધારો તો કંઈ હરકત નથી. કાળા તલ ન જ મળી શકે તો જેવા મળે તેવા લેવા. ખાવામાં કેળાં તો તમારે હરગિજ ન ખાવાં ને ખાઓ તો પણ રાત્રે તો કટકો પણ મોઢામાં ન નાખવો. ખોરાક સાત્ત્વિકની સાથે હલકો પણ હોવો જોઈએ. ચાલી શકે તો મગની દાળની ખીચડી ને એકાદ બે ઘઉંની રોટલી એ ખોરાક ઉત્તમ છે. શરદ ઋતુ જતાં સુધી શાક બિલકુલ ન ખાવું. સારી ભાજી મળી શકે તો તે રોજ પણ સારી. ઓળખી શકો તો આ વખતે જંગલમાં સાટોડીની ભાજી બધે ઊગી નીકળે છે, તે ઘણી જ સારી – સ્વાદમાં પણ. અત્યારે પર્યટનનું માંડી વાળો. અથડામણમાં પ્રકૃતિ વધારે બગડશે. વળી ત્યાંની ઠંડી હવા તમને માફક પણ નહિ આવે. તમારે માટે સમશીતોષ્ણ હવા જોઈએ અને તે પાસેમાં પાસે નર્મદાકિનારા વગર બીજે ભાગ્યે જ મળે, પણ હવાફેરની જરૂર જ નથી, છતાં

જવું જ હોય તો તમારી ઈચ્છા !

ગી.ભા.માં થોડાઘણા ફેરફાર તો મેં કરી જ મૂકયા છે. મારી દૃષ્ટિથી અન્યની જરૂર નથી, છતાં જરૂર જણાય તો તમે તેમ કરી શકો છો. હું એ કરી શકું એવી મારી અત્યારે મન:સ્થિતિ રહી નથી ને મને ફુરસદ પણ નથી. કામ ખૂબ પહોંચે છે. દિવસે દિવસે ઉપાધિ પણ વધે છે. આટલું કામ તો શાળામાં નોકરી કરતો ત્યારે પણ નહોતો કરતો. કાગળ ઘસડી નાખવાને પણ માંડ વખત કાઢું છું. પુસ્તકમાં મારું નામ રાખો તોપણ એની પાછળ કોઈપણ જાતનું પૂછડું ન હોય એ ખાસ જોશો. કદાચ ઉપાધિ જોડવાની કોઈ સલાહ કે આગ્રહ કરે પણ તેમ હરગિજ ન થવું જોઈએ.

બાળકૃષ્ણ નારેશ્વર જાઉં ત્યારે મળે એ જ ઠીક છે, છતાં એને ખૂબ જ ઉત્કંઠા થઈ હોય તો અહીં ભલે મળે. ભૂતનાથને મેડે મુકામ છે. હજી બેએક મહિના રહેવું પડશે. મળવાનો વખત સ્હવારે ૧૦ થી ૧૧ અથવા બપોરે ૧ થી ૩. એ વખતે પણ એકબે જણને ગીતા ને આત્મપુરાણનો પાઠ આપું છું, એટલે તદ્દન નવરો તો નથી જ હોતો, છતાં આવશે જ તો વાતચીત કરીશ; નહિ તો રાત્રે.

પૌરાણિક કથાઓમાં શંકા ઉઠાવવાનું છોડી દઈને સત્ય-પરમાત્મસ્વરૂપનું ભજન કરો. એ શંકાઓ એમની એમ રહે અથવા નિવૃત્ત થાય તોપણ એથી આત્મોન્નતિમાં ઝાઝો ફાયદો થવાનો નથી. બીજાઓ આગળ થોડું વાક્પાંડિત્ય કરી શકાશે એ વાત જુદી. સાચી વાત તો એ છે કે એક પરમાત્મસ્વરૂપનું સત્ય જ્ઞાન થતાંની સાથે મનુષ્યની સર્વ શંકાઓનો આપમેળે લય થઈ જાય છે પણ અજ્ઞાનની દૃષ્ટિએ વિચાર કરીએ તોપણ ભગવાને વામન અવતાર ધારણ કરી બલી રાજાને છેતર્યો એ વાત તદ્દન જૂઠી છે અને વિકૃત અને અનાર્ય વિચાર કોટિનું પરિણામ છે. ભગવાને માત્ર એના દાતૃત્વની પરીક્ષા લીધેલી અને એમાં એ પાર ઊતર્યો એટલે એને માગ્યા કરતાં વધારે આપ્યું. બલિને માત્ર સ્વર્ગપ્રાપ્તિ જ જોઈતી હતી ને તેને માટે એ અશ્વમેધ કરતો હતો, પણ પરમાત્માએ એને સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ ત્રણેનું રાજ્ય આપ્યું છે, ને વધારામાં પોતે દ્વારપાળ થઈને રહ્યા છે. છેતરવો જ હોત તો એને મારી નાખતાં-પગ તળે ચગદીને - ભગવાનને વાર ન લાગત. આ દૃષ્ટિથી સ્વતંત્ર વિચાર કરશો, ને બીજા વર્ણસંકરોને વાદે ચઢી પોતાની વિચારશક્તિ વિકૃત નહિ કરી નાખો તો એ બધું તમને યથાર્થ સમજાશે. મને લાંબું લખવા વખત નથી, એટલે માટે દિગ્દર્શન કરી અટકું છું. ભવિષ્યમાં શંકા બાકી જ રહે તો પરમાત્માની કૃપાથી એનું પૂર્ણ સમાધાન જરૂર કરવા પ્રયત્ન કરીશ.

વ્યાસની મને કંઈ જ ખબર નથી. મારા પર ત્રણેક મહિના થયાં કાગળ નથી. મેં પણ નથી લખ્યો.

- પાંડુરંગ

## ૧૩૧

ભૃગુક્ષેત્ર આ.શુ. ૧૦
વિ.સં. ૧૯૮૪ (૨૪-૧૦-૨૮)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. બહુ ગરમ દૂધ પીવું નહિ. એને ટાઢું પાડ્યા પછી પાન કરવું. રાતે ગરમ દૂધ પીવાથી સ્વપ્નદોષ અવશ્યમેવ થાય છે એવું અનુભવીઓ પાસે સાંભળ્યું છે. મને એ બાબતમાં પ્રત્યક્ષ જ્ઞાન કોઈ જાતનું નથી. પણ હું માનું છું કે બીજી રીતે દૂધ લેવાથી કોઈ માઠું પરિણામ આવવાનો સંભવ નથી. માત્ર દૂઝણું ઢોર રોગી ન હોવું જોઈએ. સ્હામે મ્હોંએ સૂર્ય તરફ ચાલવું ઠીક નથી. બને તો દિશા બદલી નાખવી, નહિ તો નીચું જોઈ ચાલવું. પાઠની શરૂઆતમાં આચમની ભરી રાખવી ને પૂરો થતાં અન્ય પાત્રમાં એ જળ રેડી લેવું. એમ દરેક પાઠે કરવું ને અંતમાં બધું ચરણામૃત તરીકે પ્રાશન કરવું.

વ્યાસનો પત્ર હતો. એ કુટુંબ સાથે થોડા દિવસમાં આબુ-અંબાજી વગેરે સ્થળોએ જવાના છે.

કોઈ પણ જાતની ચિંતા રાખવી નહિ. ભગવાનનું ભજન કરવું. બધું સારું થશે.

આ.વ. ૧૩ થી કા.સુ. ૧ સુધી છાપખાનું બંધ છે. અહીંની ઉપાધિમાંથી મુક્ત થવા વિશ્રાંતિ માટે કદાચ એ ચાર દિવસ નારેશ્વર જાઉં. ગ્રહણ પણ છે.

આનંદ છે. હાલ એજ....

**-પાંડુરંગ**

## ૧૩૨

ભરૂચ, આ.શુ. ૧૨
૧૯૮૪/૨૬-૧૦-૧૯૨૮

ભાઈ હરિપ્રસાદ,

પત્ર મળ્યો. આનંદમાં છું. માર્ગશીર્ષ શુ. ૧૫ સુધી ભરૂચ ભાગ્યે જ છોડાય. ગુરુમહારાજનું કામ છે એટલે રહ્યા વગર છૂટકો નથી. બાકી મને તો બધું ઉપાધિરૂપ.

શ્રીકાંતશેઠને ત્યાંનું કામ તમને પરવડે તેમ હોય તો મુંબઈ ભલે જાઓ. શહેરી જીવનનો અનુભવ થશે. રામના શિક્ષણની પણ અહીંના કરતાં જોગવઈ સારી થશે. પણ ત્યાંના હવા-પાણી તમારી બદ્ધકોષ્ઠતાને માફક આવે તો. રામને કોઈના private guidance તળે મૂકવો જ હોય તો ભાઈ વ્યાસનો ટીટોડી-ભીલ આશ્રમ સારો છે. બાકી તમે જાતે શિક્ષક થાઓ એના જેવું તો બીજું એકેય સારું નહિ. હાલ એ જ. સર્વેને ઘટિત કહેશો.

**-પાંડુરંગ**

## 133

ભરૂચ આ.વ. ૧૦
વિ.સં. ૧૯૮૪ (૭-૧૧-૨૮)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો. વાંચીને હું સાવ નિરાશ થયો. એક પણ વાત તમે મારા કહ્યા પ્રમાણે કરી નથી. એકની એક વાત પર ને તે પણ તદ્દન સાદી, મારે ફરી ફરીથી લાંબા પત્ર લખવા પડે એ મારે માટે અત્યંત બૂરી દશા છે. અનુષ્ઠાન એટલે શું તે તમે એક ટકો પણ સમજ્યા નથી. કોઈ સ્તોત્રનો પોપટની માફક પાઠ કરી જવાથી જરાએ ફાયદો થવાનો સંભવ નથી. એમાં જે શક્તિ રહેલી છે, તે અનુષ્ઠાન કરનારની ભાવનાની અને સંકલ્પબળની પવિત્રતાની તથા એ બતાવનારના તપ ને આજ્ઞાના અનુલંઘનીય સ્વરૂપની છે. એમાં જેટલે દરજ્જે ખામી તેટલે દરજ્જે પરિણામ શૂન્ય આવવાનું. મેં તમને 'સર્વસૌખ્યકર સ્તોત્ર' નો પાઠ કરવાનું ક્યારે કહેલું ? એક સ્તોત્રથી આટલો ફાયદો તો બેથી વધારે એવી વાણિજ્યત્રિરાશી ધાર્મિક કામમાં ન ચાલે. વળી દવા નાખીને ઉકાળેલું દૂધ જમતી વખતે લેવાનું તમને કોણે કહેલું ? વળી દૂધની કંઈક હદ ? ખોરાક લેવા ઉપરાંત ત્રણ શેર દૂધ તો મારી ધારણા પ્રમાણે તંદુરસ્ત માણસ પણ ન પચાવી શકે - કસરતી જુવાનની વાત હું નથી કરતો. આવું બધું ગાંડું ગાંડું તમે કરો તો તેનું પરિણામ લખો છો, તેના કરતાંએ બૂરું આવે તો મને નવાઈ નહિ લાગે. વધારે દવાથી-દૂધથી- વધારે ફાયદાને બદલે ભયંકર નુકસાન થવાનો સંભવ છે. વળી વચમાં બીજી દવા પણ લેવી એ ઘાતક છે. રોજ તાંદળજો ખાવાથી શું થાય તેનો ખ્યાલ કરેલો ? સાટોડી ન મળે તેથી તાંદળજો ખાવો એ વિચારશ્રેણી ક્યાંની ? ખાવાના આવા અખતરાઓથી તમે શરીરને સાવ બગાડી રહ્યા છો. હવે તમારે માટે એક જ ઈલાજ છે કે કાં તો બધા ઉપચાર છોડી દઈ કોઈ વૈદ યા દાક્તરની સલાહ પ્રમાણે ચાલવું. અથવા તો જો મારામાં પૂર્ણ શ્રદ્ધા હોય તો અક્ષરશ: મારી આજ્ઞાનું પાલન કરવું. આવું લખવું એ મારે માટે ઠીક નથી, એ હું જાણું છું ને જિંદગીમાં બીજા કોઈને આવું મેં કદી લખ્યું કે કહ્યું નથી, પણ આજે તેમ કર્યા વગર છૂટકો નથી. અત્યાર સુધીનું તમારું બધુંએ કામ વિપરીત થયું છે.

૧. સ્તોત્રનો - એકલા મૃત્યુંજય - ને બતાવેલ ક્રમે પાઠ તદ્દન શુચિર્ભૂતપણે ને એક જ સમયે, કાં તો ફરી આવ્યા પછી કે પહેલાં થવો જોઈએ. ફરી આવ્યા પછી રાખો તો સ્નાન (ફરી કરી) પછીથી કરવું જોઈએ. એક વખત કપડાં પહેર્યાં, પછી એ ઉતારીને ફરીથી ન્હાયા વગર નિત્ય પાઠાદિ થઈ શકે નહિ. ફરી આવ્યા પછી થોડો આરામ લીધા વગર ન્હાવું પણ ન જોઈએ.

૨. બંને વખત રુચિ અનુસાર થોડુંક અન્ન લેવું. ફળ, દૂધ વગેરેની ઘેલછા મૂકી દેવી.

૩. દૂધ દવા નાખેલું ૦।। શેર સુધી ફરી આવ્યા પછી લેવું. જમતી વખતે જરૂર જણાય તો ૦। થી ૦।। શેર (એથી વધારે નહિ) દવા નાખ્યા વગરનું. જોઈએ તો એકલી સાકર નાખી લેવું.

## ૧૨૫

૪. દૂધ ગરમ પડે છે, એમ લાગે તો અંદર ઘીનું પ્રમાણ વધારવું. દવા ૦ાા શેરમાં ચાર આની ભારથી વધુ હરગિજ ન નાખવી. સાકર ને દવા બંને મળી ચાર આની ભાર. સાકર જરા વધારે જરૂર જણાય ને લેવામાં આવે તો વાંધો નથી. ગરમ દૂધ હરગિજ ન પીવું – ને રાતે તો બિલકુલ ન લેવું.

૫. શાક વગર ન જ ચાલે તો નહિ જેવું ખાવું. રોજ એકજ ન ખાવું.

૬. રાતે તલ ને અજમો બંને મળીને ૦ાા થી એક તોલા સુધી લેવું. વધારે કદી ન લેવું. થોડું હશે તો ચિંતા નથી.

૭. ૧૧ દિવસ એ ક્રમ રાખી બીજા ૧૦ દિવસ ટંકણખાર ફુલાવેલો ને સાકર એ સમપ્રમાણમાં લઈ તેની ૦ાા તોલો ફાકી રાત્રે મારવી, ને તલ વગેરે બંધ કરવું.

૮. આમ એકવીસ દિવસનો ક્રમ છે, તેમ કરશો તો વ્યાધિનું નામ રહેવાનું નથી. બીજો વિચાર હું નારેશ્વર ગયા વગર થઈ શકે તેમ નથી. સ્વપ્નદોષથી ગભરાવું નહિ. એ ધીમે ધીમે ઓછો થશે, એને માટે બીજી દાક્તરી કે વૈદની દવા કરશો તો વધારે નુકસાન માત્ર થશે. મૂળ વાત એક જ છે તે તમને ખાધેલું પચતું નથી ને તેથી પેઢુ તથા વીર્યાશય ઉપર ભાર આવી નસો ઢીલી થઈ ગયાને લીધે ઉષ્ણતા વ્યાપી સ્વપ્નદોષ વગેરે થાય છે. પ્રભુ કરશે તો બધું ઠીક થશે. ચાલવાનો પણ બેહદ શ્રમ ન કરવો.

બાળકૃષ્ણને મેં જુદો પત્ર લખ્યો છે. એનો કાન સાજો થાય એમ મને લાગતું નથી. એને જે દેવ ઉપર આસ્થા હોય તેનું સ્તોત્ર વગેરે તમે જ શીખવશો. દત્તસ્તોત્રની જરૂર હોય ને એ નિયમિત કરી શકે તેમ હોય નામસંકીર્તન એને શીખવશો. મને તો અત્યારે જરાએ ફુરસદ નથી.

હજી અહીંનું કામ દોઢેક મહિનો ચાલશે. ઉપાધિને કામ વધતાં જ જાય છે. પરિક્રમા પછી જોઈતો આરામ મળ્યો નથી. વચમાં તાવ પણ આવી ગયો, એટલે વહેલી તકે આરામની જરૂર છે, છતાં દત્તજયંતી સુધી અહીંથી મુક્ત થવાય તેમ લાગતું નથી.

વખત મળે તો રતનલાલને મળી બધાં સ્તોત્ર વગેરે મેળવી જોશો. એમની પાસે કદાચ શુદ્ધ પ્રત મળશે.

–પાંડુરંગ

## ૧૩૪

ભરૂચ૧૯૨૮ આ.વ. ૧૨ ૯-૧૧-૨૮

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે.

તમારો એક કાગળ મળેલો. આનંદમાં છું. (શ્રી ગુ.મૂ.ચ.) ગ્રંથના ૧૦૭ અધ્યાય છપાઈ

ગયા છે. હજી ૨૮ બાકી છે. બધું પૂરું થતાં હજી દોઢેક મહિનો થશે. ત્યાર પછી એ તરફ આવવાનું થાય. હાલ એ જ. સંભારે તે સર્વેને ખબર પૂછશો.

લિ. **મહારાજ**ની આશિષ.

## ૧૩૫

ભરૂચ મા.શુ. ૫ સોમવાર
(૧૭-૧૨-૧૯૨૮)

ગામ લીલોડ મધ્યે પટેલ ખુશાલભાઈ વગેરે,

ભરૂચથી લિ. મહારાજના હર નર્મદે વાંચશો. બાદ આનંદમાં છું. (શ્રી ગુ.મૂ.ચ.) ગ્રન્થનું કામ કાલ રોજ પૂરું થશે. ત્યાર બાદ પૂનમ અહીંયાં જ કરી પડવાએ કે બીજે એ તરફ આવવા નીકળું છું. રણાપુર હરગોવનદાસને ખબર કહેવડાવશો. હાલ એજ. સંભારે તે સર્વને હર નર્મદે કહેશો.

લિ. **મહારાજ**ની શુ.આ.

## ૧૩૬

ભરૂચ, ગુરુવાર શુ. ૮
(૨૦-૧૨-૧૯૨૮)

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે.

લખવાનું કે આનંદમાં છું (શ્રી ગુરુમૂર્તિ ચરિત્ર) ગ્રંથનું કામ પૂરું થયું છે. આજથી દેવ આગળ બધો ગ્રંથ વાંચી સંભળાવી દત્તજયંતી કરી પડવે બીજે નારેશ્વર જવા નીકળું છું. અહીંની મંડળીનો ત્યાર પછી પણ થોડા દિવસ મને અહીં રોકવાનો વિચાર છે. છતાં બનશે ત્યાં સુધી હું ન રોકાતાં મોડામાં મોડો બીજે-સ્હાંજે ત્યાં આવી જઈશ. વિઠ્ઠલે મને નાવડી લઈ સ્હામા આવવાનું લખેલું તો તેને કહેશો કે બહુ ખટપટ કે નકામું ખર્ચ કર્યા વગર બની શકે તો પડવાની બપોર સુધીમાં નાવડી અહીં આવે તેમ વ્યવસ્થા કરી એ પૂનમ ઉપર અહીં આવે એટલે મને કોઈ રોકે નહિ. નાવડી લાવવામાં નકામી ખટપટ કરવાની જરૂર નથી. પણ આવવાના હોય તો મને પ્રથમથી ખબર આપે એટલે હું નીકળી જાઉં ને નાવડી આવે એવું ન થાય. નારેશ્વર ધોળાવવાનું વગેરે મારા આવ્યા પહેલાં થઈ જાય. સાથે કદાચ થોડી મંડળી પણ થશે. એટલે ધોળી સાફ કરી રાખશો

**મહારાજ** ની શુ. આ. ૮

## ૧૩૭

શ્રી નારેશ્વર, પો.શુ. ૧૨ મંગળ

(૨૩-૧-૧૯૨૯)

ભાઈ મોદી,

વિઠ્ઠલને હાથે લખાવેલો એક પત્ર પહોંચ્યો હશે. ત્યાર પછી પ.પૂ. ગાંડા મહારાજનું શરીર અત્યંત અશક્ત થયાના સમાચાર આવ્યા છે. એટલે એમનાં અંત્ય દર્શન અને શુશ્રૂષા માટે આઠેક દિવસમાં અહીંથી દક્ષિણમાં જાઉં છું. ત્યાંથી પાછા તો પ્રભુ લાવે ત્યારે.

ગી.ભા. સંબંધી મારા પર પત્રો આવ્યા કરે છે. પ્રતો મળતી નથી. ભાઈને એ ફરી છાપવાની વૃત્તિ કે શક્તિ ન હોય તો બીજા છપાવવા માગે છે તેમને રજા આપી દે. તમે પણ પુસ્તકો સાથેનો સંબંધ સાવ છોડી દો એ ઠીક નથી. ઉત્તરાર્ધની એક નકલ ભરૂચમાં એક બ્રહ્મચારીને ભેટ મોકલી આપવાનું મેં જાતે લખેલું પણ બે મહિના થઈ ગયા એને નથી મળી પ્રત કે નથી કંઈ પત્ર. આ બધી સ્થિતિ અસહ્ય છે. પરમાત્મા તમને બુદ્ધિ આપે તેમ કરો. હું તો જાઉં છું.

નવા છપાએલા વાસુદેવનામસુધાની ૫૦ નકલો તમને મોકલાવવાની વ્યવસ્થા કરું છું. તેનો ઘટતો ઉપયોગ કરશો. બાકી આનંદ છે. તમારું શરીર સુધારા પર હશે. હાલ એજ.

## ૧૩૮

ગુંજ, મંગળવાર

(૬-૨-૨૯)

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે,

આનંદમાં છું. મહારાજની તબિયત તદ્દન બગડેલી છે અને વધારે દિવસ કાઢે એમ લાગતું નથી. મારે અહીં કેટલા દિવસ રહેવું પડશે તે નક્કી નથી, પણ મહા સુદ ૧૫ સુધીમાં ત્યાં આવી જવાશે એમ લાગે છે. મારા કાગળ વગેરે કાંઈ આવે તો ત્યાં જ રાખી મૂકવાની ખુશાલ પટેલને સૂચના કરવી. અહીંયાં મોકલવી નહિ. ત્યાંનું બધું કામ બરાબર થાય, એમાં કોઈ જાતની ઢીલ કે ખામી ન આવવી જોઈએ. મારી તબિયત સારી છે. જરૂર પડે તો સરખેજ કેશવલાલને લખવાથી તેઓ ત્યાં આવી જશે. હાલ એજ. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત.

લિ. **મહારાજ**ના જય ગુરુદેવદત્ત

## ૧૩૯

શ્રી                    મુંબઈ, સોમવાર
(૧૮-૨-૨૯)

ભાઈ મોદી,

દક્ષિણમાં ગાંડા મહારાજ પાસે જઈ આવ્યો. અહીં આવીને જોઉં છું તો નારાયણ ગંભીર માંદગીને લીધે એક મહિનાથી ઈસ્પીતાલમાં છે. માજી એકલાં અહીં છે એટલે એમના સમાધાન માટે મારે થોડા દિવસ અહીંયા રોકાવું પડશે. પરંતુ આંખ છતાં આંધળો, છતે પગે પાંગળો ને હાથ છતાં ઠૂંઠો એવો હું મુંબઈની વસ્તીમાં એમને માટે સાવ નકામો છું. એટલે નોકરીને વાંધો ન આવે એવી રીતે જો રજા મેળવીને તમે આઠ પંદર દહાડા અહીં આવીને રહી શકો તો આવી જાઓ એમ ઈચ્છું છું. આવો તો ભજન વગેરે બધું લેતા આવજો, જેથી મારા સાન્નિધ્યમાં એની શુદ્ધ નકલ તમે કરી શકો. કામનું દબાણ બહુ હોય તો શાળા સંચાલકોને નાખુશ કરી આવવાની જરૂર નથી. પ્રભુ બધું નભાવી લેશે. એ જ.

રહેવાનું ઠેકાણું
૬૨, બઝાર ગેટ સ્ટ્રીટ કોટ મુંબઈ.

## ૧૪૦

શ્રી                    મુંબઈ, મ.વ.૨. સોમવાર
(૨૫-૨-૨૯)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. નારાયણની તબીયત કીડીને વેગે સુધરતી જાય છે. માંદો પડ્યે બે મહિના થઈ ગયા. મહિનાથી ઈસ્પીતાલમાં છે. ઘેર આવતાં હજી કેટલા દિવસ લાગશે તે પ્રભુ જાણે. સાંજે એક વાર ખબર જોવા ઈસ્પીતાલમાં જવાનું થાય છે. સાથે એક વિદ્યાલયનો વિદ્યાર્થી આવે છે. બીજું કંઈ ખાસ કામ અહીં નથી. પરંતુ માતુશ્રી સાથે ઘરનાં જેવું વાતચીત કરનાર કોઈ હોય તો એમના જીવને શાંતિ રહે અને એમનો વખત જાય એટલા પૂરતું જ તમને આવવાને લખેલું. તમે આવ્યા હોત તો હું નારેશ્વર જાત. મારે નારેશ્વર કંઈ ખાસ કામ નથી. પરંતુ ત્યાં ગુફા બંધાવવાનો આરંભ કર્યો છે. તે હું સ્થાન પર હાજર હોઉં તો એ સશાસ્ત્ર બંધાઈ રહે નહિ તો એમાં ખામી રહે ને એનો ઘટતો ઉપયોગ ન થઈ શકે. બીજું તો હું અહીં છું ને નહિ સરખો જ છું. સાંજે માતુશ્રી સાથે પૂતળાની માફક ઈસ્પીતાલમાં જાઉં છું ને પૂતળાની માફક પાછો આવું છું. કોકવાર બે શબ્દ બોલું છું એથી વધુ મારો કંઈ જ ઉપયોગ નથી. છતાં તમે લખ્યા પ્રમાણે તમે પરવશતાને લીધે ન આવી શકો તો આવવાની આવશ્યકતા નથી. ભાઈને વિશ્વાસલાયક ફેર પડે ત્યાં સુધી હું જ અહીંયા રોકાઈશ. મારું શાસ્ત્ર અહીં કામ કરી શકે

તેમ નથી. નહિ તો હું ગુરુમહારાજની દયાથી આઠ દિવસમાં જ તેનો ફડચો લાવી દઉં. પ્રભુની ઈચ્છા હશે તેમ બનશે.

તમારી સાથે કામ કરતા ભાઈ નારણદાસ કાલે મળેલા. તમારા મામાના છોકરા વિ. કોઈ મળ્યું નથી પણ પૈસાની હાલમાં જરૂર નથી–ને બીજું પણ કઈ ખાસ કામ નથી એટલે એમને તમે આવવાની ના લખી દેશો જેથી એ નકામી દોડાદોડી ન કરે.

તમારા કાકાને માટે હવે औषधं जाह्नवीतोयं वैद्यो नारायणो हरिः વગર બીજો ઉપાય કામ લાગે તેમ નથી. એમનાં નવે દ્વાર ને દસે ઈન્દ્રિયો સાવ મોકળાં છે. એટલે દવા ગુણ ભાગ્યે જ કરે. હવે ધીમે ધીમે તૈયારી જ કરવાની છે. છતાં દવા અજમાવવી જ હોય તો પ્રભુનું નામ દઈ સ્હવાર સાંજ ખાવાના પાનમાં કુંભારની ઈંટોની ભઠ્ઠી પાકે ત્યારે ઉપર ધોળો ક્ષાર બાઝે છે, તે એક ચણોઠી પૂર લે. એ ઝેરી છે એટલે વધારે કદાપિ ન લેવું. તેલ મરચું ને ખટાશ ખાવાનું સાવ બંધ કરવું પડશે.

પેલા વિદ્યાર્થી માટે જોયા વગર કંઈ જ લખી શકું તેમ નથી. તમારી દવા ભાગ્યે જ એને ગુણ કરે. મેં લખેલી દવા પેટન્ટ દવાની માફક ફાવે તેને આપતા ફરશો તો કોઈ દિવસ ખાડામાં આવી પડશો. મેં તમને અનેકવાર કહ્યું અને લખ્યું છે કે મને વૈદક શાસ્ત્રનું જરાએ ભાન નથી. વિદ્યાર્થીની સવિસ્તર હકીકત મને લખી જણાવશો ને કંઈ સૂઝશે તો લખી જણાવીશ. સ્તોત્ર વગેરેનું પણ તેમજ છે. અનેક ઉપાયોમાંનો એક ઉપાય એ દૃષ્ટિથી એનું અનુષ્ઠાન કરનારને એનું કદાપિ ફળ મળતું નથી. સ્તોત્રો અને મંત્રાદિના અનુષ્ઠાનો વગેરેમાં સાધક અને બાધક અથવા મિત્ર ને શત્રુ એવા ભેદ હોય છે. એ રહસ્ય જાણ્યા વગર ફાવે તે અનુષ્ઠાનથી કોકવાર નહિ પણ ઘણીવાર માઠાં પરિણામ નીપજે છે. પરંતુ આ વાત હું તમને હજીએ પૂરતી રીતે સમજાવી શક્યો નથી એ મારું દુર્દૈવ છે. શ્રી સ.ગુ. વાસુદેવાનંદ સરસ્વતીએ એક માણસનાં કુષ્ઠ રોગ પર અમુક ઔષધીનો લેપ કરી ૨૧ દિવસ નર્મદામાં સ્નાન કરવાનું બતાવ્યું. એ માણસનો રોગ તદ્દન નાબુદ થયો. એને લાગ્યું કે કુષ્ઠ પર એક રામબાણ ઈલાજ એના હાથમાં આવ્યો. બીજા એક કુષ્ઠરોગીને એણે એ જ ઈલાજ બતાવ્યો એથી બીજાનો રોગ દૂર થયો પરંતુ પેલા માણસને પાછો પૂર્વરોગ ચાલુ થયો. એક માણસનો પુત્ર માંદો હતો. એક સત્પુરુષે–મેં એમનાં દર્શન કર્યાં છે– એને પાંચ ગુરુવાર ઉપવાસ કરવા કહ્યું. પરમાત્માની દયાથી પેલાનો પુત્ર સાજો થયો. બીજા કોઈનો પુત્ર માંદો પડતાં પેલાએ પાંચ ગુરુવારનો રામબાણ (!) ઈલાજ એને બતાવ્યો. પેલાએ મહારાજને પૂછ્યું. 'મહારાજ' હું પાંચ ગુરુવાર કરું ? મહારાજે 'ભલે કર' કહ્યું. પેલાએ ગુરુવાર કર્યાં. પાંચ થતાં પહેલાં જ છોકરો મરી ગયો. કોઈએ મહારાજને વાત કરી એટલે મહારાજ હસવા મંડ્યા !

સકામ અનુષ્ઠાન વગર વિચાર્યે કરવાનું નથી. નિષ્કામમાં આવી ભાંજગડો નથી. ફાવે તે માણસ ફાવે તે સ્તોત્ર કે મંત્રનો પાઠ નિષ્કામ ભાવનાથી કેવળ ચિત્ત શુદ્ધિની ઈચ્છાથી કરી શકે છે. મંત્રાદિ એ માનસિક ઔષધ છે. જેવી રીતે લૌકિક ઔષધની યોજના કરતી વખતે દેશ

કાલાદિનો તેમજ દરદીનાં ભૌતિક કે સ્થૂલ શરીરનો વિચાર કરવો પડે છે. (એ કર્યા વગર ઊંટવૈદું કરી આપનાર હજારોને વગર મોતે મારે છે). તેમજ આ માનસિક ઔષધનો ઉપચાર કરતાં પહેલાં દરદીના માનસિક કે સૂક્ષ્મ શરીરનો અવશ્ય વિચાર કરવો પડે છે. તે શરીરભેદે જેમ ભૌતિક દવામાં ભિન્નતાની જરૂર છે તેમ માનસિક પરિસ્થિતિ ને ભેદે આ માંત્રિક કે માનસિક ઉપચારમાં પણ ભિન્નતા હોવી ઘટે છે ને આવી વસ્તુસ્થિતિ હોવાથી જ મંત્રાદિ છાપેલાં ને પ્રસિદ્ધ હોવા છતાં એના વિધાનની ચાવી હાથમાં ન આવે ત્યાં સુધી એ બધું નકામું છે. હાલ એટલેથી જ સંતોષ માનશો. કોકવાર રૂબરૂમાં આ વિષે સવિસ્તર ચર્ચા કરીશું.

વિદ્યાર્થીને માટે હું નારેશ્વર ગયા પછી ઈલાજ લખી મોકલીશ. મને સવિસ્તર બીના લખી મોકલશો. દાંત દુખતા હોય તો બદામનાં છોડાંની રાખ, ધોળો કાથો, ફટકડી ને ચાક સમપ્રમાણ લઈ મંજન બનાવે. ને શરીર માટે હાલ તુરત દુધેલી ને તલ બંને મળી રૂપીયાભાર સ્હવારમાં ફાકે.

લિ. **પાંડુરંગ**ના પ્રણામ

## ૧૪૧

મુંબઈ

મહા વદ ૨ (૨૫-૨-૨૯)

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે,

લિ. મહારાજના ગુરુદેવદત્ત. બાદ લખવાનું કે હું દક્ષિણમાંથી ફરી મુંબઈ આવી પહોંચ્યો છું. તો શિવરાત્રી સુધીમાં ત્યાં આવી પહોંચીશ. શરીર સારું છે. કાગળ વગેરે આવ્યા હોય તો ત્યાં જ રાખી મૂકશો. કમલદાસના મકાનનું કામ શરૂ થઈ ગયું હશે.

સર્વેને ખબર કહેશો.

-**મહારાજ**ની આશિષ

## ૧૪૨

નારેશ્વર, જે.સુ. ૧૫ શનિવાર

૨૨-૬-૨૯

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે જોગ.

જય ગુરુદેવદત્ત. બાદ લખવાનું કે તમને ટપાલથી એક પત્ર લખેલો તે મળ્યો હશે. બાદ વિઠ્ઠલ પાસેથી જાણ્યું કે તમને રાતી કરેણનાં ફૂલ મળી શકતાં નથી. તો સાથે મોકલાવેલ મલમનો ઉપયોગ કરવો. જો ઘારું બહુ ઊંડું ન હોય તો બધું મલમથી ભરી દેવું ને ઊંડું હોય તો રૂની બત્તીએ મલમ ચોપડી તે અંદર મૂકી આપવી. મલમ ભરી પટી મારવી ને ઊખડી જાય ત્યારે

ગૂમડું અંદર બહાર કપૂરના પાણીથી ધોઈ ફરી મલમ ભરી પટી મારી આપવી. બત્તી મૂકવી પડે તો રોજ ધોવું.

જો આ મલમથી ફાયદો જણાય તો બીજી મંગાવી લેવી. લાવી આપનાર ના મળે તો અહીં કહેવડાવવું એટલે સ્ટેશન-માસ્તર દ્વારા હું એ મંગાવી આપીશ. જો ફાયદો ન જણાય તો નીચે પ્રમાણે મલમ બનાવડાવી તેનો એજ પ્રમાણે ઉપયોગ કરવો.

**મલમ :-**

તલના ૧ શેર તેલમાં નાગોડનાં લીલાં પાંદડાં શેર ૧ તથા કડવા લીમડાનાં પાંદડાં શેર ૧ નાખી ખૂબ તળીને પાંદડાં નીચોવી કાઢી નાંખવાં. ત્યાર પછી તેમાં સિંદૂર તોલો ૦। નાખવું ત્યાર પછી રાળ તો ૦। નાખવી. ત્યાર પછી થોડું ઉકાળી મીણ તો. ૫ નાંખી બધું એકરસ ને સ્હેજ ઘટ્ટ થાય કે કઢાઈ નીચે ઉતારી તેમાં બરાસકપૂર તો. ૨ નાંખી મલમ તૈયાર કરી વાપરવો.

બીજું, ગોળી તમને માફક ન આવી એમ સાંભળ્યું. પણ તમે વધારે ખાધી હશે અથવા બીજા કશાથી ચાઠાં પડ્યાં હશે. સાંજે સૂતી વખતે એક ખાઈ ઉપર ઘૂંટડો દૂધ પીવાનું, કેમ કે એ ઘણી ગરમ છે. એમ કરી જુઓ અને છતાં માફક ન આવે તો રહેવા દો.

કવાથ ૨૧ દિવસ પીધા પછી નીચેની દવા શરૂ કરવી :

| | | | |
|---|---|---|---|
| ચોપચીની | તો. | ૪૮ | |
| લીંડીપીપર | ” | ૧ | આ બધી ચીજોના બરાબર સાકર લઇ તેની ચાસણી |
| ગંઠોડા | ” | ૧ | કરી તેમાં ઉપરની બધી ચીજો ઝીણી ખાંડી નાંખવી ને |
| મરી | ” | ૧ | પાક તૈયાર કરી સ્હવાર-સાંજ એક એક તોલો લેવું. |
| સૂંઠ | ” | ૧ | ઉપર થોડું દૂધ પીવું. |
| તજ | ” | ૧ | |
| અક્કલગરો | ” | ૧ | |
| લવજ | ” | ૧ | |

કોઈ વાર રેચની ફાકી લેવી પડે તો ભલે, બાકી આ વગર બીજી કોઈ પણ દવા લેવી નહિ. ગુરુ મહારાજ કરશે તો આટલેથી પૂર્ણ આરામ થઈ જશે. અનેક દવાઓથી શરીરને નકામું ચૂંથશો નહિ.

ખાવાની અંદર થોડા દિવસ ચોખા બિલકુલ ન ખાઓ તો ઠીક. એ વગર કઠોળ ને ગોળ તથા આમલી દવા ચાલે ત્યાં સુધી બંધ રાખવાં.

ડમણિયામાં બેસાય એવું લાગે તો થોડા દિવસ કહાણા હવાફેર માટે રહો. એથી પણ ઘણો ફેર પડશે અને તબિયતના સમાચાર મને વારંવાર મળતા રહેશે તો બીજી સૂચના કરવી ઘટે તો કરી શકાશે. તમને યોગ્ય લાગે ને પ્રભુ બુદ્ધિ આપે તો કહ્યા પ્રમાણે અક્ષરેઅક્ષર થોડા દિવસ વતી જુઓ ને પરિણામ તપાસો, નહિ તો તમે ને તમારું પ્રારબ્ધ ! દાકતરની દવા ન

છોડવાની પહેલી જ સૂચના માની હોત તો અત્યાર સુધીમાં ક્યારનુંયે પાધરું પડી ગયું હોત. છતાં હોનેહારી હો ગઈ. હવે પ્રભુનું સ્મરણ કરી, ઠીક લાગે તેમ કરો. એ જ. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત કહેશો.

લિ. **મહારાજ**ની શુ.આ.
Rang Avadhoot.

## ૧૪૩

શ્રી નારેશ્વર, મંગળ સાંજ
(૪-૪-૨૯)

દત્ત તમારો પત્ર મળ્યો છે. કોઠાવાળી ગોળી મને મોકલવાની જરૂર નથી મેં અહીં બનાવડાવી લીધી છે. બીજુ પણ શિલીકમાં વધારે ન હોય તો જરૂર નથી. 'સંકીર્તન'ની આટલી નકલોથી મારું કામ ચાલશે. એટલે વધારે મોકલશો નહિ. એ છપાવવા વગેરે સંબંધી અત્યારે ઉતાવળની જરૂર નથી.

નારાયણને મેં બતાવેલું અનુષ્ઠાન વગેરે કરવાની આવશ્યકતા ન જણાઈ હોય કે એમાં શ્રદ્ધા ન હોય કે ફુરસદ ન મળી હોય, પણ એણે એ કર્યું નથી. એણે માગેલું પણ નહિ. પણ એના ભાવિ સંકટની મને કંઈક ઝાંખી થવાથી મેં જ ભરૂચથી વગર માગ્યે લખી મોકલેલું. પણ એ બધાની ચર્ચામાં હું ન પડું એ જ ઠીક. એને નિમોનીયા થએલો, આંતરડામાં પાણી પણ ભરાએલું. ઘણા વખતથી પત્ર નથી. પણ હવે ઘેર આવી ગયો હશે એમ માનું છું.

તમને નામાવલિ હજી ન મળી હોય તો પેલાને એકલું 'નામ-સુધા' જ મોકલી દો. નામાવલિ છપાઈ ત્યારથી જ મહાત્માને ૫૦ નકલો સુધારીને તમને મોકલવાનું કહેલું. બે ત્રણવાર ફરીથી યાદે દેવડાવેલું પણ એમના પ્રમાદનો આ કંઈ પહેલો જ અનુભવ નથી જે આશ્ચર્ય લાગે. એ પ્રમાદનું ફળ એમને મળ્યે જ જાય છે પણ એમની સુસ્તી ઊડતી નથી. લીલા પ્રભુની.

અહીંયા તાપ ખૂબ પડે છે. એટલે આવનારે તે સહન કરવાની તૈયારીથી જ આવવું. અવધૂત અન્ન પણ છોડી દેવાના વિચારમાં છે. એટલે ઉપર આભ ને નીચે ધરતી તથા સામે નર્મદા વગર બીજી કશી સગવડ આવનારને નહિ મળે. ત્યાં આવવાનું તો તમે ખૂબ આકર્ષણ કરો ત્યારે.

વ્યાસનો પત્ર અહીં પણ મહીનાઓ થયા નથી.

**પાંડુરંગ**

ભોજપત્રની તપાસ કરી જરૂર મોકલાવશો.

## ૧૪૪

શ્રી                    અવધૂત વિશ્રામ,, જેષ્ઠ વદ ૧૦
(૪-૭-૨૯)

ભાઈ મોદી,

તમને છેલ્લો પત્ર લખ્યા પછી બે ચાર દિવસમાં જ ગુરુમહારાજે શું કર્યું તે હું નથી જાણતો પણ બાજી પલટાઈ ગઈ. દાસે તમને રૂપીયા મોકલવા માટે લખી દીધું હશે. રૂપીયાની જરૂર નથી. ગુરુમહારાજની લીલાનો પાર નથી. બધી વાત રૂબરૂમાં કરીશ. આજે અત્રે-રતનલાલનાં ખેતરમાં-ગયો છું. તમારો સંકલ્પ પ્રબળ છે. નારેશ્વર હવે આટલામાં જ કાયમનું છૂટે એમ નથી લાગતું પરંતુ તમારો બધાનો સંકલ્પ શુદ્ધ હશે તો ગુરુમહારાજ ત્યારે અનેક લીલા કરશે. બાલકૃષ્ણને આવવું હોય ત્યારે ભલે અત્રે આવે ને મને જે પૂછવું હોય તે પૂછે. હું યથાશક્તિ સમાધાન કરીશ. એનો કાનનો કેસ સાવ 'હોપલેસ' છે ને એમાં કંઈ થઈ શકશે નહિ. એમાં મેં તમને સવિસ્તર અગાઉ લખેલું જ છે એ પત્ર ફરી વાંચી જોશો. પ્રાપ્ત સ્થિતિમાં આનંદ માનવો એજ એક ઉપાય. એને હું નારેશ્વર જાઉં ત્યારે એનેં એકાદ બે માસ સાથે રાખવાની વ્યવસ્થા કરીશ.

## ૧૪૫

અવધૂત વિશ્રામ
અ.સુ. ૧૧, (૧૮-૭-૧૯૨૯)

ગામ કોણા મધ્યે સોની હરગોવન કાનજી વગેરે

તમારો પત્ર મળ્યો છે. બહેન મૂળીના પેટને માટે બતાવેલી દવા તરત જ ન કરી અને બીજાં વૈદાં કર્યાં એ ઠીક નથી થયું. પેટની ગાંઠ વધી ગઈ છે એટલે મટતાં વાર લાગશે, પણ મટશે જરૂર. ઘોડાની વજ પાણીમાં પલાળી મૂકવાને બદલે તાજી થોડીક લઈ એમ ને એમ નીચોવી ૦।। તો. થાય એટલે એ નીચોવીને કાઢેલા પાણીમાં ૨ વાલ શેકેલી હીંગ ને ૨ વાલ સંચળ ને ૧ વાલ સિંધવ નાંખી રાત્રે સૂતી વખતે લેવું. સ્હવારે અને બપોરે ભોજન પછી ૧ વાલ ઈન્દ્રજવ, ૧ વાલ શેકેલી હીંગ, ૧ વાલ કાચકાંની ભૂકી, ૧ વાલ સંચળ, ૧ વાલ સિંધવ, ૦।। વા. ઈલ્મીટનાં ફુલ એની ફાકી લેવી. ખોરાકમાં દૂધ-ભાત વગર કંઈ જ ન લેવું. મગની ખીચડી કે મગની દાળભાત સાથે. ખીચડી સાથે દૂધ કદાપિ ન ખાવું. પ્રભુનું સ્મરણ કરવું એટલે બધું થોડા દિવસમાં મટી જશે. સાત દિવસ પછી બીજો પત્ર લખવો. મારે ફેર વિચાર કરવાનો હોય નહિ. શ્રદ્ધામાં જેટલી બરકત હશે તેટલું ફળ જલદી મળશે. હું આનંદમાં છું. ચોમાસું અહીં જ કરવાનું છે.

દવા લઈને નીકળી જાય એવું લાગે તો ઉપર એકાદ ચણોઠી ભાર ઈલ્મીટનાં ફુલ લેવાં.

– **મહારાજ**ના આશિષ

## ૧૪૬

અવધૂતવિશ્રામ, શ્રા.વ. ૬, સોમ.
(૨૬-૭-૨૯)

ભાઈ મોદી,

તમારો પત્ર સૂતર બધું મળ્યું છે. વાડીલાલે હજી દેખો દીધો નથી, તેમ કાગળિયાં મોકલાવ્યાં પણ નથી, પણ એનું હવે કામએ નથી, કેમકે વ્યાસ ભગવાન પધાર્યા નથી.

આનંદમાં છું. ભા.સુ. ૧૫ સુધી અહીં જ મુકામ છે, પછી પ્રભુ મોકલે ત્યાં.

ગી.ભા. (ગીર્વાણભાષા)ની મારી પ્રસ્તાવના કાયમ રાખવાની જરૂર નથી. તમને બધાને યોગ્ય લાગે તેમ ફેરફાર કરી લેશો.

તાપી આશ્રમ વિષે મને કંઈ જ માહિતી નથી, પણ ત્યાં જવા કરતાં છો ત્યાંજ રહો તો શું ? ભાઈ પ્રાણશંકર પ્રત્યે મારી પૂર્ણ સહાનુભૂતિ છે. કોઈ પણ કામ મનની પૂર્ણ તૈયારી વગર ન કરે. નર્મદાકિનારે ભરૂચ વગર એકે બીજું મોટું ગુજરાતમાં કોઈ શહેર નથી, પણ રહેવા માટે ભરૂચ હું પસંદ ન કરું. ભાલોદ, સીનોર, શુકલતીર્થ સાધારણ મોટાં ગામ છે. કોરલ, ચાંદોદ તમારાં જોયેલાં છે, પણ એમાંથી એકેયમાં તમારી આદર્શ વ્યાપારી પ્રવૃત્તિ ચાલી શકે એમ મને નથી લાગતું.

સાથે અહીંના રાત્રીના ભજનની ૧૦ નકલો મોકલી છે તે લાયક ભકતજનોને આપશો.

**લિ. પાંડુરંગ**

## ૧૪૭

અવધૂત વિશ્રામ, સરખેજ
ભાદ્રપદ સુદ ૪ શનિ. (૭-૯-૨૯)

તમારો પત્ર મળ્યો છે. કેશોદથી એક નોટ અને કાગળીયાનું પાકીટ પણ આવી ગયું છે. ભાઈ વ્યાસ આવી ત્રણ ચાર દિવસ રહી ચાલ્યા ગયા છે. બધાં કાગળીયાં આવ્યાં હોત તો થોડું ઘણું કામ થઈ શકત. બાલકૃષ્ણનો કાન સારો નહિ થાય તે વાત મારી પાસે કેટલીવાર તમારે લખાવવી છે ! તેનું સુનમુનપણું કાનને લઈને છે. એકાદ મહિનો નારેશ્વર સાથે રહે તો ખૂબ કામમાં પલોટી તેનામાં ચેતન લાવી શકાય. જયન્તિ માટે સૂર્યના પૌરાણિક નમસ્કારનો પ્રયોગ શરૂ કરવો. ધાર્મિક સંસ્કારો તો ઘરમાં જેવા હશે તેવા તેના ઉપર પડશે. સવારના પહોરમાં સૂર્યનાં કુમળાં કિરણો શરીર પર પડે તેવી રીતે ફરવું તેથી હૃદયને ફાયદો થશે. ચ્હા વગેરે પીતો હોય તો તદ્દન બંધ કરો. જે દેવ પર પ્રીતિ હોય તેનાં નાનાં એકાદ બે સ્તોત્રો શીખવવાં. વાળી શકે તો પદ્માસન પણ શીખવવું. ટૂંકમાં એક જ રસ્તો છે. વરસમાં એકાદ માસ અવધૂત દરબારમાં

ગાળવો. જેથી ત્યાંના વાતાવરણથી જ બધી ઉપાધિઓ દૂર થઈ જશે. અહીં આ ભાદ્રપદ સુદ ૧૫ અથવા વિજયાદસમી સુધી વધારેમાં વધારે રહેવાનું થશે. પ્રકૃતિ મઝામાં છે. પ્રાણશંકર ને વજુભાઈ વગેરેને શુભાશિષ.

અવધૂત વિશ્રામ, ગુરુમહારાજ વતી
દા. ચીમનલાલ.

## ૧૪૮

નારેશ્વર બુધવાર સ્હાંજ
ઓકટોબર ૨૯

ભાઈ મોદી,

તમારો પત્ર હાથમાં પડ્યો તેને આગલે દિવસે અવધૂતે રેચ લીધેલો. અવધૂતના શરીરને રેચ માફક નથી એ તમે જાણો જ છો, છતાં તમારા ગુરુલીલામૃતના કામમાં શારીરિક બીમારી આડે ન આવે તો ઠીક, એમ ધારી એવું કર્યું. પરિણામે શરીરમાં ખૂબ અસ્વસ્થતા આવી ગઈ; અને અવધૂતની અસ્વસ્થતા એટલે ભક્તોની મોસમ ! એ અસ્વસ્થતાના આવેશમાં ચિત્તમાંથી સ્વાસ્થ્યનાં ઝરણાં વહેવા લાગ્યાં ને સાથેનો ઓવીબદ્ધ પત્ર લખ્યો ! પણ સાથે પાકીટ ન હોવાથી બીડી શક્યો નહિ. તમારા પત્રનો જવાબ આમ પત્ર આવતા પહેલાં જ પ્રભુએ લખાવી લીધેલો; એટલે બીજા શબ્દ નથી ટાંક્તો. સાચે જ જેને પ્રભુ રાખે તેને કોઈ જ ચાખનાર નથી, પણ પામર પ્રાણી પ્રભુને ભૂલીને શેતાનની સહાય શોધે છે અને અંતે દુ:ખી થાય છે.

જાહેરખબર એક શબ્દ સુધારીને જ મોકલી આપું છું. યોગ્ય લાગે તો ફેરફાર જાતે જ કરી લેવો. જોઈએ તો વિહરનારની પછી કૌંસમાં ઝીણા અક્ષરે (વધુ મુકામ નારેશ્વર-લીલોડ પાસે) એમ દાખલ કરવું, જોકે અવધૂત નારેશ્વર વધુ રહે છે જ અથવા રહેશે જ એવું કંઈ નક્કી નથી. બધો પ્રારબ્ધ પર આધાર છે.

ચિ. જયંતીએ ફળ, મેવો કે માવા વગરની કોઈ તૈયાર ચીજ બજારની ના ખાવી, સર્વથા સ્નાન કરી નિત્ય પાઠ કર્યા વગર કાંઈ પણ ખાવું નહિ અને બને તો મહિનામાં એકાદ ઉપવાસ કરવો, એટલા નિયમની હાલ જરૂર જોઉં છું.

બહારથી કોઈનો પત્ર આવે તો તેને યોગ્ય જવાબ જાતે જ લખી નાખવો. ખાસ જરૂર જેવું જણાય તો જ મને પુછાવવું. સરનામું પણ પૂર્વપરિચય વગરનાને આપવામાં વાંધો નહિ, પૂર્વ પરિચયનાને ફક્ત તેની સદિચ્છાની પૂરી ખાતરી કર્યા વગર કદાપિ ઠામઠેકાણું બતાવવું નહિ. અહીં આવનારને તો સગવડતાની શૂન્યતાથી પૂરો વાકેફ કરવો.

પ્રથમ ભાગ પૂરો થયો છે. દોહરા ૭૨૮૦. બીજો કાલે શરૂ થશે, બાકી આનંદ છે. સંભારે તે સર્વેને શુભાશિષ.

– પાંડુરંગ

તા.ક. ભગવાનદાસે નવી હોટલ કાઢી, એ જાણી સંતોષ થયો છે. હોટેલ અવધૂતની છે, પોતે ફક્ત ગુમાસ્તો છે એ ભાવથી કામ કરશે તો કાંઈ વાંધો આવવાનો નથી. મારા પણ આશીર્વાદ છે.

## ૧૪૯

નારેશ્વર, શુક્રવાર બપોર
ઓકટોબર ૨૯

શ્રી ચિમન ઋષિ વ. મંડળી જોગ,

જય ગુરુદેવદત્ત. બાદ તમારો પત્ર અનેક છાપથી રંગાઈ છેવટે આવી મળ્યો છે. તપસીજીનો પત્ર પણ તે જ દિવસે મળેલ છતાં પાસે પત્તું કે પાકીટ ન હોવાથી જવાબ નથી આપ્યો. એમનો પત્ર આવતાં પહેલાં જ કાગળ તો લખી મૂકેલો છતાં પરબીડિયાને અભાવે એ હજી હવા ખાતો જ પડ્યો છે ! તમે કુશળ સમાચાર કહેશો.

અહીંયાં કેવળ આનંદ છે. પંદર-વીસ દિવસથી ગ્રન્થનું કામ આગળ ચલાવ્યું છે. લોકોની ઉપાધિ દિવસે દિવસે વધતી જાય છે છતાં જેમ તેમ કરી પહેલો ભાગ-૭૨૮૦ દોહરા- પૂરો કર્યો છે. બીજો ભાગ દત્તજયંતી સુધીમાં પૂરો કરવા વિચાર છે પછી તો પ્રભુઈચ્છા. ત્યાર પછી આરામ લેવા અવદૂત કદાચ વ્યાસ ભગવાનને ત્યાં ભિક્ષક્ષેત્ર (?)માં જાય ને ત્યાંથી ધાવિડી કુંડ. આ બધો અનિશ્ચિત ક્રમ છે. સર્વથા પરપ્રારબ્ધ પર આધાર છે.

અ.આ. (અવધૂતી આનંદ) વાંચતા વિચારતા હશો. સર્વથા ભજનમાં પ્રમાદ કરવો નહિ. એ વિના બીજુ લૂખું છે. ધીમે ધીમે ભજનનો રંગ એવો જામે કે એમાં અન્ય સર્વ રંગ ભૂંસાઈ જાય ને છેવટે એ રંગનું પણ સ્મરણ ન રહે. સર્વ મંડળીને શુ.આ.

– **પાંડુરંગ**

## ૧૫૦

નારેશ્વર,
મા.શુ. ૨ શુક્ર
વિ.સં. ૧૯૮૫,
(૧૪-૧૨-૨૯)

ભાઈ મોદી,

આનંદ છે. સ્ટીલ મળી જો. છેલ્લા આઠેક દિવસથી લખવાનું લગભગ બંધ જેવું જ છે. આખા દિવસમાં માંડ વીસપચ્ચીસ દોહરા લખતો હોઉં. લોકઉપાધિ વધતી જાય છે. શરીરને આરામની પણ જરૂર છે. એટલે દત્તજયંતી પછી બહાર ઉપડી જવાનો વિચાર છે. ક્યાં તે હજી નક્કી નથી. વ્યાસદેવનું નિમંત્રણ તો છે જ, પણ હું ત્યાં જાઉં ને પાછી રાજકીય ધમાલ ઉપડે

તો મારા પાપીસંસર્ગથી એમનું સ્વર્ગ પાછું દૂર ઠેલાય એટલે બને ત્યાં સુધી ન જવાય તો ઠીક, એવું લાગે છે, પછી જેવો એમનો સંકલ્પ !

જયંતીએ વધુ જમાવ થવાનો સંભવ છે. તમે આવવાના હો તો ચૌદસે આવશો એટલે તમને બધું યથાસ્થિત જોવા મળે. દત્તનો બ્લોક આપણે બનાવડાવવો હોય તો ફાવે તે કંપનીના ફોટા પરથી બનાવી શકીએ કે નવી જ છબી ચિતરાવવી પડે એ સંબંધીના કોપીરાઈટ બાબતની માહિતી મૂળચંદ પાસે મેળવી લાવશો. કેમકે જે તે ફોટાની માગણી કરે છે, ને બધાને વેચાતો લઈ આવ્યે પરવડે નહિ. આપણો બ્લોક હોય તો ફાવે તેટલી નકલો કાઢી શકાય.

બાળકૃષ્ણને વી.કં.માં ભલે નાખો. એને રુચે તો.

હાલ એજ.... સંભારે તે સર્વેને શુભ આશિષ.

–પાંડુરંગ

તા.ક. શરીર કંઈક બેચેન રહે છે. પેલો પત્ર લખ્યા પછી બીજા બે લખેલા સાથે મોકલું છું. ઋષિના આવેલા પરબીડિયાનો ઉપયોગ કર્યો છે. પાસે પત્તું કે પરબીડિયું નથી.

## ૧૫૧

નારેશ્વર,

મા.વદ. ૧ મંગળ

(૨૦-૧૨-૨૯)

ભાઈ મોદી,

આનંદ છે. અવધૂત સાવ નિરીચ્છ છે. પ્રારબ્ધ શરીરને પોષે છે. એને ઢોકળાં ખવાડવાનો વિચાર સ્વપ્ને પણ શા માટે કરવો ? સેવા કરવાની શુદ્ધ વૃત્તિ એ પ્રત્યક્ષ અર્ધદગ્ધ સેવા કરતાં વિશેષ છે. માટે આ શરીરની તમારે લેશ પણ ચિંતા કરવી નહિ.

ધર્મશાળા સંબંધી તમારે કંઈજ કરવાનું નથી. બાળકૃષ્ણ પણ હાલમાં ઘેર રહે એજ ઠીક છે, તમને કાકાની શુશ્રૂષામાં મદદગાર થઈ શકે. તમે એ ઉપાધિમાંથી ટૂંક સમયમાં જ મુકત થશો. સ્મરણ શુદ્ધ હશે તો હું કંઈ તમારાથી દૂર નથી. દવાઓ કરતાં કાકા કંઈ પ્રભુસ્મરણ કરે કે કોઈ ધાર્મિક પુસ્તક સાંભળે તો એમનું વધારે કલ્યાણ થશે. છતાં એ સંબંધમાં હું કંઈ ન લખું એજ ઠીક.

સર્વને જય ગુરુદેવ

પાંડુરંગ

## ૧૫૨

નારેશ્વર
રવિવાર

ભાઈ મોદી,

પત્ર મળ્યો. મારે કોઈ ચીજની જરૂર નથી. લંગોટ બે શુદ્ધ-ખાદીના આગલી પટી પહોળી-બને તો લાવશો. સાથે બેડીંગ વગર કંઈ લાવવાની જરૂર નથી. નહિ હોય તે અહીંથી લેવાશે. મેં હજી અન્ન સમૂળગું છોડ્યું નથી. જોકે રાંધવાનું બે ચાર દિવસે એકવાર બને છે. ખૂબ કામમાં છું. દત્તલીલામૃતની યોજનામાં અન્ય વિચાર નથી કરી શકતો. પત્રોત્તરોનું હવે એમ જ બનવાનું. કોઈ માણસ આવે તેને ચોખ્ખું કહી દેવું કે શહેરની એક પણ સગવડ અહીં નહિ મળે. હાલ એ જ. સંભારે તેમને જય ગુરુદેવ. ગોળી મળેલી.

**પાંડુરંગ**ના પ્રણામ

## ૧૫૩

Nareshwar
Friday, (Noon)
(૧૫-૨-૩૦)

My dear Tapsiji,

My last letter must have duly reached you. I have resolved to leave Nareshwar for good and live Aniketa for the remainds of my life and so I wish you to come here even for a night before the Mahashivratri. All else is going on well. with good blessings to all.

(Sd.)

## ૧૫૪

રણાપુર, ગુરુવાર બપોર
સં. ૧૯૮૬, ૧૦-૩-૧૯૩૦

બ્હેન મૂળી,

એકાદશીએ વ્યાસમાં મુકામ હતો. ત્યાંથી કિનારે કિનારે શૂલપાણીશ્વરની ઝાડીમાં ઊતરી પડવાનો વિચાર હતો અને અમદાવાદ વગેરે સ્થળે તેવો પત્ર પણ લખી દીધેલો. પણ રાત્રે ઓચિંતો ગુરુમહારાજનો આદેશ થયો કે બીજું ત્રીજું પડતું મૂકી સીધો રણાપુર જા. એટલે કાલે ઠેઠ વ્યાસથી ચાલીને રણાપુર આવ્યો. આવતાં જ તારા વૈધવ્યની અભદ્ર કહાણી સાંભળી. ખોટું

થયું. પરંતુ એનો શોક કરવો નકામો છે. બન્યું ન બન્યું થતું નથી. અવધૂતને તો કેટલાએ દિવસથી 'કિમપિ કિમપિ શકિ મજ્ઞલેભ્યો યદન્યત્' એવો ભણકારો થતો હતો અને એનો ઈસારો એણે તને કેટલીએ વાર કરી પણ દીધો હતો. શક્ય છે કે એનો ચોક્કસ અર્થ તારા સમજવામાં ન પણ આવ્યો હોય. છતાં મને વિશ્વાસ છે કે આ દુઃખદ ઘૂંટડો તું ધીરજથી ગળી જશે.

સંસાર અસાર છે. માણસને એની અસારતાનું ભાન થાય અને એ પ્રભુને પંથે પળે તે માટે ઈશ્વરી સંકેતથી માણસને આવા અસાધારણ ઝાટકા કોકવાર વાગે છે. એને જોતાં જ કોક વિરલો પૂર્વપુણ્યે કરી મોહનિંદથી જાગી ઊઠે છે અને પ્રભુનું શરણ ગ્રહી પોતાની અંદર રહેલી દિવ્યતાનો -'સર્વં ખલ્વિદં બ્રહ્મ'નો સાક્ષાત્કાર કરે છે. પછી નથી રહેતો એને હર્ષ કે નથી રહેતો શોક. દુન્યવી સુખદુઃખો એની પાસે પણ આવી શકતાં નથી. એ કેવળ આનંદની મૂર્તિ બની રહે છે, આપ પર ભૂલી જઈ કેવળ બ્રહ્મમય બની રહે છે.

મોત શી ચીજ છે ? એમાં અસાધારણ જેવું શું છે ? એક ડગલો ઉતારી બીજો પહેરવો કે એક ઓરડામાંથી ઊઠી બીજા ઓરડામાં જવું, અથવા એક લોટામાંથી પાણી કાઢી બીજામાં રેડવું, એના જેવું જ એ સ્વાભાવિક છે. જેવી રીતે પવનની લહેરથી ભરદરિયે બે લાકડાં સાથે મળે અને થોડી વાર સાથે રહી એજ પવનની લહેરથી મોજાંનો ધક્કો વાગતાં વિખૂટાં પડી જુદી જુદી દિશામાં ચાલ્યાં જાય, વળી પાછાં બીજા જોડે જોડાઈ પાછાં છૂટાં પડે, તેવી જ રીતે સંસારમાં પૂર્વકર્મના યોગથી પ્રાણીઓ સાથે મળે છે અને ક્ષણવાર સાથે રહી એ કર્મયોગ પૂરો થતાં પાછાં વિખૂટાં પડે છે. અજ્ઞાનીઓ આ લાકડાંની જોડતૂટમાં સુખદુઃખ માની હસે-રડે છે અને જ્ઞાની દ્રષ્ટા થઈ કેવળ વિલોક્યા જ કરે છે- એક અદ્વૈત હાસ્યમાં જ રમ્યા કરે છે.

વધુ લખવા સમય નથી. ભવિષ્યનો વિચાર કરવો નકામો છે. પણ હાલ તુર્ત તો તારી ફરજ માબાપની વૃત્તિ સંતોષી એ કહે તેમ વર્તવાની છે. અવધૂત તો કાલે દૂર ઊપડી જાય છે. પરંતુ પ્રેમીઓની પાસેથીએ તલમાત્ર પણ દૂર નથી એવું દરેકનું અંતઃકરણ સાક્ષી પૂરશે. આવા પ્રસંગે શું લખવું એનું એને ભાન નથી. એ તો માત્ર એકજ વાત જાણે છે કે:

નેત્રે દત્તં પશ્ય તં પ્રાણિમાત્રે
ખે શ્રૂયન્તાં દત્તશબ્દાઃ સમંતાત્ ।
જિવ્હે ભદ્રે દત્તકીર્તિં સ્તુવીહિ
માદ્રી બંધૂ દત્તપાદં પ્રયાતમ્ ॥

એ વગર બધું મિથ્યા છે. પ્રભુ લખાવશે તો વળી કોઈવાર લખીશ. હાલ તો એટલેથી જ સંતોષ માનવો પડશે.

લિ. **મહારાજ**ના જય ગુરુદેવદત્ત

## ૧૫૫

રણાપુર, ચૈ.વ. ૩૦ સોમ,
વિ.સં. ૧૯૮૬, (૨૮-૪-૧૯૩૦)

ભાઈ મોદી,

ખૂબ આનંદ છે. પેટનું ગાડું કંઈક ચીલે પડવા માંડેલું ત્યાં તો પ્રારબ્ધે નવી ઉપાધિ ઊભી કરી છે. લોકોએ આપણી ન્હાવાની ને પાણી ભરવાની જગ્યાએ શણ પલાળવા માંડ્યું છે. ગઈ સાલ પણ બે માસ એમણે ઉપાધિ કરેલી તે આ સાલ પણ પહેલેથી સૂચના આપ્યા છતાં એમણે એમનું કાર્ય છોડ્યું નથી. ઈનામદાર અહીંજ છે પણ એમની ખુશામત કરી સહાય માગવાનું મને ઠીક ન લાગવાથી નડિયાદ બે માસ ગાળી લેવા એવો વિચાર કરી નર્મદા ઓળંગી રેતામાં ચાલતો હું અહીં આવ્યો છું ને નડિયાદ બાલકૃષ્ણને કાગળ લખી દીધો છે. પણ આજે વિચાર થાય છે કે નર્મદાજળ પીવા મળે તો શરીરને ઠીક રહે એટલે ફતેપુરની સ્હામે ઈન્દોરની પાસે ઈંદ્રિશ્વર મહાદેવની એકાંત અંતરિયાળ જગ્યામાં બે માસ વીતાવી લેવા એટલે આવતીકાલે સ્હવારે ત્યાં જવાનો છું. તમે આવો તો લીલોડ વિઠ્ઠલને મળીને આવશો. એટલે એ ત્યાં મૂકી જશે. લીલોડ સ્હામે ઊતરીને એકાદ ગાઉ ચાલવાનું છે. પણ જો તમારો વિચાર મોળો હોય તો પેલી ઈનામદારની પોથી તરત જ કોરલ હરિવલ્લભ પર ઈનામદારને પહોંચાડવાનું લખી મોકલી આપશો. બાલકૃષ્ણને નડિયાદ લખી દેશો એટલે એ નકામી રાહ ન જુએ. પત્ર તો જૂને સરનામે લખશો કે દાસને સરનામે લખશો તો એ મને મળશે. સ્થાન કિનારે નારેશ્વર ને રણાપુરની વચ્ચે છે.

હાલ એ જ....
સંભારે તે સર્વને શુભ આશિષપૂર્વક જય ગુરુદેવદત્ત

**– રંગ અવધૂત**

## ૧૫૬

મોરટક્કા આ.સુ.
૪ શુક્રવાર વિ.સં. ૧૯૮૬
(૨૬-૯-૩૦)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. દામોદર બ્ર. સાથે મારે કોઈ જાતનો સંબંધ નથી. રતનલાલને લીધે સ્હેજ ઓળખાણ થયેલી. એ રતનલાલના મિત્ર છે. પણ મને અનેકવાર કડવો અનુભવ થયો છે કે મહાત્માને લીધે જેનો સંબંધ થાય છે તે પ્રાય: ઠગ હોય છે. તમે મોકલેલી દત્તસ્મરણની નકલોના દામોદરે પૈસા ઉપજાવ્યા એવી વાત મારે કાને આવી છે. કોઈ પણ માણસને પાંચથી વધુ નકલો ન મોકલવાનું મેં તમને કહેલું અને પૈસા તો મારી પોતાની ચોક્કસ સહી ન હોય તો

હું મરવા પડ્યો છું એવું લખીને કોઈ મારે પોતાને માટે મંગાવે તો પણ ન મોકલવા એવું મેં તમને પહેલાં લખેલું અને આજે ફરી પણ લખું છું. અનેક જણ મારી ઓળખાણ કાઢે તેમાં પૂરા બદમાસ પણ ઘણા હોય. દામોદર તેમાંનો જ એક છે. મારી નિકટના માણસ પણ પૈસાની વાત કરે તો તમારી પોતાની જવાબદારી પર યોગ્ય વ્યવહાર કરવો. હજારો માણસ મારા સંબંધમાં આવે એ બધાના ગુણદોષ હું તમને ન લખી શકું. મારું સરનામું પણ ફાવે તેવા માણસને ન આપવું. હું હવે આવા ઠગોથી કંટાળી ગયો છું અને કોઈની વિરુદ્ધ મારે લખવું એ પણ સ્પૃહણીય નથી. પૈસા સંબંધી મારું વલણ હજી પણ તમે ન જાણી શકો એ દુર્દશા છે. મહાત્માને દામોદરે મંગાવેલા પૈસા સંબંધી જરૂર વાત કરજો. તમારી ઓળખાણ હોય તો ભલે, બાકી મારી પિછાન પર કોઈને પાઈ પણ આપવી નહિ. રાજકોટ જવું નહિ. પરિક્રમા બારસે શરૂ થશે.

ભરૂચ ઝીણાભાઈને પણ લખી નાખશો કે મારી પિછાનથી દામોદર કે અન્ય પૈસાની માગણી કરે તો પાઈએ ધીરવી નહિ. ચીમનનો પત્ર મળ્યો છે.

**– પાંડુરંગ**

## ૧૫૭

મોરટકકા આ.શુ. ૪,
શુક્રવાર (૨૬-૯-૩૦)

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે જોગ,

જત તમારો પત્ર મળ્યો છે. હું અહીંથી ચુનીભાઈ વગેરે કેટલીક મંડળી સાથે આ બારસે પરિક્રમા નીકળું છું. કારતક સુદ ૧૫ સુધીમાં વેળુગામ આવી જઈશ. ખૂબ આનંદ છે. ગુરુમહારાજનું ભજન કરવું. બધું સારું થશે. વધુ રૂબરૂમાં. સંભારે તે સર્વેને શુભ આશિષ.

લિ. **મહારાજ**ના જય ગુરુદેવદત્ત
આ.શુ.

## ૧૫૮

ભરૂચ મા.શુ. ૪, સોમ.
(૨૪-૧૧-૩૦)

ભાઈ મોદી,

આનંદ છે. ડગલે ને પગલે દેવની અનુપમ દયાનો અને માણસની કૃતજ્ઞતાનો આસ્વાદ લેતો લેતો અત્રે આવી પહોંચ્યો છું. પહેલી પરિક્રમા જુદી દૃષ્ટિએ થયેલી. આ વખતે બધાનું પ્રારબ્ધ એકઠું થયેલું એટલે બધો અનુભવ લખાશે નહિ.

ઝાડીમાં અવધૂતનો લોટો ભીલો લઈ ગયા છે. ભરૂચમાં કંઈક લઈ લઈશ એવો વિચાર હતો, પણ ઝીણાભાઈ અત્રે નથી એટલે અઢીથી ત્રણેક શેર પાણી રહે એવી સાધુઓ રાખે છે તેવી પિત્તળની ફોલ્ડીંગ ડોલ અને ફોલ્ડીંગ ન મળે તો સાદી, ચાર-પાંચ દિવસમાં સરખેજ પહોંચાડશો, જેથી દત્તજયંતી પર ત્યાંથી મંડળી આવવાની છે તે લેતા આવે. બાકી વિશેષ નથી. સંભારે તે સર્વેને કુશળ કહેશો. પત્ર પૂર્ણિમા સુધી નારેશ્વરને સરનામે. અહીંની પોસ્ટ મને મળી નથી. કયાં ગુમ થઈ ? પ્રભુ જાણે ! લંબાણથી પછી.

**– પાંડુરંગ**

## ૧૫૯

ગરુડેશ્વર, બુધવાર (૧૯-૧૨-૩૦)

ભાઈ મોદી,

આનન્દ છે. નામસ્મરણની નકલો મળી. એકાદ મહિનામાં મોરટક્કાની સ્હામે બડવાહા પહોંચીશું. શરીર સારું છે. હરગીજ ભજનમાં પ્રમાદ કરશો નહિ. પ્રભુભજન વગર બધું લૂખું છે. વીસેક દિવસમાં કાગળ લખો તો નીચેને સરનામે,

**પાંડુરંગ વળામે,**
C/o. મણિલાલ ડાહ્યાભાઈ ત્રવાડી,
ઠે. શેઠ હીરાલાલ સોરાબજી જીન પ્રેસ ફેકટરી,
મુ. સનાવદ,, જિ. નિમાડ, એમ. આર. રેલવે.
સરનામું બાળબોધ કરવું-

ગુરુવાર, તા. ૧૯-૧૨-૩૦, વદ ૪,

પ્રેમી ભાઈ મોદી, આપનું કમંડળ સારી રીતે ઉપયોગમાં આવે છે. રણાપોરમાં એક ઉપરના ભાગમાં નાળચું લગાવ્યું છે, જેથી પૂજન વખતે ને સાંજે આરતી વખતે કામ લાગે છે, તે જાણી આપને ઘણો આનંદ થશે.

લિ. ચુનીલાલના જય ગુરુદેવદત્ત

## ૧૬૦

સરખેજ, ફા.શુ. ૮, બુધવાર
(૨૬-૨-૩૧)

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે ભકતમંડળ જોગ,

ગુરુદેવદત્ત ! બાદ લખવાનું કે અહીંયાં દેવની દયાથી પરમ આનંદ છે. શરીર તમારું ઠીક હશે. તમારા કામ માટે અહીંની મંડળી બનતો પુરુષાર્થ કરી રહી છે. પહેલેથી જ કિંમતની

આંકણી વગેરેમાં એવી ભૂલો થએલી છે અને કેટલાક એ અંતઃકરણથી સીધું પાર ન ઊતરે એવું ઈચ્છતા હોવાથી કામ બેહદ ચૂંથાયું છે; છતાં હવે થોડા દિવસમાં જ તમને સરકારી હુકમ મળી જશે. માટે તમારે વધારે હોહા ન કરતાં, નિશ્ચિંત બેસી રહેવું. અવધૂતને તો જેટલી વધારે મુશ્કેલી એટલો વધારે આનંદ !

મુકામ ચૈત્ર સુ. ૧૨ સુધી અહીં જ રહેવા સંભવ છે. એકાદ દિવસમાં ભાઈ મોદી ભજનો છપાવવાનું કામ ઉપાડવાના છે. શરીરને આરામની જરૂર પણ છે, એટલે સ્થિતિ અહીં જ રહેશે. સંભારે તે સર્વને શુભ આશિષ.

લિ. **મહારાજ**ની....

## ૧૯૧

નારેશ્વર, ગુરુવાર બપોર
ફા.વ. ૯, ૧૯૮૭, (૧૨-૩-૩૧)

ભાઈ મોદી,

આનંદ છે. તમારો પત્ર વાંચ્યો. શ્રી ગુ.લી. ગ્રન્થ સોમવાર સુધીમાં પૂરો થશે. - અધ્યાયસાર લખવાનો હોવાથી અધ્યાય મોકલ્યો નથી. ગુરુવાર શુ. ૧૪ થી અનુષ્ઠાનાદિની શરૂઆત છે. વદ ૧૨ કે ૧૩ એ પૂરું થશે. કાર્તિક સુદ ૧ એ રણાપુર થઈને દિવેર જવાનું હતું પણ તમે એ અરસામાં જ આવવાનું લખો છો, એટલે લાભપાંચમે અહીંથી પ્રયાણ કરવાનું રાખીશ. આવવામાં મુશ્કેલી હોય તો મારે ખાસ કંઈ કામ નથી, પણ જયંતીએ હું અહીં હોઉં કે ના પણ હોઉં. એટલે આવવાને લખેલું. આરામ માટે નિમાડ કે દક્ષિણ જ ઠીક પડશે. કાઠિયાવાડનું મુખ પણ મેં જોયું નથી. એટલે આવા શરીરને ત્યાં લઈ જવું ઠીક નથી લાગતું. પછી તો ગુરુમહારાજે ધાર્યું હોય તે ખરું.

તાવની અસર ગ્રન્થ પૂરો થાય કે બીજે જ દિવસે વરતાય છે. એ નોકરી પર હાજર થાય છે કે કેમ તે પ્રભુ જાણે. બાકી હાલ તેની અવેજીમાં અશક્તિ ઠીક ગાડું ધપાવી રહી છે.

જયન્તી ઊજવવા સંબંધમાં ચુનીભાઈ સાથે વાતચીત કરી છે તે કહેશે જ. દિવાળીથી કા.સુ. ૧૫ સુધીમાં પત્ર દાસને સરનામે લખવો. કેમકે હું દીવેર કે બીજે એટલામાં જ ત્યારે હોઈશ. અવધૂતવિશ્રામમાં તો હાલ આવવું જ અશક્ય જ છે.

નીચેની નવી ધૂનો બનાવી છે- લોકપ્રિય રાહમાં, તેનો મંડળીને ઠીક લાગે તો ઉપયોગ કરવો.

૧. દત્ત દત્ત વદો ભાઈ, એહિ જગતાર હે,
એહિ જગતાર હૈ, પતિત ઉદ્ધાર હે.

૨. દત્ત અવધૂતકી જય, શ્રીપાદવલ્લભકી જય,
વાસુદેવ સ્વામીકી જય, જય જય જય જય.

૩. ચલે દત્ત અવધૂત, દર્શનસે ભાગે સબ ભૂત.

૪. સ્મરો દત્ત દત્ત દત્ત, મના દત્ત દત્ત દત્ત.

૫. હે દત્ત યોગેશ્વર વાસુદેવ,

શ્રીપાદ શ્રીવલ્લભનરસિંહ.

તેમજ રઘુપતિરાઘવ રાજારામની રાહમાં આપણા દત્તભજનમ્માંથી બબ્બે નામ લઈ ફાવે તેટલી ધૂનો નીકળી શકે. દત્તપંચપદીની તો છે જ. આટલી ધૂનો જ બરાબર પ્રેમથી ગાઓ તો દિવસના દિવસ નીકળે.

તમારા આવવા સંબંધમાં ચોક્કસ તુરત જ પત્ર લખશો, જેથી મારો કાર્યક્રમ નકકી કરાય. નિરંજનીયાની ખબર પૂરી લીધા વગર મને દીવેરના લોક છોડવાના નથી ને ત્યાં સુધી પૂરો આરામ પણ મળવાનો નથી જ. પેટલો કાચબો ખૂબ જ વધી રહ્યો છે. કોક કોક વાર કરડે છે, પણ ખરો.

જો અવધૂત ખાદીથી જ શરીર ઢાંકે એવો તમારો આગ્રહ હોય તો એના કૌપીનાદિની વ્યવસ્થા તમારે રાખવી રહી. અહીં ખાદીનો દુર્ભિક્ષ છે. ત્રણ લંગોટ ને એક દન્તમંજન ફાવે તેવું લાવજો, હાલ એજ ! સંભારે તે સર્વેને જય ગુરુદેવદત્ત !

લિ. પાંડુરંગની શુભ આશિષ

## ૧૬૨

શહેર માંડવી,, મંગળવાર, સ્હવાર
(૭-૪-૩૧)

ભાઈ મોદી,

આનંદ છે. અવધૂત ધારતો હતો કે ગુજરાત એને નહિ રોકી શકે અને એ સીધો ખાનદેશમાં ઊતરી દક્ષિણમાં જશે. પણ હજી પ્રારબ્ધ ગુજરાતથી પરવાર્યું હોય એમ નથી લાગતું. બે ત્રણ દિવસથી મુકામ અહીં ગામ બહાર તાપી કિનારે બિલકેશ્વર મહાદેવમાં છે અને આઠચાર દહાડા આટલામાં જ રહેશે. લાંબું તો પ્રભુ જાણે એટલે અમાવાસ્યા સુધીમાં પત્ર નીચેને સરનામે અવધૂતી આનંદ પર છપાએલા નામે લખવો, પુસ્તકની એક નકલ મને તૈયાર હોય તો મોકલી આપશો સાથે સોએક હેન્ડબીલ્સ પણ તે માણસને નોખાં. પચીસેક હેન્ડબીલ્સ તે વહેંચવાની વિનંતી સાથે પૂજારી દત્તમંદિર, પો. ઘોરણપારડી, વાયા, સાયણ. અહીં કીમથી સીધી મોટર આવે છે. સરનામું દાસને તથા નારાયણને અહીંનું લખી મોકલવું.

શુભાશિષ સાથે
– પાંડુરંગ

તુળજારામ કૃષ્ણરામ પુરોહિત, બ્રાહ્મણવાડા.
પો. મુ. માંડવી, વાયા કીમ જિ. સુરત.

## ૧૯૩

શુક્લતીર્થ, સોમવાર
(૨૬-૪-૧૯૩૧)

ભાઈ મોદી,

આજે શુક્લતીર્થ આવ્યો છું ને ચારપાંચ દિવસ અહીં જ મુકામ છે. પ્રકૃતિ ઠીક છે. અહીંથી સીધો રણાપુર થઈ કદાચ નાંદોદ જાઉં. વળતી ટપાલે પત્ર લખશો તો મળી શકશે. અ.આ. વાંચી શક્યો નથી. પણ.... છેલ્લો ફર્મો મૂળ સાથે સરખાવી જોયો હોય એમ નથી લાગતું. ઋષિનિવાસમાંથી કાલે પત્ર લખ્યો ત્યાં ત્રણ પુસ્તકની એક એક નકલ ભેટ મોકલવી દ.ના. વગેરે મોકલવાની જરૂર નથી.

**– પાંડુરંગ**

સરનામું :
C/o. શ્રી કાશીરામ મહારાજ
શુક્લતીર્થ, અંબાજીનું મંદિર વાયા અંકલેશ્વર

## ૧૯૪

ઈ.સ. ૧૯૩૧

બહેન મૂળી,

તારો પત્ર વાંચ્યો છે. મારે તને લખવું જોઈએ ખાસ. પણ શું લખું ? અવધૂત નિરામય છે, નિષ્પાપ છે, નિર્વિકાર છે; અજ છે, અક્ષર છે, અવિચલ છે ! સાચે જ એના દર્શનથી 'જનમમરણ મિટ જાય રે.' પણ લોકો એ અવધૂતને નથી જોતા !! કોઈ એની દાઢી જોઈ રાચે છે, કોઈ એનાં હાડકાં ગણી મોદ પામે છે, કોઈ એની લંગોટીથી મુગ્ધ બને છે તો કોઈ એની ચાલ જોઈ ચકિત થાય છે; પણ એની

'આશાપાશેં ન સ્પર્શે જેને, આદિ અંત નહિ મેલ;
નિજાનંદમાં મસ્ત રહે ને, ચેલકુચેલ ધરેલ'

......ની સ્થિતિને ભાગ્યે જ કોઈ પિછાને છે. એ સ્થિતિ બુદ્ધિગમ્ય નથી. મનબુદ્ધિની દોડ નકામી છે એ સ્વરૂપાનંદના અનુભવ માટે; વાણી પાંગળી છે એના વર્ણનમાં, દષ્ટિ આંધળી છે એનાં દર્શનમાં ! બહેન, ગુરુગમ્ય છે એ સ્વસંવેદ્ય અગમ્ય ! એ અવધૂતી આનંદનો શતાંશ પણ તને પ્રાપ્ત થાય; તું શુદ્ધ થાય, બુદ્ધ થાય, નિરામય થાય, નિર્ભય થાય. અપાપવિદ્ધ થાય, એકાદ્વિતીયના અનુભવથી કૃતાર્થ થાય, સ્વાત્માભિમુખ થાય, સ્વાત્મારામ થાય, અમર થાય; એ વિના બીજું કંઈ જ નથી ઈચ્છતો આ અવધૂત. એક વખત તેં મને લખેલું કે મારે માટે એક મહાભારત રચો. ગુરુલીલામૃત એ એ સાત્ત્વિક વિનંતીનું જ ફળ છે. એમાંનો શિષ્ય નિરંજન તે તું જ છે એ ભાવનાથી વાંચ અને જો કે એમાં કેવી વીજળી ભરેલી છે. 'અવધૂતી આનંદ' તારી પાસે જ છે. એ એક જ તરી જવા માટે બસ નથી શું ? 'આત્મચિંતન' સ્નાન કરી રોજ

સ્વાધ્યાય તરીકે વાંચવું - વિચારવું. અવધૂત આવું આવું પણ બોલે છે ત્યાં સુધી શંકાઓ પૂછી નિરાકરણ કરી લેવું. મોઢું બંધ થયા પછી સર્વ નકામું છે. અવધૂતનું જ શ્રવણ, અવધૂતનું જ મનન, અવધૂતનું જ ચિંતવન, અવધૂતનું જ સ્નાન, અવધૂતનું જ ધ્યાન, અવધૂતનું જ કીર્તન-કરી સર્વથા અવધૂત થા સ્વયં, એજ આશિષ.

**રંગ અવધૂત**

## ૧૯૫

નારેશ્વર, બુધવાર બપોર
(૨૨-૧૦-૩૧)

ભાઈ મોદી,

ભૂખમરાનો આનંદ લેવા અવધૂત પૂનમ પછી પાછો પર્યટનમાં જાય છે. ભાઈ વગેરેને તાબડતોબ ખબર આપશો કે અહીં પત્ર લખવાની ખટપટમાં ન પડે. સરનામું નિશ્ચિત થયે ખબર મળશે.

ગ્રંથલેખનનું સર્વ સાહિત્ય વિઠ્ઠલને ત્યાં મોકલાવું છું. જ્યારે અને જ્યાં એનો યોગ હશે ત્યારે અને ત્યાં ઉપયોગ થશે. અત્યારે તો અવધૂતની વૃત્તિ ઊંઘી ગઈ છે કુંભકર્ણની માફક; તે કોઈ ઉસ્તાદ જગાડશે ત્યારે જાગશે. લેખનપ્રવૃત્તિમાં પણ પ્રારબ્ધવશાત્ આગળ ન લખાય તો 'સપ્તશતી'થી જ સંતોષ માનવો.

પ્રવાસની કંઈ ચોક્કસ યોજના નથી. આસન ઉઠાવતી વખતે જે દિશાનો સંકલ્પ સ્ફુરે ત્યાં ગમન થશે. કઈ ભૂમિ ને કયો પુરુષ અવધૂતને આવાહન કરી રહ્યો છે તે પ્રભુ જાણે. બાકી આનંદ છે. સંભારે તે સર્વને જય ગુરુદેવ. ચિ. જયંતીને પેલી નવી લખાયેલી સરસ્વતીની સ્તુતિનો પાઠ કરાવવો. પણ હજી એ યાત્રામાં જ હવા ખાતો હશે !

એજ લિ. **પાંડુરંગ**

## ૧૯૬

દીવેર, શુક્રવાર સ્હવાર
(૨૩-૧-૩૨)

ભાઈ મોદી,

અવધૂતના શરીરનું નાવ ચક્કરે ચઢ્યું છે. ગ્રહણ રણાપુર ને દીવેરનાં વમળો વટાવી આજે સુરાશામળ જાય છે ત્યાંથી મીંઢોળ થઈને બે ત્રણ દિવસમાં કડિયાડુંગર જવાનું થાય એમ લાગે છે.

નારેશ્વરમાં ઉપાધિ લોકોની અતિ વધી જવાથી પ્રયાણ આદર્યું, પણ લોકો ક્યાંયે છોડે તેમ લાગતું નથી. કડિયાડુંગર પર પણ રહેવા દે એમ નથી લાગતું. છતાં લોકોને વચન આપ્યું

છે એટલે જવાનું રહ્યું. અમાસ સુધી પત્ર દાસને સરનામે, રણાપુર, તા. સીનોર લખશો, તો મને ડુંગર પર પહોંચાડવાની વ્યવસ્થા એ કરશે. જો ત્યાં કદિયે ઉપાધિ બહુ ન નડે તો મહિનો માસ રહું ખરો.

ચીમન ઋષિ સ્તોત્ર છાપવાનું કહેતા હતા. એ બને કે ન બને પણ નકલ તૈયાર રાખશો. ધમાલમાં ભજન ભૂલશો નહિ. હાલ એ જ સર્વને શુભ આશિષ

**–રંગ અવધૂત**

વ્યાસદેવ જેલમાં ગયા એમ સાંભળ્યું છે. ત્યાં જવાનું બંધ રાખ્યું તે જ ઠીક થયું. નારાયણને સરનામું અમાસ સુધીનું જણાવી દેશો.

**–પાંડુરંગ**

## ૧૯૭

ગોધરા, શનિવાર, (૬–૨–૩૨)

ભાઈ મોદી,

આનંદ છે. કડીયાડુંગર તો કોરાણે રહી ગયો ને વ્યાસ, ચાંદોદ, ડભોઈ વગેરે ઠેકાણે ફરતો ફરતો મહોદયપર્વ કરવા માતૃદર્શનાર્થે અવધૂત ગોધરે આવ્યો છે. આઠેક દિવસથી જ્વર આવે છે ને જમણી પાંસળીઓમાં તીવ્ર દરદ ઉપડ્યું છે એટલે આરામ માટે થોડા દિવસ એ તરફ આવું છું. ચુનીભાઈને ખબર આપી વિશ્રામ સાફ કરાવી રાખશો. વ્યાસદેવ સાબરમતીની જેલમાં છે. એમને મળવાનો ઉદ્દેશ એ તરફ આવવામાં છે. ઘણે ભાગે સોમવારે અગિઆર વાગે અહીંથી ઊપડતી ગાડીમાં બેસી આવીશ. સાંજે સાતેક વાગે ત્યાં ગાડી પહોંચતી હશે. સ્ટેશને આવશો.

હાલ એ જ. વધુ રૂબરૂમાં.

– **પાંડુરંગ**ના જય ગુરુદેવદત્ત

## ૧૯૮

સરખેજ, શનિવાર સ્હવાર
(૨૭–૨–૩૨)

બહેન મૂળી વગેરે,

તારો પત્ર કાલે રાતે જ મળ્યો કાલોલને સરનામે લખેલો પત્ર મને મળ્યો નથી. ફાવે તેવો પ્રસંગ પ્રાપ્ત થાય તો પણ ગભરાવું નહિ, એજ સાત્ત્વિક ધૈર્યનું લક્ષણ છે. તારા બાપુની માંદગી સંબંધી મેં રૂબરૂમાં બધું કહ્યું જ છે. સર્વ ચિંતા અવધૂતને સોંપી કેવળ પ્રભુભજન કરવું. દવા દાક્તરની જ ચાલુ રાખવી, હરગીજ બીજાની ન કરવી. જો કંઈ જ ફેર ન પડતો હોય તો સર્વ

દવા બંધ કરી નીચે પ્રમાણે કરવું. ગંઠોડા, લીંડીપીપર, સૂંઠ, અક્કલગરો, જેઠીમધ ને ઈલાયચી સમભાગ લઈ ફાકી કરી રાખવી તેમાંથી સ્હવારે ૦।। તોલો તેટલી જ સાકરની ભૂકી મેળવી લેવી. ખાવાનું તદ્દન બંધ કરવું. જરૂર જણાય તેટલી વખત પાણી નાખ્યા વગર એકલા દૂધની કોફી પીવાય તેટલી ગરમ પીવી. બીજું બધું હું જોઈ લઈશ. બને તેટલું જલદીથી ત્યાં આવું છું. ગ્રહણ બીજે નહિ કરું. બાપુને ધીરજ આપવી. હું તમારી સાથે જ છું. એમાં જરાએ શંકા ન રાખવી. સ્થૂલ શરીર ભલે અહીં રહ્યું પણ સૂક્ષ્મ ત્યાં જ છે અને દરેકની યોગ્ય સંભાળ લે છે. માટે બિલકુલ ગભરાવું નહિ કે કોઈને ગભારાવા દેવું નહિ. ઝાડો બંધ ન જ થતો હોય તો નીચેની છૂટી ન પડે તેમ લીંબુની ચાર ફાકો કરી ઉપર બે આનીભાર સિંદૂર ભભરાવી દેવતા પર ખદ્દખદાવી ચૂસાડવું. સર્વથા ચિંતા કરવી નહિ એ જ.

લિ. **મહારાજ**ના આશિષ

## ૧૯૯

ફા.સુ. ૬, રવિ., ૧૯૮૮

તા. ૧૩-૩-૩૨

ચારેક દિવસથી નારેશ્વર આવ્યો છું. નારાયણની તબિયતમાં ઠીક સુધારો છે. ૮-૧૦ દિવસમાં ઈસ્પીતાલમાંથી ઘેર આવશે એવું મને લાગે છે; પછી તો પ્રભુ જાણે !

તમારે અસાળિયાનો પ્રયોગ હવે બંધ કરવો. માત્ર સ્હવાર-સાંજ એક એક ગોળી લેવી ને ઉપર થોડુંક ઘી સાકર નાખેલું દૂધ પીવું. ગોળીમાં અફીણનો અંશ હોવાથી કંઈક બંધકોશ દાખવશે પણ ડરવું નહિ. જરૂર જેવું જણાય તો આઠે દિવસે દીવેલ કે મીઠી આવળનો જુલાબ લેવો. મૃત્યુંજય સ્તોત્રનો રાતે સૂતી વખતે હાથ-પગ-મોઢું ધોઈ શુદ્ધ થઈ નિત્ય પાઠ કરવો. ગોળી પણ દોઢેક મહિના પછી બંધ કરવી. જમતાં અડધો કલાક અગાઉ બન્ને વખત નીચેની ગોળી એક લેવી. સૂંઠ, મરી, લીંડી પીપર, સિંધવ, અજમો, જીરૂ, શહાજીરૂ બધું એક એક તોલો સંચળ બે તોલા ને હીંગ ૦। તોલા બધું ખલ કરી તેમાં બધું પલળી રહે તેટલો પાકેલા કોઠાનો ગર્ભ નાખી વાલ જેવડી ગોળી વાળવી. હું આશા રાખું છું કે તમારા શરીરદેવતાને આટલું બલિદાન બસ થશે, તે છતાં એ ન જ માને તો વહેલી તકે નારેશ્વર આવવું. અવધૂત આશ્રમના પવિત્ર વાતાવરણ ને નર્મદામાઈના દૂધ માત્રથી બધાં ભૂતો નાસી જશે. બન્ને ગોળીઓમાંની થોડી થોડી મને પણ મોકલી આપશો. તેમાંની બીજી તો મારે ખાસ ખાવી છે.

તમારા પ્રેમશંકરનો કેસ ભારે છે, છતાં એનામાં શ્રદ્ધા હશે તો ભગવાન એને મટાડશે, એટલું જ નહિ પણ વજ્રદેહી બનાવશે. માત્ર ઉતાવળે આંબા નહિ પાકે. એણે દકારાદિ સહસ્રનામાવલિનું નીચે પ્રમાણે અનુષ્ઠાન કરવું. અંદર બતાવ્યા પ્રમાણે સ્હવારે સ્નાનોત્તર નીચે

મુજબ સંકલ્પ મૂકી... મમ શરીરે વિદ્યમાનોત્પસ્યમાન સર્વવ્યાધિ નિરસનપૂર્વક વિદ્યમાન જીવચ્છરીર-અવિરોધેન શીઘ્રં સંપૂર્ણં આરોગ્યપ્રાપ્ત્યર્થં પ્રતિનામ તંડુલકણેન... વગેરે સંકલ્પથી (પ્રથમ પુષ્પાદિથી પૂજા કર્યા પછી) દરેક નામે એક ચોખો ચડાવી દેવની પૂજા કરી બીજે દિવસે એ ચોખા રાંધી દૂધ સાથે ખાવા, એ ખીરનું એક ટીપું કે એક પણ ચોખાનો કણ બીજાને ન મળવો જોઈએ તેમ ખીરમાં અન્ય ચોખા નાખવા નહિ. એ પ્રમાણે ૪૯ દિવસ કરવું. વચમાં ખંડ ન પડે. ખીરમાં સાકર નાંખે, બીજું કંઈ નહિ અને સૂતી વખતે તમારી માફક મૃત્યુંજય સ્તોત્રનો પાઠ કરે. બેસી શકાય તો સ્હવાર-સ્હાંજ થોડું થોડું પૂર્ણ પદ્માસને બેસે. ખુલ્લી હવામાં ફરે. બીજું કંઈ શારીરિક મહેનતનું કામ ન કરે. વાંચવું પણ નહિ જેવું જ. સ્હવારમાં નીચેનું ચૂર્ણ એક તોલો લેવું. ઉપર જોઈએ તો ઘૂંટડો દૂધ પીવું. વાવડીંગ, તજ, લીંડીપીપર, એલચી બધું એક એક તોલો. મરી બે તોલા અને સૂંઠ ૧૬ તોલા + બધાના સમાન સાકર. સ્હાંજે સૂંઠ એક ટાંક, સારું લોબાન ૧ ટાંક, સાકર ૧ ટાંક, સૂતી વખતે દવા વ. ને ચૌદ દિવસ થઈ જાય ત્યાર પછી મને પરિણામ લખવું.

દાંત માટે મંજન : ફુલાવેલું મોરથુથુ ૦॥ તોલો ફુલાવેલો ટંકણખાર બે તોલા, ફુલાવેલી ફટકડી ૩ તોલા, ચાક ૮ તોલા, કાથો બે તોલા, માયાં (માયાફળ) બે તોલા, કપૂર ૧ તોલો અને સિંધવ ૪ તોલો, વસ્ત્રગાળ ઝીણું વાટવું. ખાવામાં ભારે ને ગરમ પદાર્થો ખાય નહિ.

એ એક સીરપ પીએ છે, તે ફાયદાકારક લાગતું હોય તો ચાલુ રાખે નહિ તો બંધ કરે.

મને લાગે છે કે શ્રદ્ધાપૂર્વક આટલું કરવાથી મટવાનું હશે તો ફેર પડ્યા વગર રહેવાનો નથી, પણ તમે મને આવી પારકી ઉપાધિઓમાં ફરી નહિ નાખો એવી આશા રાખું છું.

વાસુદેવનામસુધા કેવળ શ્રદ્ધાળુને જ આપશો. મહારાજનું સંપૂર્ણ ચરિત્ર કોઈને વાંચવું હોય તો મરાઠી ઓવીબદ્ધ રૂા. ૬ની કિંમતે ભરૂચ લખવાથી મળશે (વાસુદેવ) નામસુધાની એક એક પ્રત not paid બુકપોસ્ટથી નીચેને સરનામે પણ મોકલી આપશો.

તમારે ત્યાં સાઈક્લોસ્ટાઈલ હોય તો તદ્દન સારા છાપેલા જેવા અક્ષરે નામસંકીર્તનની થોડીક નકલો કઢાવશો ? એક પાનમાં ૬ શ્લોક આવે. ન હોય તો મારે માટે એક તદ્દન સારી હસ્તલિખિત તો મોકલાવશો જ. જે લોકો રુદ્રાભિષેક ન કરી શકે તેવાઓને માટે એ સ્તોત્રનાં ૧૧ આવર્તનોથી અભિષેક કરવાનું મારું સૂચન છે. વાસુદેવનામસુધા અને સહસ્રનામાવલિ (સુધારેલી) ની એક એક પ્રત.

* Manager Bhairavrao Esqr;

Kamla gining and pressing Factory

Purna. (Nizam state) N.G.S. Rly.

બાળકૃષ્ણનું કેમ છે ? નારેશ્વર આવવાનું થાય તો એને પણ લેતા આવશો. એને બિચારાને અવધૂતને મળવાની ઘણી જ ઈચ્છા છે, પણ એના લખવા પ્રમાણે પરાધીનતાને લીધે આવી શકાતું નથી. અવધૂતનું પેટ મોટું થતું જાય છે ને બીજું નહિ તો એના દર્શનથી પણ બિચારા બાળકૃષ્ણને આનંદ થશે.

તમારે ત્યાં ભોજપત્ર મળી શકે ? મળે તો મારે એવા બે આખા કાગળ યંત્ર લખવા જોઈએ છે. તદ્દન ઝીણાં ઝાડની છાલ જેવાં હોય છે.

તાપ ભયંકર પડે છે.

હાલ એ જ...

- પાંડુરંગ

## ૧૭૦

નારેશ્વર
મંગળવાર સ્હાંજ
(૩૦-૩-૩૨)

ભાઈ મોદી,

અમદાવાદ છોડ્યે દસ દિવસ થઈ ગયા, પણ હજી તમારાં પ્રુફ કે પત્ર કાંઈ જ મળ્યાં નથી. બધું ગેરવલ્લે પડ્યું હોય એમ તો નથી જ માનતો. મારે ત્યાં આવવું જ પડશે કે કેમ ? આવું તો મુકામ શહેરમાં જ રાખવો પડે ને ચોમાસુ કરવા પાછો ન આવતાં એ તરફના જ કોઈ ગામડામાં જાઉં. કામ બગડવું તો ન જ જોઈએ. પત્ર વળતી ટપાલે લખશો.

પાંસળાનું દરદ હજી કાયમ જ છે. તાવ બંધ થયો છે. દાસની તબિયત હજી પૂર્ણ આશાજનક નથી જ. તમારા કહ્યા મુજબ કોઠી ભરાવવાનું શરૂ કર્યું છે. વરસના વધારેમાં વધારે બારે કરું. ખરચ થશે. પરબની ગોઠવણ થઈ શકે તેમ નથી. બાકી આનંદ છે.

એ જ. સર્વેને શુભ આશિષ.

- પાંડુરંગ

## ૧૭૧

નારેશ્વર, ગુરુવાર સ્હવાર
(૭-૪-૩૨)

ભાઈ મોદી,

તમારો રણાપુર લખેલો પત્ર કાલે સ્હાંજે જ મળ્યો. બીજા ફર્માનાં પ્રુફ્સ પૃ. ૧૭ થી ૩૨

ગયે બુધવારે મળ્યાં ને સુધારીને તરત જ ગુરુવારની ટપાલમાં રવાના કર્યાં છે. પણ તમને કેમ નથી મળ્યાં તે પ્રભુ જાણે ! આગળનું મેટર મોકલ્યું હોય તો એ મને નથી મળ્યું.

અવધૂત પોતાની અગવડતાનો સ્વપ્નેય વિચાર નથી કરતો – અગવડતા જેવું એને કાંઈ છે જ નહિ. ઊલટું અગવડતાની વિપુલતામાં જ એને તો સગવડતાના સૌન્દર્યનો સાક્ષાત્કાર થાય છે. અન્યને પોતાને માટે અગવડ ઓછી વેઠવી પડે એ એક જ દૃષ્ટિ હંમેશાં એની આગળ હોય છે. આ વખતના અવધૂતવિશ્રામના નિવાસ દરમિયાન સરએજની મંડળીને ખૂબ જ અગવડ વેઠવી પડી એમ લાગ્યું તેથી મુકામ ઉઠાવ્યો તો તમને પ્રુફ્સની મુશ્કેલી ને ચિંતામાં નાંખવા પડ્યા. તમારું કામ સરળતાથી થશે તેમ માનેલું, પણ બધું ઊલટું બન્યું. એટલે હવે પોતાનો કે પારકાનો કોઈનો વિચાર કર્યા વિના દેહને વર્તાવવાનો રહ્યો, ને થાય તે જોવાનું રહ્યું. ત્યાં આવવાની જરૂર હોય તો માણસ લેવા આવે કે તરત જ ગાડું હાંકું. ઉતારો તમે નક્કી કરો ત્યાં. ફાવે ત્યાં રહેવામાં મને વાંધો નથી... માં માત્ર તમને જ જણાવેલાં કારણોસર જવાની વૃત્તિ નથી, છતાં તમે ધકેલશો તો તમારું કામ પૂરું થતાં સુધી ત્યાંએ રહેવામાં વાંધો નથી. અહીંની સ્થિતિ તમે જાણો છો એટલે માણસનો આગ્રહ રાખ્યા વગર છૂટકો નથી.

સંભારે તે સર્વેને શુભ આશિષ.

**– પાંડુરંગ**

## ૧૭૨

નારેશ્વર રવિવાર સ્હાંજ (૨૦-૬-૩૨)

ભાઈ મોદી,

જય ગુરુદેવદત્ત, બાદ મીણબત્તીનાં પેકેટ તથા બિસ્કીટનો ડબો મળ્યાં. બિસ્કીટમાં ગળપણનો અંશ હોય એમ લાગ્યું, તેથી શરીરને માફક આવે તો પણ મારે માટે એ પ્રયોગ નકામો છે.

લખવાનું ઠીક ઠીક ચાલે છે. શરીર કાંઈ જોઈએ તેવું સારું રહેતું નથી. ગુરુમહારાજે શું ધાર્યું છે તે એ જાણે. તમે જોઈ તેવી પૂરીઓ ખાવાથી તબિયત સારી ન રહેતી હોય એવું ધારી આવતી કાલથી પાછા પહેલાંના સ્વયંપક્ત છપ્પનભોગ શરૂ કરવાનું રાખ્યું છે. વધારે મીણબત્તીની જરૂર નથી. એટલી પૂરી થતાંમાં તો હું ફાવે તે ભોગે ગ્રન્થ પૂરો કરી નાંખી નિવૃત્ત થવાનો વિચાર રાખું છું, પણ એ બધામાં તમારો સર્વનો શુદ્ધ સાંકલ્પિક સહકાર નહિ હોય તો મારું કાંઈ ચાલવાનું નથી.

પ્રસાદના પુસ્તકો સર્વ ભક્તોને કહ્યા પ્રમાણે મોકલી દીધાં હશે. અહીંના પાંચમાંથી ચાર આપવામાં જ ખલાસ થયાં છે, માટે બીજાં પાંચ કોઈ આવનાર હોય મોકલી દેવાં. બોડાણાનું આખ્યાન કોઈએ લખ્યું હોય તો ડાકોર તપાસ કરાવી મોકલી આપવું. ગોધરે વિશ્વનાથને લખી

ભક્તવિજયમાં એ હોય તો એટલી ઓવી કોઈ પાસે નકલ કરાવી મને જલદી મોકલી દેવા લખવું અથવા અમદાવાદમાંથી મળે તો તમારે નકલ કરી મોકલવી.

ભાઈ વ્યાસને પુસ્તક મોકલાવ્યું ? દાસની પ્રકૃતિ સુધારા પર છે. ગુરુપૂર્ણિમા સુધીમાં અહીં આવી શકાય એવી થાય તો થાય.

ઠાકોર મદ્રૂપસિંહ અને બીજા એક ભાઈ દર્શનાર્થે અહીં આવેલા. આજે જ ઊપડી ગયા છે. બીજા ભાઈએ તો અહીંથી પરિક્રમા ઉઠાવી છે. પુસ્તક ન હોવાથી એમને આપી શક્યો નથી. તમે મોકલાવ્યાં હશે. ચિ. જયન્તી વગેરે જે કોઈ સંભારે તે સર્વને ગુરુદેવદત્ત કહેશો.

એજ લિ. **પાંડુરંગ**

## ૧૭૩

નારેશ્વર, આ.શુ. ૨, મંગળ
(૭-૭-૩૨)

ભાઈ મોદી,

શરીરની આશા છોડી અવદૂત લખવા બેઠો છે, અથવા અવધૂતી ભાષામાં કહું તો સાક્ષરતાની સાથે છેલ્લી લડાઈ લડી રહ્યો છે. પરિણામ પ્રભુને હાથ છે.

અષાઢના અંત સુધીમાં બીજો ભાગ પૂરો થશે. ત્રીજો દિવાળી સુધીમાં ફાવે તેમ કરીને લખી નાખી આરામ માટે કોઈ દૂર અજ્ઞાત જગ્યાએ નીકળી જવાનો વિચાર છે. પછી તો જેવી પ્રભુની ઈચ્છા !

ઠાકોરમાહાત્મ્યની બે ચોપડી મળી. એ વાંચીને તારણ કાઢી મોકલ્યું હોત તો વધારે અનુકૂળ પડત. એક જોઈ ગયો છું. સાવ નમાલી લાગી. હું જાણું છું તે ટૂંકમાં લખીશ તો એ ઘણું છે. મરાઠી ઓવી મળે તો ભલે નહિ તો અન્ય ચોપડા મોકલવાની ભાંજગડમાં પડશો નહિ.

પૂર્ણિમાએ કોઈ આવનાર હોય તો પ્રથમ ભાગનો છેલ્લો અધ્યાય-અધ્યાય ૫૫- મોકલી આપશો. કોઈ આવનાર ન હોય તો એના છેલ્લા ૪૦ દોહરા લખી મોકલશો. બીજું ફુરસદે બે ઊભી લીટીમાં એકમાં અધ્યાય નં. ને બીજીમાં દોહરાની સંખ્યા. એમ લખી મોકલશો જેથી સમાહના નિત્ય દોહરાની સંખ્યા વગેરે આપી શકાય. દરેક અધ્યાયનો ટૂંકો સાર કાઢવાનું ભૂલતા નહિ. બધું એકઠું થયે મુશ્કેલ થશે. બિસ્કીટ વગેરે કાંઈ જોઈતું નથી. મોકલાવશો નહિ. અત્યારે તો ગ્રંથ ગ્રંથ ! ને ગ્રંથ ! બીજી વાત કરવાની કે વિચારવાની અવધૂતને ફુરસદ નથી. બેઠા બેઠા પરમાત્માનું ભજન કરો ને ગ્રંથ જલદી પૂરો થાય એવો સંકલ્પ કર્યા કરો.

સર્વને શુભ આશિષ

સ્ટેશન માસ્તર બીજો આવ્યો છે માટે એને સરનામે કંઈ મોકલવું નહિ.

**- રંગ અવધૂત**

## ૧૭૪

નારેશ્વર, બુધવા
વિ.સં. ૧૯૮૮ (૨૦-૭-૩૨

ભાઈ મોદી,

રંગહૃદયમ્ બુકપોસ્ટ અને ભાઈ રતનલાલ સાથેનાં મળ્યાં છે. દાસ નાવડીમાં ગુ.પૌ. પ
આવ્યા છે. બે પાંચ દિવસ રહેવાના છે. જો કે એ ન રહે એવાં આંદોલનો હવામાં ઊડી રહ્ય
છે. તબિયત સુધારા પર છે. બતાવેલું એક ને કર્યું બીજું તેથી લંબાયું છે. પણ થોડા દિવસથ
બતાવેલા પ્રમાણે અર્ધ ઉપચાર શરૂ છે. એટલે હવે પૂર્વવત્ સશક્ત થઈ જશે. પછી તો પ્ર
જાણે.

ગુ.પૌ.નો Thrid-rate ઈતિહાસ ભાઈ... કહેશે જ તેના પરથી first-rate તમે કલ્પ
શકશો.

ગી.ભા. પાછું મોકલાવ્યું છે. ઉત્તરાર્ધ જોઈતો હતો, પૂર્વાર્ધ નહિ. અવધૂતના ફોટા પણ
કોક કોક માગે છે. હજુ તૈયાર નહિ હોય. તૈયાર થયે મોકલી આપવા.

અધ્યાય ૭૮ થી ૯૭ મોકલ્યા છે. બીજા લખાયે મોકલીશ ગી.ભા.નું આ પાછું મોકલાવેલ
પુસ્તક ચુનીભાઈને જોઈએ છે એમ સાંભળ્યું છે. જોઈતું હોય તો gratis આપી દેશો.

પદ્માબહેનની તબિયત કેમ છે ? બાબુનો પત્ર આવ્યો તે જ દિવસે જ જમરાજને
નોટિસ આપી દીધી છે પણ એનો અમલ કેટલો થયો કે થશે તે પ્રભુ જાણે. કંઈક સુધારો તો હશે
જ. તમારાં બાની તબિયત તો સુધરેલી હોવી જ જોઈએ. નારેશ્વર આવ્યા વગર એ હરગીજ ન
જાય. પછી તો જેવો તમારો સંકલ્પ.

અવધૂત તો જુગ જુગનો બીમાર છે એટલે એની તબિયતની વાત જ ન કરવી. બે
દિવસ પર જ તાવ આવેલો પણ એના હાડપિંજરને ત્યાં લઈ જઈ યમરાય શું કરે ? એટલે
તમારે કોઈ રીતે ચિન્તા કરવા જેવું નથી. 'જોઈ રંગ-મહું કાળ બ્હીએ રે' એ તમે ક્યાં નથ
જાણતા ? આનંદ છે. સર્વેને શુભ આશિષ.

**- રંગ અવધૂત**

## ૧૭૫

નારેશ્વર, શુક્રવાર સ્હાંજ
(૧-૮-૩૨)

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે ભક્તમંડળી જોગ.

જય ગુરુદેવદત્ત, બાદ લખવાનું કે ખૂબ આનંદ છે. તમારી તબિયત સુધારા પર હશે.
તમને મંજીષ્ટાદિ ક્વાથ ન મળ્યો હોય તો નીચેના સરનામે ભાઈ મોદીને લખશો તો મારું પાર્સલ
આવવાનું છે તેની સાથે મોકલી આપશે. કાગળ તુરત લખશો તો જ કામ બનશે, કેમકે પાર્સલ

આવ્યામાં છે.

**શ્રી અમૃતલાલ નાથાભાઈ મોદી**
ઠે. બાલમંદિર (મગનભાઈની હવેલી)
રાયપુર, અમદાવાદ.

મારું શરીર જોઈએ તેવું સારું નથી રહેતું, છતાં ગ્રંથ લખવાનું શરૂ કર્યું છે. કામ બરાબર ચાલશે તો ચોમાસું અહીં કરીશ, નહિ તો જેવી પ્રભુની ઈચ્છા. સંભારે તે સર્વેને જય ગુરુદેવદત્ત કહેશો. હાલ એ જ.

**લિ. મહારાજ**ની શુભ આશિષ
**Rang Avadhuta**

## ૧૭૯

નારેશ્વર, શ્રા, વ ૨ બુધવાર
(૧૮-૮-૩૨)

ભાઈ કમળાશંકર,

જય ગુરુદેવદત્ત ! બાદ તારો પત્ર આજે જ મળ્યો. વાંચી સંતોષ થયો. બે-ચાર વાર તારું સ્મરણ થયેલું પણ કોઈનાયે પત્રમાં તારું નામ સરખું ન મળે ને વગર પુછાવ્યે જાણવાની મારી વૃત્તિ ! એટલે મેંએ કોઈને પુછાવેલું નહિ, શિક્ષક તરીકે ગાડું તો ઠીક ચાલતું હશે ! ભાવિ સારું છે. ચિન્તા કરવી નહિ. ન મે ભક્ત: પ્રણશ્યતિ-એ ભગવાનની પ્રતિજ્ઞાનું સ્મરણ રાખી ગુરુમહારાજનું સ્મરણ ચૂકવું નહિ. 'રજ-હૃદયમ્' તો ઋષિએ આપ્યું જ હશે !

વરસાદ બેહદ છે. નર્મદામાં પાણી ખસતું જ નથી. ઝાડ વાવવાની ફુરસદ કોઈને મળી નથી. પણ જગ્યા કંઈક સાફ થઈ છે.

મારો તાવ ચાલુ જ છે. ચાર-પાંચ દિવસ ખૂબ જ આવેલો. લીલામૃતનું અક્ષરે લખાયું ન્હોતું. ચાર-પાંચ દિવસ પછી આજે જ થોડા દોહરા લખાયા છે. તાવનું કારણ અતિ શ્રમ જ છે. લખવાનું કામ ચાલે છે ને લોકની આવજા પણ શ્રાવણમાસને લીધે વધારે છે. એટલે આરામ જરાએ મળતો નથી. છતાં ફાવે તે ભોગે આ ચોમાસે ગ્રંથ પૂરો કરવાનો નિશ્ચય કરીને બેઠો છું. ગુરુમહારાજ જે કરે તે ખરું. મને તો જેમ મુશ્કેલી વધારે તેમ આનંદ વધારે જામે છે એટલે તાવ વગેરેનો વિચાર કદી કરતો જ નથી. દિવાળી સુધી મુકામ અહીં જ છે. પછી જેવું પ્રારબ્ધ. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત. એ જ.

– **રંગ અવધૂતની** શુ.આ.

## ૧૭૭

નારેશ્વર
જન્માષ્ટમી
મંગળવાર(૨૪-૮-૩૨)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો. ખૂબ આનંદ છે. વચમાં ચાર-પાંચ દિવસ ખૂબ તાવ આવેલો, એટલે લીટીએ લખાઈ ન્હોતી. શ્રાવણમાસને લીધે લોકની આવજા પણ ધાર્યા કરતાં વધારે છે; એટલે લખવાનું ઠીકઠીક જ ચાલે છે. પેટનો કાચબો પણ વધતો જાય છે ! છતાં ભાદ્રપદની આખરે ગ્રંથ પૂરો કરવાની આશા મેં હજી છેક જતી કરી નથી. કામ પૂરું થયા પછી ચૌદેક દિવસ અપવાસ કરી અલ્પ અનુષ્ઠાન કરી આરામ લેવા ક્યાંક ઊપડી જવા વિચાર છે. ક્યાંની ભૂમિ તપે છે તે પ્રભુ જાણે !

અધ્યાયસાર ભા.વ.પ. સુધીમાં આવી જાય તો સારું. મરાઠી ગુરુચરિત્રના છેલ્લા અધ્યાયની પણ જરૂર છે. તે પણ અ.આ. સાથે નકલ કરી મોકલી આપશો. વહેલા મોકલવાની જરૂર નથી. પોથી સરખેજમાં ક્યાંય ન મળે તો ટેકનીકલ ઈન્સ્ટીટ્યૂટવાળા મોતીલાલ કાનુગા પાસે જરૂર મળશે. ઋષિ એમને ઓળખે છે. પ્રત મેળવી આપવા જેટલી ફુરસદ તો એ મેળવશે જ.

ડોડીનો પ્રયોગ અન્નને અભાવે નથી કરવા માંડ્યો પણ આંખને ઠંડક મળે એ હેતુથી શરૂ કર્યો છે. હજી ચાલુ જ છે. તમારી પ્રાર્થના કંઈક મંદ પડી હોય એમ લાગે છે. કેમ કે લોકની આવજાની વાત બાજુએ મૂકીએ તોએ શરીર ધાર્યું કામ નથી આપતું.

ગ્રંથ બધો મારી રૂબરૂ વાંચી જવા તમને ક્યારે ફુરસદ મળશે ?

સંભારે તે સર્વને શુભ આશિષ.

– **રંગ અવધૂત**

## ૧૭૮

નારેશ્વર, ભા.શુ. ૨ ગુરુવાર
(૨-૯-૩૨)

ભાઈ મોદી,

આનંદ છે. તમને પત્ર લખ્યો ને બીજે જ દિવસે પંદરવીસ માણસ ભરીને દીવેરની નાવડી દર્શનાર્થે આવી. એ લોકો ગયા ને મીંઢોળની નાવડી આવી. એ મંડળી ગઈ ત્યાં દીવેરના જુવાનીઆઓની નાવ આવી. દીવેરની મંડળી તો વાસણકુસણ સુદ્ધાં લઈને આવેલી ! આવા લોકોને કાઢી કેમ મુકાય ? ને કાઢી મુકવા મારું અહીં છે પણ શું ? છતાં કેટલાક વિઘ્ન-સંતોષી લોકને આ વાત રુચતી નથી. પ્રભુએ ધાર્યું હોય તે ખરું, પણ લોકની આવજા દિનદિન વધતી જાય છે ખરી. અતિ શ્રમને લીધે ત્રણ ચાર દિવસથી તાવ પણ સખત આવે છે. તમને છેલ્લો પત્ર

લખ્યા પછી એક પણ લીટી લખી નથી. ભાદ્રપદમાં ગ્રંથ પૂરો ભાગ્યે જ થાય, કેમકે વધુ લોક આવવાની વકી છે અને શરીર સારું રહેતું નથી. જમણા હાથમાં દરદ પણ ઉપડ્યું છે એટલે પહેલાંના જેવી ઝડપથી લખાતું પણ નથી. છતાં આ બધી ગુરુમહારાજની કસોટી છે અને તમારા બધાના સંકલ્પબળથી હું એમાંથી પાર ઉતરીશ એવી મને પૂર્ણ શ્રદ્ધા છે.

રંગ-હૃદયમ્‌ની પાંચેક નકલ કોઈ આવનાર મળે તો મોકલી આપશો. એકબે જ રહી છે. બીજી આવી ગઈ છે. બે ત્રણ અવધૂતી આ. પણ. દાસની તબિયત સારી થઈ ગઈ છે ને એમની કોરટોની ટીચામણી પાછી-દીવાળી સુધી પૂર્ણ આરામ લેવાની અવધૂતની આજ્ઞા છતાં-શરૂ થઈ છે. જો કે ગુ.પૂ. પછી હજી અહીં આવવાની ફુરસદ નથી મળી.

ગ્રંથના બધા મળી ૧૨૦ અધ્યાય થઈ ગયા છે. બીજા ૩૦-૩૫ થવાનો સંભવ છે. કોઈ જનાર મળશે તો મોકલી આપીશ. નહિ તો બધું પૂરું થયે પાર્સલથી, સર્વને શુભ આશિષ. કાશીશંકરનો પંદરેક દિવસથી ધામો છે. લીલોડ રહે છે. સાંજે અહીં આવે છે.

**– રંગ અવધૂત**

## ૧૭૯

નારેશ્વર, ભા.વ. ૭, ગુરુવાર
(૨૪-૯-'૩૨)

ભાઈ મોદી,

આનંદ છે, તમારો પોસ્ટકાર્ડ, અ. આ. વગેરે મળ્યાં. અવધૂતના આરામ પર આજ સુધી નારેશ્વરમાં લોકોએ ધાડ કરી ન્હોતી પાડી. જન્માષ્ટમીથી ભા.શુ. ૧૦ સુધી ખૂબ જ તાવ આવ્યો ને પરિણામે લીટી પણ લખાઈ નહિ. ક્રમે તો શરીર બેહદ નરમ બની શીતળ થયું. છેવટે તાવને પ્રાર્થના કરી કે, હે તાવ ! તને પાછો કાઢું એ મારી સાધુતાને છાજે તેવું નથી, પણ ગુરુમહારાજના કામ માટે દેહને સ્વસ્થ રહેવાની જરૂર છે; માટે તારે આવવું હોય તો કામ પૂરું થયા પછી ભલે દસગણા જોરથી આવજે, પણ હાલ તો વદાય લે એ જ ઠીક, એમ કહી વિઠ્ઠલની મદદથી સ્નાન કર્યું અને પ્રાણ ચડાવી લોકોને ભયંકર લાગતી શીતળતા દૂર કરી. બીજે દિવસથી તાવ બંધ તો થયો છે; પણ વચમાં લોકોને મોકલી કામ કેટલે આવ્યું તેની ખબર કઢાવે છે. ગ્રહણને દિવસે સ્હાંજે દીવેરના લોકની નાવડી આવી. સાથે દાસ પણ આવેલા. એમની તબિયત ના કહેવા છતાં કરજણ વગેરે ઠેકાણે રખડવાથી અને મોઢું બેદોર છૂટું મૂકવાથી ફરીથી કંઈક બગડેલી. હવે ઠીક હશે એમ માની લઉં છું. વદ ચોથને દિવસે દીવેરથી બૈરાં છોકરાંની બીજી નાવડી આવી, પણ બેત્રણ કલાક રહીને જ પાછી વળી; છતાં દહાડો બગડ્યો ! ડભોઈથી એક ભાઈ સમાગમાર્થે બેત્રણ દિવસથી આવ્યા છે. આઠેક દિન રહેવાનું કહે છે. અન્ય લોકની પણ આવજા રહે છે. કાશીશંકર શુકલતીર્થના બે-પાંચને લઈ આસોમાં પાછા આવવાનું લખે છે ને તાવ ગયો છતાં શરીરમાં પૂરતી સ્ફુર્તિ નથી !! તેથી લખવાનું ક્યારે પૂરું થશે તે નક્કી કહી શકાય તેમ નથી. છતાં આખી રાત જાગીને પણ દશેરા સુધીમાં બધું પૂરું કરી ચૌદેક દિવસ અપવાસ ને

અનુષ્ઠાન કરી દિવાળી પછી તુરત જ દ્વીવેસ્નો વાયદો પૂરો કરી કોઈ દૂર અજ્ઞાત સ્થળે આરામાર્થે જવા વિચાર છે. ડભોઈના એક ભાઈ મહારાષ્ટ્રમાં જાઉં તો સાથે આવવા તત્પર છે, પણ હજી મેં કંઈ નક્કી કર્યું નથી. જવાનું માત્ર ચોક્કસ છે. એટલે દત્તજયંતી નારેશ્વર ૯૯ ટકા નહિ કરું. તમારે આવવું હોય ને રજા મળી શકે તેમ હોય તો દશેરા પછી આઠેક દિવસ આવી જાઓ. ગ્રંથસંબંધી અને અન્ય પણ કેટલીક વાતચીત કરવી છે. નહિ તો ગ્રંથ પૂરો થયે કાગળ તો હું લખીશ જ. મળવાનું દેવની ઈચ્છા હોય ત્યારે! બીજું રંગહૃદયમ્ છએ વેચાઈ ગઈ છે. હોત તો ગ્રહણ પર એકાદ જાત પણ ખરી. અ.આ. પણ બે-ત્રણ જ સિલક હશે. ઉપનિષદોની વાતોની પણ એક પ્રત એકે માગી છે. દત્તક પંચપદી, દત્તપાંચ નામાવલિ, પાંચ નામસુધા ને નામસ્મરણ-બધું વિઠ્ઠલે મંગાવ્યું છે. પાર્સલ કે બુ.પો. હોય તે ભલે કોરલ આવે પણ કાગળ તો હંમેશાં લીલોડ જ મોકલવો. નારાયણને લખી દેજો કે દિવાળી પછી અહીં પત્ર ન લખે, એ જ બધાંને શુભ આશિષ. પેલા બાબુ બેરિસ્ટરનું કેમ છે ? પેલો નિરંજન મારા પર ખૂબ છંછેડાયો છે, પણ એનું પુરાણ રૂબરૂમાં.

– પાંડુરંગ

## ૧૮૦

નારેશ્વર બુધવાર સ્હાંજ
(૨૧-૧૦-૩૨)

ભાઈ મોદી,

ખૂબ આનંદ છે. તમારો પત્ર આજે જ મળ્યો. ગ્રંથ પૂરો થઈ ગયો છે. પૂર્ણાહૂતિ ગુરુદ્વાદશીએ કરવી છે. તાવે દેખો દીધો નથી, પણ અશક્તિ ખૂબ આવી ગઈ છે. ધનતેરસ સુધી અપવાસ ને અનુષ્ઠાન ચાલુ છે અને દ.જ. અહીં કરું એટલે પોષ મહિના સુધી આરામ છાપરે મૂકવાનો; છતાં તમારો સંકલ્પ હશે તેમ થશે, પણ શરીરને આરામ નહિ મળે તો એ એકદમ અટકી પડી બીજાને બોજારૂપ થઈ પડશે, માટે મહિનો બે મહિના કંઈ ગયા વગર છૂટકો નથી. પ્રભુ જવા દે ત્યારે ખરું !

તમારી સાથે મારે કેટલીક ખાસ વાત કરવી છે એટલે જાતે આગ્રહ કરીને કોઈને સાથે લાવશો નહિ. પ્રેમથી કોઈ આવે તો ભલે !

છોટાલાલ કે અન્ય કોઈ પણ બહારથી પત્ર લખે તેમને ઘટતો આશિષ ઉત્તર લખી દેવો. અવધૂતની સાથે જેણે પાંચ મિનિટ શુદ્ધ ભાવથી ગાળી છે તેને પરમાત્મા કદી વિસારનાર નથી. બાકી અવધૂત તો પથ્થર છે. છતાં તમારી સત્યનિષ્ઠા હશે તો એ પથ્થરમાં દેવત્વ પ્રગટી મહદ્ભયથી તમને તારશે, એમાં જરાય શંકા નથી. સંભારે તે સર્વેને જય ગુરુદેવદત્ત.

– પાંડુરંગના આશિષ

તા.ક. : વ્યાસને નકલો મોકલાવી કે નહિ તેની તપાસ કરાવેલી ?

– પાંડુરંગ

૧૮૧

દીવેર, શુક્રવાર,
(૧૨-૧૧-૩૨)

ભાઈ મોદી,

ખૂબ આનંદ છે. તાવ પૂર્વવત્ પાછો નોકરી પર રજૂ થઈ ગયો છે. શરીરમાં અશક્તિ વધતી જાય છે ને પેટનો કાચબો પણ મોટો થઈ કૂદ્યા કરે છે છતાં ૩ પછી ગીતા પ્રવચન કરું છું. ભિક્ષા લીધા પછી એક વાગ્યા સુધી તદ્દન આરામ લઉં છું.

દ.જ. ની હકીકત જાણી. અહીં ઘી દોઢશેરનું મળશે. જો અહીંથી લેવાનું હોય તો અમાસ પહેલાં ખબર મળવી જોઈએ. બીજો સામાન મીયાંગામથી લાવવો હોય તો વાંધો નથી. સાફસૂફ અહીં થઈ જશે છતાં તમને બધાંને અનુકૂળ પડે તેમ કરવું. અહીંથી શેઠ આવ્યા પછી લાવવાનો હોય તો વાંધો નહિ. નહિ તો વેળાસર ખબર મળવી જોઈએ. ભજનની ટુકડીઓ બરાબર કેળવાવી જોઈએ, નહિ તો હસવા જેવું થાય. માટે રવિવારે કે ગુરુવારે બધાં ભેગાં મળી એની યોગ્ય તાલીમ લેવા ચૂકવું નહિ. છેવટે એ વિષે બધાંને પ્રેમ અને ઉત્સાહ તો હોવો જ જોઈએ. આરતી ને નારેશ્વરસ્તોત્ર આવડવું જ જોઈએ.

જગ્યાની સાફસૂફી અમાસ સુધીમાં થઈ જશે. પાંચમ સાતમ સુધીમાં દાસ સાથે હું નારેશ્વર જવાનો પ્રયત્ન કરીશ. બૈરામાંથી એકાદ બે શેઠ સાથે જ આવે, જેથી સાફસૂફીના કામમાં મદદ થાય. મારું શરીર તદ્દન નબળું થવા બેઠું છે એટલે નારેશ્વર વહેલો જાઉં તો પણ અનુકૂળતા મળે તો તમે લોકો આવો ત્યાં સુધી મૌન જ સેવવા વિચાર છે. ને જયન્તી પછી તરત જ ઓંકારેશ્વર જવા વિચાર છે. હું નથી એમ માનીને જ બધું કરવાનું છે. ફોટો દાસનો દાસને ત્યાં છે તે આપશો.

પાર્સલમાં મારે ખાસ આચાર્યના પ્રકીર્ણ ગ્રંથોની જરૂર હતી તે છે જ નહિ. અવધૂતના ફોટા પણ લોકોની ઉત્કંઠાની કસોટી જ લેતા દેખાય છે. પાંચ-દશ રં. હ. પણ હોત તો ઠીક રહેત. બીજું પાર્સલ પરવડે તો મોકલશો. નહિ તો જયંતીએ. બધાને શુભ આશિષ.

– પાંડુરંગ

મીંઢોળ ને સુરાસામળના વાયદા ચૂકવ્યા છે. બીજા એકબે આ તરફના બાકી છે. છતાં તબિયતની નાદુરસ્તીને લીધે અહીંથી નારેશ્વર જ જઈશ.

## ૧૮૨

દીવેર, કા.વ. ૧૪ શનિ
(૨૭-૧૧-૩૨)

ભાઈ મોદી,

તમને અમુક બાબતનો ચોક્કસ કાગળ અમાસ પહેલાં લખવા લખેલું પણ તમારાથી તે બન્યું નથી ને તેથી મારી મુશ્કેલી કેટલી વધી છે તેનો તમને ખ્યાલ પણ નહિ હોય. કંઈક કંઈક પ્રશ્નોનો જવાબ શો આપવો તે સૂઝતું નથી ને બધા પૂછે છે અવધૂતને. હશે. પણ હવે ત્યાંથી સામાન લાવવાની ભાંજગડમાં પડશો નહિ, તમારો પત્ર ન આવ્યો એટલે બધું અહીંજ તૈયાર કરી લેવાનું ઠેરવ્યું છે. આ શહેર-વસ્તી નથી કે બધું એક દહાડામાં તૈયાર થઈ જાય. એટલે તમને વેળાસર લખવાનું કહેલું.

ચોથની સ્હાંજે અહીંથી નારેશ્વર જવા ઉપડું છું. રંગહૃદયની ૧૦-૧૫ નકલ જરૂર લાવશો. ફોટા તમારા ઊંઘી ગયા લાગે છે. તે ભલેને જાગતા હોય તોએ ભલે. પણ અહીંની મંડળીને અહીંનો ફોટો વધારે ગમે છે એટલે તેના તેજ સીન સાથે અથવા વધારે સારો સીન પડે તો બદલીને એકાદ ડઝન તે જ સાઈઝના ને દોઢેક ડઝન ન્હાની સાઈઝના પડાવી સાથે જરૂર લાવશો. પગ ઝાંખો પડશે. છે તે ઠીક કરાય તો ઠીક. એક ધોળી લીટી પડી છે તે ભૂંસાઈ જાય. ફોટોની લોકોત્કંઠા વધતી જ જાય છે ને સાથે તમારી ઊંઘ પણ વધતી જાય છે.

મારું શરીર તદ્દન નબળું થઈ ગયું છે ને તાવ રોજ આવે છે. ત્રણ ચાર દિવસથી તો ઉધરસ પણ ઉપડી છે ને અવાજ બેસી ગયો છે છતાં ત્રણથી ગી.પ્ર. (ગીતાપ્રવચન) કરું છું. તમારી જયંતીની ભાંજગડ ન હોત તો અહીંથી જ ઉપડી જાત. હવે તો જયંતી પછી તરત જ નાસી છૂટવાનો વિચાર કરું છું. અનેક ગામનાં નિમંત્રણો તો છે જ પણ બધાના વાયદા ભવિષ્ય પર રાખી હાલ આરામ જ લેવો ઈષ્ટ છે. પત્ર લખો તો હવે નારેશ્વર.

**– પાંડુરંગ.**

## ૧૮૩

દીવેરનું ભાઠું
સોમવાર બપોર

પારસલ મળ્યું, નાથાભાઈને સોંપ્યું છે. નકશા એકંદરે ઘણા જ સારા છે. તેમાં ઊડતી હકીકત મેળવેલી હોવાથી ગુજરાતના ગામોનાં નામો અશુદ્ધ લખાયાં છે કેટલાંક. મેં ગયે વખતે પાણની ઝાડીમાં જે સૂચવેલાં તે ઝાડીનાં આ નકશાઓમાં છે.

નકશા નં. ૧૧માં 'કાઠી રાજ્યને' બદલે 'કાંટી રાજ્ય' જોઈએ. કાઠીથી કાઠીલોકોનું એવો

બોધ થાય છે. કાંટીનું ભીલ રાજ્ય છે.

નકશો નં. ૧૩ કોરલથી ત્રણેક માઈલ ઉપર હોજ મૂકવાની જરૂર છે ત્યાં બે જેઠમાં જાત્રા ભરાય છે ને દેવલાં નીકળે છે. એનું માહાત્મ્ય ઘણું છે.

ચેટીદ્રાને બદલે ત્રોટીદ્રા, ટાશાડીને બદલે તરસાલી, તરસાલીથી થોડે દૂર બે એક માઈલને છેટે અરણ્યેશ્વર (સિદ્ધેશ્વર). અરણ્યેશ્વર માહાત્મ્ય તમારી પાસે હોય તો મોકલવું સુધારીને.

કાટપુરને બદલે કતપુર,

પહેલાના નકશા વગેરે નારેશ્વર પડ્યું છે એટલે એમાં સુધારો વગેરે નથી સૂચવતો. પ્રથમ પત્રમાં સૂચવેલું બસ છે. નીચે સાથેના પાનામાં વિશેષ વિવરણ નીચે છાપેલું છે. તેમ છાપવા જાત્રા વગેરે ટૂંક લખી મોકલું છું.

શૂલપાણેશ્વર ચૈત્ર વ. ૩૦ ભાડભૂતેશ્વર બે ભાદ્રપદમાં અધિક ભાદ્રપદમાં જાત્રા, કડોદ અધિક વૈશાખમાં શુકલતીર્થ કાર્તિ. શુ. ૧૫ હોજ અધિક જેષ્ઠમાં. રણાપુર ચૈત્ર શુ. ૧૫ દીવેર અધિક વૈશાખ. ગંગનાથ ગંગાસપ્તમી, અનસૂયામાં આસો સુ. ૭, ચાંદોદ કરનાળી ચૈત્ર ૧૫ ઘાટપક્કા. દ. તટ રામપુરા, માંગરોળ, કુંભેશ્વર, હનુમંતેશ્વર, વરખડ, નાવરા, ભાલોદ ॥ ઉ. તટ ભડોચ, સીનોર, ભંડારેશ્વર, વ્યાસ, ગંગનાથ, ચાંદોદ, કરનાલી, તિલકવાડા પાસે મણિનાગેશ્વર, ગરુડેશ્વર.

ગરુડેશ્વરથી ત્રણેક માઈલ દૂર એજ તટપર સૂર્યકુંડ, દીવેરને બદલે એણે દીવેલી લખ્યું છે તે સુધારાય તો ઠીક વેરુગામને બદલે વીરગુગ્રામ લખ્યું છે તે પણ સુધારવું જ જોઈએ ને વિશેષ વિવરણમાં સામને નારેશ્વર (કપર્દીશ્વર)

રામપુરામાં રણછોડજીની નીકળેલી મૂર્તિનું વિવેચન કર્યું હોય તો તેના ઉપર દશાવતારનાં ચિત્રો છે તે ખાસ લખવું જોઈએ. ગુજરાતના નકશામાં પ્રથમ પત્ર પ્રમાણે સુધારો થાય તો ઠીક ને સાયરને લીલોડની વચમાં નારેશ્વર (કપર્દીશ્વર) મૂકી શકાય તો જરૂર મૂકવું. નારેશ્વરની પહેલાંની સ્થિતિ ને અત્યારની સ્થિતિ તથા દિવસે દિવસે એનું વધતું જતું માહાત્મ્ય તમે લખી મોકલ્યું જ હશે. એટલે એને સ્થાન તો મળશે જ, છતાં એને ન આપવું હોય તો અતિ આગ્રહ કે દુરાગ્રહ તમારે ન કરવો.

નર્મદારહસ્યના ગ્રંથનું પ્રકરણ આથી બંધ કરવું. સરખેજના શ્રીના ફોટાની ખટપટ કરવાની જરૂર નથી. ચિત્રકારને એ ન ગમ્યો હોય તો સારો નીકળશે જ નહિ. અત્યાર સુધીના બધા ફોટાઓમાં સૌથી સારો જે લાગે તેની તદન ન્હાની તે દિવસે નક્કી કરેલી સાઈઝ કાઢવાની છે તે બધા ભક્તોએ મળી નકકી કરવું.

પંચપદીનું છાપકામ ચાલું થયું હશે. એના ક્રમમાં વગેરે ફેરફાર કરવાનો નથી. મારા

પત્રમાં લખ્યા પ્રમાણે જ બધું કરવું. માત્ર પ્રસ્તાવનામાં તમારે કંઈ સુધારો વધારો કરવો યોગ્ય જણાય તો તે કરવો. ધૂનોનો ક્રમ બધો એનો એજ. નવી ધૂનો પહેલાં લખ્યા પ્રમાણે બધી સાથે (નર્મદાગીતમ્‌ની ઉપર જૂની તેવી રીતે) દત્તભજનમ્ ને આરતીની વચમાં, આરતીનો ક્રમ પણ છે એજ.

જો જૂની પ.પ.નો ઉપયોગ કરવો જ હોય તો આપણા ફેરફારો બધા બસો અઢીસો પ્રતમા નોખા છપાવી નવી પંચપદી પ્રમાણે ક્રમાદિની સૂચના લખી જૂનામાં ચોંટાડવી જોઈએ. તેને બબ્બે પૈસે આપીશું પણ એ લેનાર નહિ જેવા નીકળશે. એટલે એ મફત વહેંચી ખૂંટાડીશું ને તે નિયમિત પંચપદી કરનાર બધા નવી વેચાતી લેશે. એમાં એક પણ પ્રત gratis આપવાની નથી જેથી એનો દુરઉપયોગ ન થાય.

પંચપદીની વાર માગણી કરવા છતાં પ્રતો ન મળી એટલે જ નવી છાપવાની કલ્પના લોકના આગ્રહથી ઊભી થઈ. લોકની એ તૃષ્ણા હવે જૂનીથી છીપવાની નથી. માટે વારંવાર એ વિષે પૂછાવવાનું મૂકી દઈ એકદમ કામ શરૂ કરો. દિવસ ગયા એ બધા સોનાના ગયા છે. મારો પત્ર આવતાં જ એ છપાવવા આપી દીધી હોત તો અત્યાર સુધીમાં તૈયાર થઈ જાત. પત્રમાં શંકાને સ્થાન જ ન હતું છતાં તમે તડાકીદાસોની સાથે ચર્ચામાં પડી છપામણીનું કામ લંબાણ પર નાંખ્યું એ ઠીક નથી થયું. મારે લોકને એની તાલીમ આપવી છે. મીંઢોળના લોક એ ઘણી સારી રીતે તાલબદ્ધ કરે છે. નવી આવી ગઈ હોત તો કેટલાય લોક એ કરતા થઈ ગયા હોત. બીજો પત્ર મળતાંની સાથે છાપવા માંડી હોત તોએ અત્યાર સુધીમાં તૈયાર થઈ જાત, પણ હજીએ તમારે પૂછાવવાનું જ રહ્યું છે. તમે જાણો છે કે મને એકની એક બાબત પર ફરી ફરી લખવું પડે તો મરણ સમાન લાગે છે છતાં ફરી ફરી દરેક કાગળમાં એજ વાત કેમ છેડાય છે તે પ્રભુ જાણે. ખરું જોતાં તો મારે લીટી પણ લખવી ન પડે ને બધું નિયમબદ્ધ થયા કરે એ જ સ્પૃહણીય છે છતાં તમારા લોકોની ચૂંથણાં ચૂંથવાની ટેવ જ જતી નથી એ બિલકુલ સારું નથી. અમાસ સુધી મુકામ અહીં છે તેમાં આ દશેક દિવસ તો નકામા કાગળો લખવામાં જ ગયા !

તમે એકાદ દિવસ જ આવવાના હો તો નકામી દોડાદોડ કરી આવવાની જરૂર નથી. અહીંના અવધૂત મુકામનું દૃશ્ય અપૂર્વ તો છે જ પણ એમાં જરાયે લાભ ન લેવાય તો માત્ર આવવાની ખાતર જ આવવાની જરૂર નથી. ફોટાનું નક્કી જ થાય તો ભલે આવજો.

મારું પેટ ત્રણ ચાર દિવસથી વધતું હોય એમ લાગે છે ને રખડીને હું કંટાળ્યો છું એટલે મગનભાઈને ત્યાં જનોઈ પર આવીશ નહિ એવું લખી નાખ્યું છે છતાં એ નહિ જ માને તો જવું પડશે. બાકી અધિક પૂરો થતાં જ નારેશ્વર જઈ થોડો મળે તો આરામ લઈશ.

લીલામૃતના ત્રણ ભાગ જ કરીશું- સાઈઝ મોટી નક્કી કરી છે તે. ટાઈપ તમે મોકલેલો

ઠીક છે. ભાગ છૂટા હોય તો એ લેનારને ઠીક પડશે. આખો 'વોલ્યુમ' લેનાર ગામડામાં ભાગ્યે જ કોઈ નીકળે. શરૂ ક્યારે કરવું તે તમારી સાથે રૂબરૂમાં નક્કી કરીશું. મારે રહેવું જ પડે તો નડીઆદ રહીશ. અમદાવાદ આવવાની મારી વૃત્તિ નથી, છતાં અમદાવાદ આવવું જ પડે તેમ હોય તો મુકામ સાબરમતી કિનારે રાખીશ.

....ની તબિયતના સંબંધમાં હું શું લખું ? બચુની તબિયત પણ એ લોકોએ હાથે ચૂંથી નાખેલી, છતાં પ્રભુએ વ્હાર કરી ને એ કથળેલું ગાડું ઠેકાણે પડ્યું. ગયા ચોમાસામાં જ એમને ઉપાય બતાવેલો. ત્યારથી અત્યાર સુધી એ કર્યો કર્યો હોત તો નખમાંએ રોગ ન રહેત. પણ શ્રદ્ધા ન હોય તો હું ક્યાંથી આપું ? એક પત્રમાં પ્રારબ્ધનો ખુલાસો મેં એમના સંબંધમાં જ મોઘમ કરેલો. મને લાગે છે એમની બાબતમાં તમે કોઈ અનુભવીની સલાહ લો તે ઠીક. હું વૈદ્ય કે દાક્તર નથી. મારો ભરોસો એક ગુરુમહારાજ પર. એમને એમાં સો ટકા વિશ્વાસ ને શ્રદ્ધા ન હોય તો મારું પામરનું કાંઈએ ચાલે નહિ. હું નાહક વચમાં પડું (ને પડું તોએ એ મારું કહ્યું કરનાર નથી) ને ન કરે નારાયણ પણ કંઈ ન બનવાનું બને તો તમને નાહક લોકાપવાદ ચોંટે. બચુના જન્મ પહેલાં પણ એમનું શરીર આવી રહેલું તે તમને યાદ હોય તો.... એ મને પત્ર લખેલો. ત્યારે અતિ પ્રબળ સંકલ્પ ત્યાં ફેંકવો પડેલો. આજે એ સ્થિતિ નથી. આજે તો અવધૂતના સંકલ્પ સાથે એમની શ્રદ્ધાત્મક પૂર્ણ સહાનુભૂતિ હોય તો જ કદાચ ગાડું ઠેકાણે પડે. આ તમને નિરાશ કે નાહિંમત કરવા નથી લખતો, પણ તમારો ને મારો મીઠો સંબંધ અજ્ઞાનીઓની મધ્યસ્થીથી ખાટો ન થવા પામે તેટલા પૂરતું જ લખું છું. એ જલદી સાજાં થાય એવો મારો પુણ્ય સંકલ્પ ને હાર્દિક આશીર્વાદ તો છે જ, પણ ઉપાય તમે કોઈ અનુભવી વૈદ્ય કે દાક્તરને પૂછીને ચાલુ કરશો. પણ એમના જીવન પર કોઈપણ જાતની ટીકા ન કરતાં એટલું તો સૂચવું જ કે શારીરિક ને માનસિક સંયમ એજ એમની કે કોઈની તબિયત સુધારવાનો સારામાં સારો ઉપાય છે.

ઘણુંખરું અમાવાસ્યાની સ્હાંજે અહીંથી મુકામ ઉઠાવીશ ને ભરૂચ જવાનું નહિ થાય તો વૈ.શુ. પડવાની રાતે નારેશ્વર જઈશ.

તોલાશંકર તમને મળશે જ. તે અહીંની બધી વાતચીત કરશે. ચિ. જયંતીની પરીક્ષા થઈ ગઈ હશે. સંભારે તે સર્વેને જય ગુરુદેવદત્ત.

– **પાંડુરંગના શુભાશિષ**

## ૧૮૪

નારેશ્વર, (૧૧-૩-૩૩)

ભાઈ કમળાશંકર,

આજે સ્હવારે જ નારેશ્વરમાં પગ મૂક્યો ને તારો પત્ર મળ્યો. શિવરાત્રિ ભરૂચ કરી. ત્યાર

પછી દીવેર, મીંઢોળ, રણાપુર, કોઠીયાની મુલાકાત લઈ અહીં આવ્યો. શરીર પ્રકૃતિમાં ત્યાંના કરતાં ખાસ ફેર નથી. માત્ર હલકો ખોરાક લેવા માંડ્યો છે ને તે પચે છે એટલું શુભ ચિહ્‌ન છે. છતાં પૂર્વવત્ શરીર થતાં દસેક માસ નીકળી જશે. બાકી પરમાનંદ છે. અને કોઈ જાતની ચિંતા કરવા જેવું નથી.

ભજનમાં પ્રમાદ કરવો નહિ, એટલે બધું ઠીક જ થશે. હાલ એજ. સ્મરણ કરે તે સર્વને જય ગુરુદેવદત્તપૂર્વક શુભ આશિષ.

**– રંગ અવધૂત**

## ૧૮૫

નારેશ્વર ફા.વ. ૪,
બુધવાર સ્હાંજ (૧૫-૩-૩૩)

ભાઈ મોદી,

તમારો પત્રનો જવાબ વિઠ્ઠલે આપેલો તે મળ્યો હશે. અહીં ખૂબ આનંદ છે. નારેશ્વર આવ્યે આઠ દિવસ થઈ ગયા. આ વખતના જેટલી ટીચામણ ભાગ્યે જ કોઈવાર થઈ હશે ને હજીયે પ્રભુ બેસવા દે ત્યારે ખરું ! બીજા લોકોની માગણીનો જવાબ ના આપું તોએ મગનભાઈ વગેરે મને સાથે લઈ એકવાર– બને તેટલી વહેલી તકે– ગુંજ જવા ધારે છે, ત્યાં સાથે ગયા વગર છૂટકો નથી. એમનો વિચાર તો ફા.વ. ૧૨ પર પૂ. ગાંડા મહારાજશ્રીની પુણ્યતિથિએ જ જવાનો હતો, પણ મારી નાદુરસ્ત તબિયતને બહાને મેં જેઠ મહિનાનો વાયદો કર્યો છે. જો જેઠ મહિને જવાનું થાય જ તો છેવટે મારું ચોમાસું એ તરફ જ થાય. હું માની લઉં છું કે આવી તબિયતમાં ગુરુમહારાજ મને ત્યાં નહિ જ મોકલે. જો કે એમની આજ્ઞા મારે શિરસાવંદ્ય છે.

પેટ ત્યાં કરતાં ખૂબ ઢીલું થયું છે ને આસન લગભગ બધાંએ સહેલાઈથી લાગી શકે છે. (રખડવામાં લગભગ મહિનો અનિયમિતતાને લીધે કાંઈ જ ન્હોતું કર્યું, નહિ તો અત્યાર સુધીમાં અડધું દરદ નાઠું હોત) ખાવામાં એકાદ બે પુરી ને નહિ જેવી દાળ સાથે ભાત રાખ્યું છે. બપોરે છાસ–ભેંસના દૂધની–લઉં છું ને પાણી પણ જરૂર પડ્યે પીઉં છું. સ્હાંજે પાશેરેક દૂધ. નવા જવ મંગાવ્યા છે ને આવશે એટલે જવની થૂલી ખાવા વિચાર છે. દીવેરનો એક બ્રાહ્મણબાળક સાથે રહે છે એટલે રાંધવા–કરવાની ઉપાધિ નથી ને તમને આપેલા વાયદા સુધીમાં પેટ જરૂર સારું થઈ જશે, એટલે કોઈ જાતની ચિંતા કરશો કે કોઈને કરવા દેશો નહિ.

જો રજાઓમાં તમે ચોક્કસ આવવાના હો– મારી તબિયતને બહાને માત્ર કોઈને આવવાનું પ્રોત્સાહન ન જ આપવું, કેમકે એ બાબતમાં હું દેહને પ્રારબ્ધસેવા પર જ છોડવા માગું છું – તો તો ઈનામદારની પોથી જાળવીને સાથે લાવજો, નહિ તો રેલવે–પારસલથી કોરલ મોકલી આપશો.

વા[illegible]ળા ફોટા અહીંના લોકને ન ગમ્યા ને મને પણ લાગે છે કે તે દહાડે મને બીજી

વખતના કાચનો જે ફોટો બતાવ્યો તેવો એ નથી. કેટલેક ઠેકાણે ડાઘા પડી ગયા ને ચહેરો કંઈક મોટો થોથર આવેલા જેવો જણાય છે એમ લોકનું કહેવું છે. ન્હાના તો બધાએ ઠીક છે. દ્રીવેરના ફોટાના પૈસા તો મળી ગયા હશે. ફોટા લોકને ગમ્યા હોત તો વાળવાળા કેટલાક એનલાર્જ પણ કરાવવાની ઈચ્છા રાખતા હતા; પણ હવે એમનું એ ફોડી લેશે.

તમારી તબિયતની બાબતમાં મેં તમને અનેકવાર લખ્યું છે ને મોઢે કહ્યું છે એથી બીજું શું લખું ? મને તો લાગે છે કે ધાતુવિકાર દવાઓથી મટવાને બદલે ઊલટો કાળે કરી વધે છે. સંયમ એ એક જ એના પર રામબાણ ઈલાજ છે, છતાં રૂબરૂમાં એના પર આપણે છેલ્લી ચર્ચા કરી લઈશું. તમને યોગ્ય લાગે તો કોઈ દાકતરની સલાહ ભલે લો.

બાળકૃષ્ણની બાબત પણ તેવી જ છે. કોઈ સારો ભાગીદાર મળે તો એને ધંધામાં જરૂર જોડો ને જેનો એને અનુભવ હોય તે જ વેપાર ઠીક. સ્થાન અમદાવાદ સારું, પણ ધંધામાં જોડાએલો જોવાની ખાતર ફાવે તેને ભાગીયા તરીકે ના ગોઠવી દેવો.

સંભારે તે સર્વેને શુભ આશિષ સાથે જય ગુરુદેવદત્ત.

ચિ. જયંતીની પરીક્ષાનું કેમ ? હાલ એજ.

**લિ. રંગ અવધૂત**

તા.ક. : જાંબુડાં મળવા લાગે એટલે એજ એકલાં ખાઈ થોડા દિવસ રહેવા વિચાર છે.

## ૧૮૬

નારેશ્વર, શુક્રવાર બપોર
(૧૮-૪-૩૩ ના રોજ મળેલો)

ભાઈ મોદી,

તમારો અને એક ઋષિનો બંને પત્ર મળ્યા છે. તમે પરબિડીયામાં ટીકીટ મૂકવાનું લખો છો પણ એમાં તો એકેય ટીકીટ ન મળી ! બાકી મૂળ આનંદ છે. શરીર ધીમે ધીમે હાથમાં આવતું જાય છે. જોઈતો આરામ માણસની આવજાને લીધે મળતો નથી અને કોકવાર તો આસન કરવા જેટલુંય એકાંત નથી મળી શકતું એટલે ધારી પ્રગતિ નથી થઈ શકતી, છતાં હવે ગાડી પાટા પર આવી ગઈ છે ને ફીકર કરવા જેવું નથી.

ભાઈ વ્યાસ વિષે શું લખ્યું તે હું સમજી શક્યો નથી. એમને શું અને કઈ મર્યાદામાં રહી લખવું તે નથી જાણતો. તેથી યોગ્ય લાગે તો મારા વતી તમે જ લખી નાખશો. સાથે એક ન્હાનો પત્ર તો લખી મોકલ્યો છે, ઠીક જણાય તો એક નકલ કરી લખી મોકલશો. એમાં સંસ્કૃત લિપિનો બાધ આવે તો ગુજરાતી લિપિમાં લખવું. લાંબું જોઈતું હોય તો આપણા શ્લોક સાથેલા સર્વ પત્રો લખી મોકલવા. પણ મને લાગે છે કે એ બધું રહેવા દઈએ. જેલમાં ગયા પછીનું આપણું વાતાવરણ જ ટૂંકમાં લખી મોકલવું ઠીક.

નારેશ્વરના આપણા ઈતિહાસમાં લોકના indifference કે દુર્લક્ષની પ્રથમ અવસ્થા

પૂરી થઈ છે ને પ્રત્યક્ષ વિરોધની બીજી અવસ્થા શરૂ થઈ છે. એથી ગભરાઈ ન જતાં તમે લોકો ધીરજથી એ વટાવી જશો એટલે એનાથી વિકટ ત્રીજી વિજયાવસ્થા પ્રાપ્ત થશે ને એમાં જો અચલ રહેશો તો અંતિમ શાંતિ કે જયજયકારની અવસ્થા આવી મળશે.

એક તરફ...ની પેલી અસંતુષ્ટ છાટકા ભજનમંડળીએ પૂરતું વેર લેવાની ને બને તો અવધૂતને સ્વધામ પહોંચાડવાની પ્રતિજ્ઞા કરવાની વાત મળી છે. એમાંના કેટલાંક સ્ત્રી-પુરુષોએ નારેશ્વરના સ્થાનનો બહિષ્કાર તો પ્રથમ પગથિયા તરીકે કરી જ દીધો છે- ને બીજી તરફ...ને...ના લોકો અવધૂત પર તૂટી પડ્યા છે ને ના કહેવા છતાં ખસતા નથી. એટલે રંગ શો જામશે તે પ્રભુ જાણે. સમડી પ્રકરણ ચાલે જ છે, છતાં આ બધું સાંભળી તમારે ચમકવાનું નથી. સંતોના જીવનમાં લોકસતામણીનો શાંત સામનો એ પણ એક સાધનક્રમ જ છે. એ વિરોધ કે સતામણી કેટલી હદે પહોંચે છે ને પહોંચી શકે તે તમે જાણો જ છો. પણ કંઈ ન બનવાનું બને તો તમે એકદમ દિઙ્મૂઢ ન બની જાઓ માટે જ આટલું લખ્યું છે. વધુ રૂબરૂમાં. અવધૂત તો સાવ નિર્ભય અને આનંદમય છે, એ લખવાની જરૂર નથી જોતો.

ઋષિને મારા વતી દિલાસો આપશો ને કહેશો કે સ્મશાનવૈરાગ્ય બાજુએ મૂકી દ્વિતીય લગ્ન કરે.

આજથી એકલો જ છું. બેત્રણ દિવસથી જવની થૂલી ખાવા માંડી છે. પેલો બ્રાહ્મણબાળક દિવેર ગયો છે.

તમે આવો ત્યારે પોથી ને કર્મવાળું પેલું ગુજરાતી પુસ્તક જે ચુનીલાલને ત્યાં મૂક્યું છે તે લાવવાનું ભૂલતા નહિ. (પછી નીચેનો વ્યાસદેવનો પત્ર શરૂ થાય છે.)

## ૧૮૭

નારેશ્વર, નર્મદાતટાક

પ્યારે વ્યાસદેવ,

તમે તો જેલમાં બિરાજો છો, ને અવધૂત રખડે છે. આસીનો દૂરં વ્રજતિ-બેઠો બેઠો દૂર ઘૂમે છે ને શયાનો યાતિ સર્વત:-સૂતો સૂતો જગતની સહેલ કરે છે ! તમારા મહેલમાં કોકવાર આવે છે કે ? આવતો તો જરૂર હશે પણ તમે એને ભાગ્યે જ પિછાનતા હશો. કોકવાર દારોગાને વેષે તો કોકવાર જેલરને વેષે, કવચિત્ કૂતરાને રૂપે તો કવચિત્ કાગડાને રૂપે, બધે એજ ભમે છે. એના વિશ્વરૂપમાં જેલ, મ્હેલ, કેદીભેદી બધા સરખા છે.

લખવા જાઉં છું તો કલમ નથી ચાલતી, મનમાં વિચાર જ નથી ઉદ્દભવતો. એટલે હાલ તો મૂગા સ્મરણમાં જ આનંદ માનશો. 'અવધૂતી આનંદ' તો તમે જોએલો જ. 'રંગહૃદયમ્' તમને મોકલાવ્યું છે. એ દ્વારા જોઈતી વાતો કરી લેજો. ચોમાસું દક્ષિણમાં થવાનો સંભવ છે. તેમ થશે અને ને જોગવાઈ મળશે તો રૂબરૂમાં મુલાકાતે આવી જઈશ.

શરીર તો સારું હશે. મળેલા એકાંતનો યોગ્ય ઉપયોગ તો તમે કરો છો જ એ હું જાણું

છું. જેલમાંથી નીકળશો ત્યારે દુનિયાને મારે ને તમારે માટે કંઈક લેતા આવશો. એ વિષે પણ મને શંકા નથી. છતાં બે બોલ લખી નાખું છું કે:

ભાષણં ભષણં વિદ્ધિ ચિત્તસ્વાસ્થ્યપ્રહારકમ્ ।
સભા ભાસો વૃથા લોકે તસ્માજ્જાગૃહિ જાગૃહિ ॥

[1]કં ધ્યાયેત્ કં વદેત્ સાધો મન: કે હ્યેવ વેશયત્ ।
અન્યા વાચો વિમુઝ્ચેત કં સર્વથા વિભાવયેત્ ।

**– રંગ અવધૂત**

તા.ક. : ત્યાંથી પત્ર લખવાની છૂટ હોય તો તમારો નિત્યક્રમ વગેરે લખી મોકલશો.

**– રંગ અવધૂત**

મગનભાઈનો કાગળ છે. જેઠમાં જવાનો ઇરાદો કરે છે. મેં બને તો દત્તજયંતી પછી રાખવા કહ્યું છે. થાય તે ખરું. કપિલેશ્વરસ્તોત્ર જોઈએ તો વ્યાસને મોકલશો.

**– રંગ અવધૂત**

તા.ક. : સમડીપ્રકરણ વિષે તમારે કંઈ જ કરવાનું નથી. બધું થઈ જશે. તમે બધા નિશ્ચિંત પ્રભુનું ભજન કરો. એજ...

## ૧૮૮

નર્મદાનું ભાઠું, શનિવાર સ્હાંજ
(૫-૫-૩૩)

ભાઈ મોદી,

આનંદ છે. તમારો પત્ર હમણાં જ મળે છે. વાડીલાલ વગેરેની સગવડતા માટે મુકામ નારેશ્વર હોય તો જ ઠીક. એટલે હું અમાવાસ્યા સુધીમાં નારેશ્વર જઈશ. મોડામાં મોડો ૧૩ ની સ્હવારે જઈશ. ત્યાર પહેલાં આવો તો દીવેર થઈ અહીં આવશો કે આપણે સાથે સાથે નારેશ્વર જઈશું.

તબિયત ત્યાંના કરતાં રૂપિયે આઠ આની સુધરી છે. અહીં સગવડતાની ખાતર થૂલી બાજુએ મૂકી ઘઉંની પૂરી ખાવાનું રાખ્યું છે પણ એ અનુકૂળ નથી. જાંબુ થાય કે ખોરાક બંધ કરી એકલાં જાંબુ ખાવાનો વિચાર છે, જે અહીં કે નારેશ્વર જોઈતાં મળી શકશે.

અહીં આવનારે સુવર્ણના અલંકારાદિ ઘેર મૂકીને આવવું. બીજું ચ્હા વગેરેનું વ્યસન હોય તો સાથે સામગ્રી લેતા આવવું. બાકી બધું લીલોડ મળી રહે. શાકપાન પણ વખતે ન મળે. દીવેર જાઓ તો પ્રથમ ત્યાં પત્ર લખવો....

તા.ક. : પોથી ભૂલાય નહિ. સર્વને શુભ આશિષ.

**–રંગ અવધૂત**

૧૮૯

નારેશ્વર
બુધવાર બપોર
મે ૧૯૩૩

ભાઈ મોદી,

તમારો પત્ર લઈને હમણાં જ મૂળીબહેન ને હરિબા આવ્યાં. જવાબ તો મેં પ્રથમથી જ લખીને દાસ સાથે સોમવારે મૂળીબહેનને વાંચવા માટે કહાણે મોકલાવેલો, તે તમારા પત્ર સાથે- જે રણાપુરથી ચુનીલાલ કહાણે લઈ આવ્યો-સાથે બીડું છું. ઋષિને એ વંચાવવો.

ઋષિ વગેરેને મારા વતી ઘટતો દીલાસો આપશો. નર્મદાબહેનનું આયુષ ગયે વરસે જ પૂરું થયેલું. એ આટલા મહિના કેમ ને કેવી રીતે વધ્યું તે હું નહિ લખું, પણ દેવની દયાને બધાએ દાકતરનું miracle માન્યું.... હશે. પ્રભુને ગમ્યું તે ખરું. એમાં માણસનું ડહાપણ કે દોઢડહાપણ કામમાં આવતું નથી. ઋષિને દ્વિભાર્યાયોગ છે જ. નર્મદાબહેનના જવાથી ઋષિ સાગરની માયામાંથી થોડેઘણે અંશે મુકત થશે ને નહિ થાય તો એમને પરાણે મુકત કરવા માટે પ્રભુ એમના પર બીજો પ્રસંગ આણશે, છતાં એ સંબંધમાં હું મૌન સેવીશ. વર્તમાન દુઃખ એ ભાવિ સુખનું બીજ છે એટલું મારા વતી ઋષિને કહી દેશો. બીજું બધું તો તમારે માટે જ લખ્યું છે.

મારું દક્ષિણમાં જવાનું ભરૂચના લોકની ઈચ્છા ને અનુકૂળતા પર રાખ્યું છે. હું એ સંબંધમાં - તબિયત સારી થઈ છે એટલો પણ- પોતે થઈને પત્ર લખવાનો નથી. જવાનું થશે તો પણ તમે આવી ગયા પછી થશે. તમારી જમીન જોવા તમારી સાથે સાથે જ પાછા ફરવાનું રાખીશું.

તબિયત સુધરે છે, પણ કીડીને વેગે. સોમવારથી સ્હાંજે ભજનમાં બેસું છું. સ્હવાર તો સ્નાનાદિમાં જ જાય છે. બપોરે આરામ લઉં છું. પેલો દીવેરવાળો છોકરો છે એટલે અનુકૂળતા છે.

તમને એક સૂચના કરું ? તમને જે સ્વપ્નાં આવે તે તરત જ લખી કાઢશો ? એમાં કાંઈ પણ પડતું ન મૂકવું કે કાંઈ પણ કપોળકલ્પિત ન લખવું. બને તેટલી પ્રમાણિકતાથી યાદ રહે તેમ લખી કાઢવું ને તેનો અભ્યાસ કરવો. એથી વખતે ઘણો લાભ થશે. હાલ એજ. સંભારે તે સહુને શુભ આશિષ.

**- રંગ અવધૂત**

તા.ક. : આ બીડતાં જ કમળાશંકર ને ચુનીભાઈનો પત્ર મળે છે. બધા ઋષિને

---

૧. બ્રહ્મ

આશ્વાસનનું લખે છે. તમે બધા ત્યાં છો એટલે એમના દુઃખમાં ભાગ પડાવશો, છતાં મારા વતી યોગ્ય આશ્વાસન આપશો.

## ૧૯૦

નારેશ્વર, બુધવાર સ્હવાર
(૨૧-૬-૧૯૩૩)

ભાઈ મોદી,

તમારો પત્ર કાલે સ્હાંજે જ મળ્યો. તમે આ શનિવારને બદલે આવતે શનિવારે તેડવા આવો તો ઠીક. બીજું કે કોઈ પણ સ્થળની કોઈ પણ વ્યક્તિને પૂર્ણિમા નિમિત્તે નિમંત્રણ કરવું એ એમના પર મારી દૃષ્ટિએ નકામું એક જાતનું નૈતિક દબાણ લાવવા જેવું છે ને જે વસ્તુ એમને ન કરવી હોય તો પરાણે કરાવવા જેવું છે. માટે તેમ હરગીજ ન કરવું. જેને એ વસ્તુનું મહત્ત્વ લાગે તે ભલે સ્વયંસ્ફૂર્તિથી આવે. તટસ્થ વૃત્તિવાળા જીવન્મુક્તોનું તો એવા પ્રસંગે દર્શન પણ ન થાય એવું જ ઈચ્છવા જેવું છે. માત્ર જે પૂછે તેને મારું ચોમાસાનું સ્થાન અને આવવાનો દિવસ માત્ર કહેવાં. ગુરુવાર સ્હાંજ સુધીમાં ત્યાં જે કોઈ આવે તે જોઈ પછી કાર્યક્રમ નક્કી કરવો. તમારા એકલાનો સત્યસંકલ્પ ને સાચી નિષ્ઠા હશે તો બધું સર્વોત્તમ જ થશે. ભજન પણ મહાત્મા કોટિમાં અપ્રવિષ્ટ લોક જ સારું દીપાવશે. બધું થઈ રહેશે. તમારે એની લેશ પણ ચિંતા કે કલેશ કરવો નહિ. ગુરુમહારાજ સમર્થ છે. તમારા પત્ર ઉપરથી અમુક વ્યક્તિઓને હું... રહું ને... કરતાં ત્યાંનું ચા. માસ ચઢીયાતું થાય એ રુચતું નથી એમ લાગે છે પણ Care not. god is great. His plans are unfathomable. (ચિંતા નહીં, પરમાત્મા મહાન છે. એની યોજના અથાગ છે.)

અહીંની મંડળીને હું ત્યાં આવનાર છું એ વિદિત છે. એજ સર્વને શુ.આ.

– **રંગ અવધૂત**

## ૧૯૧

નારેશ્વર, ગુરુવાર સ્હાંજ
(૯-૯-૩૩)

ભાઈ મોદી,

ખૂબ આનંદ છે, તમારો પત્ર કાલે જ મળ્યો. જે છે તે ઠીક છે. જીવન ક્ષણભંગુર છે. બીજાની મૂર્ખતાનો વિચાર કરી તેમાં કટુતા કાં ભેળવવી ?

અશ્રદ્ધયા હુતં દત્તં તપ સ્તપ્તં કૃતં ચ યત્ ।

---

★ મીરેકલ = ચમત્કાર

અસદિત્યુચ્ચતે પાર્થ ન ચ તત્પ્રેત્ય નો ઈહ ॥

એ સત્ય નથી શું ?

ભાથામાંથી બાણ નીકળી ચૂક્યું છે, પણ હજી ધનુષ્ય સાથે જોડાયું નથી, એ એક સ્થિતિ છે. ભાથામાંથી બાણ નીકળી ચૂક્યું છે અને ધનુષ્ય સાથે જોડાઈ દોરી આકર્ણ ખેંચાઈ છે એ બીજી સ્થિતિ છે. બાણ ભાથામાંથી નીકળી ધનુષ્ય સાથે જોડાઈ છૂટી ચૂક્યું છે, એ ત્રીજી સ્થિતિ છે. આને જ કોઈ નિવાર્ય દુર્નિવાર્ય ને અનિવાર્ય પ્રારબ્ધ કહે છે. નિવાર્ય સ્વપ્રયત્ને વારી શકાય, દુર્નિવાર્ય પ્રભુનો લાડીલો કોઈ વિરલ સંત મહાત્મા વારે, પણ અનિવાર્ય તો ભોગવ્યે જ છૂટકો. માટીમાંથી મૈડ ને મૈડમાંથી પથ્થર બને છે, તેમ અનિવાર્ય એ નિવાર્યનો જ પરિપાક છે. બાણ ધનુષ્યથી છૂટ્યું નથી ત્યાં સુધી જ પ્રયત્ન. પછી તો પ્રોદ્દીપ્તે ભવને તુ કૂપખનનમ્ । (પ્રત્યુદ્યમ: કીદશ: ?)

દાક્તર શ્રાવણ પૂરો થતાં જ ચાલ્યા ગયા છે. ગ.ચ.થી બંને વખત ભજનમાં બેસું છું એટલે આસનાદિ ભાગ્યે જ થાય છે. પ્રકૃતિ સાધારણ છે. કાર્તિક સુ. ૧ એ રણાપુર જવા વિચાર છે. દાસનો આગ્રહ તો દીવાળી જ ત્યાં કરાવવાનો છે પણ રાગદ્વેષ ટાળવા હું તેમ નથી કરવાનો. ત્યાંથી પાંચમે ભાલોદ જઈ ફરતા ફરતા કાર્તિક અમાસ સુધીમાં કડીયા ડુંગર પર મુકામ નાખવા વિચાર છે. ઉ.નિ. (ઉપનિષદોની વાતો) ત્યાં સુધીમાં મળશે તોએ ચાલશે. અને નહિ મળે તો પણ હું એના વગર ચલાવી લઈશ. અનેક વિચારને અંતે મારે દત્તજયંતીએ નારેશ્વર ન રહેવું એજ ઠીક એમ લાગ્યું છે ને એ ધોરણે જ બધો પ્રવાસક્રમ ગોઠવાયો છે. જળવાય ત્યારે ખરો !

'પુસ્તકાલય'ને એક રં હ. (રંગહૃદય) અવલોકનાર્થ મોકલવું. સર્વથા ભજનમાં પ્રમાદ કરવો નહિ. બીજું બધું એની પાછળ ઘસડાઈ આવશે. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત

**– રંગ અવધૂત**

## ૧૯૨

દત્તકુટીર–નારેશ્વર, ભા.વ. ૧૩ વાર રવિ.
વિ.સં. ૧૯૮૯; ૧૭–૯–૧૯૩૩

ભાઈ મોદી,

તમારો પત્ર ગઈ કાલે જ મળ્યો. પિત્તપ્રકોપ થવાથી શરીર કંઈક અસ્વસ્થ હતું એટલે તરત જવાબ લખી શક્યો નહિ. આજે સાધારણ ઠીક છે.

વ્યાસદેવ આવીને ક્યારનાય પાછા પણ ગયા. એમણે તમને પત્ર નથી લખ્યો ? સ્તોત્રોની વાતચીત રૂબરૂમાં જ કરીશું. ઉત્તમ રસ્તો તો એ જ છે કે તમારે જાતે જ પારાયણ કરી એના રહસ્યનો સાક્ષાત્કાર કરી લેવો. વૃત્તિભેદે પરિણામભેદ એ સનાતન સત્ય છે. એમાં વર્ણવેલી બીનાઓનો સાક્ષાત્કાર–અપરોક્ષ સાક્ષાત્કાર, પોપટીયા નહિ–કરી શકશો તો તમારે શાંતિ માટે

બહાર બીજે ત્રીજે ફાંફાં મારવાં નહિ જવું પડે, હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે એમાં રહેલાં સત્યોનો સાક્ષાત્કાર કરનારને માટે જીવન્મુક્તિ પદદાસી છે.

સ્તોત્રોમાં બેત્રણ ભૂલો રહી ગઈ છે. સાયંસ્મરણમાં એક ઠેકાણે વાઙ્ગમાનસોપ્યવિષયમ્ લખાઈ ગયું છે તેને બદલે વાઙ્ગમાનસાતિગગુરુમ્ દત્તનામસ્મરણમાં એક ઠેકાણે દક્ષા ગંગા વગેરે છે તેને બદલે વામા ગઙ્ગા દક્ષનાસાર્કજા અને એક ઠેકાણે દદન્તિ લખ્યું છે તેને બદલે દદન્તે, દષ્ટિદોષથી બીજી કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય તો મને સ્મરણ નથી. મારી પાસે નકલો નથી નહિ તો હું બધું તમારા કાગળના lightમાં સંદર્ભમાં ફરીથી જોઈ જાત ભેષજં ભેષ૦ એજ બરાબર છે. ભેજષં હોય તો તે ભૂલ છે.

આસનોની બાબતમાં મેં તમને અનેકવાર લખ્યું છે. એ સૂચનાઓ મુજબ વર્તવાથી કદાપિ કોઈ પણ જાતનું નુકસાન થવાનો સંભવ નથી. કોઈ પણ આસન પર બે કલાક શાંતિથી બેસી શકાય ત્યારે એ સાધારણ સિદ્ધ થયું કહેવાય. પૂર્ણ સિદ્ધિ માટે છ કલાકની સ્થિરતા અપેક્ષિત છે. શીર્ષાસનથ¡ insanity આવે છે ? પણ insanity એટલે શું ? દરેક માણસને પોતાનાથી વિરુદ્ધવૃત્તિના લોકો insane લાગે છે. અને એ અર્થમાં એથી insanity જરૂર આવે છે અને આવશે. શીર્ષાસનથી સિદ્ધિથી વીર્યનો પ્રવાહ ઊર્ધ્વગામી થાય છે. જેમ જેમ એ સિદ્ધ થતું જાય છે તેમ તેમ કામવાસના મંદ થતી જાય છે. કામવાસના મંદ થવી ને આગળ જતાં નિર્મૂળ થવી- જો કે તત્ત્વચિંતન વગર એકલા આસનમાત્રથી એ કદાપિ બનવા નથી પામતું - એ કામી લોકોની દષ્ટિથી જરૂર insanity છે અને તમે કલાકથી વધારે વખત એ આસન કરવાનો મહાવરો રાખશો તો વહેલી મોડી એ insanity તમારામાં આવે પણ ખરી. હવે એ insanityને આવકાર આપવો કે લાત મારીને બહાર કાઢવી એ તમારી પોતાની ઈચ્છાની વાત છે એટલે એ બાબતમાં હું કંઈ ન લખું.

સ્તોત્રો છપાવવા સંબંધી મેં કંઈ જ વિચાર નથી કર્યો-કરતો પણ નથી. ભિખારીનો બાદશાહ થઈને બેઠો છું ને ધીમે ધીમે કંગાલિયતનો શહેનશાહ થવાથી મહત્વાકાંક્ષા રાખું છું. એટલે એવાં કામ હું ક્યાંથી અને કેમ કરું ? જેને સ્વાર્થ સાથે પરમાર્થ સાધવો હશે તે એને છપાવી પ્રસિદ્ધ કરશે. હું તો સ્વાર્થ ને પરમાર્થ બેથી પર થવાનો પ્રયત્ન કરી રહ્યો છું. માત્ર બેઠો બેઠો ડોશીમાની માફક ડાહી ડાહી વાતો કરું. બીજું મારાથી કંઈ જ ન બને. બીજું પણ એક મામુલી પુસ્તક મેં તૈયાર-લગભગ કર્યું છે. આપણી બંનેની મિત્રતાના જાહેર ચિહ્ન તરીકે મારે તમને એકાદ પુસ્તક આપવું એવો મારો ઘણા દિવસથી વિચાર હતો- મેં એકાદ વખત એ તમારી આગળ કહી પણ બતાવ્યો હશે. ચાર સંસ્કૃત અને એક હિંદી પ્રશ્નોત્તર મેં ભેગાં કર્યાં છે ને તેના પર ટૂંક ગુજરાતી વિવેચન કરી 'પ્રશ્નોત્તર ગીતા' નામથી એને પ્રસિદ્ધ કરવા તમને સોંપવા વિચાર છે. આ લખું છું એનો અર્થ એ નથી કે તમારે એ કોઈપણ ભોગે છપાવવું જ જોઈએ. વાંચી જોઈ તમારે એનો તમને મનગમતો ઉપયોગ કરવાની પૂર્ણ છૂટ છે. સ્તોત્રોની બાબતમાં મને તો મૂળ છપાય ને દરેક જણ જાતે એમાંથી મંથન કરી નવનીત નિકાલે એ જ

પસંદ છે. પણ ગુ. વગર કોઈ સમજશે નહિ એવી કેટલાકની ઈચ્છા હોવાથી મેં ભાષાંતર વિષે તમને લખેલું. વ્યાસ ભાષાંતર કરે છે. મેં એમની સાથે ચર્ચા કરી છે ને એમની શંકાઓનું નિવારણ પણ કર્યું છે. કોઈ છપાવનાર જાગશે ને મને અનુકૂળતા હશે તો હું બધું ભાષાંતર ફરીથી જોઈ જઈ recast કરીશ. દત્તનામસ્મરણ એક નોખા પુસ્તકના આકારમાં ભાષાંતર અને ટૂંક વિવેચન સાથે-અને બીજાં બધાં સ્તોત્રો એક અલગ પુસ્તકાકારમાં-માત્ર ભાષાંતર સાથે છપાય તો ઠીક એમ મને લાગે છે. વધુ વાતો રૂબરૂમાં.

હું તો ઈચ્છું છું કે તમે નોકરીની બેડીમાંથી કાયમના મુક્ત થઈ કોઈ સ્વતંત્ર ધંધો કરો તો સારું. પણ પ્રતિકૂળ સંજોગોને લીધે તેમ ન બને તો અનુકૂળ સમયની રાહ જોઈ ત્યાં સુધી ભા. બોર્ડીંગમાં જ સુખે દુ:ખે ખેંચ્યા કરો. બને તો બોર્ડીંગ છોડી શાળામાં દાખલ થાઓ એટલે તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થશે...માં તમને-બીજી બાબતોનો વિચાર ન કરું તોપણ પગાર સંતોષકારક નહિ મળે. હા, એક વાત બનશે ત્યાંથી મારી પાસે ઈચ્છા હશે તો વારંવાર આવી શકાશે. વ્યાસનો વિચાર પણ ભીલમંડળ છોડવાનો છે. તમે પ્રેસ કાઢવાનો વિચાર કરો વ્યાસ તેમાં જોડાય ખરા. રૂપિયા વ્યાજે લાવીને પણ બને તો પ્રેસ કાઢવું એવું એ મને કહેતા હતા. ત્રણેક હજારમાં સાધારણ પ્રેસ ઊભું થઈ શકે એવી એમની ગણત્રી છે. બાવાજી ને તમે જોડાઓ તો ? પ્રેસ નહિ તો બીજું કંઈ પણ સ્વતંત્ર કામ ઉપાડો. ને એ ન બને ત્યાં સુધી ભાટીયા શાળા કે બોર્ડીંગ. દોડમદોડામાં સાર નથી.

કેશવલાલના સ્મારક સંબંધી મેં તમને ઘણું લખ્યું છે. જો જૂના ગોખલે પુસ્તકાલયની સાથે એ જોડાએલું હોય તો તો તે કાઢી ન નાખવું પણ તદ્દન નવેસર કામ હોય તો ગોખલેના નામની જરૂર નથી ને હોલ ને લાયબ્રેરીનાં જૂઠાં નામોની પણ જરૂર નથી. જો જૂના પુસ્તકાલયનું ને આનું જોડાણ કરવાનું હોય તો ગોખલેનું નામ જરૂર રાખવું એ કાઢી નાખવું એ એક જાતની કૃતઘ્નતા છે. તમે આજે ગોખલેનું નામ કાઢી નાખો તો કાલે બીજો કેશવલાલના નામની એ જ દશા કરી નાખે. પેલા હોલ સંબંધી જો શાખા બંધ થવાની હોય તો પછી કેળવણી મંડળના અસ્તિત્વનો શો ઉપયોગ ને એને હોલ સોંપવાનો અર્થ શો ? કેળવણી મંડળને પછી કામ શું કરવાનું ? હા. બીજી કોઈ જાહેર સંસ્થા હોય ને તેને હોલ સોંપાય તો તે ઠીક. લાયબ્રેરીના વ્યવસ્થાપક મંડળને-બીજી સંસ્થાને અભાવે એ સોંપાય તો શું ? પણ એ માણસ સાથે ચોકખી વાત કરીને કબજો મેળવવો ઠીક. શબ્દછલ એ તો પાપ જ છે. એ માણસ શાળા વગર બીજાને નામે ન આપે તેમ હોય તો તે ન મળે એજ ઠીક. પણ છળથી તો કબજો ન જ મેળવવો.

હવે તમારા આવવા સંબંધી. તમારા અનુષ્ઠાનનું સ્તોત્ર મેં જોયું નથી. તમે મને લખેલું તે મુજબ મેં તમને આ.વ. ૮નો દિવસ બતાવેલો. એજ અનુષ્ઠાન કરવું હોય તો એમાં બતાવ્યા પ્રમાણે કરવું ને તે ૮મે જ શરૂ કરવું. અને તે માટે તમારે ૭ ની સ્હાંજ સુધીમાં અહીં આવી જવું જોઈએ. વહેલા આવવાની કંઈ જ જરૂર નથી. તૈયારીમાં વ્યવસાયાત્મિકા બુદ્ધિ. અનુષ્ઠાન કરો કે ન કરો પણ જો તમારે લાંબો વખત રહેવાનો વિચાર હોય તો જ એ વખતે આવો. માત્ર એક બે

૧૭૨

દિવસ હવા ખાવા આવવું હોય તો તો કા.વ. ૩ જે કે એ પછી આવવાનો વિચાર રાખો. મારું અનુષ્ઠાન કા.વ. ૩ પૂરું થાય છે. તમે આવશો તો ત્યાર પછી મારો વિચાર તમારી સાથે પરાશરાશ્રમ જોઈ આવવાનો છે. તમે અનુષ્ઠાન કરશો તો પણ એ અરસામાં તે પૂરું થશે. તમારો કાગળ વેળાસર મળશે- એટલે દસ પંદર દિવસ આગળ જ લખશો તો-તો સ્ટેશને કોઈને મોકલીશ. વ્યાસનો આવવાનો કાગળ તેઓ આવીને ગયા પછી આઠ દિવસે મળ્યો ! એટલી ટપાલની નિયમિતતા ! અહીંયા છે ! અહીં આવવા માટે મીયાગામથી સાંજે પાંચેક વાગ્યાને સુમારે ગાડી છે. માલોદને સ્ટેશને ઉતરવું. કોઈ સ્ટેશને ન હોય ને બારોબાર મારી રાજધાનીમાં આવવાની હિંમત પહોંચે ને ઈચ્છા થાય તો સ્ટેશનની બરાબર સ્હામે ઉગમણી બાજુએ ધજા દેખાશે ત્યાં સીધા પૂછતા પૂછતા ચાલ્યા આવવું. નહિ તો લીલોડ ગામનો રસ્તો પૂછતા લીલોડ ગામ જવું ત્યાં વિઠ્ઠલભાઈ જાધવભાઈ પટેલને ત્યાં જવાથી એ મારે મુકામે લાવી પહોંચાડશે. રતનલાલ પણ એ ઘરમાં જ રહે છે એટલે તકલીફ નહિ પડે. એમ ન કરતાં બારોબાર આવવું હોય તો પણ નારેશ્વરનો રસ્તો કયો એમ પૂછવાથી કોઈ પણ માણસ સ્ટેશનેથી બતાવી દેશે.

અશક્તિ ખૂબ છે. પાંચ કલાક લઈ આટલો કાગળ લખ્યો છે. હવે પિત્ત બેસી ગયું છે. એટલે એકાદ દિવસમાં ઠીક થશે.

– **પાંડુરંગ**

## ૧૯૩

નારેશ્વર
આ.શુ. ૧૩, રવિ.
(૪-૧૦-૩૩)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. સાટોડીનું સત્વ વાપરવાની મારી ઈચ્છા નથી. જરૂર જણાશે તો કોઈ અનુકૂળ જગ્યાએ રહી-ફરી થોડા દિવસ ભાજીનું જ સેવન કરી લઈશ. તેમ જ કામળાનીએ આવશ્યકતા નથી. મારો કામળો હજી કામમાંથી ગયો નથી.

અવધૂતે લીધેલાં પગલાં સંબંધી પૂર્ણ હકીકત તો કોક વાર રૂબરૂમાં, પણ એટલું તો લખી જ નાખું કે એ પૂર્ણ વિચારાંતે લેવાયું છે, એની શરીર પર વિપરીત અસર છે ને અશક્તિ વધતી જાય છે છતાં શરીરનો વિચાર કર્યે અવધૂતને પાલવે તેમ નથી. સેતાન શરીરનો દ્વેષ કરે છે, એ પડે તો એનો દ્વેષ તો સંતુષ્ટ થાય ને ? અને અશક્ત બને તોએ એટલે દરજ્જે એનો દ્વેષ આનંદ પામે ને ?

જયંતીએ મને રાખવાનો આગ્રહ યા દુરાગ્રહ કરવો નહિ. અર્ધદગ્ધ લોકોની સરદારી કરી મારે ગધેડે બેસવું નથી. ઈચ્છામાં આવે તો ઉત્સવ કરવો નહિ તો ઘેર બેઠે ભજન કરવું.

દિવાળી પછી પૂર્ણિમા સુધી પત્ર 'ભાલોદ, વાયા અંકલેશ્વર, ધનસુખલાલ કરુણાશંકર પંડ્યાને સરનામે' અને ત્યાર પછી 'ઝઘડીયે રેવાશંકર'ને સરનામે લખવો.

બાકી ખૂબ આનંદ છે. મારા તરફથી કોઈ જાતની ચિન્તા કરવી નહિ. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત.

**પાંડુરંગની શુભ આશિષ**

## ૧૯૪

નારેશ્વર, આ.વ. ૪ શનિવાર

(૯-૧૦-૩૩)

ચિ. ભાઈ કમળાશંકર,

તારો પત્ર આજે જ મળે છે. શ્રા.વ. ૫ ઉપર ઋષિ નડિયાદ આવેલા તેમને હું અષ્ટમીએ અહીં આવનાર છું એવી તને ખબર આપવા કહેલું. પણ ઋષિ વેળાસર પત્ર લખી જણાવે તો ઋષિ મટી આપણા જેવા પામર માણસ ના થાય ?

અહીં તો કેવળ પરમાનંદ છે. હાલમાં અઠવાડિયે માત્ર ગુરુવાર અને રવિવારે જ બોલું છું. બાકીના દિવસે મૌન હોય છે વગેરે પ્રકાર મૂળીબહેને કહ્યો જ હશે. દિવાળી અહીં જ કરી કા.શુ. ૧ એ સ્હાંજે રણાપુર જાઉં છું. ત્યાંથી પંચમીએ ભાલોદ થઈ શુકલતીર્થ, ઝઘડીયા, અવિધા, પારડી, પડવાણીયા, નાંદોદ વગેરે ઠેકાણે ફરી પડવાણીયા પાસે કડીયા ડુંગર પર થોડા દિવસ નિવાસ કરવા વિચાર છે. પછી તો ગુરુમહારાજ જેમ ઠેરવે તેમ ખરું.

તારો અભ્યાસ ઠીક ચાલતો હશે. સંસાર એ પરમાર્થ શીખવાની પાઠશાળા છે. એ અમૃતમય છે કે વિષમય તે કહેવું મુશ્કેલ છે. પણ-

Life is a comedy to those who see, and a tragedy to those who feel. એ કથનમાં ઘણો જ સત્યાંશ છે. નાટકમાં નાચનારની ફજેતી છે. જોનારને તો આનંદ જ છે; માત્ર એમાં સત્યત્વની બુદ્ધિ ન જોઈએ. દરિયો ભલેને ફાવે તેટલો તોફાની ને વિફરેલો હોય પણ સુકાન જ્યાં સુધી અનન્ય ભાવે ગુરુમહારાજને હસ્તક સોંપી દીધેલું હોય ત્યાં સુધી એના ભક્તે દેહનાવડીની જરાએ ચિંતા કરવા જેવું નથી. મન પર સ્હેજ પણ ખિન્નતાનું વાદળ છવાય કે અવધૂતના આનંદનું સ્મરણ જાગ્રત કરવું ને ગુરુમહારાજની અનંત લીલાનો વિચાર કરવો. એ સ્મરણના ટીપેટીપામાં અખિલ સંસાર-સિંધુની ખારાશ દૂર કરવાનું સામર્થ્ય નથી શું ? હાલ એ જ. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત.

**- રંગ અવધૂતની શુ.આ.**

## ૧૯૫

નારેશ્વર મંગળ સ્હાંજ
(૧૯-૧૦-૩૩)

ભાઈ મોદી,

તમારો પત્ર અત્યારે જ મળ્યો. પેલું પોસ્ટકાર્ડ પણ મળેલું. મારા નામથી કોઈ કાંઈપણ લખે તેમાંથી સત્યાસત્ય ને ગ્રાહ્યાગ્રાહ્ય શું તેનો તમારે સ્વબુદ્ધિએ જ વિચાર કરવાનો રહ્યો. તે દરેકના સત્યાસત્યની મીમાંસા કરવી મને પરવડે નહિ.

શુક્રવારે સ્હાંજે રણાપુર જાઉં છું. ત્યાંથી મંગળવારે ભાલોદ, પૂર્ણિમાએ શુકલતીર્થ વગેરે વગેરે....

**– રંગ અવધૂત**

## ૧૯૬

નારેશ્વર ગુરુવાર સ્હાંજ
(૧૫-૧૧-૩૩)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. ચતુરભાઈની તાકીદની ચિઠ્ઠી આવવાથી અરણ્યેશ્વર ન જતાં હું અમલઝરથી જ નારેશ્વર પાછો આવ્યો છું.

બીજું તમે જયંતીએ આવો ત્યારે થોડા ફોટા ન્હાના મોટા લેતા આવશો. સિલકમાં નથી. પેલો મોટો તૈયાર થયો હોય તો મોકલશો, જેથી કબાટે જોઈએ તેવું બનાવી શકાય વેળાસર.

લાકડાં અંકલેશ્વરથી લેવામાં આવશે. હાથ અમદાવાદ કરતાં ઠીક છે, પણ હજી બે આની કસર છે. બાકી આનંદ છે. નાથાભાઈ બેત્રણ દિવસથી આવી પડ્યા છે. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત.

**– રંગ અવધૂત**ના શુભાશિષ

તા.ક. : જાહેરખબર તૈયાર થઈ હોય તો મોકલશો.

## ૧૯૭

કડીયાડુંગર
માર્ગ૦ સુ. ૩, સોમવાર
વિ.સં. ૧૯૯૦ ૨૦-૧૧-૧૯૩૩

ભાઈ મોદી,

ખૂબ આનંદ છે. તમારો પત્ર મળ્યો છે. બધું એમ જ ચાલે છે. વેશ્યાનો પુત્ર કોને બાપ કહે ?

હનુમાનજી થઈને રહે તે ઘેર ઘેર પૂજાય, પણ દશરથ થવા જાય તેના કરમમાં તો રડી રડીને મરવાનું જ હોય !

ઝાડનાં જુનાં પાંદડાં ખરી પડે છે ને નવાં આવે છે, વખત જતાં એ ખરી પડે છે ને પાછાં બીજાં આવે છે, પણ ઝાડનો જીવનરસ તો એનો એજ, એ તો સદાય લીલું ને લીલું જ ! ખરી પડનાર પાન માત્ર કોહી જઈ હતાં ન હતાં થઈ જાય છે !

ભોગ્ય ને ભોક્તા એક જ છે, પણ ભોગ્ય કંઈ ભોક્તા બની શકે ? અન્ન અને દાંત બંને એક જ છે - પૃથ્વીપ્રધાન છે, પણ અન્ન કંઈ દાંત બની શકે ? બધું અટપટું છે તપસી ! વિચાર કર, તો સમજાશે.

અવધૂત તો અરણ્યમાં ડુંગર પર જઈ બેઠો છે, છતાં અહીંયે લોકની આવજા તદ્દન બંધ નથી. અહીંથી અમલઝર, પારડી થઈ નાંદોદ જવા વિચાર છે ને ત્યાંથી વ્યાસનારાયણને ત્યાં. પછી તો પ્રભુએ જેમ ધાર્યું હોય તેમ ખરું.

શેઠને મેં કુટી બંધાવવાનું ચોકખું ના કહેલું, છતાં એ કેમ બંધાય છે તે પ્રભુ જાણે ! ઈટમાટીની કુટીનો મોહ છોડી દરેક જણ પોતાના અંત:કરણની મેદિનીમાં અનન્ય નિષ્ઠાના પાયા પર વિશુદ્ધ પ્રેમની કુટી બાંધી તેમાં અવધૂતને પધરાવે તો કેવું સારું ? પણ લોક મંદિરના પૂજારી છે ! દેવ કરતાં મંદિર એમને વધારે વહાલું લાગે છે. મંદિર દેવનું સ્મારક છે પણ દેવ નથી, એ તત્ત્વ લોક ક્યારે સમજશે ?

ઈનામદારની જમીના સંબંધમાં ફાવે તેવું લખાણ કરી લો, પણ એમાં સીધું કે આડકતરું અવધૂતનું નામ ન આવે એ માટે પૂરી કાળજી રાખશો...

- **રંગ અવધૂત**ના શુભ આશિષ

## ૧૯૮

નારેશ્વર, બુધવાર સ્હવાર
(૨૩-૧૨-૩૩)

ભાઈ મોદી,

તમારો પત્ર કાલે જ મળ્યો. આનંદ છે. પેટનો કાચબો બે દિવસ જુવાન ને બે દિવસ ઘરડો, એમ ચાલે છે. લોકોની બહારગામનાઓની આવજા મૌન હોવા છતાંય તદ્દન બંધ નથી જ; ને ગુરુ તથા રવિવારે તો દહાડો ઊગે ત્યારથી તે આથમે ત્યાં સુધી પાંચ-પચીસ બેઠેલા જ હોય છે. આવી સ્થિતિમાં લોકનું માગતું પૂરું નહિ તો વ્યાજ પણ આપવું જ જોઈએ, એમ વિચારી વ. ૧ ને સોમવારે રણાપુર જાઉં છું. ત્યાંથી મંગળવારે મીંઢોળ થઈ પંદરેક દિવસમાં આજુબાજુના ગામડાં પતાવી અમાસ પછી ૮-૧૦ દિવસ માટે ધરમપુર જવા વિચાર છે. પત્ર અમાસ સુધી દીવેરના સરનામે લખવો.

બે દિવસથી તોલાશંકરનો સહકુટુંબ મુકામ પડ્યો છે. કાલ સ્હાંજથી બે દીવેરના પણ આવી પડ્યા છે. ફાવે તેમ પણ નારેશ્વરનો ઈતિહાસ રચાઈ રહ્યો છે. આવે વખતે જો તમે લોકો બાર મહિને જયંતીનો જલસો (!) કરી પોતપોતાને મુકામે ગયા એટલે બધું પતી ગયું એમ માની પ્રમાદ કે દુર્લક્ષ રાખી પડી રહેશો તો એ જાણીને કે અજાણતાં થએલી ભૂલ માટે આગળ પસ્તાવો થશે.

ધરમપુરથી આવ્યા પછી બનશે તો ઝાલોદ વ્યાસ ભગવાનના દર્શનાર્થે જઈ આવીશ. ગયે સોમવારે એક રાત વડોદરે ઈનામદારના ગુરુશ્રીને મળવા જઈ આવ્યો. હાલ એજ... નિયમાવલિ 'દાસ' પર રણાપુર મોકલી આપશો. અહીંની મંડળી એમાં સુધારોવધારો કરે ત્યાર પછી હું એના પર નજર રાખીશ. સંભારે તે સર્વને ગુરુદેવદત્ત. નારાયણને મારો મુકામ ઊઠ્યાની ખબર લખી નાખશો.

પત્ર રીપ્લાય લખવો.

**પાંડુરંગના શુ.આ.**

## ૧૯૯

ધરમપુર સ્ટેટ
C/o. પટેલ નારણભાઈ લાલદાસ વાડીવાળા
(૧૫-૧-૩૪)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. સંસાર ભાંજગડીયો છે, માટે સર્વ ચિંતા ગુરુમહારાજને સોંપી

ભજન કરો. એ કરશે તેની યોગ્યાયોગ્યતાનો વિચાર સરખો કરવો એ પણ આપણા અધિકારની બહાર છે. બધું એનું છે. એ રાખે તેમ રહેતાં શીખવું એ જ એકમેવ સુખનો માર્ગ છે.

વિષ્ણુ૦ (વિષ્ણુપુરાણની વાતો) વાતોની છપામણીમાં તમારે પાઈ પણ ખર્ચ કરવી નહિ. એ વાંચી જોતાં છપાવવા જેવી જણાય તો ભલે, કોઈ બુકસેલર એ છપાવી મારે. નહિ તો એને સાબરમતીમાં પધરાવી દેવી. સ.શ. (સદ્બોધશતક)ની ટીકાનું પણ એ લોકો ફાવે તે કરે.

અવધૂતે એ શુદ્ધ સાત્ત્વિકભાવ અને પૂર્ણ નિષ્કામતાથી લખી છે એટલે એ છપાય કે ન છપાય એ વિષે એ તદ્દન ઉદાસીન છે...

અવધૂતના શરીરને અચિંત્ય વિકટ પરિસ્થિતિમાં રહેવાનું છે એમાં શંકા નથી. છતાં એ તો તદ્દન નિશ્ચિંત અને નિર્ભય છે એ લખવાની જરૂર નથી. તમે બધા ભજન કરશો એટલે એની તાકાત વધતી જશે. એટલી જ ભિક્ષા નિખાલસપણે આપશો તો પણ બસ છે.

અહીં એકાદશી સુધી મુકામ છે. ગ્રહણ નારેશ્વર કરી ઝાલોદ ઊપડી જઈશ. પ્રકૃતિ સાધારણ છે. સર્વેને શુ.આ.

**–રંગ અવધૂત**

## ૨૦૦

નારેશ્વર, પો.શુ. ૧૪ સોમ.
(૩૧-૧-૩૪)

ચિ. ભાઈ કમળાશંકર,

ખૂબ આનંદ છે. મહિનો પ્રવાસ કરી કાલે ધરમપુરથી પાછો આવ્યો ને તારો પત્ર મળ્યો. કોઈ વાતે મૂંઝાવું નહિ. ગુરુમહારાજનું સ્મરણ ચાલુ રાખી અભ્યાસ કર્યે જવો. ભાવિ ઉજ્જવલ છે; એમાં જરાએ શંકા રાખવી નહિ.

ગ્રહણ પછી આઠેક દિવસ નારેશ્વર રહી ઝાલોદ જવાનો વિચાર છે. પછી તો જેવી ગુરુમહારાજની ઈચ્છા. જૂના વાયદા પૂરા થતાં પહેલાં જ નવા વાયદા આપ્યે જાઉં છું. લોકઉપાધિ વધતી જાય છે; અને તમે લોકો ભજન કરી એમાં થોડો થોડો ભાગ નહિ પડાવો તો અવધૂત મર્યો પડ્યો છે. અવધૂતના શરીરની રક્ષા તમારા બધાના હાથમાં છે. તમે લોકો જેટલું ભજન કરશો એટલી એની શક્તિ વધશે. સર્વ સામર્થ્યનું મૂળ ભજન છે. એ વિના બીજું બધું અવધૂતને મન ઝાંઝવાનાં નીરથીયે ફીકું છે. સંસારની ચિંતા શું કરો છો ? જેમ અવધૂતે પોતાનું બધું તમારે ચરણે-ભક્તોને ચરણે અર્પણ કર્યું છે તેમ તમે તમારું સર્વસ્વ અવધૂતને ચરણે અર્પણ કરી નિશ્ચિંત થઈ કાં નથી બેસતા ? પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ-એ પ્રભુનું વચન વિસરી ના જાઓ. હાલ એ જ. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત.

**– રંગ અવધૂતની** શુ.આ.

## ૨૦૧

માંડવા પો. સીનોર
C/o. ગિરધર પટેલ (૨૨-૨-૩૪)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. બાળકૃષ્ણને રુચતું હોય તો મકરસંક્રાંતિ પછી ફાવે તે શુભ દિવસે એને દુકાનમાં જોડો. દેવની દયાથી વાંધો નહિ આવે.

હું હજી આઠેક દિવસ અહીં જ રહેનાર છું. પછી કદાચ ગવાસી જાઉં. નારેશ્વર જાત પણ પો. પૂનમે ગ્રહણ અને અમાસે અર્ધોદયપર્વ છે અને હું નારેશ્વર હોઉં તો માણસની ઠઠ જામે ને કદાચ પેલા તોફાનીઓને તક મળે: હજી એમના તોફાની દેખાવ તદ્દન શાંત થયા નથી.

શરીરમાં તાકાત આવતી નથી. જો પૂરી તાકાત આવે તો શિવરાત્રી ગિરનાર જવાનો વિચાર થાય છે. બધો ઈશ્વરસંકેત પર આધાર છે. અવધૂત તો ગુરુમહારાજના હાથનું રમકડું છે. એ રમાડે તેમ રમે. હાલ એ જ. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત.

**- રંગ અવધૂત**

## ૨૦૨

દીવેરનું ભાઠું, શુક્રવાર બપોર
(૨૧-૩-૩૪)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. એક ભાઈ તોલાશંકર સાથે મોકલાવ્યો છે તે તમને મળશે જ.

પંચપદી નવી કઢાવી મોકલવી. આરતીમાં જયદેવ જયદેવ રાખવું. બીજું જૂજજાજ સુધારી મોકલ્યા પ્રમાણે સુધારવું. એમાં સુધારોવધારો કરવાનો મને કે કોઈને પણ હક્ક નથી.

નિવેદન જેમ મુકાતું હોય તેમ મૂકવું. શિરસ્તા પ્રમાણે એમાં શબ્દાદિનો ફેરફાર તમને યોગ્ય જણાય તે બધો જરૂર કરવો. મેં તો ઊડઝૂડ લખી નાંખ્યું છે -ઝીણી નજર ફેરવવા મને ફુરસદ નથી.

કામ તાકીદે કરવું. મને આ ન પુછાવતાં ને વખત ન ખોતાં પ્રેસમાં જ આપવાની જરૂર હતી. કિંમત માત્ર એક જ આનો રાખવી. જોઈએ તો કાગળ થોડા રફ વાપરવા. અહીંના ફોટા માટે ચતુરભાઈએ તમને લખ્યું છે. જો તમે અધિકના છેલ્લા અઠવાડિયામાં પણ આવી શકો તો અહીંનું દશ્ય જોવા મળે. છતાં રજાની જોગવાઈ ન હોય તો અને ફોટાનું નક્કી જ થાય તો શ્રી મીસ્ત્રીને બીજા કોઈ સાથે મોકલશો.

પંચપદી આવતા ગુરુવાર પહેલાં તૈયાર થઇ આવી જશે એમ માનું છું. પ્રુફ તો હું તરત જ પાછું વાળીશ.

**- રંગ અવધૂત**

## ૨૦૩

નારેશ્વર, શુક્રવાર સાંજ
(૧-૪-૩૪)

ભાઈ મોદી,

તમારા બંને પત્ર મળ્યા છે. નકશા એકંદરે ઠીક છે. કેટલીક detailsની ને નામની ભૂલ છે. પણ એ ખાસ અગત્યની નથી. એણે કેટલેક ઠેકાણે ગામનાં નામ ને કોક કોક ઠેકાણે મહાદેવોનાં નામ આપ્યાં છે. એ દૃષ્ટિએ ઉત્તર તટે શૂલપાણની ઝાડીમાં કપિલતીર્થ ને માકડખેડાની લગભગ વચમાં હાપેશ્વરનું સ્થાન રહી જાય છે ને ત્યાંથી ૮-૯ માઈલ પર હાથણીસંગમ. એના વગર નકશો અધૂરો જ ગણાય. હાપેશ્વર જેવું રમ્ય સ્થાન આ કિનારે શૂલપાણની આખી ઝાડીમાં નથી. સ્થળોની માહિતીમાં માઈલેજની ગણતરી પણ કંઈક અવ્યવસ્થિત છે છતાં એ તો પાકી સડકને અભાવે રહેવાની જ તેમાં પણ સોમજ દેલવાડા પછી 'હોજ' લગભગ ૨ ml (માઈલ) ત્યાં બે જેઠમાં જાત્રા ભરાય છે વગેરે વર્ણન નર્મદા પંચાગમાં (ચુનીભાઈ પાસે પુસ્તક છે.) છે. એ અતિ મહત્વનું છે. બરકાલથી ૧/૨ ml વ્યાસક્ષેત્ર (નકશામાં બદ્રીનારાયણ લખ્યું છે તે બરાબર નથી) બીજું ગરુડેશ્વર કાંદરોલ પછી જોઈએ. પંચમુખી હનુમાન પછી તો ઈન્દ્રેશ્વર છે. વીરગુગામને બદલે વેરુગામ તો સુધારવું જ જોઈએ. જુના નામો સાથે નવાં હોય તો ઠીક એ દૃષ્ટિએ સિદ્ધેશ્વર-અરણ્યેશ્વર. સાયર ને લીલોડની વચમાં આપી શકાય તો નારેશ્વર (કપર્દીશ્વર) એના જેવું પ્રસિદ્ધ સ્થળ અત્યારે તો આટલામાં નથી જ એવું એને લખવામાં વાંધો નથી. સાયર પછી ફતેપુર છે પણ તેને બદલે વધારે મહત્ત્વનું કોણા છે. વર્ણન પંચાંગ પરથી લેવું કોહિતેશ્વરનું. આપણા ફોટાનું આલ્બમ ભલે ન હોય પણ એને એક આખો સીન મોકલવાનું નક્કી કરેલું તેનું શું કર્યું ? મીંઢોળ જઈ આવ્યો. સોમવારે વણાકપુર વ. જઈ આવવું છે. શેઠને પ્રવાસક્રમ લખી મોકલ્યો છે. પત્ર રણાપુરને સરનામે. મૂળીબ્હેનની પ્રકૃતિ ઠીક છે. અશક્તિ છે.

**– રંગ અવધૂત**

## ૨૦૪

નારેશ્વર ગુરુવાર ચૈ.વ. ૧૪
(૪-૪-૩૪)

ચિ. ભાઈ કમળાશંકર,

દસેક દિવસથી ફરવાનું ચાલતું હતું તે આજે સ્હવારે જ સ્થાનમાં આવ્યો ને તારો પત્ર મળ્યો. પ્રકૃતિ સાધારણ છે, બાકી આનંદ છે.

અધિક માસ દીવેરના ભાઠામાં માંડવો નાખ્યો છે ત્યાં થશે. કાલે સ્હવારે જવાનું છે. લોકઉપાધિ વધતી જ જાય છે. તેમાં 'આજેબાનું શ્રેય' સાધવાની લાલસાવાળા ઘણા, આત્મશ્રેય કોકને જ ગમે છે ! આવી સ્થિતિમાં અવધૂતના શરીરને આરામ દુર્લભ, અરે અશક્ય થઈ પડ્યા

છે. ગુરુમહારાજે શું કરવા ધાર્યું છે તે એ જાણે !

અમદાવાદથી મારા પર પણ કોઈનો ઘણા દિવસથી પત્ર નથી. પણ બધા ક્ષેમ હશે એમ માની લઉં છું. તમે બધા ભજન કરશો તો જ મારી મુશ્કેલી ઓછી થવાની છે, નહિ તો હું મર્યો પડ્યો છું.

અધિકમાસમાં પત્રવ્યવહાર રણાપુરને સરનામે. સંભારે તે સર્વેને જય ગુરુદેવદત્ત.

– **રંગઅવધૂત**ના શુ.આ.

તા.ક. : અધિકમાસમાં કોઈ આવે તો દીવેર આવવું. તપસીજીને ખબર આપવી કે એમના મિત્ર વાડિલાલ આવવાના છે તે એમની સાથે આવે તો ઠીક રહેશે છતાં આઘાપાછા જ આવે તો દીવેર લખી જણાવવું. ભાઠામાં તો પૂરો અવધૂતી ઠાઠ રહેશે. અધિક પૂરો થતાં જ મુકામ નારેશ્વર આવશે.

– **રંગ અવધૂત**

## ૨૦૫

રણાપુર ચૈ.વ. ૩૦ શુક્ર
(૧૩-૪-૩૪) (મળ્યા તા. ૧૪-૪-૩૪)

ભાઈ મોદી,

આજે રણાપુર આવી તમારો પત્ર વાંચ્યો. કાલે દીવેરના ભાઠામાં મુકામ જશે.

અવધૂતની પ્રકૃતિએ તો દેવાળું કાઢ્યું છે અને લેણદારો જંપવા દેતા નથી એટલે એ પૂર્વસ્થિતિએ ક્યારે આવશે ને કદીએ આવશે કે કેમ તે કહી શકાય નહિ. એટલે એ વિષે તમે વારંવાર પ્રશ્ન કરો તે નકામો છે.

નર્મદા પંચાંગ ચુનીભાઈ પાસે ન હોય તો ઋષિ પાસે હશે. પણ છાપેલું હોવાથી પેલાએ મેળવી જ લીધું હશે. મને તો એક મિનિટ પણ ફુરસદ નથી.

અવધૂતના કૌપીન પેન્શન માગે છે.

લીલામૃતના છૂટા તેમ એકત્ર ખર્ચનો ચોક્કસ અડસટ્ટો કાઢી મૂકજો. મૂળીબહેનને તો પાંચસો ખરચવા જ છે. એમની પ્રકૃતિ ઠીક છે પણ શક્તિ નથી.

મગનભાઈના ત્રણ છોકરાઓને બીજા વૈશાખ શુ. ૫ એ ઉપવીત આપવાનું છે. તે પ્રસંગે કદાચ જવું પડે. સાટોનાથી કેટલાક ગરુડેશ્વર આવવાના છે તે નારેશ્વર પણ આવે. વાડીલાલ આવવાના હોય તો દીવેર નાથાભાઈને લખી જણાવવું. એટલે બધું થઈ રહેશે. ભાઠામાં પૂરો અવધૂતી ઠાઠ રહેશે. બે બાજુ નર્મદાના જળ ને વચ્ચે રેતીના બેટમાં અવધૂતી માંડવો. તમે પણ એકાદ રાત એ દશ્ય જોઈ શકો તો જુવો. તમારી રજા ક્યારે પડશે ?

સંભારે તે સર્વને શુ.આ.

– **રંગ અવધૂત**

## ૨૦૬

દીવેરનું ભાઠું અ.વૈ. ૨ શનિવાર
(૧૪-૪-૩૪ સં. ૧૯૯૦)

ભાઈ મોદી,

મારો ગયો પત્ર મળ્યો હશે. અહીં પંચપદીની ઘણી માગણી છે. તમે શહેરના 'જીવન્મુક્ત મહાત્માઓ' એમાં રસ લો કે ન લો, પણ અહીંના મંડળમાં એની શક્તિની પ્રતીતિ થવા લાગી છે એટલે એની બીજી આવૃત્તિ નીચે જણાવ્યા મુજબ સુધારોવધારો કરી જેમ બને તેમ તાકીદે મોકલી આપશો. ભૂલ એક પણ ન રહે તેની ખૂબ જ ખબરદારી રાખશો.

ફોટા જૂના હોય તેટલા ને સરખેજનાની બરાબર નકલ ખૂબ સારી કઢાવી મોકલશો. નારેશ્વરના બધા ફોટાનો એક સમગ્ર દેખાવ તૈયાર કરવાનું નક્કી કરેલું તેનું કેમ ? આલ્બમ મોંઘું પડે તો તેની જરૂર નથી પણ બધા યોગ્ય સ્થાને ગોઠવી એક ખેંચવાનું નક્કી કરેલું તેનું શું થયું ?

પંચપદીમાં ભૂલ જરૂર ન રહે. કિંમત એક આનો રાખવી.

સૂચના : પંચપદી અંગે ક્રમ, પ્રસ્તાવના વિ.વિ. સંબંધ જે કંઈ મોકલો તેની નોંધ રાખજો. કામ તરત જ પ્રેસમાં જાય. સાઈઝ જૂની પંચપદીની જ.

**- રંગ અવધૂત**

## ૨૦૭

નારેશ્વર, રવિવાર બપોર
(૨૯-૬-૩૪)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે.

દાસ વગેરેનાં અતિ આગ્રહ હોવાથી ગુરુપૂર્ણિમા અહીં જ કરવાનો વિચાર કર્યો છે. માટે ગ્રંથનું કામ ગુરુપૂર્ણિમાથી શરૂ કરાવશો. ગુ.પૂ. પછી હું બીજે જ દિવસે ત્યાં આવી શકીશ. માટે તેડવા તે અવસરે જ આવશો.

પેલા 'બ્રહ્મચારી' આ દશમ પછી આવવાના છે. એટલે હાલ તુરત તો ત્યાં આવવું અશક્ય જ છે. છાપવાનું શરૂ કર્યું હોય તો બંધ રખાવશો. અને એકાદ ફોર્મ તૈયાર થયો હોય તો ટપાલમાં મોકલાવશો જેથી સુધારીને મોકલાવી દઉં.

ચુનીભાઈને કહેશો કે એમનો પત્ર મળ્યો છે. 'બ્રહ્મચારી' હજી આવ્યા નથી. હાલ એ જ. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત.

**- રંગ અવધૂત**ના શુ.આ.

## ૨૦૮

નડિયાદ બુધવાર શ્રા.શુ. ૧૨
વિ.સં. ૧૯૯૦, ૨૨-૮-૩૪

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વ. ભક્ત મંડળ જોગ,

જય ગુરુદેવદત્ત ! બાદ તમારો પત્ર આઠેક દિવસ ઉપર મળેલો. આ સાથે ગ્રંથનાં બીજાં ૩૨ પાના ૩૩ થી ૬૪ મોકલ્યાં છે તે મળે કે પહોંચ્યાનો કાગળ લખશો. બીજાં પાનાં અમાસ સુધીમાં મોકલીશ.

પાંચમ ઉપર ધનસુખ વગેરે આવવાના હોય તો ભલે આવે; પણ તમારે કોઈએ આવવું નહિ. હું પણ અમાસ પછી મુકામ ઉઠાવી બારેજડી પાસે કેળનાથ મીંઢોળના લલ્લુભાઈની જમીન છે ત્યાં જવાનો છું.

તબિયત સાધારણ ચાલે છે. કામ ઘણું પહોંચે છે. બાકી આનંદ છે. સંભારે તે સર્વને આશિષ કહેશો, અને ખૂબ ભજન કરશો; જેથી ગ્રંથ જલદી પૂરો થાય. હાલ એજ.

**લિ. મહારાજ**ની શુભ આશિષ.

## ૨૦૯

અમદાવાદ, ભા.શુ. ૩,
મંગળવાર
વિ:સ. ૧૯૯૮, ૧૧-૯-૩૪

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વ. ભક્ત મંડળ જોગ,

જય ગુરુદેવદત્ત ! બાદ ખૂબ આનંદ છે. પરમ દિવસે સ્હાંજે નડિયાદથી અહીં આવ્યો છું. આવતીકાલે સાંજે બારેજડી પાસે કેળનાથ જવાનું છે. આ સાથે (શ્રી.ગુ.લી.) ગ્રંથના ૬૪ થી ૧૧૨ પાન મોકલ્યાં છે તે મળે કે તરત જ નીચેને સરનામે પહોંચ મોકલાવશો. હજી ગ્રંથનું લગભગ મહિનો ચાલશે. થોડા દિવસ કેળનાથ ગાળી કલોલ પાસે સઈજ કમળાશંકરને ત્યાં જવાનો છું. બીજાં પાનાં પૂનમ પછી મોકલીશ. સંભારે તે સર્વને યથાયોગ્ય કહેશો એજ.

**મહારાજ**ની શુ.આ.

સરનામું :
શ્રી રંગ અવધૂત મહારાજ
શ્રી અમૃતલાલ નાથાભાઈ મોદી મારફત
બાલમંદિર, મગનભાઈની હવેલી,
રાયપુર, અમદાવાદ.

## ૨૧૦

કેળનાથ
સોમવાર ભા.કૃ. ૯
૧૯૯૦. ૧-૧૦-૩૪

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વ. ભક્તમંડળ જોગ.

તમારો કાગળ મળેલો. આ સાથે ગ્રંથનાં પા. ૧૧૩ થી ૧૬૦ મોકલ્યાં છે, તે મળે કે પહોંચ લખશો. બીજાં પાનાં અમાસ પછી મોકલીશ. હું અહીંથી અમાસ પછી ચોથે કમળાશંકરને ત્યાં સઈજ જવાનો છું ને ત્યાંથી દસેરા પછી નારેશ્વર આવીશ.

હાલ એજ. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત કહેશો.

**મહારાજ**ની શુ.આ.

## ૨૧૧

નારેશ્વર
રવિવાર સ્હવાર
(૨૨-૧૦-૩૪)

ભાઈ મોદી,

છાપેલામાં પૃ. ૨૦૮ દો. ૧૧૫ તમ ને બદલે તેમ જોઈએ. બીજી કોઈ રહી ગઈ હોય તો જાતે જોઈ લેશો.

બ્લોક તૈયાર થઈ ગયો હશે. બધું યથાસ્થાને મૂકાય.

તેમાં ભૂલ થાય નહિ.

એક બે relief સ્ટીલ મોકલાવશો કે આવો ત્યારે લેતા આવશો.

બીજું, આપણે મંડળીને લોકેટ આપવાનાં નક્કી કર્યાં છે. તે એ લોકોએ સરખેજનો ઊભો ફોટો પસંદ કર્યો છે. માટે તેની ૪૦ પ્રત કઢાવી લોકેટ માટે મોકલશો. બધા સારા ઊઘડે તે ખાસ જોશો.

ગ્રંથ મને છઠ ને રવિવાર સ્હાંજ સુધીમાં મોડામાં મોડો મળે તો જ હું પારાયણ કરી શકું. ત્યાર સુધીમાં તૈયાર ન થઈ શકે તો દોડમદોડી કરવાની જરૂર નથી. પછી પારાયણ આગળ ઉપર જોઈ લેવાશે.

તબિયત સુધારા પર છે. છતાં પૂર્વસ્થિતિ પર આવતાં પૂરો આરામ મળશે તોએ ત્રણ ચાર મહિના નીકળી જશે. દીવાળી અહીં કરીશ.

અહીંને માટે હાલ તુરત ૫૦ નકલ મોકલવી દાસને.

હાલ એ જ. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત.

**– રંગ અવધૂતના શુ.આ.**

## ૨૧૨

રાજપારડી

કા.સુ. ૧૦, (૧૭-૧૧-૩૪)

આનંદ છે. સોમવારથી મુકામ અહીં છે. પ્રકૃતિ સુધારા પર છે. કમળાશંકરનો પત્ર છે કે ગુરુલીલા૦ આવી ગયું છે તો વિના વિલંબે પેલાને મોકલી આપશો.બીજું, બેંડમાં ત્રિકોણાકાર કડીઓ વગાડવાની આવે છે તેવી તૈયાર મળતી હોય તો જયંતી પર ચાર લેતા આવશો. કિંમત ઘણી હોય તો બે લાવશો, પણ તૈયાર મળે છે કે નહિ તે વિના વિલંબે લખી જણાવશો, એટલે ન મળતી હોય તો અહીં કોઈ લુહાર પાસે તૈયાર કરાવી લઈએ.

સંભારે તે સર્વને જયગુરુદેવદત્ત.

**– રંગ અવધૂત**

## ૨૧૩

રાજપારડી, સોમવાર સ્હાંજ

(૨૬-૧૧-૩૪)

ભાઈ મોદી,

મારું પરબીડિયું મળ્યું હશે. દેહનું પ્રારબ્ધ વિચિત્ર છે. દીવેરમાં નિરંજન પ્રકરણ ઊભું થયું ને અહીં ભાદરણના પરસોત્તમ ભગવાનનું પ્રકરણ ઊભું થયું. અવધૂતનો મુકામ ફીકો પડે એ હેતુથી ભગવાનના ચેલાઓ એમને તેડી લાવ્યા. સાથે ૪૦-૪૫ બૈરાં ને ૧૨-૧૫ આદમી ! આઠ દિવસનો મુકામ નક્કી થયો, પણ ચોવીસ કલાકમા આજ સુધી ક્યાંએ ન પામ્યા હોય એવા ફીટકાર પામી ભગવાનને નાસવું પડ્યું. હવે શું થાય તે જોવાનું !!

બીજું, રૂા. ૧-૧૨-૦ માં બે કડી અહીં તૈયાર કરાવી છે એટલે તમે લાવશો નહિ. તબિયત સુધારા પર છે, છતાં અશકિત છોડતી નથી. અમાવાસ્યા પછી બીજ ને શનિવારે નારેશ્વર જાઉં છું. તમે પણ બેપાંચ દિવસ વહેલા તો આવશો જ. તોલાશંકરે કરાવવા આપેલો દત્તનો મોટો ફોટો તૈયાર થઈ ગયો છે. મેં હજી જોયો નથી. પણ સારો હશે એમ માની લઉં છું: દેવનો કાષ્ઠ-મંડપ તૈયાર થઈ રહ્યો છે.

આજે સ્હેજ જવર છે. બાકી બધું ઠીક છે. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત.

**– રંગ અવધૂતના શુ.આ.**

૨૧૪

રાજપારડી, શુક્રવાર સ્હવાર
ડીસે. ૧૯૩૪

ભાઈ મોદી,

તમારો પત્ર, છાટી બધું મળ્યું છે. ધાર્મિક જીવનમાં વાંચન કરતાં શ્રવણને અને પુરાણાંતર્ગત માહિતી કરતાં પરંપરાગત માહિતીને વધારે મહત્ત્વ અપાય છે, અને જ્યાં શ્રુતિ અને સ્મૃતિને વિરોધ જેવું હોય ત્યાં શ્રુતિ વધારે પ્રમાણભૂત મનાય છે તેમ જ્યાં પુરાણ અને પરંપરાને વિરોધ કે વિરોધાભાસ જેવું હોય ત્યાં ધાર્મિક લોકો પુરાણ કરતાં પરંપરાનું પ્રામાણ્ય બળવત્તર ગણે છે. પૌરાણિક કથાઓમાં ઘણે ઠેકાણે પરસ્પર વિરોધ જેવું છે અને કાર્તવીર્યની કથામાં તો એવું ઘણું જ છે. કેટલેક ઠેકાણે તમારા પત્રમાં લખ્યા જેવું version જરૂર છે, બીજે બીજું છે. એક ઠેકાણે તો કામધેનુ કેટલાક સૈન્યનો પરાભવ કરી સ્વર્ગમાં ઊડી ગઈ અને સહસ્રાર્જુનના...ના વત્સનું હરણ કર્યાનું વિધાન છે

ગણેશ-પુરાણમાં તો સહસ્રાર્જુન ગાણપત્ય હોવાનું લખેલું છે ! બીજાં કથાનકોમાં પણ ક્યાંક ક્યાંક નજીવો વિરોધાભાસ (કારણ કે આ બધાને વિરોધ તરીકે સ્વીકારતો નથી) છે. દત્તની જન્મકથામાં, જન્મસમયમાં પણ ભિન્ન ભિન્ન વિધાન છે. દત્ત પરણેલા હતા. તેમને એક પુત્ર હતો વ. જેવું વાહ્યાત્ય લખાણ પણ કોક પુરાણમાં વાંચ્યાંનું યાદ છે ! શુકદેવ જેવા પરણેલા હતા ને એમને છોકરાં પણ હતાં વ.

દેવી ભાગવતાદિમાં હોવાનું તમે કદાચ જાણતા જ હશો. પણ કામદાસો વગર બીજું આને સત્ય કોણ માને ! અનસૂયાજીનો ત્રિદેવોએ બળાત્કારથી સંભોગ કર્યો ને અનસૂયાએ એમને શાપ આપ્યો એવું વિચિત્ર વિધાન (માત્ર ત્રણ ચાર શ્લોકમાં જ !) ભવિષ્યપુરાણમાં છે ! દેવો બાળ થયાની ને સાવિત્ર્યાદિના ગર્વહરણની વાત કોઈ પુરાણમાં નથી. વ.વ. એકલા દત્ત વિષે જ લખું તો પાંડિત્યના હાડકાંનું મોટું મીમી થાય ને અન્ય દેવદેવીઓનું લખું તો મહાભારત થાય ! અને આ બધા વિરોધો કે વિરોધાભાસો દૂર કરી બધાના સંગતિ ને સમન્વય તો પોથાં-પંડિત નહિ પણ કોઈ અવતારી પુરુષ જ કરી શકે. ને શ્રી વા. (સુદેવાનંદ) સ. (રસ્વતી) એવા પુરુષ હતા એવું તમે તો કબૂલ કરશો જ. એમના દત્તપુરાણાદિમાં આપણું version છે. તમે લખો છો કે રેણુકાને સતી થવાનો પ્રસંગ જ નથી આવ્યો ! પણ માહૂરગઢના માતૃતીર્થની ઉત્પત્તિ જ એ પ્રસંગે થયેલી એ વાત તમારો ટીકાખોર કદાચ જાણતો પણ નહિ હોય. (જમદગ્નિ ચિરંજીવ હોવાનું મેં તમારા પત્રથી જ જાણ્યું ! બાકી પરશુરામ ચિરંજીવ હોવાનું તો હું જાણું છું) તમારા પત્ર પરથી એનું ટીકા કરવાનું જ્ઞાનભંડોળ (!) એકાદ ભાગવતાદિ પુરાણથી વિશેષ હોય એમ લાગતું નથી, પણ આધુનિક વિદ્વાનો ભાગવતને વ્યાસપ્રણીત ન માનતાં ચૌદમા પંદરમા સૈકામાં થઈ ગયેલા કોઈ બોપદેવનામક માણસે લખ્યાનું માને છે એ વાત એ જાણે છે ? ભાગવત એકલામાં જ પરસ્પર વિરોધી કેટલાંયે વિધાનો કાઢી બતાવાશે. આ બધું જેટલું લંબાવવું

હોય તેટલું લંબાવી શકાય. પણ આપણો ગ્રંથ પૌરાણિક નથી ઔપાસનિક છે. એનો મૂળ આધાર ફાવે તેણે ફાવે તેમ મચડી નાંખેલાં પુરાણો નથી પણ અનેક સંતોની દૈવી પ્રેરણા અને સ્વયંપ્રભ આત્મચિત્ કલા તથા દત્તપુરાણ, દત્તમાહાત્મ્ય (મરાઠી ને સંસ્કૃત) દત્તાત્રેય સર્વસ્વ વ. તેમ જ યામલગ્રંથો અને ત્રિપુરારહસ્યાદિ પ્રસિદ્ધ અપ્રસિદ્ધ અનેક પ્રાસાદિક ગ્રંથો છે. કોઈ પણ પાનું ઉઘાડતાં અવધૂત માત્ર લહીયો છે, લખાવનારો બીજો છે, અવધૂત યંત્ર છે, યાંત્રિક કોઈ બીજો જ છે એ વાત સહૃદય વાચકના ધ્યાનમાં આવ્યા વગર નહિ રહે. પણ આ બધું તમારે પોતાને માટે લખ્યું છે. એનો ઉપયોગ કરવા નથી લખ્યું. પંડિતો અને વિદ્વાનો માટે તો મારે બે હાથ ને ત્રીજું માથું જ અર્પવાનું છે અને તે મેં જાહેર રીતે પ્રથમાધ્યાયમાં અર્પી જ દીધું છે. તમને પોતાને કોઈ પણ જાતની શંકા કોઈ પણ ઠેકાણે ઊઠે તો લખી રાખશો. કોકવાર રૂબરૂમાં હું એનો બનતો ખુલાસો કરીશ. પણ તમે બધા મને ફાવેતેમ કરી પોથી-પંડિતો જોડે અહંઅહમિકાની કુસ્તી કરવાના શુષ્ક પાંડિત્યની ઉપાધિમાંથી મુક્ત-સદાને માટે મુક્ત-કરશો એવું ખોળો ધરી માગી લઉં છું. મારા શરીરનું ઠેકાણું નથી ને આવી કે બીજી કોઈ જાતની બહિર્મુખ પ્રવૃત્તિ તરફ તમે કોઈ મને નહિ ખેંચો એવી આશા રાખું છું.

પેલી કડી છેવટે પાંચ રૂપિયામાં બે પણ મળે તો બે લાવશો, નહિ તો એની જરૂર નથી. અમાસ સુધી અહીં જ છું. પછી નારેશ્વર જઈશ. શરીરમાં શક્તિ નથી એટલે જેમ તેમ લખી નાખ્યું છે છતાં તમારું સમાધાન થશે એમ માની લઉં છું. સર્વને જય ગુરુદેવ.

– **રંગ અવધૂત**ની શુ.આ.

તા.ક. : ગ્રંથની એકંદર સંભાવના ઠીક થતી હશે એમ માની લઉં છું.

## ૨૧૫

ગોધરા

રવિવાર (૬-૧-૩૫)

ભાઈ મોદી,

ફરતો ફરતો અહીં માતૃદર્શને આવ્યો છું. એક વિચાર અહીંથી ઓંકારેશ્વર જઈ કિનારો પકડી ધીમે ધીમે નિપાડ ફરતા નારેશ્વર જવાનો છે. એક વિચાર આજોબાનો વાયદો પૂરો કરવા ત્યાં આવી થોડા દિવસ શાંતિમાં નિવાસ કરવાનો છે. કાલે દસેક માઈલ ચાલીને અહીં આવ્યો એ હિસાબે થોડો આરામ મળે ને ખોરાક લેવાય તો કદાચ ગિરનાર ચઢવાની તાકાત એકાદ મહિનામાં આવે. કાલે ચાલ્યો પણ મનથી, તન તો હજી અશક્ત છે. પણ એની પરવા કરી બેસી રહ્યે પરવડે તેમ નથી- લોક બેસવા દે તેમ પણ નથી. માટે ઉપરના બે કાર્યક્રમમાંથી તમે નક્કી કરો તે આદરવો. પત્ર વળતી ટપાલે લખશો.

થોડાંક પચાસેક હેન્ડબિલ નીચેને સરનામે વહેંચવાની સૂચના સાથે મોકલી આપશો.

ડૉ. બાલશંકર ત્રિભોવનદાસ પંડ્યા,
મુ.પો. સાંઢાસાલ, (ટીંબા લાઈન)
વાયા સયાજીગંજ
સંભારે તે સર્વને જયગુરુદેવદત્ત.
**રંગ અવધૂત**ના શુ.આ.

## ૨૧૬

ગોધરા, ગુરુવાર સાંજ
(૧૦-૧-૩૫)

ભાઈ મોદી,

મારો ગયો પત્ર મળ્યો હશે. આજે વ્યાસદેવ પધાર્યા છે એટલે હું રોકાઈ ગયો છું. તે કાલે એટલે શુક્રવારે સ્હાંજની ગાડીએ નીકળી રાતે ત્યાં આવું છું. એ જ.

– **રંગ અવધૂત**

## ૨૧૭

Amalzar
Tuesday noon
(૭-૩-૩૫)

Dear Tapseeji

yrs duly to hand. Sorry to write that you have commited the gretest possible folly in wirtinig me what you did in an open letter. you can very well imagine the why and how of it. Still not caring for consequences.

મગનભાઈને પુછાવીને દક્ષિણમાં જવાનું શું થયું. મારે સાથે જવાનું છે કે કેમ અને ક્યારે વગેરે મને ગોધરા લખી મોકલશો બનતી ત્વરાએ, જેથી મારો આગળનો પ્રવાસક્રમ નક્કી થાય. જો જવાનું હોય તો ત્યાંથી બારોબાર ભરૂચ જાઉં, ન જવાનું હોય તો ઓંકાર તરફ કે અન્ય કોઈ નિરાંતની જગ્યાએ જવાનું કરું. દિવસે દિવસે મને વધારે ને વધારે લાગતું જાય છે કે અવધૂતનું ખેતર નકામા કચરાથી ભરાઈ ગયું છે. એને નીંદીગૂંદીને સાફ કર્યા વગર કે તદ્દન જતું કર્યા વગર લાંબો વખત નભી શકાશે નહિ. છતાં એ વિષે રૂબરૂમાં. જો દક્ષિણમાં જવાનું થાય તો તમને પણ મળી લેવાની વૃત્તિ છે. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત. શરીરમાં ઝાઝો સુધારો નથી. બે દિવસથી આસન કરવા માંડેલાં પણ જવાનું આવ્યું ! હરિઈચ્છા. એ છે ત્યાં સુધી જેવી સ્થિતિ રહે તેનાથી બનતું કામ કરાવી લેવાનું રહ્યું. એજ

**લિ. મહારાજ**ની શુ.આ.

## ૨૧૮

નારેશ્વર, બુધવાર સ્હવાર
(૨૦-૬-૩૫)

ભાઈ મોદી,

તમારો પત્ર ને પ્રુફ મળ્યાં છે. ટિકિટ તો અંદર એકેય ન હતી. મેં ઊડઝૂડ તપાસી મોકલ્યું. બધું મૂળ સાથે તપાસી જોઈ છાપવાની રજા આપવી. મને ફરી મોકલવાની જરૂર નથી. છેલ્લા પૂંઠાના પાન પર ગઝલ, એની અંદરની બાજુએ પુસ્તક મળવાનાં ઠેકાણાં વગેરે બરાબર ગોઠવાવું. ભૂલ એક પણ ન રહે તે જોવું.

શીશી બંને મળી છે. માલીસ ચાલે છે. હાથે ફેર પડતો જાય છે પણ હજી ઊંચો થતો નથી બરાબર. ધનસુખ સહકુટુંબ સેવામાં છે. ગિરધર પટેલ પણ આવ્યા છે.

ગુ. પૂર્ણિમા અહીં જ કરવા વિચાર કર્યો છે. ને ગ્રંથ પણ પ્રુફ અહીં મોકલી આપો તો કોરલથી રોજ માણસ સાથે મંગાવવાની વ્યવસ્થા કરી શકાશે. મને માત્ર છેલ્લું પ્રુફ જ મોકલવું.

હાલ એ જ, સર્વને શુ.આ.

**– રંગ અવધૂત**

તા.ક. ટિકીટ વ નોખાં મોકલવાં.

**– રંગ અવધૂત**

## ૨૧૯

નારેશ્વર, રવિવાર સ્હવાર
(૮-૭-૩૫)

ભાઈ મોદી,

બુ.પો. તથા અંદરના બંને કાગળ મળ્યા. આજેબાએ એમના સ્વભાવ જેવું કર્યું. ખેર ! મેં એમને કોઈ પણ ચીજ લાવવાની કહી નથી. મારો હાથ હજી બરાબર ઊંચો થતો નથી એ વાત સાચી, પણ વધુ માલીસથી જ એ ઠેકાણે આવી જશે. ફરી હાડવૈદ પાસે જવાની જરૂર નથી. દુઃખાવો નથી.

પારાયણની પૂર્ણાહુતિ ગુરુવારે યથારુચિ કરવી. આવી બાબતોમાં દર વખતે મને પુછાવવું નહિ.

બીજું.... થી પેલાનો કાગળ આવ્યો હતો, તેમાં હું આ પૂર્ણિમા ક્યાં કરનાર છું ને હાથે કેમ છે વગેરે પૂછાવેલું. તો તમે એને જવાબ લખી નાખશો અને સાથે લખી નાખશો કે પત્રવ્યવહાર એ તમારી સાથે જ રાખે. કારણ મારી પાસે હર વખતે માણસ હોતો નથી અને હું જાતે કાગળ ન છૂટકે જ લખું છું.

## ૧૮૯

બાવની વગેરેમાં ૮-૧૦ બીબાં તૂટેલાંની ભૂલ છે તે સુધારીને પછી જ નકલ જ્યાં ત્યાં રવાના કરવી.

લીલા. (શ્રી ગુરુલીલામૃત) છાપવાનું અહીં રહીને જ કરવું છે. હું ચોમાસું અહીં જ કરવા માગું છું. છતાં બહુ જ અગવડ જેવું લાગશે તો ભા.પૂ. પછી એ તરફ એકાદ માસ આવી જઈશ. છપામણીમાં રોપાનાં નર્મદાબહેને રૂા. ૧૦૦/- આપ્યા છે તે દાસ તમને પૂર્ણિમાએ આપશે. માસ્તર પણ આપશે એમ લાગે છે.

હાલ એજ પ્રકૃતિ ખૂબ આનંદમાં છે. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત. પૂર્ણિમાની તૈયારી થઈ રહી છે.

**– રંગ અવધૂતના** શુ. આ.

## ૨૨૦

નારેશ્વર, શુક્રવાર બપોર,
સપ્ટેમ્બર ૧૯૩૫

ભાઈ મોદી,

ગઈકાલે જ એક પત્ર લખ્યો તે પહોંચ્યો હશે. આજે તમારાં પ્રુફ્સ મળ્યાં તે સુધારીને તરત જ મોકલાવ્યાં છે. તમારા ટાઈપફેરની ભૂલો તરફ કોમ્પોઝીટર ધ્યાન આપતા જ નથી માટે તેવી ભૂલો પ્રથમ પ્રુફ્સમાં જ સુધારવાની ખબરદારી રાખવી. ઘડીએ ઘડીએ નવાં પ્રુફ કઢાવવાથી ટાઈપ ખસીને કેટલીક નવી ભૂલો પણ થવા પામે છે માટે પહેલા પ્રુફમાં ખૂબ જ કાળજીથી શોધન કરવું...

પાંસળાંનું દરદ ધીમે ધીમે નરમ પડતું જાય છે. એણે એ બુરજનો કેટલાએ દિવસથી અને કેટલી બધી મહેનતે કબજો લીધો છે ? એ કબજો એકદમ છોડાવવો શું ઠીક છે ? એને નહિ પરવડે એટલે પોતાની મેળે જ નાસશે. તમારે એથી ગભરાવાની જરૂર નથી.

અવધૂતને ત્યાં લઈ જ જવો હોય તો ઉતાવળ કરવી કેમકે દીવેરની મંડળી અહીં ધામો નાખવાની છે ને એ આવ્યા પછી નીકળવું મુશ્કેલ થશે. ત્યાં આવ્યા વગર જ કામ પતી જાય તો તો ઠીક છે, અથડાવું મટ્યું. નહિ તો શુભસ્ય શીઘ્રમ્....

છાનામાના ચૂપચાપ પ્રભુનું ભજન કરો. અવધૂતના દરબારમાં તો અનેકરંગી માણસો આવે છે ને આવશે. ને પોતાના રંગમાં અવધૂતને એ રંગાએલો દેખાડવા જાણીને કે અજાણ્યે યત્ન કરશે. પણ રંગબેરંગી કુસુમગુચ્છોની વચમાં પડેલા નિર્મળ સ્ફટિકની માફક અવધૂત તો અનંત રંગોમાંએ અરંગીજ છે. કોની સાથે કેમ વર્તવું અને તે શા માટે – તે એજ જાણે છે.

એની લીલાનો તાગ કાઢવાનો વૃથા પ્રયત્ન કાં કરો છો ? ફોડી લેવા દો જેને તેને પોતપોતાનું ને જેના તેનાથી પર થઈ નિહાળો એ પાર રહેલા અરંગી કે સર્વરંગી અવધૂતને !

ભજન-

ભર્યું જ્યાં ત્યાં પ્રભુ તારું....

તમારા મનનું 'સમાધાન' આથી થશે ને ?

સર્વને આશિષ.

**- રંગ અવધૂત**

## ૨૨૧

નારેશ્વર, શનિવાર બપોર
૨૦-૧૦-૩૫

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો. આનંદ છે. હાથમાં હજી બે આની કસર છે. બાકી સામાન્યત: પ્રકૃતિ ઠીક છે.

દશેક દિવસથી પૂર્વવત્ મૌન ચાલુ છે. ભિક્ષાનું પણ હાથે બનાવવાનું શરૂ કરી દીધું છે. હેતુ દાસ પરનો બોજો ઓછો કરવા અને મને ભિક્ષા આપવાને બ્હાને અનેક સારા નરસા આવતા લોકોને બંધ કરવાનો છે. પણ પ્રભુને એ બધું રુચે ત્યારે ખરું !

પડવાની સ્હાંજે દર સાલની માફક રણાપુર જઈશ. આગળનો કાર્યક્રમ હજી નક્કી નથી. જાણ્યે-અજાણ્યે લોક અવધૂતને પજવી રહ્યા છે. એટલે નારેશ્વરમાં એકી સાથે વધુ વખત રહેવું હવે તદ્દન મુશ્કેલ જેવું થઈ પડ્યું છે.

તમે પડવા પહેલાં આવો તો નારેશ્વર અને પછી આવો તો રણાપુર આવશો. પેલા અંકલેશ્વરના ફોટા ગ્રંથ સાથે તૈયાર કરી મોકલી દેવાનું ભૂલશો નહિ.

માંડવામાં પેલા છોકરાએ આપણી ધૂનોનો પ્રચાર ઠીક કરવા માંડ્યો છે. એ લોકોની અને મીંઢોળની મંડળીની સંયુક્ત નાવડી અહીં આવી ગઈ છે. જયંતી ઉપર ગઈ સાલ કરતાં વધારે ઠઠ જામવાનો સંભવ છે. એ જ સર્વને શુ.આ.

**- રંગ અવધૂત**

## ૨૨૨

રાજપીપળા, સોમવાર સ્હવાર
(૪-૧૧-૩૫)

ભાઈ મોદી,

આનંદ છે. અંકલેશ્વર શું કરી આવ્યા તે લખશો. બીજું, પેલું 'ગુરુ આવો બલિહારી તમારી છે'વાળું ભજનની સારા અક્ષરે પચીસેક નકલ કરી મહીજી પર મોકલી આપશો. પુરાણોમાં- ઘણુંખરું સ્કંદમાં- બધા વારનાં વ્રતો છે તેમાંથી ગુરુવારના વ્રતના શ્લોક ફુરસદે મને ઉતારી મોકલશો- દત્તહૃદય માટે. (આ દત્તહૃદય રંગહૃદય નામે બહાર પડ્યું. સં.)

પ્રકૃતિ મઝામાં છે. લોક ખૂબ ઊમટ્યા છે પણ એમાં જ્યાં ત્યાં માથું નમાવવાની વિચારશૂન્ય વેવલી દર્શનભક્તિ વગર બીજું કંઈ જોતો નથી. પેલું ધૂણીના રાખોડાનું ધતિંગ પૂરજોશમાં છે. એની પાછળ એક gang (ગેન્ગ=ટોળકી) જ છે. મુકામ એની તદ્દન પાસે છે.

શુક્રવારે અહીંથી ઉમલ્લા જઉં છું. ત્યાંથી એકાદ દિવસ અમલઝર થઈ અરણ્યેશ્વર જઈશ. ફુરસદ મળે તો ત્યાં થોડું રહેવા વિચાર છે. હાલ એ જ. સર્વમંડળીને જય ગુરુદેવદત્ત.

**રંગ અવધૂતના શુ.આ.**

## ૨૨૩

નારેશ્વર, મંગળવાર
(૨૭-૧૧-૩૫)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો. પ્રભુએ જે વખતે જે ધાર્યું હશે તે બનશે. સળીયા દાસે આણી દીધા છે. જયંતીની તૈયારી ચાલી રહી છે. આ વખતે માણસ બેહદ ઊમટે એવો રંગ જણાય છે. તમારે પાલેજથી જ આવવું પડે તો પાલેજથી કોલીયાદ, કૈણ, રોપા ને નારેશ્વર એ રસ્તો ટૂંકો છે. ફોટા ને કચકડો પણ હોય તો ઠીક, જેથી બહારથી કોઈ ચોખા, પુષ્પ વ. નાંખે તો ઉપર પડે નહિ. બીજું, ફોટા-કહાણાના કાર્ડ સાઈઝના ૧૨, વાળ વગરનો બેઠેલો કાર્ડ સાઈઝ ૧૨, મીંઢોળનો ૩, દીવેરના ૬, સરખેજના ઊભા ૧૨, બેઠેલા લાકડીવાળા ૬, બીજા ૩, ઝઘડીયાના ૧૨, અંક૦ બેઠેલા ૧૨, ઊભા ૬, કહાણાની નાની સાઈઝ પરથી પોકેટ નીકળે તો કઢાવવી. બેઠેલા વાળ વગરનાની પણ. ને બધી મળી સોએક જુદી જુદી મળી મોકલવી, ઉતાવળમાં બગડે નહિ. ઓછી ભલે આવે. પુસ્તક અ. આ. ૨૦, રં.હ. ૨૫, લી.જ્ઞા. ૧૦, લી. ક. ૨૫, ઉ.પ્રા. ૧૦૦, આત્મ ૧૦૦, બાવની ૪૦૦, ષટ્પદી ૧૦૦, ના.સ્મ. ૫૦, સંકી. ૧૦૦, સુધાર્યા વગર એક પણ નકલ આવે નહિ.

રસ્તાનું ઠેકાણું નથી. ધર્મશાળાની પરવાનગી આવી ગઈ છે. આ ગુરુવારે પાયા ખોદાશે.

નાંદોદ ખૂબ ડોલાવી આવ્યો છું. પણ તમે બધા સૂઈ રહેશો ને અવધૂતની વ્હાર નહિ કરો તો કોક દિવસ દેવાળું કાઢવાનો પ્રસંગ આવશે.

**–રંગ અવધૂત**

## ૨૨૪

નારેશ્વર, સોમવાર
૨-૧૨-૪૫

ભાઈ મોદી,

તમને મેં પાંચ છ દિવસ ઉપર લખેલો લાંબો પત્ર મળ્યો હશે. ત્યાર પછી બાજી વળી પલટાઈ છે ને બસોએક રૂપીયા વધુ જોઈશે એમ લાગે છે. કારણ કે જે ૧૦૦–૧૫૦ રૂ. ભેગા થવાના હતા તેમાં એક બે જણા દાસના કહેવા પ્રમાણે ફસકી ગયા છે ને બાકીના એક બે જણા મળી ૫૦–૭૫ રૂ. આપવાનું કહે છે તેટલા સારુ ભીખ માગવાની અવધૂતે ના કહી છે ને મકાનની પાઈએ પાઈ પોતે ચૂકવી આપવાનું માથે લીધું છે. તમે જો બધાએ ૫૦૦, મોકલી શકો તો તેમ નહિ તો ૩૦૦, તો જરૂર મોકલાવશો. બીજા માટે કોઈ અન્યને વિનંતી કરીશ.

એ બધાએ પૈસા મારે ભરપાઈ કરવાના છે, કેવી રીતે તેના વિચારમાં છું. પૈસાનો હરગીજ સ્વીકાર ન કરવો તેવું વ્રત લઈને બેઠો છું, તેની કદાચ ગુરુમહારાજને કસોટી કરવી હશે તો તેમાં ઉતરવા તૈયાર છું ને એજ ગુરુમહારાજ બિલકુલ હાથને કે મનને પૈસાનો ડાઘ લગાડ્યા વગર બધું નિભાવી લેશે એવી પૂર્ણ શ્રદ્ધા છે.

(૧) એ પૈસા મારે શી રીતે આપવા ? ભજનો વગેરેની કિંમત રાખીને એ મેળવી શકાય. પણ તેમ બધી રકમ વસુલ થતાં વાર લાગે ને તેટલો વખત મારાથી તમને બધાને suspenseમાં ન રાખી શકાય.

(૨) હું ધર્મશાળાને નામે કે કોઈ અન્ય બહાને પૈસા માગવાની શરૂઆત કરું તો બે પાંચ માસમાં એ સહેલાઈથી મળી રહે. પણ પ્રાણ જતાં પણ તેમ હું ન કરું કે કોઈ આપે તો સ્વીકાર પણ ન કરું.

(૩) ગીતા આદિનું પ્રવચન કરી એક બે માસમાં કદાચ આ ચોમાસામાં જ એટલી રકમ મેળવી શકું. બીજાની દૃષ્ટિએ એમાં કંઈ અજુગતું નથી. પણ મારે મન પૈસા લઈને ગીતાનું પ્રવચન એ કલ્પના જ રુચતી નથી. છતાં એક વિચાર એવો થાય છે કે કોઈ શહેરમાં ચાતુર્માસ બે મહિના પ્રવચન કરવું ને પાંચસોની રકમ ભરાય ત્યાં સુધી સ્વીકાર કરી દેવું (!) ચૂકવવું–ને પછીથી એને માટે જોઈતું પ્રાયશ્ચિત કરી લેવું. જોકે પ્રવચન કરવા જેટલી બહિર્વૃત્તિ રહી નથી છતાં આવો પણ એક તરંગ આવે છે. ને એ કરવાનું નક્કી થાય તો રાજકોટમાં તમે વ્યવસ્થા કરી શકશો ? હું અહીંથી આ દશામે સરખેજ પ્રયાણ કરું છું ને જો પ્રવચન કરવાની જરૂર જ

પડશે ને રાજકોટ સારું સ્થળ છે તેમ તમને લાગતું હોય તો અષાઢ એકાદશી સુધીમાં ત્યાં આવવાનું રાખીશ.

(૪) એક વિચાર એવો પણ થાય છે કે પ્રવચન કરી પૈસા લેવા તેના કરતાં તો ચોકખી એકાદ સાલ કોઈની ચાકરી કરી લેવી. કેટલીએ સંસ્થાઓ અવધૂતની રાહ જુવે છે તેમાંની એકાદને એક સાલ માટે શરીર અર્પણ કરવું. આ બધા તરંગો છે. એમાંના કયાને મૂર્ત સ્વરૂપ મળશે કે બધાએ હવામાં ઊડી જઈ ગુરુમહારાજ કોઈ ઈદંતૃતીયં રસ્તો કાઢશે તે એ જાણે. મેં તો કયારનું એ ગાઈ દીધું છે કે,

'જહિ વા શાધિ વા ચામ્બ સ્વીકુરુ દૂરમુત્સૃજ ।

તવૈવાહં તવૈવાહં તવૈવાહં પુનઃ પુનઃ ॥'

એક વાત નકકી છે કે નારેશ્વર છૂટી હવે અવધૂત અનિકેત રહેશે.

તમે પત્ર તરત જ લખશો ને રૂપિયા સવડ કરી જેમ બને તેમ જલદીથી મોકલાવી આપશો. દાસને નામે ન મોકલાવ્યા હોય તો પટેલ વિઠ્ઠલભાઈ જાધવભાઈ મુ. લીલોડ (નર્મદાતટ) પો. પાલેજ એ સરનામે મોકલાવશો. પત્રની કે પૈસાની વિગત નાહક જાહેર કરવી નહિ.

– **અવધૂત**ના શુ.આ.

તા.ક. પત્ર મને વળતી ટપાલે મળવો જોઈએ.

– **અવધૂત**

## ૨૨૫

નારેશ્વર બુધવાર સ્હવાર
૧૧-૧૨-૩૫

**ભાઈ મોદી,**

આનંદ છે. સાથે સંગીત ગીતાનું લખાણ મોકલ્યું છે. તે છપાવવાના ખર્ચનો અંદાજ કાઢી મોકલશો. કહાણાના જેસીંગ પટેલે એક વાર એ છપાવવાનો વિચાર દર્શાવેલો. એની મતિમાં ફેર ન પડ્યો હોય તો છપાઈ જશે. પછી તો હરિઈચ્છા !

ટાઈપ લીલામૃતનો ઠીક પડશે. કદ બને તેટલું નાનું જેથી ભરાવ ઠીક દેખાય. શરૂઆતમાં ટૂંકી પ્રસ્તાવના ને અંતે આપણા પુસ્તકની ટૂંકી જાહેરખબર. પૂંઠાના ત્રીજા પાન પર પુસ્તક મળવાનાં ઠેકાણાં, તેમાં અહીં ખાતે સાયરનો ચંદુ ને રાજપીપળાનો નંદુ. ચોથે એટલે બહારને પાને ગીતાસારના મથાળાથી 'ગીતા અજબ પઢાયા...' તેમાં ગુરૂપસત્તિને બદલે ગુરુશરણની કફની ને સારથિ સુંદરશ્યામને બદલે સારથિશ્રી વ્રજરાજ એ પ્રમાણે ફેરફાર કરવાનો. કિંમત ઓછી આવે એ દૃષ્ટિથી કાગળ વગેરેની પસંદગી કરવાની. છપાતાં પહેલાં જેને તેને લખાણ બતાવતા ફરશો નહિ. તમે માત્ર મૂળ સાથે વાંચી જોશો ને કોઈ ઠેકાણે ફેરફાર કરવા જેવો હોય

તો સૂચવશો. અધ્યાય ૧૮, શ્લો. ૬૭ ન ચાશુશ્રૂષવેમાં અશુશ્રૂષુવેનો અર્થ મેં 'સેવા ન કરનાર' કર્યો છે: પણ મારી આગળ જે ગુજરાતી પુસ્તક હતું તેમાં તેનો અર્થ 'સાંભળવાની ઈચ્છા ન રાખનાર' એવો કરેલો પણ મારી સમજ પ્રમાણે એ બરાબર નથી. શુશ્રૂષુનો અર્થ 'સેવા કરવાની ઈચ્છા રાખનાર' થવો જોઈએ. 'સાંભળવાની ઈચ્છા રાખનાર' માટે કદાચ શુશ્રૂષુ શબ્દ હશે. શુશ્રૂષુના બંને અર્થ થતા હોય તો પણ આપણો વધારે શોભતો હોવાથી કાયમ રાખવાનો. 'સાંભળવાની ઈચ્છા રાખનાર' એવો એક જ થતો હોય તો 'ના સેવે ગુરુજનને ભાવે' ને ઠેકાણે 'ના ઈચ્છે સાંભળવા ભાવે' એવો સુધારો કરી લેવાનો.

બીજું, આપણા દેવી સ્તોત્રમાં 'તસ્યામ્બિકાયૈ નમ:' એવો પ્રયોગ છે. તેમાં સંધિનિયમનો સ્હેજ ભંગ છે. એ લખાયું ત્યારે જાણ બહાર ન હતું છતાં અંબાની આઠે વિભક્તિ અંદર સાધી તે ચમત્કૃતિ પૂરતું ક્ષમ્ય માની રહેવા દીધેલું. ખૂબી કાયમ રહે તેવી રીતે બીજી કોઈ પણ રીતે એ ફેરવી શકાય તેમ નથી. પેલા નડિયાદના ગોવર્ધન શાસ્ત્રીએ વ્યાકરણની દૃષ્ટિએ એના પર જબરો આક્ષેપ ઉઠાવેલો. ત્યારે મેં તો સરળતાથી કહી દીધેલું કે જેની પ્રેરણાથી એ લખાયું તેણે એવી પ્રેરણા કેમ કરી તે હું નથી જાણતો, પણ એ એટલું બધું અક્ષમ્ય નથી ને મારી જાણ બહાર પણ લખાયું નથી, તમે ફેરફાર સૂચવો તો હું સુધારો કરું. મને તો વ્યાકરણનું ઝાઝું ભાન નથી. આર્ષપ્રયોગ તરીકે એવા કેટલાયે પ્રયોગો ધાર્મિક સાહિત્યમાં હોય છે ને અપિ દોષશતં કુર્યાત્ છંદોભંગ ન કારયેત્ એવું આપ્તવચન પણ આધારભૂત છે. મારી દલીલથી એમના વૈયાકરણી મગજને સંતોષ ન થયો ને તેઓ પોતે કોઈ જાતનો સુધારો પણ સૂચવી શક્યા નહિ ! તે વખતે બરાબર એવો જ દાખલો યાદ ન આવવાથી મેં પણ વાત પડતી મૂકી. એકવાર ઓચિંતો એ યાદ આવ્યો પણ તમને લખું લખું કરતો ભૂલી ગયેલો તે આજે લખુ છું. શાસ્ત્રીજી મળે ને કોઈ વાર વાત નીકળે જ તો ટાંકી બતાવશો.

તસ્યૈ+અમ્બિકાયૈ=તસ્યાય + એમ્બિકાયૈ તસ્યાયમ્બિકાયૈ અથવા ય નો લોપ કરી તસ્યા અમ્બિકાયૈ આ ને અ પછી મળી ન શકે તે મારાથી તસ્યામ્બિકાયૈ એમ લખાયું છે. એ બહુ મોટી ક્ષતિ તો નથી જ ને આર્ષપ્રયોગ તરીકે ને અંદરની ખૂબીની દૃષ્ટિથી બિલકુલ વાંધા પડતું નથી છતાં સમાન દૃષ્ટાંત જ જોઈએ તો ગીતા અ. ૧૧ શ્લોક ૪૪ 'પ્રિય: પ્રિયાયાર્હસિદેવ સોઢુમ્ । અહીં પ્રિયાયા: અર્હસિ=પ્રિયાયાઅર્હસિ પછી આ ને અ ન મળી શકે છતાં પ્રિયાયાર્હસિ એવો પ્રયોગ વ્યાસ જેવાએ કે કૃષ્ણ જેવાએ કર્યો છે. આ બધું લાંબું લાંબું તમને સમજણ પડવા માટે લખ્યું છે. શાસ્ત્રીજીને તો ગીતાનું સમાન અવતરણ આપવાથી જ બધું સ્પષ્ટ થઈ જશે. રંગહૃદયમાં તે ઠેકાણે ચિહ્ન મૂકી નીચે સન્ધિ–આર્ષ હૈ ! દેખો ગી.અ. ૧૧, શ્લો. ૪૪ પ્રિય: પ્રિયાયાર્હસિદેવ સોઢુમ્ । એવું બને તો લાલ શાહીથી લખી દેવું. બીજી આવૃત્તિનો વખત આવે તો તો એમ નોંધમાં મૂકવાનું જ.

શાસ્ત્રીજી સાથે લડવા જવાની જરૂર નથી. વાત નીકળે તો જ કરવી.

મીસ્ત્રીએ ફોટાનું કામ હાથ ધર્યું હશે. ના ધર્યું હોય તો તાકીદ કરશો. પડદો વગેરે બધું

વેળાસર તૈયાર થઈ જવું જોઈએ. ગોઠવેલા રૂપમાં નહિ તો એ બધું બાંધીને વ્યવસ્થાથી રાખી શકાય ને ઉંદર કે ઊધઈ એ બગાડે નહિ માટે પતરાની કેસ જેવું પણ કંઈક જોઈએ તે વિચાર દોડાવી તૈયાર કરાવી દેવાનું. આ જયંતી ગઈ જયંતીને ભુલાવે એવી થશે. માટે અત્યારથી જ તેની તૈયારીમાં મંડી પડવાનું.

મેં અપવાસ શરૂ કર્યા નથી. શરીર કામ કરે તેમ નથી ને અહીં કરું તો માતુશ્રી કરવા મંડી પડે માટે એ બહાર જ ઠીક પડશે એમ વિચારી તેમ કરવાનું ઠેરવ્યું છે ને તે પણ કટકે કટકે. આસો મહિનામાં માજીને મૂળીબહેનને સોંપી બહાર નીકળવાવિચાર છે. ઘણું ખરું નવરાત્રિ રોપા ને બાકીના દિવસ રાજપીપળા કાઢી કાર્ત. સુ. ૧ ની સ્હાંજે રણાપુર જઈશ.

હાલ એજ સંભારે તે સર્વને જય ગુરુદેવ.

– રંગ અવધૂતની શુ.આ.

તા.ક. તોલાશંકર ઉપડી ગયા છે. હાલ ઉમલ્લાના શિવશંકરભાઈને તેમનાં પત્ની છે, દાસ પણ છે, બે દિવસથી આવ્યા છે. કાલે એટલે ગુરુવારે જશે. એમનું શરીર હવે ખૂબ થાક્યું છે.

## ૨૨૯

નારેશ્વર, શુક્રવાર સ્હાંજ

(૧૭-૧-૩૬) પોષ વદ ૮, ૧૯૯૨

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. થોડાક દિવસથી અતિ શ્રમ ને આરામને અભાવે તબિયત નાદુરસ્ત રહે છે. છતાં તમારો પત્ર આવશે કે એ તરફ આવી ત્યાંથી.... જઈશ...ની માંદગીથી અવધૂતના જીવનમાં કોઈ દિવસ ન્હોતી ઊભી થઈ એવી વિકટ પરિસ્થિતિ ઊભી થઈ છે; છતાં એમાંએ ગુરુમહારાજનો કોઈ ગૂઢ આશય હશે એમ નિશ્ચિત માની લઈ શાંતિથી ભાવિની પ્રતિક્ષા કરી રહ્યો છું.

લોકોનું બેજવાબદાર ટોળું વધારે ને વધારે ઊભરાતું જાય છે. પણ એની પાછળ નિર્લજ્જ સ્વાર્થસાધુતા વગર બીજું કાંઈ જ નથી જોતો. કોક કોક ગુરુવારે તો શ્વાસ લેવાની પણ ફુરસદ નથી મળતી ને ગઈ સાલની માંદગી પછી શરીર એ મારો ઝીલી શકે એવું રહ્યું નથી. લગભગ રોજ સ્હેજ જ્વર આવે છે ને ગુરુવારે રાત્રે તો હાડકેહાડકું બોલી ઊઠે છે. 'પ્રસિદ્ધિ સૂકરી વિષ્ઠા'નો ક્ષણે ક્ષણે અનુભવ થાય છે. ને હવે તો ફાવે તે ભોગે પણ લોકનું ટોળું ઓછું થાય તેનો વિચાર થયા કરે છે.

– રંગ અવધૂત

## ૨૨૭

નારેશ્વર, સોમવાર સ્હાંજ
૨૭-૧-૧૯૩૬

ભાઈ મોદી,

તમારો પત્ર આજે જ મળ્યો. દસેક દિવસ અન્ન બંધ કરી કેરીનો રસ ને જાંબુ પર કાઢ્યા, પણ એની શરીર પર કંઈ જ અસર નથી, માત્ર સ્હેજ સાજ ભૂખ લાગવા માંડી છે, એટલે બે ત્રણ દિવસથી થોડી થોડી ખીચડી ખાઉં છું. સ્હવારે થોડાં જાંબુ પણ ચાલુ જ છે.

જોઈતી અનુકૂળતાને અભાવે આસનાદિ થઈ શકતાં નથી ને ઉદર પ્રગતિ ન કરે તો મ્હેરબાની ! દાસ વ. મંડળી તો ચુનીભાઈ ગયા તે દિવસે જ ગઈ. પણ અન્ય લોકની આવ જા ચાલુ જ છે. ધર્મશાળા ભાગ્યે જ ખાલી રહે છે. કાલેજ દીવેરનાં ચાર જણા આવી ધર્મશાળામાં પડ્યા છે ને જે આવે તે આખો દિવસ અવધૂતના મ્હોંઢા સામેથી ખસતાં જ નથી. કોણ જાણે અવધૂતના મ્હોંઢામાં શું ભર્યું છે. ઉપાધિ ટાળવા બપોરે ઊંઘ ન આવે તો પણ બે કલાક આંખ મીંચીને પડી રહેવાનું નાટક કરું છું. છતાં જરા બેઠેલો જુવે કે લોક સ્હામે તૈયાર ! આ સ્થિતિ ટાળવા મારે અસાધારણ ઉગ્રતા ધારણ કર્યા વગર છૂટકો નથી. છતાં શરીરનો વિચાર ન કરતાં હજી એ બધું નભાવી રહ્યો છું.

જે આવે છે તે 'આજાબાનું શ્રેય' અથવા શુષ્ક જ્ઞાનની લમણાઝીક વગર બીજું કંઈ જ કરતું નથી. આત્મશ્રેયની ભાગ્યે જ કોઈને પડી છે. ને આજાબાનું શ્રેય પણ એકાદવાર કરી આપવાથી નભતું નથી. લોકો અવધૂતને નીચોવવા બેઠા છે અને આ મફતિયો-અવધૂત બધાંને ઠીક પસંદ પડી ગયો છે. આ બધું કેમ અટકાવવું એ એક મોટો પ્રશ્ન છે. ચોમાસામાં...ના લોકો અવધૂતને આટલા માટે જ ત્યાં લઈ જવા માગે છે. પણ એમને નાખુશ કરીને જ મારે નડીયાદ આવવું છે. ત્યાં જો કુંભનાથમાં રહેવાનું બને તો હું શ્રા.વ. ૩૦ સુધી રહીશ. બીજું કોઈ એકાંત સ્થાન હશે તો એ ચાલશે. એક આસન પડી રહે ને પાસે મીઠા પાણીનું જળાશય હોય એટલી સગવડ બસ છે. ભિક્ષાની વેઠ તો બાળકૃષ્ણ ઉપાડશે જ અથવા યથાપ્રારબ્ધ બધુ બની રહેશે. જો રહેવાની અનુકૂળતા નહીં હોય તો વરસાદની પરવા કર્યા વગર હું બે મહિના અનિયત પગે પર્યટનમાં ગાળીશ. નારેશ્વર પાછા આવવાનો પ્રથમ વિચાર હતો. પણ લોકોપાધિ ટાળવા બે માસ દૂર રહેવું જ ઠીક છે....

ગુ.પૂ. નારેશ્વર ન કરવી એટલો જ આગ્રહ છે, અને નડીઆદ તો તમને અનુકૂળ હોય તો જ, નહિ તો હું શુકલતીર્થ કે જંબુસર તરફ કોઈ અજ્ઞાત સ્થળે ચાલ્યો જઈશ. પૂર્ણિમા એટલે પૂર્ણિમાનો દિવસ મારે નિર્ગમન કરવો. એ દિવસે કંઈ ધામધૂમ કરવી એવો મારો હેતુ નથી. માત્ર કોઈ રડ્યો ખડ્યો આવે તો તેના ભોજનની વ્યવસ્થા થવી જોઈએ. અજ્ઞાત સ્થળે હું જાઉં

તો એ પણ ભાંજગડ ન રહે. તમારા અંતિમ નિર્ણયનો પત્ર મને અમાસ પહેલાં મળી જાય તો ઠીક. જવાબ માટે કાર્ડ બીડજો.... આ તો ગજાનનનું પરબીડીયું આવેલું તે મોકલ્યું છે. સર્વ મંડળીને શુભ આશિષ.

– રંગ અવધૂત

## ૨૨૮

નારેશ્વર, રવિવાર બપોર
(૪-૨-૩૬)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. પ્રકૃતિ બરાબર રહેતી નથી. હાથે પણ એકાદ આની કસર છે. બને તો હોળી સુધી અહીં જ રહેવા વિચાર છે.

અહીં કોઈની પાસે જ સિલકમાં ન્હાનો કે મોટો એક પણ ફોટો નથી ને માગણી તો છે જ. એટલે તમને એ લોકોએ લખેલું છતાં તમારાથી એ મોકલવાનું બન્યું નથી. એટલે હવે જોઈતો હોય તે અમદાવાદ બારોબાર લખે કે ફોટા વગર ચલાવી લે એવો જવાબ આપવાનું રહ્યું !

મેં ભિક્ષાનું હાથે બનાવવાનું જ રાખ્યું છે. હાલ એ જ. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત.

(નર્મદા) ષટ્પદી ને જાહેરખબર મળી છે. તમને જાણીને આનંદ થશે કે છગન માળીનું લગન થઈ ગયું છે.

– રંગ અવધૂત

## ૨૨૯

નારેશ્વર, બુધવાર સ્હવાર
(૧૭-૩-'૩૬)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. સંગીતગીતા છાપવાનું કામ શરૂ કરી દેશો. નારેશ્વરમાહાત્મ્યની સાઈઝમાં લીટી માઈ રહે તો ઠીક, નહિ તો બીજી કોઈ ન્હાની સાઈઝમાં આડી 'શરણગમન' જેવી ગોઠવણી રાખવી. કોઈ રીતે બંધ ન બેસે તો ટાઈપ અ.આ.નો રાખવો. આપણી લીટી પ્રભાતિયાની લીટી જેવડી છે. મને ફેર પુછાવવાપણું ન રહે. પૂનમ પહેલાં તૈયાર થઈ જવું જોઈએ. છેલ્લું પ્રુફ મને મોકલી આપશો. શરૂઆતને પાને ઉપર ॥ શ્રી દત્તઃ પ્રસન્નોઽસ્તુ ॥ રાખશો. પ્રસ્તાવના જા.ખ. વગેરે વેળાસર મોકલી આપશો જેવી પાછળથી ઉતાવળ કરવી ન પડે.

બીજું, મેં તમને એકવાર સ્કં. પુ. માંથી ગુરુવારનું માહાત્મ્ય મોકલવાનું લખેલું પણ

તમને હજી ફુરસદ મળી નથી. તે યથાવકાશે ભૂલવાનું નથી. ભ.પુ. (ભવિષ્યપુરાણ)માં બધાં વૃક્ષો રોપવાનો વિધિ છે તેમાંથી ઔદુંબરનો વિધિ લખી મોકલશો-મૂળ શ્લોક. ઔદુંબરનો ઉલ્લેખ ન જ હોય તો પીપળાનો. દિવાળી સુધીમાં આવી જાય.

ગુજરાતમાં દત્તોપાસનાના પ્રચારક ગુરુઓનો રાફડો ફાટવા માંડ્યો છે ને અનેક ઢોંગીઓ એ નામે લોકને ભોળવી રહ્યા છે. એટલે અવધૂતે ફર્યા વગર છૂટકો નથી. પણ એ રહ્યો મૂંગો પ્રચારક એટલે તમે લોકો પ્રમાદ બાજુએ મૂકી થોડો ભજનનો રંગ નહિ જમાવો ને એ સુવાસથી આજુબાજુનું વાતાવરણ શુદ્ધ નહિ કરો તો આગળ માઠી દશા છે. આ જયંતી એકદમ ભવ્ય અને દિવ્ય થવી જોઈએ. તબિયત અનુકૂળ હશે તો હું આસો મહિને વાતાવરણ જમાવવા બહાર નીકળી પડું છું. હાલ એજ. સંભારે તે સર્વને જય ગુરુદેવ. પ્રકૃતિ બે દિવસથી સુધારા પર છે. તમે દિવાળીએ આવવાના તો હશો જ. ચોક્કસ કરી લખશો જેથી હું રણાપુર તે દિવસોમાં હાજર રહું.

**- રંગ અવધૂતના** શુ.આ.

## ૨૩૦

નારેશ્વર, શનિવાર સ્હવાર

(૨૭-૪-૩૬)

ભાઈ મોદી,

તમારો પત્ર વગેરે મળ્યા છે. કેટલીક વાતો લખી શકાતી નથી. કેટલીક મોઢેથી કહી શકાય એવી પણ નથી હોતી.

નારાયણની તબિયત મેં જયંતી સાથેના કાગળમાં લખી હતી તેવી જ છે. તાવ કંઈક નરમ છે તો અશક્તિ તમે જોઈ ગયા તેના કરતાં વધી છે. કાલે તો ઝાડા પણ ઘણા થયેલા. એકંદરે ઠીક છે. તમારે ખાસ કામ ન હોય તો ઉન્હાળાની રજાઓ પડે કે તરત જ આ તરફ આવશો. આજોબાને કહી થોડુંક ચોખ્ખું મધ કોઈ આવતા સાથે મોકલાવશો. સંભારે તે સર્વને શુ.આ.

**- રંગ અવધૂત**

## ૨૩૧

નારેશ્વર, રવિવાર સ્હાંજ

૨૪-૫-૩૬

ભાઈ મોદી,

....નારાયણની તબિયત બે દિવસ આશા ને ચાર દિવસ નિરાશા ઉપજાવી રહી છે. પ્રભુને અવધૂતને હાથે વધુ લોક-સંગ્રહ કરાવવો હશે તો એને આરામ થવો જ જોઈએ એ એકજ આશાનું કિરણ રહ્યું છે. પણ આરામ થાય તોએ જલદી નહિ થાય એ તો નિર્વિવાદ છે.

મારી તબિયત સાધારણ ચાલે છે. હાલ તો બધાં Considerations બાજુએ મૂકી નારાયણની તબિયત સારી થાય એ જ સંકલ્પ.

સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત.

**– રંગ અવધૂત**

## ૨૩૨

નારેશ્વર, શનિવાર બપોર
(૩૦-૫-૩૬)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. તમારી પ્રકૃતિ સુધરતી જાય છે જાણી સંતોષ થયો છે.

ભાઈ નારાયણ અનેક આશા-નિરાશા વચ્ચે ઝોલાં ખાઈ ગઈ કાલે રાત્રે લગભગ ૧૧ાા વાગ્યે દેવશરણ થયો છે. અવધૂતનું તો આ ઘણા લાંબા સમયથી ચોક્કસ ભવિષ્ય જ હતું એટલે એને એનું આશ્ચર્ય કે હર્ષવિષાદ નથી. છતાં આ બનાવથી અનેક અભૂતપૂર્વ વિકટ પ્રશ્નો-એની, motherના સંતોષ પૂરતી ક્રિયા, motherનું તતઃ કિં, અવધૂતનું ભાવિ રહેઠાણ વગેરે... ઊભા થયા છે જેનો તાત્કાલિક નિકાલ થવો જોઈએ. માટે તમારી તબિયત મંજૂર કરે તો તમારે મળે તે પહેલી ગાડી પકડી અહીં આવી જવું. જો થોડા ઘણા પણ જન motherને અંતઃકરણપૂર્વક પોતાની ધર્મમાતા માની તન મન અને ધનથી સેવા કરવા તૈયાર ન હોય તો અવધૂતે પોતાનો નિર્ણય કરી લેવાનો જ રહ્યો ને એ માટે વધુ સમય નથી. માટે તમે આવી શકો તો સારું. પછી તો પ્રભુ અનુકૂળતા આપે તેમ કરશો. વધુ રૂબરૂમાં. સંભારે તે સર્વેને જય ગુરુદેવદત્ત

– **રંગ અવધૂત**ના શુ.આ.

## ૨૩૩

નારેશ્વર, સોમવાર સ્હવાર
(૨-૬-૩૬)

(ગઝલની રાહ)

ના દોસ્ત, દુશ્મન કોઈ હમારા, હમ સદા નિઃસંગી હૈ;
સચ્ચિદાનંદ હમ હી પ્યારે, બ્રહ્મ કેવલ હમ હી હૈ..... ૧

સાતવે અસ્માન પર હૈ, તખ્ત નિર્ગુણ હમ હી કા;
બિન તાર તંબૂર ૐ બજાકે, હમ હમહી મેં મસ્ત હૈં..... ૨

ના રાત હૈ, ના દિન હૈ, હરદમ હૈ નિરંજન રોશની;
ના શોક હૈ ના મોહ હૈ, હૈ શાંતિ એક સતાનની.... ૩

હિંદુ, મુસલમીન, પારસી, ખ્રિસ્તી કહો તો હમ હી હૈં;
ના નાત હૈ, ના જાત હૈ. ના બાત હૈ વહાં હમ હી હૈં..... ૪

ના જન્મ હૈ, ના મૃત્યુ હૈ, ના બંધ હૈ, ના મોક્ષ હૈ;
જો હૈ સો હમ હૈ, ના જુદા હૈ આદમ ખુદાકી જાત હૈ.... ૫

જુઠે જહાંકે **રંગ** હૈ, ના મૈં ના તું સબ હૈ ફના;
હૈં જ્યોં કા ત્યોં સોહં સદા ના એક મિટ દૂસરા બના !...

અહીં કેવળ પરમાનંદ છે. કવચિત્ લહેરો ઊઠે જ છે, તો આવી ઊઠે છે. તળેટીએ ઊભો રહી નિહાળું છું, તો ઊંચા ગિરિશિખરોની ભવ્યતામાં મન ગરકાવ થાય છે; ઊંચેથી નીચે દૃષ્ટિ નાંખું છું, તો ખીણોની ગંભીરતા મન હરણ કરે છે. આમ બંને પાસ આનંદે આનંદ છે. વસ્તુતઃ ઊંચુંનીચું, વ્યવહારપરમાર્થ, પ્રકાશ-અંધકાર, સુખદુઃખ, વિદ્યાઅવિદ્યા વગેરે દ્વન્દ્વ કે દ્વૈત કોટીઓથી પર જ પરબ્રહ્મ છે, ને એ અભેદ આત્માનુભવમાં જ પરમાનંદ છે. આ જ પ્રભુપ્રાપ્તિ છે, આને જ કોઈ શાશ્વત સુખની શોધ કહે છે. બીજી બધી શબ્દજાળ, ઝઘડાબાજી છે. અવધૂતગીતા માટે જ કહે છે કે:

અદ્વૈતં કેચિદિચ્છન્તિ દ્વૈતમિચ્છન્તિ ચાપરે ।
સમં તત્ત્વં ન વિન્દન્તિ દ્વૈતાદ્વૈતપરં હિ યત્ ॥

તમારો પત્ર વેળાસર મળેલો, પણ ફુરસદને અભાવે તરત જવાબ વાળી શકાયો નહિ. બે દિવસ આશા ને ચાર દિવસ નિરાશા ઉપજાવતા, લાંબી માંદગી ભોગવી ભાઈ નારાયણ શુક્રવાર રાતે લગભગ ૧૧॥ વાગ્યે દેવલોક પામ્યો છે. અવધૂતે લાંબા વખતથી જ આ ભવિષ્ય કરી રાખેલું એટલે એને એનો હર્ષશોક નથી, પણ માજીના કલ્પાંતનો પાર નથી. એમને સાંત્વન આપવામાં જ ઘણો વખત ચાલ્યો જાય છે. એમને હવે કંઈક શાંતિ વળી છે એટલે આજે ફુરસદ લઈ બે લીટી લખી નાખી છે, તેથી સંતોષ માનશો.

સ્થાનનાં દશ્યો ઠીક ઉઠ્યાં છે. તેમાં ગુફાનો ફોટો મને ખૂબ ગમ્યો છે, એ દશ્યોનાં દર્શનથી એની પાછળને અંદર રહેલી ભાવનાઓનો સાક્ષાત્કાર થાય તો જ એની સફળતા. એ થાઓ એવી મારી અંતરની શુ.આ. છે. તમે ઘરનાં બધાં વનપંખીડાંની માફક હંમેશ કલ્લોલ કરતાં રહો એવી મારી આશિષ અને સદિચ્છા છે. હાલ એજ...

– **રંગ અવધૂત**ના જય ગુરુદેવ

## ૨૩૪

તા. ૧૦-૭-૩૬
નારેશ્વર, બુધવાર

શ્રી ભાઈ નંદલાલ અને મંડળી જોગ,

જય ગુરુદેવ. બાદ તમારો પત્ર મળ્યો છે. કોઈની સાથે અડફટમાં આવવું નહિ. દરેક વ્યક્તિ પાસેથી સારું હોય તે ગ્રહણ કરવું, ખરાબ પ્રત્યે દુર્લક્ષ રાખવું, ફાવે ત્યાં જવું, ન ફાવે ત્યાંથી સદા દૂર રહેવું. સર્વથા હંસવૃત્તિ રાખવી. કાગડો તો કા....કા કરે એમાં એનો દોષ નથી, કેમ કે એ એનો સ્વભાવ પડ્યો. એના બાહ્ય રંગથી ભૂલથાપમાં પડી એની પાસેથી કોયલના જેવા ઐક્યાત્મભાવના મધુર ટહુકાની આશા રાખનાર જ મૂરખ છે. સર્વથા ભજનમાં પ્રમાદ કરવો નહિ. બહારની વેઠ કરવા છતાં પણ અંદરનો તાર તૂટવા દેવો નહિ. બીજું બધું યથાપ્રારબ્ધ આવી મળશે. પણ ગયેલી જુવાની નહિ આવી મળે, એનો બને તેટલો સારો ઉપયોગ કરી લેવો. અંગ્રેજી કહેવત ★ Now or Never કદી ભૂલવી નહિ. પોતાનો ચોપડો ચોખ્ખો રાખવો. બીજાના જમેઉધારની પંચાતીમાં ન પડવું. કોઈ સદ્‌ભાવે પૂછે તો એનો મેળ બેસાડી આપવામાં મદદ જરૂર કરવી. પ્રથમની માફક મૌનાદિનો ક્રમ ફરી શરૂ થયો છે. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત.

હાલ એ જ.

લિ. રંગ અવધૂતના શુભાશિષ

## ૨૩૫

નારેશ્વર, મંગળવાર સ્હાંજ
૧૩-૮-૧૯૩૬

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. તમારી બધાંની તબિયત હવે ઠેકાણે આવી ગઈ હશે એમ માની લઉં છું. દવા વગેરે ઘટતો ઉપચાર કરવામાં પ્રમાદ કરવો નહિ.

ભાઈ નારાયણની સ્મૃતિ કાયમ રાખવા ઉપનિષદની વાતો એને અર્પણ કરવાની કલ્પના મને સાવ અઘટિત અને કઢંગી લાગે છે. એનું અંતિમ જીવન નારેશ્વરના સ્થાન સાથે જોડાવાનું સુભાગ્ય એને પ્રાપ્ત થયું છે એટલે કોક દિવસ એની સ્મૃતિ પ્રજા આગળ આવશે જ. કૃત્રિમ ઉપાયોથી જેની ને તેની સ્મૃતિ કાયમ રાખવાની વ્યાવહારિક રીતિઓ પ્રત્યે મને અણગમો છે ને પોતે જ પોતાના સંબંધીજનનું ઢોલ પીટવું એ સ્વમુખે પોતાના સૌન્દર્યની કથા કરવા જેવું છે. છતાં તમારું મન ન જ માનતું હોય તો પત્રગીતા જેવું કોઈ અન્ય પુસ્તક તમે ભલે એને અર્પણ કરો, પણ હું પોતે એમાં એકેય અક્ષર નહિ પાડું. (ઉપનિષદોની વાતો તથા સંગીતગીતાની

બીજી આવૃત્તિ વખતેનાં કેટલાંક સૂચનો આદિ)

મને નર્મદામાંથી જડી આવેલ તાડપત્ર પર લખેલો પ્રાય: બંગાલી લિપિમાં લખાએલ ગ્રંથ મળી આવ્યો છે તે કોઈ પાસે તો જોવડાવીશું જ પણ હું એ લિપિ થોડી જાણું તો ઠીક માટે બંગાલી ગુજરાતી કે બંગાલી, મરાઠી શિક્ષક મળતો હોય તો તપાસ કરી મોકલાવી આપશો.

You need not come here before going to Godhra. As for those vessels which are kept in some wooden box, You take them with you to Nadiad and keep there. They belong to my maternal uncle.

એ જ. સંભારે તેમને જય ગુરુદેવ.

**– રંગ અવધૂતની શુભ આશિષ**

## ૨૩૯

નારેશ્વર, બુધવાર

(૯-૯-૧૯૩૬)

**ભાઈ મોદી,**

**તમારો પત્ર મળ્યો છે. સં.ગી. (સંગીતગીતા) વિષે તમે બારીક વિચાર કર્યો લાગતો નથી. મને લાગે છે કે આપણી લીટી નારેશ્વર માહાત્મ્યના પૃષ્ઠમાં આવી રહેશે. એનો પણ એજ ટાઈપ છે. આપણી લીટીમાં વધારેમાં વધારે ૨૪-૨૫ અક્ષર અને એવી ૭૦૯ કડી છે. શ્લોકનું કદાચ ન માય તો ઝીણા ટાઈપમાં અપાય. કાગળ પણ ના.મા.થી વધારે ઊંચા વાપરવાની જરૂર નથી. છતાં ન જ માય તો એથી કોઈ ન્હાના કદમાં પોથી જેવી આડી ગોઠવણ કરી હોય તો કેમ ? છતાં ન બને તો ટાઈપ ચાલુ પૈકા સારો. પણ આવા ગ્રંથ માટે 'પ્રસ્થાન'નું કદ તો બીક લાગે એવું ! ના.મા. માં માય તો મારા હિસાબે વધારેમાં વધારે ૮૦ પૃ. થાય. અને bill પણ તમારી ગણતરી કરતાં ઘણું ઓછું આવે. આમ બધો ફેર વિચાર કરી મને જલદી લખી મોકલશો તો હું પૂછનારને સીધો જવાબ આપી શકું.**

**મારી પ્રકૃતિ સાધારણ રહે છે. ઝીણો તાવ આવે છે. શૌચ બેત્રણવાર – કોકવાર વધારે પણ જવું પડે છે ને અશક્તિ દાખવે છે. છતાં નિત્યક્રમ પડતો રહે તેવું નથી. માતુશ્રીની પ્રકૃતિ ઠીક છે. આ.શુ. ૨ જે માતુશ્રી જોડે રણાપુર જઈ એમનું ગાડું ચીલે પાડી ૪-૫ એ રાજપીપળા જવા વિચાર છે. ત્યાં ગોઠશે તો મહિનો આખો રહી કા.સુ. ૧ની સ્હાજ સુધીમાં બીજ કરવા રણાપુર આવીશ. પછીનો ક્રમ અનિશ્ચિત. કદાચ મીંઢોળ ને રોપા પતાવી પૂનમ પછી પાછો નારેશ્વર આવું. આ જયંતીએ બેહદ લોક ઉમટે એવો સંભવ લાગે છે. પડદાના દૃશ્યમાં કૃત્રિમતા જરાય ન હોય એ ખાસ ધ્યાનમાં રાખવાનું ને પહોળાશમાં આપણા માળિયાથી વધી ન જાય.**

**અહીં વરસાદ ને ખેતી ઘણાં સારાં છે. એ જ સંભારે તે સર્વને જય ગુરુદેવ. ઘરમાં બાબા વ. બધાને શુ.આશિષ.**

## ૨૩૭

નારેશ્વર, સોમવાર સ્હાંજ

૧૪-૯-૩૬

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. પેટીમાંનાં બધાં યે વાસણ મામાનાં છે તથા પોથીઓ તમારે સાચવીને રાખવાની છે. ચીનાઈ માટીના રકેબી-પ્યાલા તમે વાપરશો, અહીં એની જરૂર નથી. સાડી અહીં કોઈને આપી દેવાશે. બરણી કંઈક ભરવા ચાલશે. ખાટલા વિશ્વનાથ ભલે લઈ જાય ને બીજી પણ પ્રાણશંકર ને એની વચ્ચે કરેલી તમારી વહેંચણી યથાયોગ્ય છે. વિશ્વનાથને બોજારૂપ ન હોય તો દેવનું પણ અહીં કામ નથી. હું ધારું છું કે ગોધરા-પુરાણ આટલેથી પૂરું થશે.

પ્રાણશંકરને કહેશો કે નવું મકાન બંધાયા પછી એટલે જયંતી પછી મારો મુકામ અહીં હોય તેવે કોઈ પણ સમયે એને રહેવું હોય તેટલો વખત અહીં રહેવાની તક મળશે. ચોમાસામાં હું એક પથારીએ રહેવાનો છું. ત્યાર પહેલાં ડાકોર તરફ જવાનો છું. ત્યારે એને મળવાનો યોગ સધાય તો સાધીશ, એને ધંધે વળગવાની વગેરે બાબતો વિષે તમારી સાથે રૂબરૂ જાણ્યા પછી જોઈશ.

ગોધરાની ચોપડીઓમાંથી 'આહ્નિકચન્દ્રિકા' મળી આવી હોય તો લેતા આવશો.

બુધવારે પડવાની સ્હાંજે રણાપુર જાઉં છું, ત્યાંથી પાંચમની સ્હવારે પાણેથા. એકાદ અઠવાડિયું ત્યાં મુકામ છે. પછી અસા વગેરે સ્થળે થઈ નારેશ્વર.

પૂ. માતુશ્રીની પ્રકૃતિ ઠીક છે. હાલ એ જ....

સંભારે તે સર્વને જય ગુરુદેવ કહેશો.

**– રંગ અવધૂતની શુ.આ.**

તા.ક. : ધર્મશાળાના આગળના ભાગનું બોકસીંગ આ બુધવારે શરૂ કરવાનું છે. તે દિવસે જ થઈ જશે. અંદરનું પણ કટકે મારવાનું કહે છે. બધું જ જયંતી પહેલાં થઈ પણ જશે. (સાથે 'દત્તષોડશાવતાર' સ્તોત્રમ્)

---

★ નાવ ઓર નેવર = હમણાં જ અથવા પછી કદી નહી.

## ૨૩૮

નારેશ્વર શુક્રવાર બપોર
(૧૮-૯-૧૯૩૬)

ભાઈ મોદી,

તમારું નિવેદન વાંચ્યું, મને એ ગમ્યું નથી. પણ બીજું મોકલવા જોઈતું સ્વાસ્થ્ય કે ફુરસદ નથી: બે દિવસથી લોકનું ટોળું પડ્યું છે. શરીર અસ્વસ્થ છે એટલે માત્ર જેમતેમ થોડુંક ઘસડી મોકલ્યું છે. તમારું પણ પાછું મોકલ્યું છે. ગમે તે કે બેમાંથી ત્રીજું જ નીપજાવી છાપી મારશો. વધારેમાં વધારે ત્રણ બાજુ થાય. ચોથે પાને યત્કરોમિ.... વગેરે અર્પણ પત્રિકા. બે થાય ને ત્રીજા પર અર્પણ આવે તો તો ઘણું જ સારું. બ્લોક વાસુ૦ પર છે તેવો. કાપકૂપ....આવાં ટપકાં મૂકી કરવી. જરૂર જણાય તો પેરા ૧ એ ઊભો...થી બધું. પેરા ૩ આખો, ૫ માનું કંઈક અને વચમાં જે જોઈએ તે ઉડાવી દેવું. આ માત્ર સૂચનરૂપ છે. તત્કાલ જેમ જરૂર જણાય તેમ કરી લેવું. બધું ફેરફાર કરી નવેસરથી લખો તો તો કંઈ જ કરવાનું રહેતું નથી.

જાહેર ખબરમાં બધું જ ટૂંકું, બધાની મળી બે પાનાંથી ન વધે. બહુ **verbose** બનાવવામાં સ્વારસ્ય નથી.

....ની એક ચિઠ્ઠી, બેએક ડઝન મોસંબી ને ન્હાનું પડીકું ભરી એક પાણીની ન્હાની દેગડી કાલે કોક આપી ગયું છે. ચિઠ્ઠીમાં પોતે માતુશ્રી સાથે મને ત્યાં સેવાનો લાભ મળે એ હેતુથી તેડે છે. હું ન જઈ શકું તો માતુશ્રીને એકલાંને પણ મોકલવાનો, અથવા હું બહાર જાઉં ને માતુશ્રી અહીં એકલાં રહેનાર હોય ને તકલીફ પડતી હોય તો...ને મોકલી આપવાનું લખે છે. એક તરફ પેલી હજી તાજી જ ગેરસમજૂતી ને બીજી તરફ આ ભાવોદ્રેકમાં જણાતી ફેરસમજૂતીનો મેળ કેમ બેસાડવો તે મને કંઈ સમજાતું નથી. મારી પાસે જવાબ માગ્યો છે, જેથી હું ત્યાં આવવાનો હોઉં તો કોઈને તેડવા મોકલે, એમ લખે છે ! તમે એમને કહેશો કે માજીને અહીં રજ પણ તકલીફ નથી, સેવામાં હાલ ધનસુખ સહકુટુંબ રહે છે ને પછીથી પણ માણસની વ્યવસ્થા એક પછી એક ગુરુમહારાજની દયાથી થયેલી છે. એટલે એ વિષે પોતે નિશ્ચિંત રહે. શરીર પણ માતુશ્રીનું ઠીક છે. મારું માત્ર કંઈ ઠેકાણું નથી. હંમેશનો જીર્ણજવર મટ્યો છે છતાં બેપાંચ દિવસે ડોકિયું કરે છે ને શૌચનું બેવાર પર આવ્યું છે છતાં બીજી રીતે કેવળ આનંદ છે.

બીજું, અહીંથી ત્રણેક ગાઉ દૂર હોજની ભાગોળે એકાદ મહિનાથી એક 'મહાત્મા' પડેલા. દત્તઉપાસનાના પ્રચારને નામે ખૂબ ધમાલ કરી મૂકેલી. મને ઓળખવાની વાતો કરતા, અને નારેશ્વરનું નામ ભુલાવવાની પડઘમ વગાડતા. તમે જે ભક્તોને સ્થાનના માલિક બનાવવા ઈચ્છો છો તેમાંથી કેટલાક એ તરફ ઝૂકેલા. ટોળાં ઊભરાતાં ને અનેક તમાશા ચાલતા. પણ બૈરાંને કમનસીબે બેચાર દિવસ પર ત્રણેક વરસ પર ચારપાંચ ખૂન કરીને ને અનેક ઠેકાણે દેવતા મૂકીને નાઠેલા એક ખૂની પાટીદાર ગઠિયા તરીકે પોલીસ એને પકડી ગઈ. પોતે તો નરસિંહની

ન્યાતના નાગર જુનાગઢના રહીશ નામે મણિશંકર તરીકે પોતાને ઓળખાવતા ને ભગવાંધારી હતા એમ સાંભળ્યું છે. વધુ રૂબરૂમાં. આજુબાજુના પટેલિયાઓ ને આસપાસ બીજા કોઈ સાધુરામ હોય તો તેમની પણ ખબર લેવાના હુકમ છૂટ્યા છે, એમ સાંભળ્યા પ્રમાણે એમને પકડવાને ૫૦૧ રૂા.નું ઈનામ પણ સરકારે કાઢેલું. એમનું સાચું નામ રણછોડભાઈ પટેલ તો હાથ પર જ કોતરેલું છે ! ગુજરાતની છે ને બલિહારી !! આપણું કામ કેટલું કઠણ છે ને તમારી બધાની જવાબદારીઓ કેટલી ગંભીર છે તેનો ખ્યાલ કરશો. પેલા રાજપીપળાના ધૂણો નાખનાર સપ્તઋષિ મહાત્માનું (એ પણ મહારાજના શિષ્ય ને દત્તોપાસક !) તમને મેં લખેલું જ. બીજા કોઈ ચાણોદ તિલકવાડા તરફ બેત્રણ વરસ પર ગાંડા મહારાજને નામે ફરતા હતા એમ કાલે જ વાતોમાં સાંભળ્યું.

કહાણાની ભેખડવાળો ફોટો ચુનીભાઈ પાસેથી લઈ કેબિનેટ સાઈઝમાં સારો નીકળે તેમ હોય તો (તમે એક વાર એમ કહેતા હતા) કાઢવાનો છે. એ નમૂનો લોક બહુ જ માગે છે એમ ચંદ્રસિંહનું કહેવું હતું. ખૂણામાંનું નામ ભૂંસાય તો ઠીક. હાલ એ જ. સર્વને શુ.આ.

– પાંડુરંગ

## ૨૩૯

નારેશ્વર, મંગળવાર સ્હવાર

૨૨–૯–૩૬

ભાઈ મોદી,

તમારો કાગળ મળ્યો છે. મેં તમને દાસ અમદાવાદ આવ્યા તે અરસામાં એક પોસ્ટકાર્ડ લખેલો પણ તે તમને મળ્યો હોય એમ લાગતું નથી. મેં તેમાં ચોકખું લખેલું ને આજે ફરી લખી નાંખું છું કે મને દરેક બાબત પૂછાવવાની ને દરેક વિગત લખવાની જરૂર નથી. પૈસાની વાતોથી મને દુઃખ થાય છે. માત્ર માજીના કાન પર ન છૂટકે નાંખવાની જરૂર હોય તેટલી જ વિગત મને લખી જણાવવી. માજીને પણ કોઈ બાબતની સલાહ પૂછવાની જરૂર નથી. એવું એમણે ચોખ્ખું કહી દીધું છે. દરેક બાબતમાં ઈશ્વરનું સ્મરણ કરી તમારી પોતાની બુદ્ધિને જેમ સૂઝે તેમ કરી નાંખવું.

ભાઈના નિધનથી હું ભલે બાહ્ય દૃષ્ટિથી અમુક પરિસ્થિતિમાં મૂકાયો હોઉં પણ હું હજી પરમાત્મામાં વિશ્વાસ ખોઈ બેઠો નથી. એટલું જ નહિ પણ એ વિશ્વાસ મારો તલપુરે ઓછો થયો નથી. મારું પગલું તમે બધા અવિચારી ન ગણો અને માજીને એથી દુઃખ થાય એટલા પૂરતો જ હું શાંત બેસી રહ્યો છું. બાકી હું તો જે કાંઈ હોય તે ક્યારનુંય ગરીબોને આપી દઈ મોકળો થઈ ગયો હોત, પણ માજીની હયાતિ સુધી એવી વાત કરવી નકામી છે. બાકી મારે પોતાને માટે તો એમાંની એક પાઈ પણ હરામ છે.

માજીની ને મારી પ્રકૃતિ સાધારણ રહે છે. તમારી તબિયત જાળવજો ને બરાબર ઠેકાણે

આવે ત્યાં સુધી દાકતર કહે તે દવા ચાલુ રાખશો. શેઠાણીની તબિયતના સમાચાર લખતા રહેશો. બાબાની ખબર તો ત્યાં આવું ત્યારે લઉં કે એણે કેટલી પ્રગતિ કરી છે !

**એજ રંગ અવધૂત**ના શુ.આ.

## ૨૪૦

નારેશ્વર, મંગળવાર સ્હાંજ

૨૪-૯-૩૬

ભાઈ નંદલાલ

તમારો પત્ર મળ્યો. હું અહીંથી આ.સુ. ૨ને શનિવારે માતુશ્રીને લઈને રણાપુર જઈશ ને એમને ત્યાં જોઈતી અનુકૂળતા કરી આપી ત્યાંથી સુ.૫ ને મંગળવારે એકલો ત્યાં આવવા નીકળીશ. મારે ત્યાં ક્યે રસ્તે ને કેવી રીતે આવવું તે સંબંધી જે વ્યવસ્થા કરવી ઘટે તે કરી લેશો. મારી પ્રકૃતિ જોઈએ તેવી સારી રહેતી નથી, છતાં તમારો અતિ આગ્રહ જોઈ આસો મહિનેજ ત્યાં આવવાનું રાખ્યું છે. ગોઠશે તો દીવાળી સુધી રહીશ. પહેલાં લખેલું તેમ બધા દિવસ ફ્લાહાર રહેશે, પુરતો આરામ મળે ને ગયા વખતના જેવી લોકોની નકામી ભીડ ન થાય તો ઠીક, પછી તો ગુરુદેવની ઈચ્છા

ચોક્કસ કરી પત્ર લખશો, સંભારે તે સર્વેને ગુરુદેવદત્ત

એ જ — **રંગ અવધૂત**

તા.ક. બીજા પત્રની અપેક્ષા રાખશો નહીં. ઘરની વ્યવસ્થા કરી નાખશો.

## ૨૪૧

નારેશ્વર, બુધવાર બપોર

(૨૮-૯-૩૬)

શ્રી ભાઈ ચુનિલાલ, અ.સૌ. પાર્વતીબહેન વ.

અનેક છાપથી રંગાયેલો તમારો પત્ર અત્યારે જ મળ્યો. ને દ્વારકા, જગન્નાથ વગેરે અનેક ક્ષેત્રોની છાપો લઈ આવેલ વેરાગી સાધુના દર્શનથી થાય તેવો આનંદ થયો ! તમારા પારાયણની વાત વાંચી આનંદ થયો છે. મારો પત્ર તમને મળશે ત્યાર પહેલાં તો એની પૂર્ણાહુતિ નિર્વિઘ્ને થઈ ગઈ હશે. મારું બધું નાવ તમારા લોકોના ભજનને આધારે છે. લોક તો મારે ત્યાં ઘણા આવે છે, ફૂલ ચઢાવે છે, આરતીઓ કરે છે, જય બોલાવે છે ! પણ એ બધું યંત્રવત્ ભાડુતી માણસની માફક; એમાં પોતીકાપણાની ભાવના નથી હોતી, અને એ યંત્ર-જીવનનો મને હવે સાવ કંટાળો આવ્યો છે. મારું શરીર જોઈએ તેવું રહેતું નથી. ભાઈની માંદગીની પથારી મારી નજર આગળથી ખસતી નથી. ને હુંએ હવે વધારે વરસ કાઢું એમ લાગતું નથી. હું ઈચ્છું છું કે

જે પાંચ-દસ પ્રેમીજનો મંડળીમાં છે તેઓ મારા દોષો તરફ દુર્લક્ષ કરી મારી સાથે દિવ્ય કૌટુંબિક ભાવનાથી વર્તે. હું સાંસારિક શબ્દ નથી વાપરતો, કારણ કે એમાં સ્વાર્થ અને સ્હામા પાસેથી પ્રતિ સ્વાર્થની અપેક્ષા રહે છે. પણ અવધૂત પાસે સ્હામાને સહાય કરે એવું પોતાનું એવું કશું રહ્યું નથી. એનું શરીર સુદ્ધાંત પ્રભુને ચરણે અર્પાઈ ગયું છે. એનાથી હવે પોતાનું કે પારકું કંઈ જ થઈ શકે તેમ નથી. ઊલટું તમે ખાવા આપશો તો જ એ ખાશે, તમે વસ્ત્ર આપશો તો જ લાજ કાઢશે, તમે ચાકરી કરશો તો જ જીવશે. કારણ કે તમે એ પ્રભુનાં જ છાયાચિત્રો છો, એટલે એને ચરણે અર્પાયેલો અવધૂત તમારો જ છે. એને ખોળામાં બેવાડવો કે લાત મારી દૂર કાઢવો એ તમારા પર નિર્ભર છે. એને તો બંને સરખાં જ છે. બંનેમાં તમારા-પ્રભુના અંગસ્પર્શનો આસ્વાદ છે. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત એ જ.

- **અવધૂત**ના શુ.આ.

## ૨૪૨

નડિયાદ
સોમવાર આ.વ. ૧૧
૩-૧૦-૩૬

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે, ભક્તમંડળ જોગ.

જય ગુરુદેવદત્ત ! બાદ અહીં આનંદ છે. મુકામ ન્હાના કુંભનાથમાં ગઈ સાલ હતો ત્યાં જ છે. ગ્રંથનું કામ નિયમિત ચાલે છે. ૩૨ પાનાં છપાયાં તે સાથે મોકલ્યાં છે. બીજાં પંદર દિવસ પછી મોકલીશ. સંભારે તે સર્વને સમાચાર કહેશો. હાલ એજ. બાલાશંકર મઝામાં છે. પાનાં મળ્યે લખી જણાવશો.

લિ. મહારાજની શુભ આશિષ.

તા.ક.

પત્ર લખો તો નીચે પ્રમાણે સરનામું કરશો.
મહારાજશ્રી રંગ અવધૂત
શ્રી અમૃતલાલ નાથાભાઈ મોદીની મારફત
મોદી સાંથ, નડિયાદ.

## ૨૪૩

નારેશ્વર, શનિવાર બપોર

૨૪-૧૦-૩૬

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. પ્રાણશંકરનો વધારે કસ કાઢવાની જરૂર નથી. તમારા ધ્યાનમાં આવે એ રીતે એની સાથે.છેવટનું નક્કી કરી લેશો. એનો અને આપણો સંબંધ પછી પણ એવો જ મીઠો રહેવો જોઈએ.

ભરૂચ કે નડીઆદ મારે માટે બંને સરખાં જ છે. જ્યાં કામ વધારે સરળતાથી બને ત્યાં કરી લેવું ઠીક. હું નડીઆદ આવું તો પણ કોઈને તેડવા તો આવવું જ પડશે. અને મારા ત્યાં આવવાની, આવ્યાની કે આવીને પાછા ગયાની અમદાવાદ કે નડીઆદની કોઈ મંડળીને ખબર ન પડવી જોઈએ એની ખાસ ચોકસાઈ રાખવી. સર્વથા માજીને નારેશ્વર ન છોડવું પડે એવું ગોઠવવું. મને ફરી ફરીથી હવે આ બાબતમાં પુછાવવાનું ન રાખો તો ઠીક. તમે જે કરશો તે પરમાત્માએ કર્યું હું માની લઈશ. અમાસ પછી ફાવે ત્યારે નારેશ્વર છોડવું ઠીક રહેશે.

દત્ત વિશે કંઈક મુંબઈ ગુજરાતમાં આવ્યાનું તમે મને કહેતા હતા, અને એ ઉતારી મોકલવાનું પણ કહેલું. તો તે મેળવીને મોકલી આપશો. દત્તાત્રેય સર્વસ્વ વિષે વાડી તપાસ કરેલી ? પેલા તંત્રસારમાં વ્યામલનું ઠામઠેકાણું નથી. બંગાલીમાં હોય તો ચોક્કસ ખબર કાઢી મંગાવી લેશો.

પંચપદી વગેરેમાં ભૂલ ન રહે તેની ખાસ કાળજી રાખશો. પ્રકૃતિ સાધારણ છે. હાલ એ જ. સંભારે તે સર્વને જય ગુરુદેવ કહેશો.

**– રંગ અવધૂતની શુ.આ.**

## ૨૪૪

નારેશ્વર, સોમવાર સ્હાંજ

૧૯૯૩ના કારતક વદ ૨

(૧-૧૨-૩૬)

ભાઈ મોદી,

આપણાં કોઈ પણ ઠેકાણે ન છપાએલાં ભજનો બને તો 'ઊભો અવધૂત' એ નામે છાપી મારવા વિષે મેં તમને એક વાર લખી મોકલેલું પણ તમે મને નકલ કરી મોકલી નહિ. જો એકાદ ફર્મો પણ થાય તેવો હોય તો જયંતી પહેલાં એ બહાર પાડવાનો મારો વિચાર છે, કારણ કે એમાંનાં કેટલાંક હાથે લખી લઈ લોક ગાતા થયા છે. તેથી જો એ જલદી છપાઈ જાય તો

મહીજીની મંડળી પાસે જયંતી પહેલાં એ તૈયાર કરાવી ગવાડવાનો વિચાર છે. માટે મને તુરત બધાં ભેગાં કરી નકલ કરી મોકલશો.

બીજું, ગીતા ૫૦, આત્મચિંતન ૧૦૦, ઉષઃ પ્રાર્થના ૫૦, ને ફોટાઓની તાત્કાલિક જરૂર છે. બિલકુલ સિલિકમાં નથી. તે મોકલી આપશો. ગીતાની તો જયંતી પછી કદાચ બીજી આવૃત્તિ પણ કાઢવાનો પ્રસંગ આવે. રાજમાં એ ઈનામ તરીકે અપાવા માંડી છે. જયંતી ખૂબ જામે એવો રંગ દેખાય છે. તમે બેચાર દિવસ પહેલાં આવશો તો ઠીક થશે. હાલ એજ. પ્રકૃતિ સાધારણ છે સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત કહેશો.

**–રંગ અવધૂત**ના શુ.આ.

ગુરુ દત્તાત્રેય ૩ ને બદલે ગુરુદત્ત દિગંબર તવ શરણમ્ અને લીટીને અંતે દત્તાત્રેયને બદલે ગુરુતવ શરણમ્ કરવાનું.

## ૨૪૫

નારેશ્વર

શનિવાર સાંજ

૧૯૩૫-૩૬

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે.... પરના કાગળમાં ડંખે કે ગેરસમજુતી ઊભી થાય એવું કશું જ મેં નથી લખ્યું. ઊલટું અન્યત્ર લખાવું છું તેમ બીજા પાસે જવાબ લખાવું તો એમને ઠીક નહીં લાગે એમ ધારી જાતે જવાબ લખી નાખ્યો છે છતાં તેઓ એમના વિકૃત મનનું જ પ્રતિબિંબ જુએ ને એની બેડોળતા માટે મારા પર રોષે ભરાય તો મારો ઉપાય નથી. એમણે મારા લખાણ પર શું કલ્પનાભાષ્ય રચ્યું તેનો મને હજીએ ખ્યાલ નથી આવતો, પણ તમારા જેવાને એના પુણ્યશ્રવણનો લાભ મળ્યો છે એટલે એમની મનોભૂમિનો તમે સહેજે ખ્યાલ કરી શકશો. અવધૂતના જીવનમાં ને લખાણમાંથી એવી તો હજી કેટલીએ ગેરસમજૂતીઓ ઊભી થશે ને એ ગેરસમજૂતીઓની ફેરસમજુતીઓ કરવી, ને એ ફેરસમજુતીઓની ગેરસમજુતીઓ ને ગેરસમજુતીઓની ફેરસમજુતીઓના ચકડોળ પર બેસી અહોનિશ ભ્રમણ કરવા એને ફુરસદ નથી ને રસ પણ નથી. આટલા નિકટ સંબંધ છતાં જાતે જ એવું સાદું લખાણ નથી સમજી શકતા તે બીજાને પ્રસંગ આવ્યે શું સમજાવી શકશે ને બીજાઓ આગળ અવધૂતનું પ્રામાણિક ચિત્ર શું આલેખી શકશે એ વિચાર આવે છે ત્યારે મનમાં શું થાય છે તે લખી શકાય તેમ નથી....

હવે સંગીતગીતાની તમારી શંકાઓ :-

અ.૮. ધ્યાસબળે કાયમ રાખવું. એનો અર્થ અખંડ ચિંતન કે નિદિધ્યાસ છે ને ધ્યાન કરતાં શબ્દ સારો છે. (૨) થા અવશ... થાય અવશ. (૩) અવ્યક્ત થકી ને બદલે આ વ્યક્ત

થકી... કરવું. મારી પાસેની ગીતામાં વ્યક્તતાત્‌ની પહેલાં અવગ્રહ હોવાથી એ ભૂલ થવા પામી છે. (૪) બેળે એટલે બળપૂર્વક. આ તરફ લોકો બેળે જ વાપરે છે અને છંદ માટે પણ બેળે નહિ ચાલે માટે બેળે રાખવું. છતાં શહેરના ન સમજે તેમ લાગતું હોય તો નીચે અર્થ આપવો. (૫) ગભરાઈશ રાખવું. ઘ ઉતાવળમાં લખાયો છે....

કલ્યાણના યોગાંકમાં પં. શ્રી શિવનારાયણજી શર્મા સેંગઈ નામના એક માણસનો અ-ક-થ-ચક્ર.... વગેરે પર એક લેખ છે. તેમાં એણે દત્તાત્રેયયામલનો એક શ્લોક ટાંક્યો છે. તો કલ્યાણના તંત્રીને જોડ કાર્ડ લખી ઉપરના માણસનું પૂરું સરનામું મંગાવશો ને એ આવે કે એ માણસને દત્તાત્રેય યામલ છપાયેલું છે કે કેમ, હોય તો ક્યાં મળે છે ? ન છપાયેલું હાય તો એણે શ્લોક જે હસ્તલિખિતમાંથી ઉતાર્યો હોય તે ક્યાં કોની પાસે છે તે પૂછાવવાનું છે. છપાયેલું ઠેકાણું મળે તો ગ્રંથ મંગાવી લેવાનો. કલ્યાણના તંત્રીને માત્ર ખૂબ વિનયથી એ માણસનું સરનામું જ પૂછવાનું.

એણે ટંકેલો શ્લોક આ છે :-

અનીશ્વરસ્ય મર્ત્યસ્ય નાસ્તિ ત્રાતા યથા ભુવિ ।
દીક્ષાવિહીનસ્ય નેહ સ્વામી અત્ર પરત્ર ચ ॥

તથા

આ.સુ. ૨. જે રણાપુર જઉં છું, ને ત્યાંથી ૫ ને મંગળવારે રાજપીપલા. પ્રકૃતિ સાધારણ છે. હાલ એજ સંભારે તે સર્વને જય ગુરુદેવ.

ટીકીટ મોકલશો. ભૂલ ન રહે તે ખાસ કાળજી રાખશો.

– **રંગ અવધૂત**ના શુભાશિષ.

## ૨૪૯

નારેશ્વર, શનિવાર સ્હાંજ
(૧૪-૨-૩૭)

ભાઈ મોદી,

તમારા બંને પત્ર મળ્યા છે. તમારી તબિયતના સંબંધમાં મારો જૂનો પત્રવ્યવહાર વાંચી જોવા ભલામણ છે. બીમારી કરતાં બીમારીના વિચારો જ માણસને વધારે હતાશ અને હતવીર્ય બનાવે છે, છતાં તમને દવા ન કરવાની સલાહ હું નથી આપી શકતો. માત્ર મફતિયા ઊંટવૈદોનાં પડીકાં પેટમાં નાંખવાનું મૂકી દઈ કોઈ સારા તબીબની સલાહ લઈ વ્યાધિ નિર્મૂલ થઈ પૂર્ણ સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય ત્યાં સુધી દવા ચાલુ રાખશો. મને તો તમારી વ્યાધિનું મૂળ ખાનપાનની અવ્યવસ્થા લાગે છે, છતાં હું એ સંબંધમાં કંઈ નહિ લખું. પ્રભુ બધું સારું કરશે.

મારી પ્રકૃતિ સાધારણ રહે છે ને આજેબાના શ્રેય:સાધકો બેહદ ઊભરાતા જાય છે.

પ્રવાસ માટે બદલાયેલી પરિસ્થિતિ સાવ પ્રતિકૂળ છે ને બહાર તબિયત ઊલટી વધારે ચૂંથાય છે, છતાં બને તો થોડા દિવસ લોકોપાધિ ઓછી કરવાને બહાને સોમવારે રોપા જાઉં છું ને ત્યાંથી ફરતો ફરતો એકાદ માસ પછી સ્થાન પર પાછો આવીશ. માતુશ્રીની સેવામાં મૂળીબહેનની બા રહેનાર છે. કાલે આવશે. હાલ થોડા દિવસથી હું એકલો જ છું. ગઈ કાલે સ્હાંજે દેસાઈભાઈ આવ્યા છે. બે પાંચ દિન રહેનાર છે.

સાયરમાં નવો તલાટી આવી ગયો છે. બધું પુરાણ રૂબરૂમાં કહીશ. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત કહેશો.

હાલ એ જ....

**–પાંડુરંગ**ના શુ.આ.

## ૨૪૭

નારેશ્વર, શનિવાર સ્હવાર

(ફા.વ. ૧૪, ૧૯૯૩) (૧૦-૪-૩૭)

ભાઈ મોદી,

પત્રના વિલંબ માટે તમે રોષે ભરાઓ છો ! પણ અવધૂતની અહીં શી દશા છે તેનો તમને તલપૂર પણ ખ્યાલ છે ? આજ સુધી તો દુનિયા જ ત્રાસ આપતી હતી; પણ હવે તો પ્રિયતમ પોતે જ સતામણીનો ખેલ ખેલી રહ્યો છે ને એના અવલોકનમાં અવધૂતને મરવાનીએ ફુરસદ નથી. પણ એ બધી કથની તમને કે કોઈને લખીને યે શું ? બસ, આનંદ છે. ચૈ.સુ. ૧૦ને મંગળવારે ઉમલ્લે જાઉં છું.

પારાયણમાં અવધૂત હાજર જ છે એમ માની કામ નિભાવી લેવું. શરીર હાજરી નહિ આપી શકે. વૈશાખ સુદ ૧૦-૧૨ સુધીમાં સીસોદરા જવાનું થશે. પઠાણની ઉઘરાણીની માફક લોક કેડો જ નથી મૂકતા.

શું કરું ? શરીર દિવસે દિવસે એકદમ અશકત બનતું જાય છે. પણ છેલ્લા શ્વાસ સુધી લોક જંપીને બેસવા દે એમ લાગતું નથી ને માતુશ્રીની હયાતિ સુધી ચાર-છ મહિના દૂર નીકળી જવું પણ શક્ય નથી. પ્રભુએ જે ધાર્યું હોય તે ખરું.

નીચેના શબ્દોના અર્થ લખી મોકલશો ? કરટ, શાલૂર, સાલ, ગોમેદ, કૈકસી, હાલા, કાકોલ, પાર્ષ્ણિ, કોકાતરક્ષુ, કુરુવિંદ, માતુલુઙ્ગ.

પેલા દત્તાત્રેય યામલવાળાને ફરી પત્ર લખ્યો ? દત્તાત્રેય સર્વસ્વ માટે 'પરચુરે પુરાણિક આણિ મંડળી, માધવબાગ, કાવસજી પટેલ ટેંક, ગિરગાંવ મુંબઈ' લખી જોશો.

'ચૌખમ્બા સંસ્કૃત સીરિઝ કાર્યાલય, નોર્થ ઓફ ગોપાલ મંદિર, બનારસ સીટિ'ને લખી એમનાં સંસ્કૃત પુસ્તકોનું સૂચિપત્ર પણ મંગાવી લેવાનું છે. એમને ત્યાં સર્વ સ્થળોનાં સંસ્કૃત પ્રકાશનો મળી શકે છે. પત્રવ્યવહાર ઈંગ્લીશમાં કરશો.

કવીઠા, નાંદ ને થુવાવીના ફોટા સારા હોય ને તમને પસંદ પડે ને અન્ય ફોટાની માફક એનો પણ પ્રચાર ભક્તમંડળમાં થાય એમ લાગતું હોય તો મિસ્ત્રી પાસે કઢાવશો ને કઢાવેલામાંથી કાઢવા જેવા સારા હોય તેનાં પોકેટ સાઈઝ પણ કઢાવવા. મેં બધા જોયા નથી એટલે અભિપ્રાય નથી આપતો. નીચે ઠીક લાગે તો અતિ ઝીણા અક્ષરે તે તે ગામ ને મહિનો સાલ લખાવશો. ખૂણામાં ન ઠીક લાગે તો ન લખાવવાં. નામ લખવાની જરૂર નથી.

જયંતીના વિવાહની બાબતમાં તમારી બાનો અભિપ્રાય સર્વોપરિ માનવો. પેટલાદ તો મને પણ ઠીક નથી લાગતું.

એ જ બધાંને શુ.આ.

**– રંગ અવધૂત**ના આશિષ

## ૨૪૮

બુધવાર સ્હાંજ (૧૩-૮-૩૭)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. ગુલ્લર૦ પણ મળેલું. બોચીનો દુ:ખાવો હવે મટી ગયો હશે. મારી અને પૂ. માજીની પ્રકૃતિ ઠીક છે.

ગોધરેથી ભાઈ હરિપ્રસાદનો પત્ર છે. નર્મદાજીમાં પૂર ચઢેલું તે સાંભળ્યું હશે, એટલે સ્થાનની સ્થિતિ વિશે પૂછાવે છે. એમને લખી જણાવશો કે સ્થાનથી બે ખેતર પાણી દૂર હતાં ને કંઈ પણ મુશ્કેલી ઊભી થવા પામી નથી. એમને મળવા આવવું છે, તો જયંતીએ ભલે આવે. આડે દિવસે હું અહીં છું કે નહિ તેની ચોક્કસ ખબર કઢાવીને આવવું હોય તો આવે.

પંચપદીના પૂંઠાને બહારને પાને કંઈ મૂકવાની જરૂર નથી. છતાં મૂકવું જ હોય તો ગુજરાતી લિપિમાં તમને આપેલું મહારાજશ્રીનું બનાવેલું 'ચિત્તસ્થૈર્યકરસ્તોત્રમ્' મૂકશો ને પ્રસ્તાવનામાં તેનો નિર્દેશ કરશો. જાહેરખબર લાંબી લાંબી લખવી નહિ. સર્વથા ભૂલ રહેવા ન પામે તેની ખાસ કાળજી રાખવી.

સ્થાનમાં મોટીબા એના ચાકર સાથે છે. શ્રાવણ માસ રહેશે. ભાદ્રપદમાં તોલાશંકર આવવાનું કહી ગયા છે.

સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત કહેશો.

**– પાંડુરંગ**ના શુ.આ.

## ૨૪૯

નારેશ્વર

મંગળવાર સ્હાંજ (૧૮-૮-૩૭)

ભાઈ મોદી,

મેં તમને આઠેક દિવસ પહેલાં એક પત્ર લખેલો તે પહોંચ્યો હશે. ત્યાર પછી પરમ દિવસે ચતુરભાઈ આવેલા તેમની પાસેથી જાણ્યું કે એમણે તમને હું દીવેર જવાનો છું એવો પત્ર લખી નાંખ્યો છે. હું દિવાળી સુધી અહીં જ રહેવાનો છું. એટલે તમે જ્યારે તેડાવશો ત્યારે નવરોજ છું. તમે મંગાવેલી વસ્તુ અહીં જ મંગાવી રાખી મૂકી છે. સાથે લઈ જવાશે. છતાં વહેલી જરૂર હોય તો લખશો કે રજિસ્ટર કરી મોકલી અપાશે.

તમારો દાસ ઉપરનો પત્ર મેં વાંચ્યો છે. એ સંબંધી રૂબરૂમાં વાત કરીશ. મારી પ્રકૃતિ બે દિવસ સારી ને ચાર દિવસ નરમ એવી રહ્યા કરે છે, છતાં હરુંફરું છું ત્યાં સુધી બીજી ચિંતા જેવું નથી. પેટ કંઈક નરમ છે પણ ગયા ચોમાસાથી લગભગ રોજ ત્રણ-ચાર વાર શૌચ જવું પડે છે એટલે અશક્તિ ખૂબ દાખવે છે. બાકી આનંદ છે. સંભારે તે સર્વને જય ગુરુદેવ કહેશો. હાલ એ જ.

– **પાંડુરંગના** શુ.આ.

## ૨૫૦

નારેશ્વર, શુક્રવાર સ્હાંજ

(૨૭-૧૧-૩૭)

ભાઈ મોદી,

તમારો પત્ર વ. મળ્યાં છે. ફોટા નીચે (ઊભો અવધૂત)માંથી 'સાતવે' અસ્માન પર... બિન તાર તંબૂર' એ બે લીટી લખશો. મને ફોટાનું લખાણ સાથે પ્રિન્ટ છપાતાં પહેલાં જોવા મોકલશો. હાલરડું પાનાં પર માઈ રહે તો ભલે છપાવો. ધર્મશાળાના બોક્સીંગનો ત્રીજો હપ્તો કાલે ભરાવાનો છે. જયંતીમાં ભીડ બેહદ જામવાનો સંભવ છે. પણ બીજો ઉત્સાહ મંદ છે.

દત્તરક્ષાસ્તોત્ર રાજપીપળાના જોષી શિવપ્રસાદે છાપવા આપ્યું છે. જયંતી પર તૈયાર થઈ જશે. ઉપનિષદોની વાતોમાં ભૂલ ન રહે તે ખાસ જોશો. ને સંગીત ગીતા ખૂબ ધ્યાનથી સુધાર્યા પછી જ અત્રે રવાના કરશો. આ તરફ ભેટ નકલ ઉ.વા.ની આ પ્રમાણે મોકલાવશો. (૧) ચંદ્રસિંહ રામસિંહ. ઉમલ્લા શિવશંકર નાંદોદ ખાતે-નંદુ, ડીપોટી સા. જોષી શિવપ્રસાદ, મગનભાઈ ધ્રુવ, પ્રાગજી મીસ્ત્રી, માંડવા-ગિરધર પટેલ, મૂળીબહેન, જેસીંગ પટેલ, સ્ટે. મા. ઝાલોદ.

હરિ. પ્ર.ના રૂા. જયંતીમાં લેશો ને એમ કર્યાની એને ખબર આપશો. પાછા મોકલવાથી એનું મન દૂભાશે. પ્રાણશંકરને પુસ્તકની બધી નકલો મોકલી હશે. મહાત્મા જયંતી પર આવવાના હોય તો આઠેક દિવસ વહેલા આવે તો સારું. તમે પણ બને તો વહેલા આવશો. દાસ તદ્દન થાકી ગયા છે. મારું શરીર સાધારણ છે. ઠંડી પડવા માંડી છે. હાલ એજ. સંભારે તે સર્વને શુ.આ. કહેશો.

– **પાંડુરંગ**ના શુ.આ.

તા.ક. પંચપદીની જરૂર નથી. ઉ.વા.ની કિમ્મત ચાર આના રખાય તો ઠીક.

## ૨૫૧

**નારેશ્વર, શુક્રવાર સ્હવાર**
**(૩૦-૧-૩૮)**

**ભાઈ મોદી,**

**તમારો પત્ર મળ્યો છે. ચારપાંચ દિવસથી અહીં આવ્યો છું. અમાવસ્યા પછી રાંદેર, ધરમપુર વગેરે ઠેકાણે જવાનો વિચાર છે. પ્રાણશંકરને લખશો કે મહાશિવરાત્રી પછી મુકામ સ્થાન પર સ્થિર હશે. ફાવે ત્યારે તમને પૂછાવીને આવે. હાલ તુરત્તમાં આવવું હોય તો બુધવાર ત્રીજ સુધી છું. પછી અનિશ્ચિત.**

મારી ગેરહાજરીમાં બે વેષધારી સાધુઓએ આવી સ્થાનમાં ખૂબ તોફાન ગાળાગાળી વગેરે કર્યું. એમના બોલવા ઉપરથી...ના... એ એમને ઉશ્કેરીને મોકલેલા એમ લાગ્યું. નહિ જેવી ગરમનરમ ચર્ચાને અંતે હાહા હુહુ કરી એકબીજાને તાળીઓ દઈ મુત્સદ્દીમંડળ વિખેરાઈ ગયું ! ને તતઃકિમ્ ? (પછી શું ?)નો સનાતન પ્રશ્ન અવધૂત આગળ એમનો એમ જ ખડો રહ્યો !! વધવા જતા જનસમૂહની જવાબદારીને પહોંચી વળવા કોઈ છે નહિ અને એ બંધ થયા વગર આવી ઉપાધિઓ મટનારી નથી. એટલે ફાવે તે ભોગે લોકની સંખ્યા આવતી કેમ ઓછી થાય તેની પેરવીમાં છું. વધુ રૂબરૂમાં.

પ્રકૃતિ સાધારણ રહે છે. હાલ એજ. સંભારે તે સર્વને જય ગુરુદેવ કહેશો. સિંગાપુરથી ભાઈ છોટુભાઈએ એક 'ડોલતી નૈયા' નામનું પુસ્તક મોકલાવ્યું છે. તેમને નીચે પ્રમાણે લખી નાખશો. એજ

– **રંગ અવધૂત**ના શુ. આ.

ભાઈ છોટુભાઈ,

તમારી પ્રેરણાથી મોકલાએલ 'ડોલતી નૈયા' મળ્યું છે. તમે દૂર રહ્યે રહ્યે પણ તમારી દરેક પ્રવૃત્તિમાં અવધૂતને આમ સંભાર્યા કરો છો એ જોઈ સંતોષ થાય છે. તમારી સાત્ત્વિક નિષ્ઠા ઈશ્વર અચલ રાખે.

સાચે જ માનવીની જીવનનૈયા આજે ચારેગમથી ડોલી રહી છે, પણ ડોલતી ડોલતી જ

એ આગળ ધપવાની છે. દરિયો ભલેને ફાવે તેટલો તોફાની હોય, ભલેને એકી સાથે બારેય મેઘ તૂટી પડે, વાયુ ભલેને પ્રલયવાત સમો વહ્યા કરે, પણ જો સુકાન સાચા ધણીને હાથ હશે તો નાવ ડૂબવાની બીક નથી, એ ડોલંડોલ સ્થિતિમાંથી આગળ ધપી તમારી નાવ સત્વર કિનારે પહોંચે એમ ઈચ્છું છું. તમારાં અ.સૌ. પત્ની અને ચિ. બાળકો તથા જાણ્યે અજાણ્યે જે અન્ય કોઈ સંભારતા હોય તે સર્વને શુ.આ. સાથે અવધૂતના જય ગુરુદેવ. આવું કંઈક લખી નાખશો.

**– રંગ અવધૂત**

## ૨૫૨

ભાઈ મોદી

સાથેનું લખાણ ઈચ્છાશંકરના ચિ. દેવદત્તને આપવાનું છે. એણે એની માગણી કરેલી. સ્વતંત્ર પ્રકાશન તરીકે એ એને છાપી મારે તો તેમ કરવા દેવાનું. પોતે પૈસા આપી તમને છપાવવાનું કહે તો તેમ કરવાનું. પણ તમે પોતે થઈને એને એકેય સૂચન કરશો નહિ.

રામદાસ સ્વામીના મનના શ્લોક જેવું વૃત્ત છે. મરાઠીમાં કવિતા પૂરતી જેમ બોલાતું હોય તેવી જોડણી કરવાની છૂટ હોય છે. ગુજરાતીમાં હ્રસ્વને બદલે દીર્ઘ બોલવા માટે ઉપર – ને દીર્ઘને બદલે હ્રસ્વ બોલવા માટે U ચિન્હ કવચિત્ મુકાય છે. નવા લેખકો ઉપર જણાવેલી મરાઠી રીત કવચિત્ અનુસરતા માલમ પડે છે. મને લાગે છે કે કવિતામાં પણ પ્રચલિત જોડણી ચાલુ રાખવી અને વાંચનારે જ તે તે સ્થળ પૂરતો હ્રસ્વદીર્ઘનો વિવેક તેવા ઉચ્ચાર દ્વારા કરી લેવો. આપણાં પદ્યલખાણોમાં આપણે એજ રીત અખત્યાર કરી છે. છતાં ઉપરની બંને રીતમાંથી કોઈ અનુસરવાની તમને આવશ્યકતા લાગતી હોય તો તે પ્રમાણે સુધારી લેશો. હું ગુ. રીત પ્રમાણે ચિહ્ન કરી મોકલું છું. જો ફેરફારની જરૂર ન જણાય તો મૂળ લખાણ જ બરાબર છે.

ભારે શબ્દના અર્થ નીચે આપ્યા છે. તેમાં વધઘટ કરવાની જરૂર જણાય તો કરી લેશો. નીચે આખી લીટી ન રાખતાં સ્હેજ લીટી દોરી ઝીણાં બીબાં લેવાથી કળાની દષ્ટિથી વધુ સારું લાગશે.

ભાષાંતર અક્ષરશ: નથી કર્યું પણ સ્વતંત્ર અનુવાદ જેવું છે, એ લખવાની જરૂર નથી જોતો.

પ્રકૃતિમાંથી અશક્તિ હઠતી નથી, બલકે વધે છે. સ્હેજ શ્રમ પડતાં તાવ આવી જાય છે. ગાણગાપુર જવાનું નક્કી નથી. વાડેકરનો અંતિમ નિશ્ચયનો પત્ર નથી આવ્યો.

– શુદ્ધિ નોંધ/લીલામૃતના અધ્યાય દોહરા વિ. સંબંધી વિરામચિહ્નની ભૂલો ત્યાં જ સુધારી છે તે જોઈ બરાબર સુધરાવી પછી છાપવાની રજા આપશો.

વિષયપ્રવેશ જોઈ મોકલ્યો છે છતાં તમે નજર નાંખી જશો. આગળનાં પાનાં મળ્યાં

નથી. મળશે કે તુરત સુધારી મોકલીશ.

મારે અહીં આવતાં જ તમને કાગળ લખવો જોઈતો હતો પણ શરીરમાં બેસુમાર અશક્તિ હોવાથી તેમ બની શક્યું નહિ. આજે સોમવારે જેમતેમ કરી બધું જોઈ તપાસી મોકલ્યું છે.

પ્રકૃતિમાં ઝાઝો ફેર નથી. અશક્તિ કંઈક વધારે છે છતાં ફિકર કરવા જેવું નથી. ગ્રંથનું કામ બને તેટલી ચોકસાઈથી ને ઝડપથી કરશો. ફાવે તેવી પ્રકૃતિ હશે તો પણ હું ગ્રંથ હાથમાં આવતાં જ પારાયણ શરૂ કરવાનો છું. અપવાસના દિવસોમાં તોલાશંકર સાથે રહેવાનું કહે છે એટલે ફલાહારની મુશ્કેલી નહિ આવે.

હાલ એ જ. સંભારે તે સર્વને ખુશખબર કહેશો.

**–રંગ અવધૂત**ની શુ.આ.

## ૨૫૩

મુંબઈ,
મંગળવાર સ્હવાર (૮-૩-૩૮)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. હું ગાણગાપુર વગેરે સ્થળે ફરી આવ્યો છું. બ્લોક માટે મેં તમને નારેશ્વરથી જ લખેલું, પત્ર તમને કેમ નથી મળ્યો તે હરિ જાણે. આપણી પાસે વચમાં મહારાજશ્રીને આજુબાજુ સીતારામ મ. તથા નૃસિંહસરસ્વતી બેઠા છે ને પાછળ ગાંડા મહારાજ ઊભા છે એવો એક બ્લોક છે ને ત્રીજા ભાગમાં તે મૂકવાનો છે. તો જોઈતી નકલો અત્યારે જ કાઢવાથી બગડે તેમ ન હોય તો સારા આર્ટ પેપર પર કઢાવી ત્રણ નકલ નીચેના માણસને તુરત જ મોકલી આપશો. જો આપણને અત્યારથી નકલ કઢાવવી પરવડે તેમ ન હોય તો મૂળ બ્લોક જ એને રજીસ્ટર કરી મોકલી આપશો ને કામ થાય કે તરત જ એ પાછો મોકલવા લખશો. પત્રવ્યવહાર હિંદી કે ઈંગ્લીશ કરશો.

ગુરુવારે રાતની ગાડીએ અહીંથી પાછો ફરું છું. ધરમપુર જવાનું થશે તો થોડા દિવસ વધુ થશે; નહિ તો હોળી પર નારેશ્વર જવાશે. પ્રકૃતિ સાધારણ છે. પાછા ફર્યા પછી થોડા સમય માટે કાયમનું મૌન રાખવા વિચાર છે. પ્રભુ એ પાર પાડે ત્યારે ખરું. બાકી આનંદ છે. સંભારે તે સર્વને જય ગુરુદેવ કહેશો. બ્લોક મોકલવાનું સરનામું :-

**શ્રી સદાશિવ ગણેશ સોમણ**
**સોમણ ચાંચે ઘર**
શિવાજી મંદિરા જવળ, પૂનાસીટી

**– રંગ અવધૂત**

## ૨૫૪

નારેશ્વર, મંગળવાર બપોર
(૨૪-૩-૩૮)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. અંકલેશ્વર થઈને આવેલો પણ એક મળેલો. મારા મૌનની ખબર તમને મળી ગઈ છે એટલે વધુ નથી લખતો. પ્રકૃતિ સાધારણ છે. પૂ. માજી મઝામાં છે. પદ્માબહેનને કોઈ સારા વૈદ્યની દવા ઠીક લાગે તો કરાવશો. રંગહૃદયમ્‌ની એક એક નકલ ભેટ તરીકે નીચેને સરનામે મોકલી આપશો.

**શ્રી બ્રહ્મચારી નીલકંઠચૈતન્ય**
C/o. શ્રી દત્તોપંત કરકરે (કેસરી-એજન્ટ)
પંઢરપુર (જિ. સોલાપુર)

તેમજ આપણાં દરેક પ્રકાશનની એક એક નકલ ભેટ નીચેને સરનામે :-

ગં.સ્વ. ચતુરબહેન ડાહ્યાભાઈ મહેતા
ઠે. ચુનારવાડ, કાળારામના મંદિરમાં,
મુ. ભરૂચ.

સર્વથા ભજનમાં પ્રમાદ કરવો નહિ. એના જેવી શાંતિ આપનાર બીજી એકેય વસ્તુ નથી. પત્રવ્યવહારની અપેક્ષા ઓછી રાખી અંતઃસંગ વધારવા માંડો તો ઠીક. અવધૂતને હવે એક અક્ષર પણ લખવો વિષમ થઈ પડ્યો છે. માંડ મહિને આટલું લખી રહ્યો છું. સંભારે તે સર્વને જય ગુરુદેવ કહેશો. હું જલદી પાછો બોલતો થાઉં એવો સ્વાર્થી સંકલ્પ રખે કોઈ સ્વપ્ને પણ કરતા. એ જ.

- **અવધૂત**ના શુ.આ.

## ૨૫૫

નારેશ્વર, બુધવાર (૨૧-૪-૩૮)

શ્રી ભાઈ ઋષિ, કમળાશંકર વગેરે જોગ,

જય ગુરુદેવ ! બાદ તમારો પત્ર ફરતો ફરતો ગઈ કાલે રાતે જ હાથમાં આવ્યો ! મરનારની ક્રિયા વગેરે બધું વિધિસર નિર્વિઘ્ને પાર પડી ગયું હશે એમ માની લઉં છું. તમે બધા સમજુ માણસો છો એટલે મારે વધુ લખવાપણું રહેતું નથી. જગતનો ક્રમ એમ જ ચાલે છે. એમાં હર્ષ-શોક કરવા જેવું કાંઈ જ નથી.

કેચિદ્યાતા હ્યર્ધયાતાશ્ચ કેચિત્ ।
કેચિન્માર્ગે નીયમાનાઃ પુરસ્તે ।

એ ચલાચલીના ખેલમાં પોતાનો નંબર આવે કે ઊઠ્યે જ છૂટકો. કાળ ધક્કો મારીને ઊઠાડે તે પહેલાં જ જાણીને તૈયારી કરી રાખી હોય તો ઠીક, જેથી આગળ પસ્તાવાનું ન રહે.

કમળાશંકર સમયસર આવી પહોંચ્યો એટલે મરનારની સદ્‌ગતિ જ છે. બધાં ખૂબ ભજન કરશો. ગં. રેવાબહેન વગેરે સર્વને મારી વતી આશ્વાસન આપશો. પ્રભુ મૃતાત્માને શાંતિ આપે એવી ઈશ્વર પ્રત્યે પ્રાર્થના સાથે.

**– અવધૂતની શુ.આ.**

## ૨૫૬

શુક્રવાર સ્હવાર
(૬-૫-૩૮)

શ્રી ઋષિ વગેરે ભક્ત મંડળ જોગ,

જય ગુરુદેવદત્ત. બાદ ખૂબ આનંદ છે. નારેશ્વરને સ્હામે કિનારે રણાપુર ને લીલોડની વચ્ચે ઈંદોરની સીમમાં ઈંદ્રેશ્વર મહાદેવના સ્થાનમાં મુકામ છે. તપસીજી આવીને અહીંથી ઉઠાડે તો ભલે, બાકી હાલ તો અહીં જ રહેવાની વૃત્તિ છે. શરીર સુધારા પર છે.

ઉપાધિના તાજા ઘામાંથી તમે કંઈક સ્થિર થયા હશો. એમ માની લઉં છું, બચ્ચાંને મારા વતી દિલાસો આપશો ને ભજનમાં ચિત્ત પરોવશો. અવધૂતી આનંદ તમને દુઃખ ભૂલવામાં કંઈક મદદગાર તો જરૂર થશે. બધો પ્રારબ્ધનો ખેલ છે. માટે દ્દષ્ટા થઈ દૂરથી એ જોયા કરવું. એની સાથે તાદાત્મ્ય પામી વૃથા હર્ષશોકમાં પડવું નહિ. જીવનદોરી ગુરુમહારાજના હાથમાં સોંપી નિશ્ચિંતપણે યથાપ્રાપ્ત કર્યાં જવું ને પરિણામમાં લપટાવું નહિ. જે કોઈ સંભારે તે સર્વને જય ગુરુદેવદત્તપૂર્વક શુભ આશિષ. હાલ એ જ.

**– રંગ અવધૂત**

તા.ક. દક્ષિણમાં જવાનું હાલ એ લોકોએ બંધ રાખ્યું છે.

## ૨૫૭

નારેશ્વર, શનિવાર બપોર
(૨૬-૬-૩૮)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો છે. શરીર તમારું છે, એને ફાવે ત્યાં ને ફાવે તેમ રાખો અને તેમ તગેડો. અવધૂત એ વિષે સાવ નિરાગ્રહ છે. રેવાબાઈ ધર્મશાળા મેં જોઈ નથી. પણ ત્યાં એકાદ ઓરડી ન મળે ? પાણી ને જાજરૂની વ્યવસ્થા હોય એટલું થયું. ખાવાનો તો સંસારીઓનો

ટુકડો છે, છતાં મુકામ સંસારીઓના આવાસથી અલગ હોય તો ઠીક ને આગમનનું ઢોલ ન પીટો કે પીટાવો તો સારું. શરીરની પ્રકૃતિ સારી નથી, લોહી બગડ્યું હોય એમ લાગે છે. સર્વથા ફાવે તેમ ઠેરવો, મને એ સંબંધી વારંવાર પુછાવશો નહિ. જેલની પસંદગી કેદીને કરવાની ન હોય !

અહીંથી અષાઢ સુ. ૧૪એ નીકળી, યથાપ્રારબ્ધ પૂર્ણિમાનો દિન ક્યાંક ગુજારી, પૂર્ણિમાની સાંજે કે સવારે એ તરફ આવીશ. ચોક્કસ ચૌદશે લખીશ કે લખાવીશ.

સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત કહેશો. વરસાદ સારો છે. પૂ. માજીની પ્રકૃતિ ઠીક છે. આવતે મહિને દ્વિવેરથી નાથાભાઈ રહેવા આવવાના છે. એ જ.

– **અવધૂત**ના શુ.આ.

## ૨૫૮

નારેશ્વર, રવિવાર સ્હાંજ

(૪-૭-૩૮)

**ભાઈ મોદી,**

તમારો પત્ર હમણાં જ મળે છે. જનુના પડી જવાની વાત જાણી ખૂબ અફસોસ થાય છે. એની ખૂબ સંભાળ રાખશો. મળી શકે તો આઠેક દિવસ રોજ થોડું મધ નાખી એકાદ તરોપા (લીલું નાળિયેર)નું પાણી એને પાશો જેથી કળતર નરમ પડશે ને ભવિષ્યે પણ થવાનો સંભવ ઓછો રહેશે. એને ખાવામાં પણ થોડા દિવસ ઘીથી લદબતતો શીરો જ આપશો. ભાત વગેરે થોડા દિવસ બિલકુલ ન ખાય તો ઠીક. ખબર લખતા રહેશો. એની તબિયત સારી થઈ જાય ત્યાં સુધી જોઈએ તો થોડા દિવસ ગ્રંથનું કામ મુલતવી રાખશો.

મને પણ આઠ-દસ દિવસથી જમણે હાથે ખભા ને ગળા પર કંઈક ઝેરી જાનવર કરડી ગયેલું. ફોલ્લીઓ થયેલી ને બધું લાલ થઈ સૂઝી ગયેલું. અગન અતિશય બળતી ને ગળફામાં લોહી પણ કવચિત્ પડતું હતું. હવે આરામ પણ છે. તમારા લખવા પ્રમાણે મહાત્મા કે કોઈ સરખેજી વ્યક્તિનો મારા પર પત્ર નથી. છતાં તમે એમને તો મારા આવવાની ખબર જરૂર આપશો પણ બીજે વાત ફેલાય નહિ તેની ખાસ કાળજી રાખવા કહેશો.

વડોદરે તો નિમિત્ત ટાળવા પેલા શીકે ડૉક્ટર તેડવા આવે તો જ જવાનો છું. તમારો બીજો પત્ર આવ્યે તેડવા આવવા માટે ચોક્કસ દિવસ વગેરેનો પત્ર લખીશ. બધાને શુ.આ. ચિ. જનુની ખબર લખશો ને મારા તરફથી એને હસાવશો. એ જ.

– **રંગ અવધૂત**

## ૨૫૯

નારેશ્વર, બુધવાર બપોર
(૧૫-૮-૩૮)

ભાઈ મોદી,

તમારા બન્ને પત્ર મળ્યા છે. ખૂબ આનંદ છે. પ્રકૃતિ સાધારણ છે. જીર્ણજ્વર આવતો હોય એમ લાગે છે અને છતાં તદ્દન શરીરરાખો બની આરામ લેવાનુંય બનતું નથી. જેમ તેમ કરી 'ગીતા' પૂરી કરી છે. માતુ:શ્રીનું શરીર ઠીક છે.

હાલમાં તોલાશંકર એમનાં પત્ની અને ન્હાની દીકરી સાથે અહીં છે. અધિક માસમાં એ ગયા પછી ઉમલ્લાથી શિવશંકર આવનાર છે. ધનસુખરામ ભાદરવામાં આવશે. માતુ:શ્રીને નિમિત્તે (જો કે પાણીનું ઘણુંખરું કામ તો મૂળજીની મા જ કરે છે) કે હું બહાર નથી નીકળતો તેથી પણ લોક અહીં આવ્યા જ કરે છે અને તેને અંગે અનેક ભાંજગડો ઊભી થાય છે. કેટલાકે નારેશ્વરની તપોભૂમિને એ તરીકે નહિ પણ હવા ખાવાની જગ્યા તરીકે વાપરવા માંડી છે અને દેવનો ડંડો પડે ત્યારે એથી સીધા ન થતાં અવધૂતના કે એના હાથપગ જેવા થઈ પડેલા અન્ય જનોનો દોષ કાઢવાનું જાણે વ્રત જ ન સ્વીકાર્યું હોય તેમ કરવા માંડ્યું છે પણ હવે એ બધું-કેમ કે માણસની સંખ્યા વધતી જ જાય છે- તદ્દન તટસ્થ રહી નીભાવી લેવાનું જ રહ્યું. બોધ પણ હવે નકામો છે.

તારમાસ્તર વગેરે પણ તપ કરવું હોય તો ભલે આવે, બાકી અહીંની મુશ્કેલીઓ તમે જાણો જ છો.

દાસની તબીયત સ્હેજ નરમ છે. અહીં આવ્યે મહિનો થઈ ગયો. રણાપુર છે. રાજપીપળામાં પેલો ધૂણો નાંખનાર મહાત્મા-મહારાજશ્રીના શિષ્યને અવધૂતના મોટા ગુરુભાઈ- તરીકે ફરતા હતા તેમની રેવડી ઊડી ગઈ છે. બધું રૂબરૂમાં. સર્વથા ગાંડી ગુજરાતને નમસ્કાર કરવા જેવું છે. સંભારે તેમને જય ગુરુદેવદત્ત.

**- રંગ અવધૂત**ના શુ.આ.

## ૨૬૦

નારેશ્વર, શનિવાર રાત
(૨૫-૯-૩૮)

ભાઈ મોદી,

તમારો પત્ર (વાસુદેવ) નામસુધા બધું મળ્યું છે. મારી તબિયત ત્યાંથી આવ્યા પછી વધારે લથડી ગઈ છે. તાવ ને ઉધરસ પુષ્કળ આવે છે ને અશક્તિ ખૂબ જ વધી ગઈ છે છતાં આનંદ છે.

બીજું, અશ્વત્થારોપણવિધિની મારે જરૂર નથી ને અહીં મોકલવા મેં લખ્યું પણ નથી. પરંતુ ભાઈ વાડેકરને એની એકદમ તાકીદે જરૂર છે. એમના મારી ઉપર એ સંબંધી ઉપરા

છાપરી પત્રો આવે છે. હું જાણું છું કે તમને ફુરસદ હોતી નથી છતાં મારી ખાતર એ વિધાન સારા અક્ષરે ઉતારી બનતી તાકીદે એમને બારોબાર મુંબઈ મોકલી આપશો. સાથે લખી નાંખશો કે મારી તબિયત તદ્દન નાદુરસ્ત છે. હજીએ તાવ-ખાંસી ચાલુ છે. એટલે કારતક મહિનામાં એમની ઈચ્છા પ્રમાણે એમની સાથે ગાણગાપુર જઈ શકીશ નહિ. તે માટે હું અત્યંત લાચાર છું. એમની યાત્રા યશસ્વી ને પૂર્ણ ફળપ્રદ થાય એવી મારી હાર્દિક આશિષ છે. એને લખવામાં વિલંબ કરશો નહિ.

બીજું, પેલું સ્વર્ગ પુણ્યથી જાણ; શુદ્ધિપત્રમાં હાથે સુધારી નાખશો. દષ્ટિદોષથી એવું થયું લાગે છે જોકે છે. તેવું એ અર્થપૂર્ણ તો છે જ. પણ સુધારોવધારો સરળ થશે એટલે સુધારશો એ જ.

સર્વને શુભ આશિષ.

**- અવધૂત**

## ૨૯૧

ધરમપુર, મંગળ

(તા. ૧૫-૨-૧૯૩૯)

ભાઈ મોદી,

આનંદ છે. પ્રવાસ પૂરો કરી કાલે સ્હાંજે નારેશ્વર જવા નીકળું છું. પેલો.... ત્યાં સ્ત્રી અને ચાર છોકરાં સાથે મારી ગેરહાજરીમાં જ આવી પહોંચ્યો છે. એક તો ધાવણું બાળક છે ! લીલોડ પડ્યાં છે. પાસે કંઈ ન હોવાથી સ્થાનમાંથી થોડા દાણા વગેરે અપાવવાં પડ્યાં છે. એને મીંઢોળ દીવેર મોકલેલો પણ કંઈ કરી શકે, કરવાની વૃત્તિ હોય તેમ લાગતું નથી.

The so-called devotees do not want to be even a little bitter with him and Avadhut has to do the dirty task of driving him away by any means. સ્થાન પર જતાંની સાથે જ એ પ્રશ્ન નીવેડા માટે સ્હામે ઊભો જ રહેવાનો છે. પ્રવાસમાં સેંકડો માણસો આજેબાના શ્રેયને માટે (કે કેમ તે પ્રભુ જાણે !) ટોળે વળે છે ને અવધૂતને લઈ જનાર એ બધાની સારવાર માટે સેંકડોનું ખરચ કરી નાંખે છે. પણ એ બધાની પાછળ સાચી નિષ્ઠા કેટલાની છે ને કોઈની પણ છે કે કેમ એ વિષે શંકાશીલ અવધૂતને તો શંકા જ છે. હશે. હાલ તો એવું એવું ઘણુંએ અનિચ્છા-પરેચ્છા પ્રારબ્ધ ભોગવી લઉં છું. ભાવિ પ્રભુ જાણે....

સંભારે તે સર્વેને જય ગુરુદેવ કહેશો.

**- રંગ અવધૂત**

## ૨૯૨

શનિવાર બપોર ૧૦-૪-૩૯

ભાઈ મોદી,

તમારો પત્ર આજે મળ્યો. સાથે શ્લોકનું ભાષાંતર સુધારી મોકલ્યું છે. પ્રૂફ કાળજીથી જોશો. જેથી મારે કંટાળવું ન પડે. પ્રસ્તાવનામાં મેં લખેલી ઓવીઓ જ બસ છે. વધારે તમારે જુદું કંઈ નિવેદન લખવું હોય તો ભલે લખશો. હું કંઈ લખીશ નહિ.

ગુરુપૂર્ણિમાએ અહીં જ રહેવાનો છું. પણ લોકોપાધિ ટાળવા પૂજનાદિ કંઈ કાર્યક્રમ રાખવા દેવાનો વિચાર નથી, છતાં ટોળું તો જામશે જ.

....હું સોમવાર સ્હાંજે અહીંથી ઊપડી ઉમલ્લા થઈ મંગળવારે રાજપીપળા જાઉં છું. પૂ. માતુશ્રીએ રણાપુર કે બીજે કોઈ ઠેકાણે રહેવાની કે જવાની ના પાડી, પણ મારો પ્રવાસ પહેલાંથી જાહેર થઈ ચર્ચાઈ ગયેલો, એટલે એ પડતો મૂકવાનું ઉચિત ન લાગવાથી એમને નારેશ્વર જ રાખી જવું પડે છે. ધનસુખરામ સેવામાં સહકુટુંબ રહેવાના છે એટલે હાલ તો ચિંતા જેવું નથી, પણ ભવિષ્યમાં પણ એ આ જ stand કાયમ રાખે તો મુશ્કેલી છે. સાયરનાં બૈરાં પણ આવતાં રહેવાનાં છે, ને દાસ મૂળીબહેન વ. પણ અવારનવાર ખબર લેતા રહેશે એટલે હમણાં તો એમને સારી રીતે ગમશે, છતાં આ કંઈ પ્રશ્નનો કાયમનો નિકાલ ન કહેવાય. હું બહાર જવાનું બંધ કરું તો લોક મને વગર મોતે મારી નાખે.

અધૂરામાં પૂરું મૂળીબહેનની બા પડી જવાથી એમને ઘણું વાગ્યું છે એટલે એ ને દાસ રણાપુરથી વારંવાર દોડી શકે તેમ નથી. મેં એમને માતુશ્રી વિષે વારંવાર કાગળ લખવાનું તો કહ્યું જ છે અને સ્હેજ પણ એવું લાગશે તો હું તુરંત પાછો આવી જઈશ. પણ બહાર પાડેલો Programme બંધ રાખી નકામી ગાંડુ લોકમાં ચર્ચા ઊભી થવા દેવાનું ઉચિત નથી ધારતો એટલે હાલ તો ઉપડી જાઉં છું. સંભારે તે સર્વને જય ગુરુદેવદત્ત

– **રંગ અવધૂતના** શુ.આ.

## ૨૯૩

નારેશ્વર, મંગળવાર (૧૦-૮-૩૯)

ચિ. ભાઈ કમળાશંકર,

પત્ર મળ્યો છે. થોડીઘણી હકીકત ઋષિએ પણ કહી હતી. તારું જીવન જ ઉપાધિનો સામનો કરવા માટે સર્જાયેલું છે. આજ સુધી પરિસ્થિતિએ તને ઠરીને ક્યારે બેસવા દીધો છે ? ગૃહભેદ બધાનું મૂળ છે; છતાં કોઈ સામે રોષ કર્યે કે ગભરાયે શું થાય ? પ્રભુએ ધાર્યું હશે તે થશે અને થશે તેમાં સૌનું હિત જ હશે. માટે ભજન ચૂકવું નહિ. રાખણહારો રામ છે. બધા દહાડા આવા જ જવાના નથી.

અહીં મકાનનું કામ ચાલે છે, એટલે હાલ રાજપીપળાનું કેટલુંક મંડળ છે. ચતુરભાઈ અને પ્રભાશંકર પણ છે. આવતે મહિને સિનોરથી એક બાઈ આવવાનાં છે. તે પછી ભાદ્રપદમાં

## ૨૨૩

દીવેરથી નાથાભાઈ આવશે, એટલે અહીં તકલીફ જેવું નથી. માટે અહીંની ફિકર ન કરતાં ત્યાંનું કામ કાળજીથી કર્યા કરવું. હું હાલ ત્યાં આવું એવો સંભવ ઘણો ઓછો છે, કેમકે વરસાદ બિલકુલ નથી ને વાતાવરણ ભયભીતતાથી ભરેલું છે. એટલે મારી હાજરીની સ્થાનમાં જરૂર છે, જેથી અહીં રહેનારને હિંમત રહે. સંભારે તે સર્વને મારી શુભ આશિષ. હાલ એ જ.

– **રંગ અવધૂત**ના જય ગુરુદેવ.

## ૨૯૪

નારેશ્વર ગુરુવાર સ્હાંજ
(૨૦-૧૦-૩૯)

ભાઈ મોદી,

તમારા બંને પત્ર મળ્યા. મારે તમને જવાબ લખવો જોઈએ. પણ શું લખું ? મૂળીબહેનની તબિયત વિષે દાસે તમને પત્ર લખ્યો છે, એટલે હું કંઈ નથી લખતો.

મારી પ્રકૃતિ સારી રહેતી નથી, કારણો તમારાથી અજાણ્યાં નથી. પૂ. માજી મઝામાં છે. હાલ એ જ સંભારે તે સર્વને જય ગુરુદેવ કહેશો. પાંડુરંગના શુ.આ.

## પિછાન

રમે રામ સહુ ઘટ વિષે, રહીમ દયાઘન એજ;
હિંદુ મુસલમીન કાં લડો ? 'રંગ' નૂર તે તેજ ! ૧
માતા મારી ચિત્કળા, પિતા બોધસ્વરૂપ;
સુત અનુભવ હું તેમનો, 'રંગ' અરંગ અરૂપ ! ૨
પાંડુ શુભ્ર કલંક ના, 'રંગ' સ્વરૂપ અલેખ;
પાંડુ ર ચિન્મય બ્રહ્મ છે, ગ તન્મય થા દેખ ! ૩
રરરા તત્પદ જાણ તું, ગગ્ગા ત્વંપદ દેખ;
અનુસ્વાર અસિપદ લહ્યું, 'રંગ' તત્ત્વમસિ એક ! ૪
'રંગ' 'રંગ' જન શું કહે, 'રંગ' સંતપદધૂળ;
ભાવે સદ્‌ગુરુ સેવતાં, ચાટે જગ પદધૂળ ! ૫
થયો હડધૂત જીવતાં, મૂએ બન્યો અવધૂત;
પૂજે કપૂત જીવડાં, મડદાં 'રંગ' સપૂત ! ૬
ઝંખું પરધન સર્વદા, પરસ્ત્રી અળગી ન થાય;
કરું સ્વજનવધ ખંતથી, 'રંગ' પાર કો પાય ! ૭
ગાંડોતૂર ફરું બધે, સદા મદ્યચકચૂર;
લાગ્યો 'રંગ' ન છૂટશે, રહો સંગથી દૂર !!

– **રંગ અવધૂત**

તમારા એકમેવ ઉત્સાહથી લોકોએ જયંતી અહીં જ કાયમ રાખી, અને તમને એક પત્તું લખવાની પણ ફુરસદ નથી મળતી એ ઠીક તો નથી જ. હું રણાપુર ગયો તેને બીજે જ દિવસથી સેતાનની સેનાએ ગોળીબાર શરૂ કરી દીધો છે. મેં એ વિષે આગાહી તો છ માસ પહેલેથી જ કરી મૂકેલી એટલે આશ્ચર્યનું કંઈ કારણ નથી. સ્તવન છાપો જ અને ઠીક લાગે તો પાછળ પૂંઠા પર ઉપરનું મૂકશો. પદ્માબહેનની તબિયત કેમ છે ? તમને દરેક જણે અહીંથી જઈને તરત જ પત્ર લખવાનું કહેલું, પણ....! કોરલ ટપાલ આવશે તો હરકત નથી.

ઉજાગરાને લીધે આંખો બિલકુલ દુ:ખે કે લાલ થાય નહિ તે માટે સોડાવોટરથી આંખ ધોવાનો એક તરીકો એક જણે બતલાવ્યો છે તો તેમ કરવામાં આંખને કંઈ નુકસાન થવાનો સંભવ છે કે કેમ તે વિસનગર દાક્તરને પૂછાવી લેવાનું ચતુરભાઈએ કહ્યું છે.

મારી પ્રકૃતિ સારી નથી. મહાત્માને ફુરસદ હોય તો આઠ-દસ દિવસ વહેલા આવે. સંભારે તે સર્વને જયગુરુદેવ કહેશો. શેઠાણી મઝામાં છે. કાલ બપોરના ગિરધરભાઈ આવ્યા છે. દાસ ગુરુવારે આવ-જા કરે છે. કાર્યકર્તાઓ અમાસ પછી મુકામ નાખે એવી મારી સૂચના છે.

– **પાંડુરંગ**ના શુ.આ.

## ૨૯૫

નારેશ્વર, બુધવાર બપોર

૮-૫-૪૦

શ્રી લાભશંકર, નટવરલાલ વગેરે જોગ,

તમારો પત્ર મળ્યો છે. ભાઈ પ્રભાશંકર ગયા ને તરત જ મારે તમને પત્ર લખવાની જરૂર હતી, પણ પ્રસંગની ગંભીરતાની કિંમત બે અક્ષર લખી નાંખીને જ આંકી કાઢવાનું મને ઠીક ન લાગ્યું અને મેં મૌન રાખવું જ ઉચિત ધાર્યું. આવા આવા અત્યુત્કટ શોકપ્રસંગે ભલભલાનું ચિત્ત પણ ડોલી ઊઠે છે તો તમારી શી કથા ! તમારા ઘરનો તો મધ્યસ્તંભ જ તૂટી ગયો છે, ગામે અને આજુબાજુનાં સૌએ એક સારો સલાહકાર ગુમાવ્યો છે, અને અવધૂતના લોકસંગ્રહાત્મક શરીરની તો એક પાંખ જ ખરી પડી છે એમ કહું તો જરાયે અતિશયોક્તિ કે ઔપચારિકતા નથી. થોડીવાર તો એની સ્થિતિપ્રજ્ઞતા પણ ડોલી ઊઠી હતી અને તમને કે બહારનાં કોઈને પણ કંઈ લખવાનું તો આજ સુધી પણ એનાથી ન બન્યું ! જેણે જેણે બીના જાણી છે તેમાંનો કોઈ પણ બે શોકોદ્ગાર કે એકાદ દુ:ખાશ્રુ પાડ્યા વગર રહ્યો નથી.

પણ આ બધાં રોદડાં રડ્યે હવે શું ? દરેક નાના મોટા પ્રસંગની પાછળ કંઈક ઈશ્વરી સંકેત – ગૂઢ છતાં ચોકકસ – જરૂર હોય છે. એ ઓળખી તદનુસાર દૈવેચ્છાને તાબે થઈ યથાપ્રાપ્ત ભાવિનો સામનો કરવામાં, કેડ કસવામાં પુરુષાર્થની સાર્થકતા છે. થયું ન થયું થવાનું નથી અને આપણા સ્વાર્થની વાત બાજુએ મૂકીએ અને કેવળ જનારનો વિચાર કરીએ તો

અશુભ એવું થયું છે પણ શું ? ''ન સ ખલુ ઉપરતો યસ્ય વલ્લભો જન: સ્મરતિ'' -જેને લોકો પ્રેમથી પાછળ પણ યાદ કરે છે તેને મરણ પામેલો કોણ કહેશે ? તે તો સદા અમર જ છે. જ્યાં સુધી નારેશ્વરનું સ્થાન છે, જ્યાં સુધી ગુજરાતમાં દત્તધૂન ગાજી રહેવાની છે, ત્યાં સુધી પ્રભાશંકર જીવંત જ છે. એમની પુણ્યસ્મૃતિને રખે કોઈ નકામો શોક કરી કલુષિત કરતા !!

હું જાણું છું કે એમના જવાથી તમારે માટે કેટલીક વ્યાવહારિક ગૂંચો ઊભી થઈ છે, પણ હું ઈચ્છુ છું કે પ્રભુ તમને એ ઉકેલવાનું પૂરતું બળ આપે. વાદળાંથી ઘેરાએલા એ દિવસ કાયમના રહેવાના નથી. કોઈના રહ્યા નથી. ક્ષુદ્રમાં ક્ષુદ્ર માણસની પણ અવધૂત સદા સાથે જ છે, માટે નૈરાશ્ય બાજુએ મૂકી પ્રભુની અમોઘ દયામાં વિશ્વાસ રાખી કાર્યદક્ષ થઈ જાઓ. અને દુનિયાને ખાતરી કરી આપો કે પ્રભાશંકર ગયા નથી અને ગયા હોય તો પણ પોતાનો સદંશ તમારા બંને ભાઈઓમાં મૂકી કેવળ ખાલી ખોખું લઈ ગયા છે. મારા આશીર્વાદમાં કંઈ શક્તિ હોય તો હું અંત:કરણપૂર્વક આશિષ આપું છું કે પ્રભુ તમને બધી જવાબદારીઓમાંથી પાર પડવા પૂરતી શક્તિ અને તંદુરસ્તી આપે અને પ્રભાશંકરની માફક તમારી કીર્તિ ઉજ્જવળ કરે. ગં. માતુશ્રીની ક્રિયા થઈ ગઈ હશે. ઘરમાં બધાંને મારા વતી દિલાસો આપશો. હું મંગળવારે સરખેજ જાઉં છું.

– **અવધૂત**ની શુ.આ.

## ૨૯૯

જાન્યુઆરી ૧૯૪૧

(ભજનો સાથેનો પત્ર),

બધો દાંતની બીમારીનો પ્રસાદ છે.

આ અને પાછળનાં તથા બીજાં ન છપાયેલાં કે વ્યવસ્થિત અહીંતહીં એકલવાયાં છપાયેલાં મળી એક છોટો સંગ્રહ તૈયાર થઈ શકશે. એમાં ઊઠ અઘભંજના એ અને એકાદ બીજું લીલામૃતમાંથી લેવા જેવું હોય તો તે દાખલ કરવાનું. ગિરધરભાઈને પોતાની મૃત પત્ની પાછળ કંઈક છપાવવું છે. બાબુએ વાત કરી હશે. શહેરમાં જોઈતી શાંતિ સ્થપાઈ હોય ને ગરુડેશ્વરના મુકામ પહેલાં તાકીદે છપાઈ જાય તો એકદમ મુકામ વખતે પ્રચાર થઈ જશે. નામ 'બેઠો અવધૂત,' 'આખરી રંગ,' 'રંગ-તંબૂર' 'અવધૂતી મસ્તી' કે એવું જ કંઈ બીજું યોગ્ય લાગે તે રાખશો. 'બેઠો અવધૂત' રાખો તો ઘણાંખરાં બેઠાંબેઠાં પેટી-નરઘાં કે એકતારા પર ગવાય છે ને બેઠેલા-સ્વરૂપમાં સ્થિર થયેલા અવધૂતની કલ્પના આપે છે, માટે નામની સાર્થકતા, ફોટો રાખો તો બરકાલવાળો વ્યાસના ઘાટના ખંડેર પર પાડેલો બેઠો કે બીજો કોઈ નામને યોગ્ય. બધા મેં જોયા નથી. છેલ્લું પ્રુફ મારે જોવું પડશે.

દાંતને ઠીક નથી. હરિઈચ્છા ! બેએક આની ફેર હોય તો હોય. તાવ નરમ છે ને પહેલાં કરતાં શક્તિ પણ સ્હેજ આવી છે.

સારોદના ઠા.સા.નાં પત્ની ઓચિંતાં ગુજરી જવાથી ત્યાંનો પ્રવાસ બંધ રાખ્યો છે. ધ્રુવ સા. આવી ગયા છે. ગરુડેશ્વરની તારીખો જોષીને પૂછી નક્કી કરીશું. તમને તમારા વિનંતીપત્રનો જવાબ મળી ગયો હશે. ઠા.સા. ને એક છોટો દિલાસાપત્ર લખી નાખશો.

વિસનગરથી પત્ર હતો. એમને આમાંથી છેલ્લું ભજન લખી મોકલશો ને લખશો કે ચિ. ભારતી પહેલે નંબરે પાસ થએલ જાણી મને અતિ આનંદ થયો છે. ગરુડેશ્વર બને તો બધાય દિવસ તેઓ હાજર રહે જેથી ભજનનો રંગ જામે. મને લખવાનો કંટાળો છે ને માસ્તર બહારગામ છે એટલે તમને લખ્યું છે. બધું જેમતેમ ઘસડી નાંખ્યું છે. બરાબર બેસાડીને વાંચશો. ચિ. જનુની માથાની પીડા હજી શમી ન હોય તો કોઈ સારા દાક્તરને બતાવશો. માથે બદામનું તેલ ઘસવાથી ઠીક રહેશે. બધાને શુ.આ. કહેશો. છાપવાની ઉતાવળ જ છે એમ નથી.

**- રંગ અવધૂત**

## ૨૯૭

નારેશ્વર,, ૧૭-૨-૪૧

શ્રી નંદલાલ જોગ,

જય ગુરુદેવ. બાદ તમારો પત્ર મળ્યો છે. જવાબમાં શું ? તે જ મને સૂઝતું નથી. આ જયંતીમાં તમારી જ નહિ પણ અનેક જણની અનેક વાતો મારે કાને આવી છે. એક કાનેથી બીજે કાને અને બીજે કાનેથી ત્રીજે કાને વાત જાય એટલામાં તો એનું મૂળ સ્વરૂપ ફરી જાય છે. વળી વાત કરનારની ઈચ્છા હોય તો પણ મને એમાં રસ નથી. અથથી ઈતિ સુધી બધી વિગત મારી પાસે ભાગ્યે જ આવે છે. મારે કાને કશું ન આવે એવું દરેક જણ ઈચ્છે છે. આવી સ્થિતિમાં મારે કોઈ પણ બાબતમાં કાજી બનવું કેવળ નકામું જ નહિ પણ મૂર્ખતાભરેલું છે.

દત્તજયંતીએ સ્થાનમાં આવનાર દરેક માણસ કે પશુ-એક કૂતરું પણ દત્ત સ્વરૂપ છે, એમ સમજી (અથવા છેવટે મારા શબ્દમાં વિશ્વાસ રાખી એમ માની) કોઈ પણ જાતની ખુશામતના આશય વગર તેની યથાશક્તિ, જાતે અગવડ વેઠી; બધી સેવા ઉઠાવી લેવી એ મંડળના માણસની એક ધાર્મિક ફરજ છે; એટલું જ જો દરેક જણ સમજી લે તો કોઈને કંઈ કહેવાપણું ન રહે. આવતી ફરિયાદોમાં કેટલીક સાચી હોય છે તો કેટલીક જૂઠી પણ હોય છે. કેટલાકથી તો સ્થાનનો, વ્યક્તિનો ઉત્કર્ષ સહન નથી થતો હોતો તેથી આવી તકનો લાભ લઈ સહેજ પણ બારી જડતાં ગોળીબાર શરૂ કરે છે, આવનાર દરેક ભકત પણ નથી હોતો. અનેક હેતુથી અનેક જણ આવે છે. તેમની ભાવનાનો વિચાર કરવાનું કામ આપણું નથી. પણ ભકત કહેવડાવનાર કે બનવા ઈચ્છનારની ફરજ ચોખ્ખી છે: તેણે સામા માણસને ફરિયાદ કરવાનું કારણ ન આપવા, બને તેટલા જાગ્રત રહેવું જોઈએ. પોતે નિખાલસ હોય એટલું એને માટે બસ છે. એક દિવસ દુનિયા એની નિખાલતા જરૂર ઓળખશે અને પોતાના ગલિચ્છ વર્તાવ માટે

પસ્તાશે. પણ જ્યારે સારો માણસ આપણી વિરુદ્ધ અવાજ ઉઠાવે ત્યારે આપણે ઘડીવાર અંતર્મુખ થવું ઘટે અને સરવાળે આપણને જે જે ખામી દેખાય તે તે જોવામાં બાજ જેવી તેજ દૃષ્ટિ રાખે અને બીજાનો દોષ જોવામાં કીડીની દૃષ્ટિ કેળવે તેને પડવાની ભીતિ નથી. જો મંડળ એકબીજાના દોષ જોવા મંડી પડે તો કોઈને કોઈમાં ગુણ જ દેખાવાનો નથી. એકબીજાને હલકા પાડવામાં જ બુદ્ધિ ને સમયનો ઉપયોગ કરે તો બધા જ હલકા પડવાના.

આ જયંતીમાં તમારી, શિવશંકરની, મોદીની, દીવેર મંડળની, સાયરવાળાની અને સરખેજમંડળની ફરિયાદો આવી. બીજા અનેક જણની ફરિયાદ આવી. બધાનું કારણ ? કારણ એટલું જ કે બધાએ બનતી સેવા કર્યા છતાં નમ્રતાને બદલે અહંકાર વધારી પોતાને આગેવાન માન્યો પણ સૌથી મોટો આગેવાન તે કે જે સૌથી મોટો સેવક હોય; સૌથી વધુ કરી છૂટતો હોય, સહી શકતો હોય, આ સત્યનું સ્મરણ કોઈને પણ ન રહ્યું. કોઈ નકામું ફુલાયું છે. કોઈ કામ કરીને મરી જવા છતાં અહીં કદર નથી, કહી વગેરે વગેરે. હું તે કોનો ન્યાય ચૂકાવું ને કોને ઠપકો આપું ? જેમ જેમ માણસોની મેદની વધારે જામે તેમ તેમ મંડળની જવાબદારી વધતી જાય છે. એ વાત બધાને કેવી રીતે સમજાવું ? આ સાલ ખડખડાટ એટલો બધો થયો કે એક બડા માણસને મોદીજીને એમ કહેવાની ફરજ પડી કે આ બધા કામ કરે છે પણ એમની અંદર એકદિલી કે વ્યવસ્થાનો પણ સંપ નથી. ઊલટો અંદર રાગદ્વેષ ખૂબ ભરેલો હોય એમ લાગે છે. આ બધાથી મને પણ એમ લાગ્યું કે મારી પાછળ સાચે જ બેપાંચનુંયે મંડળ છે કે હું પણ ભ્રમમાં અથડાઉં છું ! તમને તમારી ભૂલો જાણવાની ને તે સુધારવાની ઈંતેજારી થાય છે, એટલે સંતોષ છે. બીજાઓને તો તે પણ પડી નથી.

પણ મને મારી તપશ્ચર્યામાં જ ખામી લાગે છે કે હું હજી આઠ આનીએ મારા સિદ્ધાંતો બે-પાંચ જણાંને પણ પૂરા ઠસાવી શકતો નથી. એટલે મારે મારું કાર્યક્ષેત્ર બદલી લેવું કે બધો લોકસંગ્રહ બાજુએ મૂકી મૂંગો બની કોઈ અજ્ઞાતપણે પડી રહેવું તેની ગડમથલ મારા મનમાં ચાલી જ રહી છે. પ્રભુ જેમ રાખે તેમ ખરું, પણ અત્યારે તો લોકોની ભાંજગડોમાં આરામને અભાવે તંદુરસ્તીનું દેવાળું કાઢી રહ્યો છું.

આથી વધારે લખવા વખત નથી. હાથ પણ કામ કરી શકે તેમ નથી, વધારેની જરૂર પણ નથી. તમે તમારા પૂરતો વિચાર કરો ને હું મારા પૂરતો કરું તો બીજાને કંઈ કહેવાની જરૂર પણ નહિ રહે.

આટલું હોવા છતાં મંડળે જયંતી કોઈ દોરનાર ન હોવા છતાં ઘણી જ સારી રીતે પાર પાડી છે. એટલું કહ્યા વગર નહિ ચાલે. હાલ એ જ. પૂજ્ય માજીનો તાવ હાલ તુરત તો મટી ગયો છે. સંભારે તે સર્વને જય ગુરુદેવ.

– **રંગ અવધૂત**

## ૨૯૮

ૐ નારેશ્વર

સોમવાર સવાર (૧૭-૩-૪૧)

ભાઈ નંદલાલ,

તમારો પત્ર વેળાસર મળેલો, પણ અવધૂત ભાઇના વર્ષશ્રાદ્ધની ધમાલમાં હોવાથી તરત જવાબ વાળી શકયો નહિં.

છોકરાં કેવાં રમે છે ? ખૂબ મહેનત કરી માટીના ઘર બનાવે છે ને લ્હેર આવતાં લાત મારી જાતેજ એ ભાંગી નાંખે છે. બંનેમાંય એમને સરખો જ આનંદ આવે છે. કારણ કે એમને મન બંનેય રમત છે, અને આસકિત એકૈયમાં નથી તેમ સંસાર એક ખેલ છે, ફાવે તેમ ખેલી લો ! સુખની ચાવી અનાસક્તિ છે. જશ અપજશ બધું પ્રભુને સોંપી એના મારફતિયા તરીકે કામ કરો કે કંઇ જ દુઃખ નથી.

ભજન ખૂબ કરો. એ મારી સેવા જ છે. ફુરસદે એક પૂજન માટે યંત્ર બનાવી આપીશ. હાલ એ જ. - સંભારે તે સર્વને જય ગુરુદેવ કહેશો

એ જ

**- રંગ અવધૂત**

## ૨૯૯

ૐ નારેશ્વર

લીલોડ, પો. પાલેજ, રવિવાર

ભાઈ નંદલાલ જોગ,

તમારો પત્ર મળ્યો છે. માસ્તર જગજીવનદાસ વ્યાયામ શીખવા કરજણ ગયા છે. મહિનો પૂરો થતાં આવશે. મારી તથા પૂજ્ય માજીની પ્રકૃતિ ઠીક છે. હું અહિંથી વૈશાખ પૂનમ પછી સારોદ વગેરે ઠેકાણે જવાનો છું. અને ત્યાંથી ગરુડેશ્વર. દિવસ નક્કી થયે તમને ખબર પડશે. ત્યાર સુધીમાં તમે નવરા પણ થઇ જશો એમ માની લઉં છું.

હાલ એ જ.

સંભારે તે સર્વને શુભ-આશિષ

- **રંગ અવધૂત**ના જય ગુરુદેવ

## ૨૭૦

ૐ

શુક્રવાર બપોર

સાધુખાનું વગેરે બાંધવા સંબંધમાં મારો અભિપ્રાય :

આપણે જયંતીના બે ચાર દિવસ પૂરતી જ રસોડાની ધમાલની જરૂર છે. જો આપણે પાકા મકાન વગર હાલની માફક થોડી તકલીફ વેઠીને એ વગર ચલાવી શકીએ તો સામેના ખેતરમાં મકાનની જરૂર ન રહે. સાધુખાનું અને રસોડું મળીને એક મકાન બાંધવાની સુચના આવી છે. પણ મને નીચેના કારણોસર સામેના ખેતરમાં મકાન બાંધવાનું ઠીક લાગતું નથી.

૧. ત્યાં સાધુઓને મુકામ આપીએ તો ઝાડા પેશાબ માટે પણ તેઓ બહાર ન જાય અને કંપાઊંડ બગાડી મૂકે

૨. વખતે બળતણ કે ધૂણી માટે ત્યાંના ઝાડ કાપે.

૩. કંઇક વાંકુ પડે તો જતાં જતાં દેવતા મૂકી મકાન સળગાવી પણ દે.

૪. કોઇ તોફાની અડંગો લગાવે ને આજુ બાજુના બે જણાનો સાથ મેળવે તો તેણે ત્યાંથી કાઢવામાં મહેનત પડે.

૫. ગામની વસ્તી નબળી હોવાથી કોઇ તેજોદ્વેષી પણ મકાનમાં દેવતા મૂકવાનો સંભવ રહે.

૬. સામે આપણી કોઇ જાતની નજર એ તરફ ન રહે ને સાધુડાના મેળાપને બહાને નબળા લોકનો પગ પેસારો થાય.

૭. માટે તો રસોડા વગર ચાલી શકે તેમ હોય તો પહેલા નક્કી કર્યા પ્રમાણે આપણાં કંપાઊંડમાં જ કોઇક સામે ખૂણે સાધુખાણુ બાંધવું. ને જયંતી ઉપર હાલની માફક થોડી અગવડ વેઠી લેવી. આપણાં લાકડા પાલાં વગેરે માટે પડાળીની જરૂર જેવું લાગે તો તે નવા મકાનની સાથે બાંધવી. આગળ ઉપર એ ઠીક છે. ભવિષ્યમાં મકાન જ ઉપર માળ થશે તો જગ્યાની સંકડામણ નહીં પડે એમ મારુ માનવું છે. પણ રસોડાવગર એ ખેતરમાં ન જ ચાલે એમ હોય તો તો બિજો વિચાર ........

આ બધી બાબતોનો યોગ્ય વિચાર કરી છેવટનો નિર્ણય કરી પ્લાન આ તરફ મોકલવાથી અરજી કરી મંજુરી મેળવવાની વ્યવસ્થા થશે. મારો અભિપ્રાય છેવટનો માનવાની જરૂર નથી, કેમ કે મકાનનો ઉપયોગ લોક ને કરવાનો છે. અને તેમની દૃષ્ટિ ને મુશ્કેલીનો મને ખ્યાલ ન પણ આવી શકે. છતાં એનો બધી બાજુએથી વિચાર થવાની તો જરૂર છે જ.

ઇંટો ૧૦,૦૦૦ રાખી છે. આઠ એક દિવસમાં આવી જશે. ચતુરભાઇ ને પ્રભાશંકરને પત્ર દ્વારા પૂછાવી એમણા મતનો પણ વિચાર કરશો. દાસકાકાને પૂછાવવાની જરૂર નથી.

સંભારે તે સર્વને જય ગુરુદેવ

**- રંગ અવધૂત**

## ૨૭૧

**૨-૭-૪૧**

ભાઈ મોદી,

તમારો પત્ર, છાપેલા પાંચ ફર્મા, દંતમંજન બધું મળ્યું છે. છપાઈ એકંદરે ઠીક છે; બીબાં ઊડી જવાથી કે અન્ય રીતે કેટલીક ભૂલો રહી ગઈ છે તે ઝીણવટથી જોઈ તપાસી શુદ્ધિપત્રક મૂકવું. પૃ. ૭૦ નોંધમાં, અંધારિયામાં પડવે ચૌદ, બીજે તેર.... એવું કંઈક જોઈએ.

પ્રાસ્તાવિક વિવેચનમાં દાસકાકાના પરિચય સાથે બધું મળી આઠેક પાનાંથી વધારે ન શોભે. મૂળીબહેને તમને શું લખી મોકલ્યું છે તે હું નથી જાણતો; પણ એ બધું તમારી રીતે ગોઠવી લાવશો તો દિવાળી પર નજર નાખીશ. નોખી પુસ્તિકાનો પ્રચાર થાય નહિ માટે બધું આમાં જ સૂત્રાત્મક ગૂંથવું. તેમાં જે વાંચીને લોકો દોડવા પ્રેરાય ને મારી ઉપાધિ વધી પડે એવું કંઈ પણ હરગીજ ન હોવું જોઈએ. દાસકાકાના જવાથી અહીં સાવ અંધારું છે.

Diabetes હોય એમ લાગતું નથી, છતાં મોસંબી એમાં કારણભૂત થવા સંભવ હોય તો તદ્દન બંધ કરું. જે દાકતરના હાથમાં શરીરની નાડ સોંપી છે, તે ખૂંચવી લઈ દુન્યવી દાકતરોના ડહાપણની ગુલામી સ્વીકારવી નથી. શરીરનો મોહ નથી. જો પેટ સાફ રહે ને ઓછામાં ઓછા બે મહિના તદ્દન આરામ મળે તો જ એ યંત્ર ઠેકાણે આવે તેમ છે. પણ એ બનવાનું નથી ને વાતો વગર લોક કંઈ ધોળવાના નથી. એટલે દેવનું નામ લઈ બેસી રહો. બધાને શુભ આશિષ.

**લિ. પાંડુરંગ**

પ્રથમ તમે લખ્યું, ત્યારથી જ ભાત કે ખીચડી તદ્દન બંધ કરી માત્ર દાળરોટી ને થોડું શાક જ ખાઉં છું.

## ૨૭૨

મંગળવાર સ્હવાર (૨૪-૭-૪૧)

ભાઈ મોદી,

પત્ર તથા પ્રુફ મળ્યાં. ભૂલો બેહદ છે ! વિરામચિહ્નો ઘણે ઠેકાણે અર્થશૂન્ય છે. પેરા બેહૂદા છે. શબ્દો અશુદ્ધ છપાયા છે, દોહરા મૂળ સાથે મેળવી જોયા હોય એમ લાગતું નથી. ઘણે ઠેકાણે નીચે નોંધના અંકમાં પણ ભૂલો છે. વિશેષ નામોનો પ્રથમાક્ષર કેટલેક ઠેકાણે ચાલુ તો કેટલેક ઠેકાણે મોટો છે. વગેરે વગેરે...

બધું ઝીણવટથી જોશો તો ઠીક, નહિ તો ફજેતી ! શ્રી દત્તલીલાસારનો ટાઈપ એકદમ મોટો ન શોભે એવો છે. 'મંગલ' ચાલુથી નાનામાં પૈકામાં ને બરાબર વચમાં હોય તો ઠીક લાગે. પ્રારંભનો શ્લોક પણ દરેક ઠેકાણે મેટરની લાઈનથી અલગ વચમાં આવે તેમ જોઈએ. શ્વાસે શ્વાસે... બીજામાં છે તેવું જ થોડું ગોલાકાર શોભે એવું રાખો. બીજો ભાગ થવાનો એટલે આને ભાગ ૧ કે એવું જ કંઈ કૌંસમાં પૂઠાં પર. દોહરામાં અધ્યાયાંકથી શ્લોકાંક જુદો પાડવા અ. ૩-૩૫ એવી લીટી હોય તો ઠીક રહે. ચોખ્ખી પ્રેસ નકલ કરવાની તકલીફ લો તો કામ વધારે સારું થશે. પસ જવાથી માથું ખાલી થયું છે, ને પ્રાયઃ રોજ દુઃખે છે એટલે મને આ કડાકૂટો પાલવે તેમ નથી- મથાળે બે લાઈન મને ગમી. કિંમત દસ આના રાખો તો ? મને પ્રૂફ મોકલશો નહિ. મારું શરીર કે મગજ કંઈ જ ઠેકાણે નથી. એમના કુટુંબના આધારસ્તંભ જેવા જેમને થોડા મહિના પર જ સરકારે રાવ સાહેબ બનાવેલા એવા ભીમસીંગના મોટાભાઈ પરમ દિવસે એકાએક ગુજરી ગયા છે. એથી B ની ઉપાધિનો પાર નહિ રહે. તમે એક દિલાસાપત્ર ઝણોર એમને લખશો. અત્રિ અનસૂયા સાથે ઘણે ઠેકાણે વચમાં અતિ જગ્યા છે. પ્રવાસમાં દાંતમાંથી પરુ વધી ગએલું, હવે કંઈક ઓછું છે. બોલવામાં આવે ત્યારે વધે છે. દેવદત્ત હવે મંડળનો થયો એટલે એ સદ્ભાવથી કંઈ આપે ને લેવા જેવું લાગે તો ભલે લો. મૂળીબહેનને આપવું છે. શું લેવું ને લેવું કે નહિ તેનો વિચાર તમારે કરવો. વ્યાઘાંબર બીજા પાસે ભલે કરાવો.

- **પાંડુરંગની** શુ.આ.

વરસાદ ઘણો છે. માલોદ લાઈન ધોવાઈ ગઈ છે. ગાડી શરૂ થતાં મહિનો નીકળી જશે.

## ૨૭૩

ઈલોલ
બુધવાર ૧૮-૮-૪૩
બપોર

પરમ ભકત શ્રી લાભશંકર વગેરે જોગ,

આજે સ્હવારે જ મોદીજીએ મોકલી આપેલ તમારો પત્ર મળ્યો. ભાઈ નટવરલાલના અકાળ અવસાનની ખબર વાંચી અહીં બધાંને આઘાત જેવું લાગ્યું છે. તમારો પોતાનો કાગળ નહોત તો કદાચ એ વાત માનવાને પણ મન તૈયાર ન થાત. તમારા કુટુંબીઓના દુઃખની તો કલ્પના જ કરવી રહી. કુદરતે સાચેજ તમને ભારે કસોટીમાં મૂકયા છે, પણ પ્રભુ તમને એમાંથી પાર ઉતારવાનું ધૈર્ય ને બળ આપે ને તમે આ વજ્ર ઘા સહન કરવાનું મનોબળ પ્રાપ્ત કરો એવી મારી એ જગન્નિયંતા પરમાત્મા પાસે પ્રાર્થના છે. મારી અંતઃકરણની આશિષ છે કે તમે તમારા કુળના ગૌરવને છાજે ને સદ્ગત ભાઈ પ્રભાશંકરની ઉજજવળ કારકીર્દીને શોભાવે તેવી રીતે બધું સહન કરશો.

## ૨૭૨

ગઈ વાતનો વારંવાર વિચાર કરવાથી દુ:ખનો વેગ ઓછો થવાને બદલે ઊલટો વધે છે. બન્યું ન બન્યું થવાનું નથી ને પ્રાણીમાત્રને માટે મૃત્યુ અનિવાર્ય છે. કાળઅકાળ એ આપણી અજ્ઞાની માનવીઓની કલ્પના છે. ઈશ્વરી સંકેત અને માણસના અદૃષ્ટ પ્રમાણે બધું બન્યે જાય છે ને વિશ્વમાં બધું પરમાત્માના ચોક્કસ તંત્ર પ્રમાણે જ નિયમિત બન્યા કરે છે. માટે પ્રાપ્ત જવાબદારીનો વિચાર કરી આવા પ્રસંગે વિચાર દૃષ્ટિએ શોકને દાબી દઈ ધૈર્ય ધારણ કરવું ને પ્રભુનું સ્મરણ કરી એ રાખે તેમ રહેવું એ એક જ ઉપાય છે. તમે સમજુ છો. તમને લાંબું લખવાનું ન હોય. ઘરમાં બધાંને ખાસ કરીને મરનારની વહુને મારા તરફથી સાંત્વન આપશો. છોકરાંઓને કાલ પ્રભુ મોટા કરશે ને તમારો ભાર હલકો થશે. થોડું લખ્યું વધુ કરીને વાંચશો ને ભાવિ પ્રભુને ચરણે સોંપી પ્રાપ્ત પ્રસંગ શાંતિ ને ધીરજથી સહન કરશો એવી આશિષ સાથે.

**રંગ અવધૂતનાં ગુરુદેવદત્ત**

## ૨૭૪

નારેશ્વર, મંગળવાર બપોર

(૧૦-૯-૪૧)

ભાઈ મોદી,

મારો ગયો પત્ર મળ્યો હશે. તમે થોડું બોલવાનું અને તકલીફ વધારે ન લેવાનું લખો છો પણ અહીંની પરિસ્થિતિ આવી છે. પ્રવાસમાંથી તબિયત બગાડીને પાછો આવ્યો કે તરત જ કાશીબહેનનું ઠેકાણે આવેલું ભેજું ફરી ચસકેલું તેના વિચારમાં પડ્યો. દેવે તેમનું ઠેકાણું પાડ્યું કે મોટીબાની ભાંજગડમાં પડવું પડ્યું. તેમનું માંડ ઠેકાણું પડે છે ત્યાં વેળુગામના છગન પટેલના દીકરીના ભેજાની ઉપાધિ આવી તે પણ ટૂંકમાં પતી, એટલામાં મૂળીબહેનની બાનો વારો આવ્યો. એક દિવસ તો પૂન કરાવવાની પણ તૈયારી કરેલી. બધે સોજા આવી ગયેલા. તદ્દન પથારીવશ હતાં. એમના કાકા વડોદરે આ જાણીને જ ગાપચું મારી ગયેલા. કાકી કે કોઈ ફરકી મારે નહિ.... પરમ દિવસે તેમને કંઈક ઠીક છે એવી ખબર આવી ત્યાં બપોરે જશભાઈ રડતો ચતુરભાઈની ગંભીર માંદગીની ખબર લઈ આવ્યો. મહિના એક ઉપર સોજા વગેરે આવી ગયેલા. દાક્તરી દવાની ટેકી ન લાગી. મેં ગોમૂતર લેવાનું સૂચવ્યું. થોડી શક્તિ આવી. ગયે ગુરુવારે દર્શન માટે આવી ગયા પણ સ્હેજ લથડી ગયેલા. મેં બે એક મહિના ઉપર અહીં થોડો નિવાસ કરવા સૂચવેલું પણ ઘરમાં દીકરીના છેલ્લા દ્હાડા જાય છે તેને સાંપડે કે આવવાનો વિચાર કરતા હતા. તેટલામાં પરમ દિવસે જશભાઈ રડતો આવ્યો. ભભૂતિ ને કંઈક દવા સૂચવી. કાલે વરતણિયો ચિઠ્ઠી લઈને આવ્યો ને મોઢે પણ કહ્યું કે રવિવાર કરતાં ઘણો જ સારો ફેર છે. બિલકુલ ઊઠતા નહોતા ને રડ્યા કરતા હતા તે ઊઠે બેસે છે ને ધીમે ધીમે ઘરમાં ફરે પણ છે. પણ આજે મળસ્કે લક્ષ્મીદાસ ૪ાના સુમારે આવ્યો તે ખબર લાવ્યો કે અવાક્ થઈ ગયા છે ને સન્નિપાત છે.

કોગળો કરી ન્હાયો ને પાણી આપ્યું પણ એ પહોંચ્યો પણ નહિ હોય ને એમણે દેહ મૂકયો. મોટીબા કાલે ખબર જોવા ગયાં હતાં તે અત્યારે દસ વાગ્યે રડતાં સાંભળ્યાં ને અમૃતલાલની ચિઠ્ઠી હતી તેમાં માઠી ખબર વાંચી !

જયંતી ઉઠાવવાની વાતો કેમ થતી હતી તેનું રહસ્ય હવે તમારા કંઈક ખ્યાલમાં આવશે.

દાસકાકાના જવાથી પરિસ્થિતિ કેવી થઈ છે ને તેમાં ચતુરભાઈના જવાથી કેવો ઉમેરો થશે તેની કલ્પના આપવાની જરૂર નથી. અહીંની વાત બાજુએ મૂકીએ તોપણ એમના જવાથી એમના ઘરની ને ગામ સમસ્તની બહુ જ કફોડી સ્થિતિ થવાની. હરિઈચ્છા. વધુ વ્યવસ્થિત લખવા વખત નથી. બહાર કાગળ લઈ જવા માણસ ઊભા છે.

મોટીબાને ટપે એવું એક સાયરના સગાનું લફરું પડેલું જ છે. કાલે જ એની પાછળ ડંડો લઈ સાયરની ભાગોળ સુધી જવું પડેલું. આવામાં શરીર કેમ સાચવવું તે શરીરનો વિચાર કરું તો પણ સૂઝતું નથી.

મેં દીવેર કંઈ લખ્યું નથી. તમે લખી નાખશો. બીજું બધું રૂબરૂ મળીશું ત્યારે.

હાલ બે વાર જ ન્હાઉં છું. સવારે બને ત્યાં સુધી થોડા આંટા મારું છું. ત્રણ વાર દાંત સાફ કરું છું. સવારે સનટોન, બપોરે તમારું મંજન ને સાંજે એક બીજું. વડનું દાતણ. દાંતમાં ફેર નથી. શરીર તદ્દન લથડેલું તે બે આની તાકાત આવી છે. પદ્માબહેનને હવે સારું થઈ ગયું હશે. બધાને શુ.આ. બાલકૃષ્ણના દીકરાની વાત સાંભળી.

**- રંગ અવધૂત**

## ૨૭૫

નવસારી તા. ૨-૨-૪૭

માણેકલાલ રોડ, ભકતાશ્રમ સામે

જત પૂ.શ્રી અત્રે પધાર્યા છે. રસ્તાની તકલીફને લીધે ગઈકાલે સ્હેજ 'ટેમ્પરેચર' હતી. પણ આજે અત્યારે તો શરીરમાં બીલકુલ તાવ નથી. તમોને આશ્ચર્ય થશે કે લગભગ એકાદ 'ફર્લાંગ' જેટલું આજે પૂ.શ્રી ફરવા પણ ગયા. મારું માનવું છે કે પૂ.શ્રીને એકાદ અઠવાડિયામાં દસ ટકા ફેર પડી જશે. તમો કોઈ જાતની ફીકર ચિંતા કરશો નહિ.

પૂ. માજીની તબીયત સારી હશે. પૂ. માજીની તબીયતના સમાચાર લખતા રહેશો જેથી પૂ.શ્રી અહીં શાંતિથી રહી શકે. પૂ. માજી, પૂ.શ્રીની જરાપણ ચિંતા કરે નહિ. પૂ.શ્રીની તબીયતના સમાચાર હું અવારનવાર લખતો રહીશ.

બીજું, પૂ.શ્રીની ખાસ સૂચના છે કે કોઈને પણ આ તરફ આવવા દેવા નહિ. અને કોઈને પણ મુકામની ખબર આપવી નહિ.... પૂ. માજીને અમારા બધાના સાદર પ્રણામ એજ.

## ૨૩૪

તા.ક. પૂ.શ્રીની ખાસ સૂચનાથી અહીં પૂ.શ્રીના આવવા પહેલાં એક પત્ર આવ્યો છે કે પૂ.શ્રી નવસારી પધારવાનાં છે અને એક મુરબ્બી તો પૂ.શ્રી પધારતાં પહેલાં જ આવી ગએલા. એટલે હવે પૂ.શ્રીને આરામ આપવા એ તમારા બધાની દયા ઉપર છે. પૂ.શ્રી લખાવે છે કે તમારી બધાંની દયા હશે તોજ શાંતિથી રહી શકાશે અને તબીયત સુધરશે. માટે મહેરબાની કરી કોઈને પણ પૂ.શ્રીના મુકામની ગંધ સરખી પણ ન જાય તે ખાસ ધ્યાનમાં રાખશો. સરનામું પણ કોઈને આપશો નહિ.

ગાંડવે ગાંડુના પૃષ્ટ ગાંડો કુત્ર ગમિષ્યસિ ।
ગાંડોશ્વ ગાંડુભિર્ભોક્તું ગાંડુભ્યસ્તુ નમો નમ: ॥

ગાંડ્યાધિપતિકી જય સાથે પૂ.શ્રીના બધાને આશીર્વાદ. (ગાંડુને ગાંડુએ પૂછયું : ગાંડા ! તું ક્યાં જઈશ ? ગાંડુસાથે એ ગાંડુ ભસવા માટે જશે. ગાંડાઓને અનેક નમસ્કાર,

## ૨૭૯

નવસારી માણેકરાવ રોડ,
તા. ૬-૩-૪૭, ગાંડુપર્વ-હોળીકા

જત લખવાનું કે પ.પૂ. ગુરુમહારાજની પ્રકૃતિમાં હવે આઠ આની જેટલો ફેર છે. અને એકંદરે તબીયતમાં સુધારો થતો જાય છે. તમારી હાડકાની વખારની હવે એકે વખત ખબર લેવી પડતી નથી. પૂ.શ્રી અત્રેથી શનિવાર તા. ૮-૩-૪૭ ના રોજ પારનેશ ડુંગર પર જશે અને ત્યાંથી જશે ? પૂ.શ્રીની પ્રકૃતિના સમાચાર આપને મળ્યા કરશે પણ મારી ફરજ હવે પૂર્ણ થાય છે. પ.પૂ. માજીની તબિયતના સમાચાર જણાવશો. પૂ. માજીને અમારા બધાના સા.દં. પ્રણામ સાથે ગુરુદેવદત્ત.

નમસ્તે ગાંડવે ગાંડુપતયે ગાંડવધિપતયે નમ: ।
(ગાંડુને, ગાંડુના પતિને, ગાંડુના અધિપતિને નમસ્કાર હો !)
સાથે પ.પૂ. ગુરુમહારાજના સર્વેને શુભાશિષ.
(આ પત્રના આરંભમાં નીચે મુજબના શ્લોકો હતા)

॥ શ્રી ગાંડુ: પ્રસન્નોઽસ્તુ ॥

માતા ગાંડુ: પિતા ગાંડુર્મિત્રં ગાંડુ: સુહૃચ્ચ સ: ।
ભાર્યા ગાંડુ: સૂતો ગાંડુ: સર્વં ગાંડુમયં ગૃહમ્ ॥
ગાંડુસ્તે હ્યગ્રતસ્તિષ્ઠેદ્દ ગાંડુસ્તિષ્ઠેચ્ચ પૃષ્ઠત: ।
ગાંડુસ્તે પરિતસ્તિષ્ઠેદ્દ ગાંડુરૂપો ભવાન્ યત: ॥

વૃકોદરં પૃષત્પાદં ડુ-ગ્રહે સિદ્ધહસ્તકમ્ ।
રસનં લંબપૂર્વં ચ વ્યક્ષમવ્યક્તચેષ્ટિતમ્ ॥
ગાંડુર્ગાંડું સ્મરેત્ પ્રાજ્ઞો ગાંડુના ચૈકતાં ગતઃ ।
નિવેદ્ય ગાંડવે ગાંડોર્ગાંડો ગાંડો લયં વ્રજ ॥

## ૨૭૭

॥ શ્રી ગુરુદેવ દત્ત ॥

સ્વસ્તિ શ્રી ગાંડુક્ષેત્રે મહાશુભસ્થાને અનેક શુભાશુભોપમાલાયક અખંડમંડલાકારસ્વાદનૈક-વ્યગ્રત્વાદ્ વિસ્તૃતાન્યકાર્યભાર લડ્ડુકાપરનામાન્નબ્રહ્મસાક્ષાત્કારતપાપ્તાનંદાપ્લુત-સર્વગોત્ર ક્રિંનામધેમ.... તુ પદધારી દ્વિજવર્ય શ્રી....ની સેવામાં,★

જત લખવાનું કે તમોને મારો પત્ર મળ્યો હશે. ત્યાંથી શ્રી મોદીકાકાના બે પત્રો આવ્યા છે અને જેથી પૂજ્ય માજીની તબીયતના સમાચાર મળ્યા છે. છતાં પણ તમોએ એકાદ પત્ર લખ્યો હોત તો સારું. અમો તો રોજ જ રાહ જોઈએ કે આજે પત્ર આવશે પણ આપ લખો ત્યારે આવેને ! પરમ પૂજ્ય મહારાજશ્રીની પ્રકૃતિમાં ધીમે ધીમે સુધારો થતો જાય છે. પણ વચમાં વચમાં બેચાર દિવસે કંઈક અશક્તિ જણાઈ આવે છે. અને સ્હેજ 'ટેમ્પરેચર' પણ જણાય છે. છતાં પણ ત્યાંના કરતાં તબીયત સારી કહેવાય...ના લાંબા લાંબા કાગળોથી પૂજ્યશ્રીને જરા ખેદ થયો છે. અને કહેતા હતા કે.... પૂ.શ્રીને પૂજ્ય માજીની તબીયતના સમાચાર સિવાય કંઈ પણ લખવું નહિ.

પરમ પૂજ્ય માજી દવા નિયમિત લીધા કરે. અને શ્રી નરહરિલાલ ડૉક્ટર જો ઈન્જેકશન માટે ના કહે તો આપશો નહિ અને આપણે તો નરહરિલાલભાઈની સલાહ મુજબ જ વર્તવાનું છે. એવી સૂચના શ્રી મોદીકાકાને આપશો. માજીને જે આયોડેક્સ ઘસવાનું છે તે બીલકુલ પોચા હાથે લગાડવાનું છે. આયોડેક્સનો રંગ સમાઈ જાય તેવી રીતે બીલકુલ પોચા હાથે તે ચોપડવાનું છે.

પરમ પૂજ્ય મહારાજશ્રી રોજ સવાર સાંજ મળી ત્રણ માઈલ (લગભગ ૬-૭ કી.મી.) જેટલું ચાલી શકે છે. થોડો ખોરાક પણ લેવાય છે. ઉધરસ તો બીલકુલ જ નથી. છતાં પણ એકદમ શક્તિ આવે તેમ પણ નથી. પરમ પૂજ્ય માજીને કહેશો કે પૂ.શ્રીની પ્રકૃતિ સુધારા પર છે અને કોઈ જાતની ચિંતા કરે નહિ...

પ.પૂ. માજીની તબીયતના સમાચાર અવાર નવાર આપતા રહેશો.

★ આદૌ ગાંડુર્મધ્યે ગાંડુરન્તે ગાંડુશ્ચ સર્વશઃ ।

સ્ત્રી ગાંડુશ્ચપુંમાન્ ગાંડુ: સર્વં ગાંડુમયં જગત્ ॥
પ.પૂ. માજીને અમારા બધાંનાં સા.દં. પ્રણામ સાથે પૂ.શ્રીના સર્વને શુભાશિષ.

## ૨૭૮

નારેશ્વર, બુધવાર બપોર
ઈ.સ. ૧૯૫૦

ભાઈ મોદી,

તમારા બંને પત્ર મળ્યા છે. મારો એક કાર્ડ પણ તમને મળી ગયો હશે. માસ્તર જગજીવનદાસે પણ એક પત્ર લખેલો. પંચક નીચે.... પૌરાણિક છોટાલાલ શર્મણા... રાખશો. ને નીચે નોંધમાં, પુરાણીજીએ પૂ. મહારાજશ્રી ઉપર લખેલા એક સંસ્કૃત પત્રમાંથી ઉદ્ધૃત, એવું જરૂર લાગે ને જગા હોય તો લખશો.

મૂળીબહેનના ભજનનો આશય મને યાદ નથી. બંધ બેસતું લાગે તો, ઊંઘે જન જગના જ્યારે કરી ઉગ્ર/ગુપ્ત સાધના ત્યારે... વગેરે રાખશો. ઉગ્રને બદલે ગુપ્ત પણ ઠીક છે. તમને વધારે સારું લાગે તે રાખશો.

પારાયણમાં ત્યાંથી ન આવી શકનારની નામાવલિનું શું પ્રયોજન હતું ? કોણ ચોક્કસ આવી શકશે તે લખશો તો આ તરફનાનો વિચાર હું કરી લઈશ. તમે ધારો છો તેવું ફલાણા ફલાણાને લાંબા પત્રો લખીને એની વ્યવસ્થા થઈ શકવાની નથી. એ ક્રમ બંધ રાખ્યો હોય તો શું ?

દાસ સંબંધમાં તમે જ લખી નાખશો. જોઈએ તો હું ઉપર નજર નાખી જઈશ. નિવેદન પણ તદ્દન ટૂંકું લખશો. જાહેર ખબરમાં માત્ર પુસ્તકનાં નામ ને કિંમત રાખવાં. લાંબાની જરૂર નથી.

દાકતર મંડળમાં હજી નવા જ દાખલ થયા છે. તમારા લખવા પ્રમાણે એમનો ઉત્સાહ સ્પૃહણીય છે. એ જયંતીનું બધું દશ્ય જુએ એવું હું ઈચ્છું છું. આવતી સાલ કોણે જોઈ ? એમને કેવળ આવવાથી જ સમાધાન થતું હોય તો મારે દૂર રહેવાનું નથી. પણ દશ્ય જોવું જ હોય તો મંગળવારે આવીને શું જોવાના ? ધાનના ઢગલા ને ખાવા ઊભરાતાં ટોળાં જુએ ને મોડા આવી પહોંચે તો તે પણ નજરે ન પડે ! તેમનો કાર્યક્રમ વજકાય હોય તો તો તેમાં ફેરફાર ઈચ્છવો યોગ્ય નથી. છતાં તેઓ એકાદશીની સાંજે ગરુડેશ્વરથી નીકળી બારસ ને શનિવારે અનસૂયા આવી લઘુરુદ્ર કરાવી રાત્રે નીકળી પડે તો રવિવારે અહીં આવી પહોંચે. અનસૂયામાં દત્તજયંતીનો કંઈ ખાસ ક્રમ હોવાનું મારી જાણમાં નથી. વળી ત્યાં દર રવિવારનું માહાત્મ્ય છે એટલે રવિવારે સ્હવારે લઘુરુદ્ર કરાવી ડમણામાં માલસર આવી ત્યાંથી અસા થઈ ડમણામાં

વેરુગામ થઈ અહીં આવે તો રવિવારે સ્હાંજ પહેલાં આવી શકે. નાવડીથી માત્ર ખૂબ જ વાર લાગે. એ રવિવારે બપોરે મોડામાં મોડા બાર વાગતા સુધીમાં આવી જાય તો એમને જયંતીની કંઈક કલ્પના આવે. આ બધું તમારા શબ્દોમાં ફાવે તેમ ઠીક લાગે તો એમને લખી મોકલશો. પણ એમના નિશ્ચય વિરુદ્ધ એમને આ તરફ વહેલા ખેંચવાની જરૂર નથી. તમારા કે મારા લખાણનો અન્ય અર્થ ન થાય તે ખાસ જોશો.

...મંડળની એક ખાસ પ્રકારની mentality (મનોવૃત્તિ) છે ને શ્રી... એના સૂત્રધાર છે એટલે એમની વૃત્તિ વિરુદ્ધ કોઈ પણ કામ કરાવવાનો આગ્રહ તમારે ન રાખવો. દત્તલીલા૦ વિષે એમને ફરી ઈશારો કરવાની જરૂર નથી. એનો યોગ આવશે ત્યારે થઈ રહેશે, તેમ જ મોહનલાલના પૈસા પણ 'સ્તવન'ના પ્રકાશનમાં વાપરતાં પહેલાં સ્તવનના વસ્તુથી એમને પૂર્ણ વાકેફ કરવા ને એમની પૂર્ણ સંમતિ હોય તો જ એ દ્રવ્યનો એમાં વિનિયોગ કરવો. નહિ તો એ પ્રકાશિત થયે...નું એના પર કદાચ વિપરીત ભાષ્ય થાય તો મોહનલાલને પોતાના પૈસા પાણીમાં ગયા એમ લાગે અને તમારી પ્રવૃત્તિ પ્રત્યે એ બધાની કલુષિત દૃષ્ટિ થાય. માટે પહેલેથી પૂરી કાળજી રાખવી. તમને આ બધું મારે લખવું પડે એ ઠીક તો નથી જ. પણ મને જરૂર જણાઈ એટલે લખી નાખ્યું એટલું જ.

અંકલેશ્વરને બાવની સોંપીશું. એમને લીલામૃત પર શ્રદ્ધા નથી. એટલે એના પારાયણ વિષે એ પોતે થઈને ન લખે ત્યાં સુધી કંઈ પુછાવવું નહિ.

જયંતી ૩ સુમન ૩ જગન્નાથ ૨ મૂળીબહેન ૨ બાકી બધા લેખકોને એક એક મહીજી ૨ મેસરાવ ૧ રામાપીર ૧ એમ આ પ્રકાશન પૂરતી વધારાની ભેટયાદી. બાકીનાને પૂર્વવત્. બલિનું નામ રાખવાની જરૂર નથી. કરનાળી મોકલવાની નથી. મોહનલાલના પૈસા વપરાય તો તેમને ૩. મંગાવે તો તેટલી વધારે.

ગુરુવાર રાત.

પાથેથાનું ડાહ્યાનું ભજન નકામું છે. બીજાં ભજનો જોવામાં પણ તે દિવસે ઉતાવળ થયેલી એટલે જે નમાલાં લાગે તે તમારે ગાળી નાખવાં. એકજ કર્તાનાં બધાં ભજન પૂરાં થાય

---

શ્રી ગાંડુ પ્રસન્ન થાવ !★

માતા ગાંડુ પિતા ગાંડુ મિત્ર ગાંડુ સુહૃદ્‌વળી । ભાર્યા ગાંડુ સુતે ગાંડુ ગાંડુમય બધું ગૃહ ॥૧॥
ગાંડુ હો આગળે તારી ગાંડુ પૃષ્ઠે ઊભા રહો । ગાંડુ ચારેય બાજુ હો કારણ ગાંડુરૂપ છો ॥૨॥
વૃકોદર શીઘ્રપાદ ગાંડુ-ગ્રહણે સિદ્ધહસ્ત । જીભ છે ખૂબ લાંબી ને આંખ છે અવ્યકતચેષ્ટિત ॥૩॥
પ્રાજ્ઞ ગાંડુસ્મરો ગાંડુ ગાંડુશ્ચ એકતા થઈ । નિવેદ્ય ગાંડુને ગાંડુ ગાંડુમાં ગાંડુલીન થા ॥૪॥

સ્વસ્તિશ્રી ગાંડુક્ષેત્રે મહા અશુભસ્થાને અનેક શુભ-અશુભ-ઉપમાલાયક અખંડમંડલાકાર (લાડુ)ના એક માત્ર સ્વાદમાં જ વ્યગ્ર હોવાને કારણે બીજો બધો કાર્યભાર ભૂલી જનાર લાડુનું જ બીજું નામ એવા અન્નબ્રહ્મના સાક્ષાત્કાર માટે તપસ્વીના આનંદમાં ડૂબેલ સર્વગોત્ર અનામી... પરંતુ પદધારી દ્વિજવર્ય શ્રી.. ની સેવામાં

ત્યાં તેનું નામ નીચે લખો એટલે અસ્તુ. નામની ઉપરનાં બધાં કર્તાનાં સમજી લેવાનાં તે કાવ્યદોહનાદિમાં આવું જ હોય છે. એટલે અનુક્રમણિકા કક્કાવારી પ્રમાણે ઠીક રહેશે.

સુધારો

શ્લો૦ ૨ નારેશ્વરાખ્યં ચ તુ સત્પવિત્રં

" ૪ સિદ્ધવપુર્મનસ્તં

ગોળ અંકલેશ્વરથી જ પાલેજ (માલોદ નહિ) ઉતારવાનું દાસે લખી દીધું છે. તમારે ગભરાવા જેવી બીજી વ્યવસ્થા નથી કરી.

ચુનીભાઈ ઋષિ વગેરેની ટીચામણીનું શું પ્રયોજન છે ? તમને મારી કઈ લીટીથી આવું કરવાનું સૂઝયું તે હું સમજી શકતો નથી. તેઓ જ્યારે આવવાના હોય ત્યારે ભલે આવે. મહાત્મા વિષે ઈસારો તો મેં મારો એક માણસ અહીં હોય તો ઠીક એ દૃષ્ટિથી જ કર્યો છે. એમને ફુરસદ હોય તો આવે. બાકી કામ બગાડી આવવાનું તો મેં એમને પણ નથી જ લખ્યું કે ઈચ્છયું. તમે મારા કાગળો શાંતિથી વાંચો ને જવાબ ગોઠવીને લખો તો ઠીક. એક જ વાતની લાંબી ચૂંથાચૂંથી મને ગમતી નથી.

સેતાની પોતાના બધા વ્યૂહ ગોઠવી રહ્યો છે. છતાં અલં ભયેન ! એ જ. બધાંને શુ.આ.

- રંગ અવધૂત

## પરિશિષ્ટ - ૧

ટીટોડી, ભીલ આશ્રમ
ઝાલોદ, તા. ૧૩-૧-૪૬
મકરસંક્રાંતિ

સ્નેહી ભાઈશ્રી મોદી,

વિ. અંબાલાલ વ્યાસના સપ્રેમ વંદન. ઈશ્વરકૃપાથી કુશળતા ચાહું છું. તમારો કુશળતાનો પત્ર મળ્યો. વાંચી આનંદ થયો.

જયંતી પ્રસંગે હું નારેશ્વર આવ્યો ને તમે ત્યાં મારી ખાસ સંભાળ ન લઈ શક્યા, એમ તમે જણાવો છો ને તે માટે મારી ક્ષમાયાચના કરો છો એ બરાબર નથી, તેમ જરૂરનું પણ નથી. તમે મને જયંતી ઉત્સવના સમારંભમાં ભાગ લેવાનો અમૂલ્ય લાભ આપ્યો તે ખરી રીતે

મારે તમારો આભાર માનવો જોઈએ. તમારા આગ્રહભર્યા આમંત્રણને લીધે મારું ત્યાં આવવું શક્ય બન્યું. પૂ. મહારાજશ્રીનાં દર્શન ને સમાગમનો અમૂલ્ય લાભ મળ્યો. તમને મળી શક્યો, ને ભક્તિભાવભીની પચરંગી જનતાનાં દર્શન થયાં. એ બધું તમારા આગ્રહને જ આભારી છે. નારેશ્વર આમ તો હું ઘણીવાર આવેલો છું ને પૂ. મહારાજશ્રી સાથે વાર્તાલાપ કરવાનો અનહદ આનંદ મેળવેલો છે, પરંતુ જયંતીઉત્સવમાં તો પહેલી જ વાર હાજરી આપી છે. તમે આટલી બધી ઝીણવટભરી ને વ્યવસ્થાપૂર્વકની તૈયારી કરી તે બધાનો ભાવભર્યો સત્કાર કર્યો તેમાં મારો સત્કાર સમાઈ જાય છે. મને ત્યાં જરાય તકલીફ પડી નથી. તમને સૂવાનો સમય નહોતો. ખાવાની ફુરસદ નહોતી તેવે પ્રસંગે હું તમારી પાસે વધુ પડતી આશા રાખું ને તમે મારી જોડે વધુ વખત ન બેઠા તે માટે માઠું લગાડું એવા મૂર્ખ હવે તો મારે ન જ રહેવું જોઈએ એમ તમે પણ સ્વીકારશો. તમારી ને પૂ. મહારાજશ્રીની સાથે નિરાંતે ૮-૧૦ દહાડા રહેવા માટે ત્યાં આવવાની ઘણી ઈચ્છા છે. એ જ્યારે ફળે ત્યારે ખરી !

તમારાં મોકલાવેલાં બંને ગીત મળ્યાં. ભજન તો હું પણ ત્યાંથી અહીં મારી સાથે એક નકલ લઈ આવેલો. એ તથા રાષ્ટ્રગીત બંને ઉચ્ચકોટીનાં છે ને ખૂબ પ્રચાર કરવા જેવાં છે. તે માટે મારો બનતો પ્રયાસ કરીશ.

જયંતી ઉત્સવના મેળા સંબંધી તમે મારી પાસે સૂચનાઓ માગી છે. ભકત સમુદાયનો મેળો થાય છે, ને નારેશ્વરના સંતની જીવતી, જાગતી, ચકોર, કડક ને સર્વગ્રાહી દૃષ્ટિ સમક્ષ તમારા જેવા વ્યવહારકુશળ ને વ્યવસ્થાશક્તિવાળા તથા નવયુગનો પણ પ્રકાશ ઝીલેલા ભકતો દ્વારા મેળાનું સંચાલન થાય છે એટલે મારે ખાસ કશું જ નવું સૂચવવા જેવું રહેતું નથી. માત્ર સ્વચ્છતાની દૃષ્ટિથી બે સૂચના કરવા જેવી લાગે છે.

૧. શૌચને માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે તો પણ ન્હાવાધોવાની જગ્યાથી બજાર ભરાય છે ત્યાં સુધીની જગ્યામાં કોઈ મળવિસર્જન માટે બેસી ન જાય તે માટે સ્વયંસેવકોને સૂચના કરવી જોઈએ. સૂર્યોદય પહેલાં, ને સૂર્યાસ્ત પછી કેટલાક માણસો, સ્ત્રીઓ ને બાળકો એ જગ્યા પણ બગાડી મૂકે છે.

૨. જમી રહ્યા પછી પતરાળાં-પડિયા ફેંકી દેવા માટે બધા એકીસાથે ઊઠીને પડાપડી કરે, ને પછી મન ફાવે ત્યાં ફેંકી દે છે, તેને બદલે એક એક હાર ઊઠે, ને એક પછી એક નાખી આવે એવી જમીને ઊઠતા પહેલાં સૂચના વેળાસર અપાવી જોઈએ, પળાવી જોઈએ.

પૂ. મહારાજશ્રીએ નારેશ્વરના વસવાટ દરમિયાન એ પ્રદેશની પ્રજાને ખૂબ તાલીમ આપી છે. અનાયાસે સ્વાભાવિકપણે જ હિંદુસંગઠનનું કામ પણ થઈ રહ્યું છે. પ્રજાની ધાર્મિક ભાવનાને પોષણ તથા યોગ્ય માર્ગદર્શન મળી રહ્યું છે. રાય ને રંક, અમલદાર ને રૈયત, પંડિત ને નિરક્ષર, બધા જ પૂ. મહારાજશ્રી તરફ ને સ્થાન તરફ ખેંચાઈ આવ્યા છે ને ગુરુકૃપાથી એમની જીવનશુદ્ધિ તથા સંસ્કારશુદ્ધિ થઈ રહી છે. મેળાના સંચાલનમાં જાતમહેનત ને સેવાને ગૌરવભર્યું સ્થાન

આપવામાં આવ્યું છે, ને પવિત્રતા તથા સ્વચ્છતા માટે કડક આગ્રહ રાખવામાં આવે છે તેથી ઉત્સવ પણ એક તાલીમકેન્દ્ર જ બની રહે છે.

મેળા ને ઉત્સવોમાં પ્રજાનું માનસ પ્રતિબિંબ થાય છે. પ્રજાને-ખાસ કરીને આમ સમુદાયને દેખાવો ગમે છે તે કળા તથા શણગારને જીવનમાં અમુક હદ સુધી તો સ્થાન છે જ, પરંતુ એ વૃત્તિ પર કડક મર્યાદાની જરૂર રહેશે. વળી પ્રસાદમાં-ભોજનમાં-વાનગીઓની સંખ્યા પર મર્યાદાની જરૂર છે. પૂ. મહારાજશ્રીને, પૂ. માતાજીને, રતનલાલ, શંકરભાઈ વગેરેને મારા વંદન કહેશો. -હાલ એ જ.

લિ. **અંબાલાલ વ્યાસ**

# પરિશિષ્ટ - ૨

નારેશ્વર, પોસ્ટ સાયર<br>
વાયા - અંકલેશ્વર<br>
તા. ૨/૫-૮-૫૭

સદાહેતકારી શ્રી શ્રીકૃષ્ણરાવની સેવામાં,

આપનો પત્ર મળ્યો. પૂજ્ય મહારાજશ્રીના ચરણકમળમાં નિવેદિત કર્યો અને એઓશ્રીએ આપની શંકાઓના સંબંધમાં જે કંઈ કહ્યું તે સમજી લઈને મારી ભાષામાં મારી સમજ મુજબ આપને લખી જણાવું છું. રજૂઆતમાં જ્યાં કંઈ અધૂરાપણું કે ગેરસમજ ઊભું કરે એવું કંઈ પણ Ambiguous લાગે તો એટલી મારી ક્ષતિ સમજશોજી.

સૌથી પ્રથમ તો એ જણાવવાનું કે આ બધુંય અક્ષરગીતાનું વિવરણવાળું લખાણ પૂજ્ય મહારાજશ્રીએ અક્ષરેઅક્ષર અથથી ઈતિ સુધી એ છપાતાં પહેલાં કે છપાયા પછી પણ જોયું નથી અને એવી રીતે બધાનાં બધાં લખાણ જોવાં શક્ય પણ નથી એ તો આપ સમજી શકો છે. હા, એટલું ખરું કે એ બધાએ શ્લોકોનો ભાવ પૂજ્ય મહારાજશ્રી પાસેથી વિવેચનકારે સમજી લીધેલો અને પછી એમની સમજ અનુસાર એમણે વિવેચન કર્યું છે.

વિવેચનકાર એ એચ.પી. થયેલા વલસાડના વકીલ છે. હાલ નિવૃત્તિપરાયણ જીવન ગાળતા હોય છે એ પોતે સિદ્ધહસ્ત લેખક નથી, સાહિત્યસૃષ્ટિની દૃષ્ટિથી એવા કાંઈ વિવેચનકાર પણ નથી. એટલે એમનું બધું લખાણ કાંઈ ઓછા સમજુ માણસો સમક્ષ કોઈ પ્રવચન કરનાર જેમ વિચાર આવતા જાય તેમ કહેતા જાય અને તેમાં શબ્દો તોલી તોલીને ચોક્કસપૂર્વક કેટલીયે વાર નથી વાપરી શકતા તેવું આ વિવેચનકારમાં ઘણે ઠેકાણે થયું હોય એમ લાગે છે.

આપ તો સંસ્કૃત સમજી શકો છો, મૂળનો અર્થ સારી રીતે સમજો તેમ છો. એ શ્લોકો

એવા કંઈ કઠિન નથી એટલે વિવેચનકારની દૃષ્ટિ કે સમજ તરફ ઢળવાની જરૂર પણ ક્યાં રહે છે ? છતાં વિવેચનકારે જે કંઈ લખ્યું છે તેમાં તેની દૃષ્ટિ કેવીક હશે તેનો થોડો વિચાર કરીએ.

'આપીને' એનો અર્થ તો નિર્દેશ કરીને, બતાવીને સૂચવીને, દિશાસૂચન કરીને, અંગુલિનિર્દેશ કરીને એવો કંઈક લાગે છે. આપે વિચાર્યો છે એવો કોઈ વસ્તુ હાથોહાથ આપવી એવો લાગતો નથી.

જેમ કોઈ રોગી અનુભવી નિષ્ણાત પાસેથી પોતાના રોગની હકીકત સંભળાવી તેમને શરીર બતાવી પોતાના રોગના તેમણે કરેલા નિદાન અનુસાર પ્રિસ્ક્રિપ્શન મેળવે અને તેમણે આપેલા પથ્યાપથ્યના નિયમો પાળીને સમય સમય પર સૂચવેલા માપ પ્રમાણે દવા લીધા કરે તો તે રોગીને એ નિદાન સાચું થયું હોય અને રોગને અનુરૂપ દવા મળી ગઈ હોય તો તેને જલદી સારું થવાનો સંભવ રહે તેવી જ રીતે સદ્‌ગુરુએ શિષ્યની કે ભકતની અંત:પરીક્ષા કર્યા બાદ જે કંઈ તેને સૂચવ્યું હોય તે યથાનિયમ બરાબર વ્યવસ્થિત રીતે અચળ શ્રદ્ધાથી કર્યા કરે તો એને લાભ થાય એવું કંઈક કહેવાનો એ વિવેચનકારનો આશય લાગે છે.

જેમ હિરણ્યગર્ભની સાચી માત્રા બહુ patent અને ફાવે તેવા છેલ્લી સ્થિતિએ પહોંચેલા દરદીને આપતાં તેને ભારી અસર કરતી નથી તેમ દુન્યવી બધા જ ઈલાજો કરીને માણસ થાકી જાય, હારી જાય તેવે વખતે એ ભગવન્નામનું સશ્રદ્ધ સેવન કરવામાં આવે તો એને ગુમાવવાનું તો કંઈ હોતું જ નથી પણ પ્રત્યુત એની શ્રદ્ધાના પ્રમાણમાં એને અંતરની શાંતિ, સમાધાન એ આખરની વેળાએ એ ભગવન્નામની માત્રાથી અચૂક મળી રહે છે અને કેટલીક વાર મરણપથારીએથી પણ નૂતન જીવન પ્રાપ્ત કરેલાના પણ દાખલા જાણવામાં આવ્યા છે એવો કંઈક આશય એ વિવેચનકારનો હોય એમ લાગે છે.

જેમ કેટલીક નિર્દોષ પેટન્ટ દવાઓ અનુભવી દાકતરોએ કેટલાક અખતરાઓ કર્યા પછી સર્વસામાન્ય ઉપયોગ માટે બહાર પડેલી હોય છે અને સૂચવેલી રીતે તેનો ઉપયોગ કરનારને તે તે રોગ ઉપર જેમ ફાયદો થયા વિના રહેતો નથી તેમ અનુભવી સત્પુરુષોએ આપેલા અને પરંપરાથી ઊતરી આવેલા મંત્રોનું સશ્રદ્ધ સેવન પોતાની મેળે કરનારને એનો લાભ મળ્યા વગર રહેતો નથી. દાખલા તરીકે ક્વીનાઈન કે એવી કોઈ પણ બીજી દવા તે તે રોગ પર તેની વાપરવાની રીત પ્રમાણ વગેરે સમજી લઈને વાપરવામાં આવે તો તેનાથી તે તે રોગ પર ફાયદો થતો હોય છે તેવી જ રીતે પોતાની પ્રકૃતિને અનુકૂળ પોતાના હૃદયના તાર ઝણઝણાવી મૂકે એવું ભગવાનનું કોઈપણ નામ પોતાની મેળે યથાનિયમ લીધા કરવામાં કશી જ હરકત ન હોય એમ મને લાગે છે.

સાધુસમાગમ સત્સંગના સંબંધમાં પણ એવું લાગે છે કે સાધુ-સત્ એટલે સારું. સાત્ત્વિક એવો અર્થ સમજવાનો હોય એટલે કે જે કંઈ સારું હોય, જે કંઈ સાત્ત્વિક હોય તેનો સમાગમ

કરવો. તેનું સેવન કરવું એટલે કે કોઈ મહાપુરુષનો લખેલો સારો ગ્રંથ હોય, કોઈ મહાપુરુષ સ્વમુખે જ્યાં ભગવત્‌ચર્ચા કરતા હોય, કે જ્યાં સારા માણસો સારી એટલે કે આપણા અંતઃકરણની સદ્‌વૃત્તિઓ ઉત્તેજિત કરી તેને પોષણ આપે, આપણી સાધનાને વેગ આપે એવા વાતાવરણનું સેવન કરવું, સાત્ત્વિક આહાર, સાત્ત્વિક પોશાક વગેરે વગેરેનું સેવન એવો એ વિવેચનકારનો આશય હોય એમ લાગે છે.

વળી સદ્‌ગુરુનો અર્થ જીવંત આદર્શ – Livring Ideal એવો સમજવાનો હોય. એ આદર્શ આપણે નજરે અનુભવીએ તો આપણને એ કક્ષા શક્ય છે એની ખાતરી થાય એટલે જીવનમાં હારી જનારને, હતાશ કે નિરાશ થનારાને એવા જીવંત આદર્શ નજર સામે જોવાથી ઓછીવત્તી હિંમત આવે, પ્રોત્સાહિત થઈને પુરુષાર્થ કરવાનું બળ મળે અને હાલી ગયેલી શ્રદ્ધા સ્થિર થવા પામે, જેમ એક અનુભવી નિષ્ણાત દાકતરને જોતાં જ દરદીમાં એક પ્રકારની શ્રદ્ધા જન્મે છે ને તેનો બધો રોગ એ દાકતરને મુખેથી બે શબ્દ સાંભળતાં જ જતો રહે છે તેમ એ જીવંત આદર્શને પોતાની આંખ સામે હરતોફરતો જોતાં ભવરોગીના અંતરમાં શાંતિ અને સમાધાનનો સંચાર થવા પામે છે એવો વિવેચનકારનો આશય લાગે છે.

જીવંત સત્પુરુષની અવેજીમાં કોઈ સમાધિસ્થ મહાપુરુષ પર જો ચિત્ત સ્થિર થાય અને એમાંથી આપણને સદા પ્રેરણા મળ્યા કરે તો એવી વ્યક્તિને અંતઃકરણના સિંહાસન પર સદ્‌ગુરુપદે બિરાજમાન કરવામાં જરાય વાંધો નથી. વળી એ વ્યક્તિ અમુક જાતિ, વય દેશ કે કાળની હોવી જોઈએ એવું પણ નથી. સત્પુરુષ એ બધાં બંધનો સાંસારિક, માયિક, વ્યાવહારિક બંધનોથી પર છે. ગુરુભાવ એ અંતઃકરણનો ધર્મ છે એટલે હૃદયની ભાવના જ્યાં સંલગ્ન થાય, જેના સ્મરણમાંથી હૃદયવીણાના તાર ઝણઝણી ઊઠે, જેના ચિંતનથી શાંતિ અને સમાધાન, શાતા અને સાત્ત્વિક આનંદનો અનુભવ થાય, ગમે તેવા હલમલાવી નાખે એવા ઝંઝાવાતોમાં પણ જેની હૂંફથી આપણને લાગ્યા કરે છે કે આપણા ઉપર સમર્થ મહાપુરુષનો પંજો છે અને આપણે સુરક્ષિત છીએ એવી અંતરમાં એક પ્રકારની અડોલ, સ્વયંભૂ શ્રદ્ધા રણકયા કરે એવી કોઈ પણ જીવંત કે સમાધિસ્થ વ્યક્તિને ગુરુપદે સ્થાપિત કરવામાં કલ્યાણ છે એમ પૂજ્યશ્રીનું પ્રામાણિક માનવું છે એમ હું સમજ્યો છું.

આટલું બધું લંબાણ થશે એવી કલ્પના જ નહોતી. મારા અક્ષર અસલથી જ સુવાચ્ય નથી જે બદલ મને માફ કરવા વિનંતી છે. આશા છે કે આપની શંકાનું કંઈક અંશે પણ સમાધાન થશે.

પૂ. માજીનું શરીર સારું છે. પૂ. મહારાજશ્રીની પ્રકૃતિ સારી છે. સમસ્ત ગૃહમંડળને પૂ. મહારાજશ્રીના તથા પૂ. માજીની શુભ આશિષ સાથે આપનો,

અમુભાઈ મોદીનાં વંદન.

# પરિશિષ્ટ - ૩

નારેશ્વર, પોસ્ટ-સાયર
વાયા-ભરૂચ, તા. ૧૦-૯-૫૮

સદાહેતકારી શ્રી કૃષ્ણરાવની સેવામાં,

આપનો પત્ર પહેલાં મળેલો પણ એમાં ખાસ જવાબ આપવાનું ખાસ કંઈ નહોતું અને અહીં લોકોની વિશેષ અવરજવરમાં પહોંચ સ્વીકારવાનું વિસરી જવાયું તે બદલ માફ કરશોજી.

આપને વાત કરેલી તે મુજબ ત્યાં ભક્તોની એક સામાન્ય સભાના સંબંધમાં કંઈક જાણવાની ઉત્સુક્તા હતી. આશા છે કે એ મિટિંગ મળી હશે અને એવું કોઈ મંડળ સ્થાપવું જ હોય તો એની પાછળના ઉદ્દેશો કેવા ઉચ્ચ હોવા જોઈએ એ આપે સ્પષ્ટ રીતે સમજાવ્યું જ હશે. મારો કાગળ ત્યાં વંચાય એ કંઈ મહત્ત્વનું નથી પરંતુ આપ એ સૌને યથાર્થ સમજણ આપી પૂરેપૂરો વિચાર કરીને કંઈપણ પગલું ભરવાનું સૂચવશો. બીજાં બધાં મંડળો સ્થપાય છે અને કેવળ પારમાર્થિક હેતુ અર્થે ''પરસ્પરદેવો ભવ''ની ભાવનાનું રહસ્ય યથાશક્તિ વ્યવહાર્ય બનાવવાના હેતુથી સ્થપાય અને તેનું અનુકરણ બીજે થાય એવી ઉદાત્ત ભાવના તેમની પાસે આપ મૂકશો જ એવી ખાતરી છે. અસ્તુ.

પૂજ્ય માજીની આંખે હવે સારું છે. પાટો તો ક્યારનોય કાઢી નાખ્યા છે, પણ હવે તો ડૉ. સાહેબે ગોગલ્સ પણ ન વાપરવાની સલાહ આપી છે તે સહેજ જાણ માટે. થોડા વખતમાં નંબરવાળાં ચશ્માં આવશે એટલે આંખથી ધીમેધીમે પૂર્વવત્ બધો જ વ્યવહાર પોતે કરી શકશે.

આપના ભાઈ મધુસુદનભાઈને પગે હવે આરામ થતો હશે. ચાલવામાં હવે મુશ્કેલી નહિ પડતી હોય. આપના કુટુંબની પ્રકૃતિ ઠીક છે જાણી પૂજ્યશ્રીને એક પ્રકારનો સંતોષ થયો છે. રોહીસાના તેલ બાબતમાં જે બનાવનાર કંપનીનો દર વરસે ઈજારો હરરાજીથી રખાતો હોય છે એટલે અત્યારનો ઈજારદાર ટૂંક સમયમાં બદલાવાનો હોવાથી આપનું સરનામું એક ભાઈને આપ્યું છે તે આપને ક્વાંટથી દસ તોલા એ તેલ વી.પી.થી મોકલી આપશે. મોકલી આપનારનું નામ શ્રી મગનલાલ કાનજીભાઈ, મુ.પો. ક્વાંટ, છોટાઉદેપુર થઈને એ સરનામું છે.

અનુકૂળ આવે તો પછી વધારે બીજું મંગાવવાનું રાખશોજી. સરગવાનાં પાનનો રસ કાઢવાનો તે મીઠા સરગવાના પાનનો. તેલ કાઢવાનું એ કડવા સરગવાના બીજનું. મૂળનો રસ લેવાતો હોય તો તે પણ મીઠા સરગવાના મૂળનો.

સમગ્ર ગૃહમંડળને પૂજ્ય મહારાજશ્રી તથા પૂજ્ય માજીની શુભાશિષ.

**હવે આપે પૂછેલા પ્રશ્ન બાબત થોડુંક.**

પૂજ્ય મહારાજશ્રી પોતે ઉતરાવતા-લખાવતા Dictate કરતા ન હોવાથી આવો વિષય

તો આપ રૂબરૂ આવશો ત્યારે ખુલાસાવાર ચર્ચા કરશો એટલે શંકા સદંતર નિર્મૂળ થઈ જશે. પોતે જે કંઈક થોડું કહ્યું તેમાંથી પણ જે કાંઈ થોડું હું સમજી શકયો તેમાંથી જરાતરા લખવાનો પ્રયત્ન કરું છું. એથી આપનું સમાધાન નહિ થાય એ પણ હું સમજું છું પણ એમાં મારી વ્યકત કરવાની અશક્તિ એ કારણ છે.

ભીતિ લાગવાની વાત લખી તો તે સ્થિતિ એક વેળા આવતી હોય છે પણ તેથી જરાય મૂંઝાવાનું કારણ નથી. અને તેથી સ્મરણ મૂકી દેવાનું પણ હોતું નથી. પરમાત્માનું સ્મરણ જેમ જેમ વધુ ને વધુ થતું જાય છે તેમ તેમ વિસ્મરણ આપોઆપ જ સિદ્ધ થતું ચાલે છે અને એમ કરતાં કરતાં સમગ્ર મન પરમાત્મારૂપ જ બની જાય છે, ચૈતન્યમય બની જાય છે એટલે પછી સંસારને એ મનમાં સ્થાન રહેતું જ નથી. એક ખાલી વસ્તુમાં એક વસ્તુ ભર્યા પછી તેમાં જેમ બીજી ભરી શકાતી નથી તેમ પ્રભુથી ભરેલા મનમાં અને પછી પ્રભુમય બનેલા મનમાં-ચિત્તમાં સંસારને સ્થાન સંભવતું જ નથી. તો પછી પ્રશ્ન થાય છે કે વ્યવહાર કેમ ચાલી શકે ? પણ એ તો એવું છે કે જેમ આપણે ઊંઘતા હોઈએ છીએ છતાં શરીર એના સ્વભાવાનુસાર શ્વાસોચ્છવાસ વગેરે તમામ ક્રિયાઓ કર્યા કરતું હોય છે તેમ ચાલવા, બેસવા, ઊઠવા, ખાવાપીવા વગેરે તમામ ક્રિયાઓ પ્રારબ્ધાનુસાર ઘડાયેલા સ્વભાવાનુસાર કોઈ પણ જાતનો પ્રયત્ન કર્યા વગર સહજભાવે અનાસક્ત ભાવથી થયા જ કરતી હોય છે. એટલે જ સત્પુરુષને જે વખતે જે વાત પૂછીએ એટલે કે એના નિર્વિકાર, શાંત, સંકલ્પવિકલ્પરહિત મનમાં, આપણા પ્રશ્નરૂપી કાંકરી ફેંકીએ એટલે તરંગરૂપી વિચાર સ્વાભાવિક રીતે ઉપસ્થિત થાય છે અને આપણી સાથે વાત કરે છે. કહો કે વ્યવહાર ચલાવે છે. એવાઓનો બધો વ્યવહાર આપોઆપ સહજપણે ચાલ્યા કરે છે. એમાં કશો જ વિક્ષેપ નડતો હોતો નથી અને જે બધો વિચારશીલ માનવી વ્યવહાર કરતો હોય એવો અણિશુદ્ધ વ્યવહાર હોય છે. પોતે એક ભજનમાં લખ્યું છે. 'અગર જીંદા ન હાલું મૈં, મરા, ચેતન ભરા ભરપૂર, મરે જીતે પરૈ બેઠા, ન મૈં જાનું ન તૂ જાનું.' -બેઠો અવધૂત (ભજન - ૨૫)

ઈશ્વરસ્મરણ સિદ્ધ થયા પછી જે મહાનંદની પ્રાપ્તિ થાય છે તે સંબંધમાં ભીતિ લાગે કે પછી શું થશે એ સંબંધમાં પૂજ્ય મહારાજશ્રીએ તો એક અતિ જીવંત, આબેહૂબ દૃષ્ટાંત આપ્યું કે પહેલવહેલી ગર્ભવતી થનારી સ્ત્રીને કોઈ કોઈ વાર ફિકર થાય છે કે પોતે ઊંઘમાં હશે ને પ્રસૂતિ થઈ જશે તો પોતાને કેમ ખબર પડશે, એ બાલકનું શું થશે ? પણ એમ એ થતું જ નથી. એ તો એ પ્રસવની પીડા જ એ પરિસ્થિતિ જ એને પોતાને જાગ્રત કરી મૂકશે એથી એવી ચિંતા સેવવાની જરૂર જ નથી એ એને અનુભવે જ સમજાઈ જાય છે. ટૂંકમાં એવો કશો જ ભય મનમાં પ્રવેશવા દેવાની જરૂર જ નથી.

આવા ભાવનું પોતે કહ્યું હતું. બહુ જ સુંદર રીતે ને સચોટ રીતે ટૂંકમાં કહેલું. આપ રૂબરૂ જયારે પણ આવશો ત્યારે આ સંબંધી રૂબરૂ ખુલાસો થશે ત્યારે તમામ શંકાનું સમાધાન થશે - અસ્તુ.

અહીંથી હ-ભ-પ-તીર્થસ્વરૂપ શ્રી કામતજી (ગુરુચરિત્રસંશોધનકાર)ને એક પત્ર લખ્યો

છે. તેમણે મુંબઈમાં રહેતા આપણા સ્થાનના પૂજ્ય મહારાજના પરિચયમાં આવ્યા હોય તેવાઓનાં નામ માગેલાં તેમને આપનું અને દત્તોપંત સરપોતદારનું નામ ને સરનામું લખ્યું છે. હાલ એઓ શ્રી વીલેપાર્લે (west)માં ત્રણચાર મહિનાથી રહે છે. એમનો પત્ર આવે કે ખબર આવે તો ત્યાં અનુકૂળ સમયે મળવા જવાનું રાખશોજી. આ ખબર સરપોતદારને પણ આપશોજી.

પૂજ્ય માજીની આંખે હવે તદ્દન સારું છે. દવાનાં ટીપાં પણ મૂકવાનાં નથી અને ગોગલ્સ પણ હવે રાખવાની ડૉ. સાહેબે ના પાડી છે એ આગળ લખ્યું જ છે.

આપને ત્યાં બધાંની કુશળતા ચાહતો.

આપનો **અમુભાઈ મોદી**ના સસ્નેહ સદ્‌ગુરુસ્મરણમ્

# પરિશિષ્ટ - ૪

નારેશ્વર

તા. ૪-૮-૬૫

**સદાહેતકારી ભાઈ શ્રી જગન્નાથ, ભાનુપ્રસાદ જોશી વગેરેની સેવામાં,**

તમારો તા. ૨-૮-૬૫નો ટાઈપ કરેલો પત્ર મળ્યો. પૂજ્ય બાપજી પાસે જ આખોય પત્ર વાંચી સંભળાવ્યો. અને પોતે જે કંઈ કહ્યું તે નીચે મુજબ છે. પ્રશ્નકારનું સમાધાન થાય તો સારી વાત છે.

જણાવવાનું કે સહસ્રાર્જુનને સમાધિ પ્રાપ્ત થયાની જે વખતની વાત છે તે સંબંધમાં અર્જુનને સગુણ નિર્ગુણ કે જીવ-શિવની એકતાનો અનુભવ થયો હતો એ વાત સાચી પણ એ જ્ઞાન કે સાક્ષાત્કાર દૃઢતમ થયું ન હતું. એ દૃઢતમ થવા માટે એને વારંવાર અભ્યાસની જરૂર હતી.

જ્યાં સુધી જ્ઞાન દૃઢતમ થતું નથી ત્યાં સુધી એને સાધનાની જરૂર રહે છે. વળી એ દૃઢતાને અભાવે સગુણમાં અપૂર્ણત્વ કે સ્થૂળ મનુષ્યત્વની બુદ્ધિ થવાનો સંભવ રહે છે. એ ન થાય તે માટે પણ જ્ઞાનોત્તર ભક્તિની જરૂર રહે છે.

વળી અર્જુનની સમાધિની શરૂઆત હઠસમાધિથી થાય છે. એનું સગુણ એને માટે સર્વવ્યાપી નહોતું એટલે આમાં વિનંતી કરે એ સ્વાભાવિક છે. વળી જે સગુણ અને નિર્ગુણનો અનુભવ કરાવ્યો તેને માટે એને માટે સાચી કૃતજ્ઞતાને લીધે પણ એવા ઉદ્‌ગાર નીકળે એ તદ્દન સ્વાભાવિક છે. કેવળ શુષ્ક જ્ઞાનીઓની વાત તો એ જાણે ! બાકી સાચો અનુભવ તો-

'દેહભાવે દાસ હું, જીવભાવે ત્વદંશ;
આત્મભાવે તુંજ હું, થયો દ્વૈતનો ભ્રંશ.'

એ છે. કેવલાદ્વૈતના બાદશાહ શ્રી શંકરાચાર્ય ભગવાન જેવાએ પણ

સત્યપિ ભેદાપગમે નાથ તવાહં ન મામકીનસ્ત્વમ્ ।

સામુદ્રો હિ તરંગ: કવચન સમુદ્રો ન તારંગ: ॥

વગેરે 'ષટ્પદી' ગાઈ છે. એ ષટ્પદીનું સ્તોત્ર વાંચી જવાથી શંકા નહીં રહે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ અર્જુને ભગવાનનું વિશ્વરૂપ જોયા પછી 'કિરીટિનં ગદિનં ચક્રહસ્તમિચ્છામિ ત્વાં દ્રષ્ટુમહં તવૈવ । વગેરેથી પૂર્વે જોએલું જ સગુણરૂપ જોવાની ઈચ્છા કરેલી એ બધા ભાગ પણ અત્ર ચિન્ત્ય છે.

સગુણમાં નિર્ગુણ અને નિર્ગુણમાં સગુણનો સર્વત્ર સર્વકાળ અનુભવ એ જ પૂર્ણતા છે.

ઉપર મુજબના શ્રીમુખના જવાબથી પ્રશ્નકારને સંતોષ થવો જોઈએ. પણ થશે કે કેમ એ તો તમે લખશો ત્યારે સમજાશે. કદાચ અનેકાનેક બીજા પ્રશ્નો ઊભા થાય તો નવાઈ જેવું નથી.

મારી તમને અને પ્રશ્નકારને વિનંતી કે મૂળ ગ્રંથમાં જ શંકાનું સમાધાન મળે તેમ છે. અધ્યાય ૨૦ ના ૨ થી ૧૩ દોહરા સુધીનું વાંચીને શંકા ઉઠાવેલી છે. પરંતુ ત્યાર પછીના દોહરા શાંતચિત્તે એક પછી એક ધીમેધીમે સમજતાં સમજતાં વાંચો. ૫૩મા દોહરા સુધી વાંચો અને બધી જ શંકાઓ આપોઆપ નિર્મૂળ થશે. જેમ કૃષ્ણ ભગવાનને અર્જુન કહે છે કે મારા બધા સંદેહો દૂર થઈ ગયા અને મારી સ્મૃતિ જાગ્રત થઈ તેમ અહીં પણ સહસ્રાર્જુન શ્રીચરણનું ચિંતન કરીને સ્વસ્થ થઈ ગયો અને રાજ્યની જવાબદારી ઉત્તમ રીતે સંભાળવા લાગ્યો. દત્તભગવાનની શુભાશિષ પણ સમજવાની જરૂર છે. ૫૨ ને ૫૩મો દોહરો ખૂબ મનન કરવા જેવો છે.

માની મારું જા સુખે, થા નિશ્ચિંત સુજાણ;<br>
ચિંતન માત્રે હૃદયમાં હાજર આ પદ માન. ૫૨

સ્મરણતાર ના તૂટશે, મારી આશિષ એમ !<br>
એમ કહી ગુરુ ફેરવે મુખ પર કર સપ્રેમ. ૫૩

લોક સંગ્રહ અર્થે પણ અનાસક્ત રહીને, પ્રવાહાપ્ત કર્મ કર્યા કરવું એ લોકોત્તર મહાપુરુષોનું જીવન શીખવે છે. 'યદ્ યદ્ આચરતિ શ્રેષ્ઠસ્ તત્ તદેવેતરો જન:' ।

શ્રેષ્ઠો જે જે આચરે, અન્ય લોક પણ તેમ;<br>
માની પ્રમાણ એમને કરે અનુકરણ એમ. (૨૦-૨૭)

૪૨ થી ૪૫ સુધીના દોહરા પણ સમજવા જેવા નથી શું ? ૩૮મો દોહરો-

લક્ષ્યે રાખી ચિત્તને, અંતર્નિષ્ઠ અસંગ<br>
રહેવું જનવનમાં સદા, છોડી અવળા ઢંગ !

એ કેમ જીવન જીવવું તેનો સ્પષ્ટ આદેશ આપે છે. જીવન્મુક્તોનો વ્યવહાર ૩૨ થી ૩૬ સુધીમાં સમજાવ્યો છે. ૩૪મા દોહરાનું ત્રીજું અને ચોથું ચરણ 'આત્મતૃપ્ત આત્મજ્ઞએ, કરી કરે ન કાંઇ ' ખૂબ ચિંતન માગી લે છે. અર્જુનને જે સમાધિ લાગી તે હઠસમાધિ હતી તે ઉપર લખ્યું જ છે. દેહ છે ત્યાં સુધી દેહની નબળાઈઓ દેખા દે એ સ્વાભાવિક છે. સુવર્ણપાત્રને ભલે કાટ ન ચઢે તો પણ એ એમનાં એમ વણવપરાએલ પડી રહે તો એના પર રજોટી ચડી જાય એટલે એને રોજ રોજ ખંખેરવાની જરૂર રહે જ છે. તેવી રીતે મન પર સત્ત્વ, રજસ અને તમસના પટ ન જામી જાય એ માટે રોજેરોજ અભ્યાસની જરૂર રહે છે જ. સાક્ષાત્ ભગવાન પાસે હોવા છતાં એનાં ચરણ હૃદયસ્થિત થઈ રહે એવી અપેક્ષા રહે છે. ઉદ્ધવજી શ્રીકૃષ્ણના સખા હતા. પારમાર્થિક જ્ઞાનથી તરબતર કર્યા હતા છતાં સંતોષ ન થયો, શાંતિનો અનુભવ ન આવ્યો. છેવટે ભગવાને પાદુકા આપીને તેનું સેવન કરવાથી શાંતિ અનુભવી.

નામદેવ કેવા મોટા સંત હતા ? સાક્ષાત્ વિઠોબા એમની સાથે વાતો કરતા હતા જેમની ભક્તિના પ્રભાવે આખા મંદિરનું પ્રવેશદ્વાર ફરી ગયું હતું છતાં ગોરાકુંભારને ત્યાં સંતમંડળી ભેગી થએલી ત્યાં જ્ઞાનદેવ મહારાજે કહ્યું કે આ બધા સંતોમાં કાચો કોણ છે અને પાકો કોણ છે તે નક્કી કરો. એટલે ઘડો ઘડ્યાનો ટપલો લઈને ગોરાકુંભાર નીકળ્યા. નામદેવને માથે ટપલો લગાડીને બોલ્યા: આ ઘડો કાચો છે. વિચાર કરો કે નામદેવને કેવું લાગ્યું હશે. જ્ઞાનદેવ પાસે પોતે યાચના કરી કે મારે ક્યાં જવું ? જેણે જ્ઞાનદેવની ઠેકડી ઉડાડી હેરાન હેરાન કરેલા એ વિસોબા ખેચર પાછળથી બ્રહ્મવેત્તા થએલા તેમની પાસે મોકલ્યા. રસ્તામાં એક શિવાલયમાં–નાગનાથના લિંગ ઉપર પગ મૂકીને પોતે પડેલા એ જોતાં જ અનેકાનેક તર્કકુતર્ક ઊઠ્યા પણ ગુરુઆજ્ઞા માન્ય કરીને એ વિસોબા પાસે પ્રણામ કરી ભક્તિભાવથી ઊભા રહી ઉપદેશની યાચના કરી. વિસોબા કહે: હું અકડાઈ ગયો છું. મારા પગ જરા ખસેડી આપો. નામદેવે ઊંચકીને બીજી જગાએ મૂક્યા તો ત્યાં પણ મહાદેવનું લિંગ ! જેટલે ઠેકાણે મૂક્યા ત્યાં બધે જ લિંગ જોયાં, સર્વ અભિમાન–મારામાં શું નથી ? પ્રભુની સાથે પોતે વાતો કરે છે, પોતે મહાજ્ઞાની છે વગેરે વગેરે બધું જ ગળી ગયું અને એમની પાસે શિષ્યભાવે બેસી ગયા.

આવા સંતની આ સ્થિતિ તો પછી સામાન્ય માણસની શી દશા ? આ બધો વિષય કેવળ શંકાકુશંકાથી ઉકલી જાય એમ મને તો લાગતું નથી. બુદ્ધિની સાઠમારી માટે તો જરૂર સરસ છે પણ જીવનમાં શું ? મારા લખવાનો અર્થ એવો નથી કે બુદ્ધિની સાઠમારી નકામી છે, પણ એ મહાપંડિતો, શાસ્ત્રીઓ માટે સભા ગજવવાનું મઝાનું છે. શંકાનિરસન ન કરવું, મનનું સમાધાન ન કરવું એમ પણ મારું કહેવું નથી. પણ બધું યથાસ્થિત સમજવા લેખકનો ભાવ પચાવવાનો પણ પૂરેપૂરો પ્રયત્ન થાય એ જરૂરનું છે. અસ્તુ. નીરક્ષીર ન્યાયે યોગ્ય લાગે તે લેવું, અયોગ્યને ફેંકી દેવું.

સ્નેહાધિન **અમુભાઈ મોદી**નાં વંદન.

## પરિશિષ્ઠ - ૫

ૐ

શ્રી દત્ત: પ્રસન્નોઽસ્તુ ।

નારેશ્વર ૧૫-૧૧-૬૬

સદાહેતકારી ભાઈશ્રી બાલકૃષ્ણ વગેરે,

તમારા પૂજ્ય પિતાશ્રીના દુ:ખદ અવસાનના શેકજનક સમાચાર આપતો પત્ર વાંચ્યો. બહુ દુ:ખ થયું. આપનાં માતાને દેવધામમાં પધાર્યાને હજુ નહીં જેવો જ સમય થયો છે ત્યાં તો પિતાનું છત્ર પણ છીનવાઈ ગયું. પ્રભુ એમના આત્માને શાંતિ આપે એવી પૂજ્ય બાપજીની શુભાશિષ ને અમારી સૌની શુભેચ્છા પાઠવું છું. અહીં તા. ૮-૧૧-૬૬ ને મંગળવારે શ્રી અવધૂતનિવાસ ટ્રસ્ટના ઉપક્રમે અવધૂતપરિવારની એક સભા યોજેલી જેમાં આપના પિતાને ચિરશાંતિ મળે અને આપના કુટુંબને આ કારી ઘા સહન કરવાનું તેમજ કુટુંબને પડેલી ખોટ સહન કરવાનું બળ પરમાત્મા આપો એવી બે મિનિટની મૌન પ્રાર્થના સાથે ઠરાવ કરવામાં આવેલો.

તમારા કુટુંબની સ્વ.શ્રી પ્રભાશંકરભાઈની અને તમારા પિતાની સેવાઓ યાદ કરીને અંજલી અર્પવામાં આવી હતી.

**અમુભાઈની શુભેચ્છા.**

## પરશિષ્ટ - ૬

એક સાધકને લખાએલો પત્ર :

તમે તમારી મન:સ્થિતિનું સૂક્ષ્મ પૃથક્કરણ કરી જોશો તો તમને જણાશે કે સ્વપ્નમાં જે દિવસે વીર્યપાત થયો હોય તે દિવસે સૂતી વખતે સૂક્ષ્મ રૂપમાં કામવાસના મનને ઘેરી રહેલી તમને માલમ પડશે. એ વગર વીર્ય ચલિત થાય નહિ. શરીર બીમારીથી શિથિલ થયું હોય કે બેહદ શારીરિક શ્રમ થયો હોય તો એમને એમ પણ વીર્ય સ્ખલિત થાય છે. છતાં તમે થોડા દિવસ નીચે પ્રમાણે કરી જુઓ :

રાતે સૂતા પહેલાં ઠંડા પાણીથી હાથ-પગ ને માથું ધોઈ નાખવું ને થોડીવાર પદ્માસને- તેમાં બે પગની એડી ઉપસ્થ ઉપર મળેલી રહે તો ઠીક- બેસી પછી જમણે પડખે સૂઈ જવું. થોડા શ્વાસ જમણે પડખે લઈ પછી થોડા ચતા સૂઈને લેવા ને પછીથી આખો વખત-છેવટે બને તેટલો વધારે વખત-ડાબે પડખે સૂવું.

ઘણું ખરું એક લાંબી ઊંઘ પછી જાગૃત થઈ માણસ ફરીથી ઊંઘે છે ત્યારે તંદ્રામાં-જેને સ્હવારની મીઠી ઊંઘ કહે છે- પડી, વીર્ય સ્ખલિત થાય છે. માટે એક લાંબી ઊંઘ લીધા પછી

જાગૃત થવાય તો ફરીથી બિછાનામાં પડવું જ નહિ એ ઉત્તમ, છતાં ઊંઘવાની જરૂર જણાય તો પેશાબ કરી આવી હાથપગ ધોઈ આવી પછીથી સૂવું.

બપોર બનતાં સુધી ન જ સૂવું તે સારું.

કેટલીક વાર કબજિયાતને લીધે પણ વીર્યસ્રાવ થાય છે અને તમને તો કબજિયાત રહ્યા જ કરે છે. માટે તમે સ્હવારસાંજ બે વખતે ઝાડે ફરી આવવાની આદત પાડો તો પણ ફાયદો જણાશે. રાત્રે મોડા સૂવું કે જાગરણ કરવું એ પણ બાધક છે.

અઠવાડિયે એકાદવાર માટીથી અને રોજ સ્હવાર સાંજ પાણીથી લિંગ ધોઈ નાખવાની પણ જરૂર છે.

ખાવાની બાબતમાં (વગેરે) કંઈ લખતો નથી કેમ કે તમે એ બધું જાણો છો ને પાળો છો. ખાધા પછી મુખવાસ તરીકે હીમજ–બેચાર–ખાવાની રાખો તો પણ ફાયદો જણાશે.

બેત્રણ આસનોથી એ તદ્દન નાબૂદ થાય પણ એ કાગળ દ્વારા ન શીખી શકાય.

બીજું રાતે સૂતી વખતે કદાપિ પાણી કે દૂધ ન પીવું તેમાં પણ ગરમ દૂધ તો ન જ પીવું. સૂતા પહેલાં સારા વિચાર કરી સૂઈ જવું. રાતે debate વગેરે કરી મગજને થકવી નાખવું નહિ.

સ્હવારે દૂધ લેતા હો તો આ પ્રમાણે કરી જુઓ :

બાવળનાં બીજ શેકી નાખી તેની મીંજ કાઢી શેર દૂધમાં એક તોલો (વાટીને) એ પ્રમાણમાં નાખવી. ને વચમાં ખડી સાકર નાખી ખૂબ ઉકાળવું. તર બાઝવા ન દેવી. બધું એક રસ થાય કે તદ્દન ઠંડું પડવા દેવું ને પછીથી પી જવું. જો પેટમાં વાયુ જેવું જણાય તો ઉકાળતી વખતે અંદર થોડાં મરી ને એકાદ પીપર નાખીને ઉકાળવું.

## પરિશિષ્ટ – ૭

### (જે તે અંગ્રેજી પત્રનું ગુજરાતી)

### ૬૨

શ્રી — શુક્રવાર સવાર

પ્યારે અંબાલાલ,

સાંઈખેડાથી મોરટક્કા પરત આવ્યો છું. મહારાજશ્રી અહીં નથી. સોમવારે કે મંગળવારે આવશે એમ ધારણા છે. અઠવાડિયામાં હું વિગતવાર લખીશ. ત્યાં સુધી ઝાલોદથી મારી રવાનગીના સમાચાર કોઈને પણ આપશો નહિ. બધુંજ આનંદમય અને સુખમય છે. હું પોતે જ ઘરે એક પોસ્ટકાર્ડ લખીશ.

**પી.વી. વઝાગે**

જો મારી કોઈ ટપાલ હોય તો નીચેના સરનામે રવાના કરશો.

C/o. પરમહંસ મહારાજકી ગુફા, મોરટક્કા,
જી. નિમાર, સેન્ટ્રલ પ્રોવીન્સ

## ૬૩

શ્રી, શુક્રવાર સાંજ
(૪ જૂલાઈ, ૧૯૨૫)

પ્યારે મોદી,

મોરટક્કા આવ્યો છું. અઠવાડિયા એકમાં વિગતવાર લખીશ. બધું સુખમય અને આનંદમાં છે. મસ્તકશૂળ બધું જ ગયું. બનતી ત્વરાએ મનીઓર્ડરથી રૂપિયા ૧૦ મોકલશો. મહાત્મા ફરમાવે છે કે અમદાવાદ કે ગોધરા હજી બીજા ત્રણ વર્ષ સાધનામાં ગાળો. ભાઈ કેશવલાલને વંદન.

પી. વી. વળામે

સરનામું :
C/o. પરમહંસકી ગુફા
મોરટક્કા, જીલ્લો નિમાર,
સેન્ટ્રલ પ્રોવિન્સ

## ૬૪

શ્રી, ગુરુવાર
તા. ૧૧ જૂલાઈ ૨૫

પ્યારે અંબાલાલ

મહાત્મા જલદી પાછા ફરે એવી વકી નથી. સંદેશો કહાવે છે કે અમદાવાદ અથવા ગોધરા પાછા ફરો. અદ્દભુત સ્વપ્ન. આવતીકાલે સવારે શ્રી ભગવાનને મળવા ઉપડું છું. દાહોદ શનિવારે બપોરે ૧-૨૫ કલાકે પહોંચીશ. ભીલ ઓફીસે રહીશ. મારી ધોતી વૈદ્ય સાથે મોકલશો. મુસાફરી અનુભવોથી ભરપૂર રહી. વિગતવાર વડોદરાથી લખીશ.

પી. વી. વળામે

## ૬૫

શ્રી, શુક્રવાર સવાર
(૧૧ જૂલાઈ ૧૯૨૫)

પ્યારે મોદી,

આજ બપોરે વડોદરા જવા નીકળું છું. મ.ઓ. હમણાં જ મળ્યું. ઘણા સ્થળોએ ગયો અને ઘણા માણસોને મળ્યો. કદાચ રતનલાલની પાસે જાઉં. બધુંજ તંદુરસ્ત ઉત્તમ અને

આનંદમાં છે. વિગતવાર શ્રી ભગવાન મંગળવાર સુધીમાં મળી લખીશ. બધોજ પત્ર વ્યવહાર નીચે સરનામે મોકલવો.

તમારો અત્યંત આસ્થાવાન
પી.વી. વળામે
C/o. વિશ્વનાથ સખારામ
વિઠ્ઠલમંદિર, ગોધરા.

## ૭૫

શ્રી;

નારેશ્વર, શુક્રવાર, બપોર
(૨૩-૧-૧૯૨૬)

પ્યારે મોદી,

તમને મારો પહેલો પત્ર મળી જ ગયો હશે. હું અત્યંત આનંદમાં અને મસ્તીમાં છું. કુટિર હજી સંપૂર્ણપણે તૈયાર થઈ નથી. કેટલાક નિજી મહત્વાકાંક્ષી સ્વાર્થી માણસોને કારણે અણધાર્યા અંતરાયો ઊભા થયા છે, પરંતુ ભગવાનની ઈચ્છાથી વાદળાં ઝટ વિખરાઈ જશે. મને લાગે છે કે હું અહીં તદ્દન અજાણ્યો થઈને નહીં રહી શકું. લાંબો ને વિગતવાર પત્ર ફૂરસદે પાછળથી લખીશ. ત્યાં સુધી તો આટલાથી જ તમારે સંતોષ માનવો રહ્યો. બ્યાસ અહીં ફાગણમાં આવનાર છે. તમારી ફોઈના પૈસાની શી વ્યવસ્થા કરી તે મને લખશો. કેશવલાલનું કેમ છે ? હું ઈચ્છું કે મારી ભવિષ્યવાણી ખોટી પડે ને ઉઘાડા પત્રો હોય તે બધા જ અચુકપણે અંગ્રેજીમાં લખવા. હાલ બીજું કાંઈ વિશેષ નથી.

આપનો અત્યંત આસ્થાવાન
સરનામું :
કામળીવાલે બ્રહ્મચારી
દત્તકુટિર, નારેશ્વરલીલોડ નજીક,
તા. કરજણ પો. પાલેજ.

## ૯૧

સર્વ સમર્થ પરમાત્માના દ્વારે ટૂકડા માટે ભસતા કૂતરા કરતાં હું કાંઈજ વિશેષ નથી. આવું જાણીને જેઓ મારા ભાગ્યમાં ભાગ લેવાનું ઈચ્છે છે તેઓ બધાજ આવકારપાત્ર છે. પણ જેઓ મારી પાસે શાસ્ત્રોના, વિજ્ઞાનના વાર્તાલાપો સ્વરૂપ કોયલના મીઠા ટહૂકારની ઉચ્ચ અભિલાષા સેવતા હોય તો મને બીક છે કે તેઓ તો અત્યંત નિરાશ થશે.

## ૧૫૨

નારેશ્વર, શુક્રવાર (બપોર)
તા. ૨૫-૨-૩૦

મારા વ્હાલા તપસજી

મારો છેલ્લો પત્ર તમને બરાબર મળી ગયો હશે. મેં કંઈક સમય નારેશ્વર રહેવાનું અને બાકીના સમયે અનિકેત રહેવાનું નક્કી કર્યું છે. તેથી તમો મહાશિવરાત્રી પહેલાં એક રાત્રી પણ અહીં આવી જાવ. બીજું બધું સારું ચાલે છે. સર્વને શુભેચ્છા સહ

(સહી)

## ૨૧૯

આમલઝેર
મંગળવાર બપોર
(૭-૩-૩૫)

પ્યારે તપસીજી,

આપનો પત્ર હમણાં મળ્યો પણ લખતાં દુ:ખ થાય છે કે મને તમે જે લખ્યું તે ઉઘાડા કાગળમાં લખીને તમે મોટામાં મોટી મૂર્ખાઈ કરી છે. શા કારણે અને કેવી રીતે તે તમો સારી રીતે કલ્પી શકશો. છતાં પરિણામોની પરવા નથી.

## ૨૩૪

ગોધરા ગયા વિના તમારે અહીં આવવાની જરૂર નથી. વાસણો કે જે કોઈ લાકડાની પેટીમાં મૂકેલાં છે તે તમો નડિયાદ તમારી સાથે લઈ જશો અને ત્યાં રાખશો. તે મારાં ભામાનાં છે.

# પરિશિષ્ટ-૮

**(નીચેના બે પ્રશ્નો પૂ.શ્રી. એ મુ. મોદીકાકા મારફત લખાવેલા તે પણ આમાં સામેલ કર્યા છે.,**

ૐ

**શ્રી દત્તઃ પ્રસન્નોડસ્તુ**

નારેશ્વર
માર્ગશીર્ષ શુક્લ દ્વિતીઆ
સંવત ૨૦૧૧
(તા. ૨૭-૧૧-૫૪)

આત્મબંધુ ઈશ્વરલાલ,

જય સચ્ચિદાનંદ,

તમારાં ને ગંગેશ્વર મહાદેવની આજુબાજુની ગ્રામજનતાના સ્નેહસંભારણાં સાથે સુખરૂપ નારેશ્વર આવી પહોંચ્યો છું. તમે રૂબરૂમાં આપેલી પુસ્તિકાઓ વગેરે જોતો હતો એટલામાં જ તમે ભાવથી ટપાલમાં મોકલેલી બીજી પુસ્તિકાઓ મળી. બધું જોઈ ખૂબજ આનંદ અને સંતોષ થયો. ખરેખર, શ્રી ગંગેશ્વર દાદાની તમે કરી રહેલ નિરપેક્ષ સેવા બેનમૂન છે અને તેને માટે તમને ધન્યવાદ ઘટે છે. તમારી ધગશ, નિષ્ઠા, અને નિખાલસ પ્રભુપરાયણ સેવા ભાવના પરમાત્મા ઉત્તરોત્તર વૃદ્ધિંગત કરે અને એને જગતકલ્યાણ માટે વધારે મૂર્ત સ્વરૂપ આપવા તમને નિરામય લાંબુ આમુલ્ય બક્ષે એવી એ જીવનેશ ગંગેશ્વર દાદા પાસે પ્રાર્થના.

કોક યથાર્થદર્શીએ પ્રભુનું "शान्तं शिवं सुन्दरम्" એવું વર્ણન કર્યું છે એ મને બહુ જ ગમ્યું છે. જગતમાં ઝેરવેર નાબૂદ કરી બધે અક્ષમ શાંતિ સ્થાપવા યત્નીશીલ થવું. પ્રાણીમત્રના કલ્યાણ માટે યથાશક્તિ કરી છૂટવું અને વસ્તુમાત્રમાં રહેલું સાદ્‌ગુણ્ય સૌન્દર્ય નિહાળી સર્વત્ર આત્મભાવમાં રાચવું એજ એ કલા-કલ્યાણ મૂર્તિના સાક્ષાત્કારની ગુરુકુંચી છે. સ્મરણ, સેવા અને સમર્પણ એ એને પહોંચવાના સાદા રાહ છે. તમે એજ રાહ પકડયા છે. પ્રભુ તમારામાં જોઈતું બળ અને ઉત્સાહ પ્રેરે અને તમારા કાર્યની સુગંધ દૂર દૂર ફેલાઈ અન્યને તત્સમ કાર્ય પ્રવાહ કરે એવી હાર્દિક આશિષ.

**રંગ અવધૂત**

**"શ્રી દત્તઃ પ્રસન્નોડસ્તુ ॥**

**નારેશ્વર, શિવરાત્રી,**
**પોષવદ ૧૪, સં. ૨૦૧૧**
**તા. ૨૨-૧-૫૫**

**ગંગેશ્વર દાદાના લાડીલા મુ.શ્રી. ઈશ્વરલાલભાઈની સેવામાં,**

**આપની પત્રિકાઓ પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજશ્રીને વાંચી સંભળાવી, જે સાંભળીને પૂજ્ય શ્રી નીચે પ્રમાણે બોલ્યા;**

ॐ

गङ्गेश्वरं परशिवं सततं नमामि

गङ्गेश्वरं परशिवं सततं गृणामि ।

गङ्गेश्वरं परशिवं सततं स्मरामि ।

गङ्गेश्वरं परशिवं शरणं प्रपद्ये ॥

નિત્ય અભિનવ કલાકૃતિથી કલાધીશ ગંગેશ્વર દાદાની સેવા કરી દાદાના ભકતોના અંતઃકરણના દિવ્ય ભાવો જાગ્રત કરવાની ઈશ્વરના લાલની આ યોજના સફળ થાય અને દાદાનાં બાળકો હસ્તે પરહસ્તે એમાં સહયોગી થઈ પોતાનું અને સમાંજનું કલ્યાણ સાધીલે એવી હાર્દિક આશિષ સહ, જય સચ્ચિદાનંદ.

અમૃતલાલ નાથાભાઈ મોદીનાં સપ્રણામ ગંગેશ્વર સ્મરણ.

★ ગંગેશ્વરદાદા વિષે પૂ.શ્રી.નો બીજો શ્લોક પણ મળ્યો તે નીચે મુજબ :

गङ्गेश्वरे दृढमतिर्यदि काऽत्र चिन्ता

गङ्गेश्वरे दृढमतिर्यदि का न चिन्ता ।

गङ्गेश्वरे कृतमतेर्न हि दुःखमत्र

गङ्गेश्वरेऽकृतमतेः किमु सौख्यमत्र ॥

=====00000=====

જે પરિચર્યા કરે ભાવે ।
પ્રમાદાલસ્ય મૂકી નેવે ।
ગુરુચરણુ પ્રીતે સેવે ।
નામનાવે ચઢે જે ॥
રંગ અવધૂત

તપસી ભણતર પડતું મેલ ।
ગુરુગમ અગમતણો એ ખેલ ।
નીચો નમીને ચરણુ તળાંસ ।
પ્રીતે કરજે પાસે વાસ ।
કોક દિન મટકું એક મળે ।
ક્લેશ કારમા આઘા પળે ।
રંગ અવધૂત

ગુરુગમ મારગ પૂરણ કામ ।
સંત ચરણમાં સૌ વિશ્રામ ।
જાણી કરવી સદ્ગુરુસેવ ।
રંગ વિલોકે અંતર દેવ !
રંગ અવધૂત

જુઓ પ્રાણિમાત્રે તમે નેત્ર ! દત્ત ।
સુણો કાન ! સર્વત્ર શ્રી દત્ત શબ્દ
સદા દત્ત કીર્તિ જ ગા બેન જિહ્વે !
જજો બધું છે પાદ ! શ્રીમત્પદે એ !
રંગ અવધૂત

મૂલ્ય. ૨૫=૦૦

એમનું સાધુત્વ માગી ખાવા માટે નહોતું જ. તેઓ તો સમાજને કંઇ પ્રદાન કરવા માગતા હતા. ને તેમાંયે સાધુ તરીકે પોતે કંઇ પણ વળગણ ન રાખવા તેઓ નારેશ્વર આશ્રમના ટ્રસ્ટી પણ નહોતા થયા.

તદ્દન આધુનિક વિચારપરંપરાઓથી પોતાની જાતને માહિતગાર રાખી જૂના અને નવાનો સમન્વય સાધવાનું મોટું કાર્ય એમણે દત્ત-ઉપાસના દ્વારા કર્યું છે. (કુમાર, ડીસે. ૧૯૬૮)

શ્રી રંગ અવધૂત મહારાજ સામાન્ય સાધુ કે સંત ન હતા, તેમ એમનું સાધુત્વ નિજમાં સીમિત ન હતું. તેમણે એમના નિઃસ્પૃહ અભિગમ અને સમાજ ઉદ્ધારક જીવનરીતિ વડે સંતપણું સાર્થક કર્યું હતું. (ગુજરાત મિત્ર અને ગુજરાત દર્પણ ૨૧-૧૧-૧૯૬૮)

પૂ. શ્રી.ના અંગ્રેજી હસ્તાક્ષરો

૧

[illegible] ! [illegible]

I am nothing more than a dog barking for bread at the gate of the Almighty God. Knowing this, those who wish to share my fate, are all welcome. But those who ~~[illegible]~~ expect higher things — sweet honey of nectar in the form of scriptural etymological & scientific discourses from me will, I am afraid, will sadly be disappointed.

[illegible]